પાનાં : ૧૮ કિંમત : રૂા. ૫-૦૦** તા. ૯ ડિસેમ્બર ૨૦૨૪ સોમવાર
અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૧ શકે ૧૯૪૬ માગશર સુદ - ૮ વર્ષ : ૯૬, અંક : ૩૩૨ ▸ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD
મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

વાંચન વિશેષ
બિઝનેસ plus

## બશર-અલ-અસદના પરાજયથી મધ્ય-પૂર્વમાં ઈરાન અને રશિયાને મોટો ફટકો

# સીરિયામાં બળવાખોરોએ અસદનું શાસન ઉથલાવ્યું

દમાસ્કસ, તા.૮

સીરિયામાં બળવાખોરોએ રવિવારે સવારે રાજધાની દમાસ્કસમાં પહોંચીને મહત્વપૂર્ણ સરકારી ઈમારતો પર કબજો કરી લેતાં અસદ પરિવારના ૫૦ વર્ષના લોખંડી શાનનો અંત આવ્યો છે, પરંતુ સીરિયાના ભવિષ્ય અંગેના સવાલોનો કોઈ જવાબ મળી શક્યો નથી. બળવાખોરો રાજધાનીમાં પહોંચતા નાગરિકો 'આઝાદી, આઝાદી'ના સૂત્રોચ્ચાર સાથે સેન્ટ્રલ સ્કવેર ખાતે એકત્ર થવા લાગ્યા હતા. તેમણે સીરિયાના ક્રાંતિકારીઓનો ધ્વજ લહેરાવ્યો હતો, જેણે આરબ બળવાના દિવસોની યાદ અપાવી દીધી હતી. હવે સીરિયામાં બશર અલ-અસદના ૨૪ વર્ષના ક્રૂર શાસન અને ૧૪ વર્ષ લાંબા ગૃહ યુદ્ધનો અંત આવ્યો છે.

## બળવાખોર એચટીએસ જૂથે માત્ર ૧૦ જ દિવસમાં અસદને ઊખાડી ફેંકતા ૧૪ વર્ષથી ચાલતું ગૃહયુદ્ધ સમાપ્ત થવાની આશા

સીરિયાની રાજધાની દમાસ્કસમાં હવે હયાત તહરીર અલ-શામ (એચટીએસ)નો કબજો થઈ ગયો છે. આ સાથે એચટીએસના બળવાખોરોએ માત્ર ૧૦ જ દિવસમાં અલેપ્પો, હામા, હોમ્સ અને રાજધાની દમાસ્કસ પર કબજો જમાવી લીધો છે. બળવાખોરોએ સંરક્ષણ મંત્રાલય, પબ્લિક રેડિયો અને ટીવી ઈમારતને પોતાના નિયંત્રણમાં લઈ લીધા છે. દમાસ્કસમાં પૂર્વ પ્રમુખ બશર અલ-અસદની પીછેહઠ પછી એચટીએસના વડા અબુ મોહમ્મદ અલ-જુલાનીએ જાહેરાત કરી કે તેઓ શાંતિપૂર્ણ રીતે સત્તાનું હસ્તાંતરણ ઈચ્છે છે અને ત્યાં સુધી વડાપ્રધાન મોહમ્મદ ગાઝી અલ-જલાલિને સત્તાના સૂત્રો સંભાળી રાખશે.

બળવાખોરોના વિજય સાથે પૂર્વ પ્રમુખ બશર અલ-અસદ ક્યાંક અજ્ઞાત સ્થળે ભાગી ગયા છે. જોકે, અસદના સમર્થક રશિયાએ કહ્યું કે, અસદે બળવાખોરોના જૂથ સાથે વાટાઘાટો કર્યા પછી જ દેશ છોડ્યો છે. તેમણે જ પૂર્વ વડાપ્રધાન જલાલિને શાંતિપૂર્ણ રીતે સત્તાના હસ્તાંતરણની વાત કરી હતી.

ભૂતકાળમાં અલ-કાયદાના કમાન્ડર રહી ચૂકેલા અબુ મોહમ્મદ અલ-ગોલાનીએ કહ્યું કે, સીરિયામાં હવે બહુમતીવાદ અને ધાર્મિક સહિષ્ણુતાની શરૂઆત થશે. તેઓ દેશનું ભાવિ ઘડવા માટે તૈયાર છે. સીરિયામાં બશર અલ-અસદના શાસનનો અંત રશિયા અને ઈરાન તેમજ તેમના સાથી દેશોને મોટો ફટકો

(અનુસંધાન ૧૩મે પાને)

### શાંતિપૂર્ણ હસ્તાંતરણ સુધી વડાપ્રધાન મોહમ્મદ ગાઝી-જલાલિને સુકાન સોંપાયું

## રશિયાએ સીરિયાના પૂર્વ પ્રમુખને રાજ્યાશ્રય આપ્યો

# વિમાન તોડી પડાયાની અટકળો વચ્ચે અસદ પરિવાર સાથે મોસ્કો પહોંચ્યા

દમાસ્કસ, તા.૮

સીરિયામાં બળવાખોરોએ સત્તા હસ્તગત કર્યા પછી પૂર્વ પ્રમુખ બશર અલ-અસદ લાપતા થઈ ગયા હતા. તેઓ પરિવાર સાથે વિમાનમાં બેસી ભાગી ગયા અને તેમનું વિમાન તૂટી પડ્યું અથવા બળવાખોરોએ તોડી પાડ્યું તેવા અહેવાલો હતા. જોકે, આ અહેવાલો વચ્ચે રશિયાની સરકારી ન્યૂઝ એજન્સીએ જણાવ્યું છે કે સીરિયામાંથી



પદભ્રષ્ટ કરાયેલા પ્રમુખ બશર અલ-અસદ પરિવાર સાથે મોસ્કો પહોંચ્યા છે, જેમને રાજ્યાશ્રય આપવામાં આવ્યો છે. વધુમાં એજન્સીએ ક્રેમલિનના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે, મોસ્કોને સીરિયાના બળવાખોરોએ તેમના દેશમાં રશિયન મિલિટરી બેઝ અને દૂતાવાસની

(અનુસંધાન ૧૩મે પાને)

## તૂર્કીયેનું હજુ પણ ઉત્તરીય સરહદ પર પ્રભુત્વ

# સીરિયામાં ગૃહયુદ્ધ અને સત્તા પરિવર્તનમાં સાત દેશોની ભૂમિકા

દમાસ્કસ, તા.૮

સીરિયા છેલ્લા દોઢ દાયકા જેટલા લાંબા સમયથી ગૃહયુદ્ધમાં સપડાયેલું હતું, પરંતુ રવિવારે દમાસ્કસમાં અંતે બશર અલ-અસદના શાસનનો અંત આવ્યો. સીરિયામાં છેલ્લા ૧૪ વર્ષથી ગૃહયુદ્ધની જે પરિસ્થિતિ હતી તેમાં માત્ર બળવાખોરો અને અસદ સરકાર જ સામેલ નહોતા. અમેરિકા, રશિયા, ઈરાન જેવા અન્ય દેશો પણ સીરિયામાં અરાજક્તા માટે જવાબદાર હતા.

## બળવાખોરોને અમેરિકા-ઈઝરાયેલનું સમર્થન જ્યારે બશર અલ-અસદને રશિયા-ઈરાનનું પીઠબળ હતું

**અસદ સરકાર :** પ્રમુખ બશર અલ-અસદના નેતૃત્ત્વવાળી સરકાર ૨૦૧૧થી શરૂ થયેલા લાંબા અને વિનાશક ગૃહયુદ્ધના કેન્દ્રમાં રહી. શિયા બશર અલ-અસદ પર બહુમતી સુન્નીઓ પર અત્યાચાર કરવાના આરોપો મૂકાયા હતા. અસદને યુદ્ધ ગૂનાઓ માટે દોષિત પણ ઠેરવાયા હતા. બશર અલ-અસદને ઈરાન, રશિયા અને લેબનોનના હિઝબુલ્લાહનો ટેકો હતો.

**હયાત તહરીર અલ-શામ :** સીરિયામાં જેહાદીઓએ સેંકડો બળવાખોરો અને આત્મઘાતી હુમલા સાથે અસદ સમર્થક સુરક્ષાબળો સામે લડવા અલ નુસરા ફ્રન્ટની રચના કરી ત્યારથી ગૃહયુદ્ધની શરૂઆત થઈ હતી. જોકે, પાછળથી સંગઠનના વડા અબુ મોહમ્મદ અલ-જુલાલીએ જૂથનું નામ

(અનુસંધાન ૧૩મે પાને)

**સીરિયામાં ભૂત ગયું ને પલિત આવ્યુ: લોહિયાળ સંઘર્ષ તીવ્ર બનશે**
વાંચો દેશ-દુનિયા

## ખેડૂતોના ધરણાંને ૩૦૦ દિવસ

# શંભૂ બોર્ડરેથી ખેડૂતોને હટાવવા સુપ્રીમમાં માગ, આજે સુનાવણી

નવી દિલ્હી, તા. ૮

શંભૂ બોર્ડર પર ૩૦૦ દિવસથી ખેડૂતો આંદોલન કરી રહ્યા છે, આ ખેડૂતોને તેમજ દેશના અન્ય નેશનલ હાઈવે પર જે પણ અવરોધો હોય તેને દૂર કરવાની માગ સાથે સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ છે. જેની સોમવારે સુનાવણી કરાશે.

## દેશના તમામ હાઈવે પરથી અડચણોને દૂર કરવાની માગ કરતી અરજી સુપ્રીમમાં કરાઈ છે

અરજીમાં દાવો કરાયો છે કે આ રીતે હાઈવે પર અડચણ ઉભી કરવી લોકોના મૌલિક અધિકારોની વિરુદ્ધમાં છે. સાથે જ તેનાથી નેશનલ હાઈવે એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા બીએનએસ હેઠળ પણ ગુનો છે. તેથી હાઈવેમાં અડચણ ઉભી કરનારાઓને હટાવવામાં આવે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવે.

ફેબ્રુઆરી મહિનાથી શંભૂ બોર્ડર પર ખેડૂતોને રોકી રખાયા છે ત્યારથી ત્યાં ધરણા પર બેઠા છે.

તેમને હટાવવાની માગણી સાથે ૭ નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી કરાઈ હતી. આ મામલે હવે સોમવારે સુનાવણી કરવામાં આવશે.

(અનુસંધાન ૧૩મે પાને)

### દિલ્હીની વાત

**મમતા બેનર્જીના ઉત્તરાધિકારી મામલે વિવાદ**

નવીદિલ્હી, તા.૮

કોઈપણ રાજકારણીને પોતાના ઉત્તરાધિકારી બાબતે ચર્ચા કરવી ગમતી નથી, સિવાય કે ઉત્તરાધિકારી નજીકનો કુટુંબી હોય. બંગાળના રાજકારણમાં આજકાલ એવી ચર્ચા ચાલી રહી છે કે, મમતા બેનર્જી પછી તૃણમુલ કોંગ્રેસની કમાન કોણ સંભાળશે. તૃણમુલ કોંગ્રેસના સિનિયર નેતાઓ અને નવી પેઢીના નેતાઓ વચ્ચે આંતરીક સંઘર્ષ ચાલી રહ્યો છે. મમતા બેનર્જીએ એવું નિવેદન કર્યું છે કે પોતાના ઉત્તરાધિકારીનો નિર્ણય પોતે વ્યક્તિગત રીતે નહીં લેશે, પરંતુ તૃણમુલ કોંગ્રેસના સિનિયર નેતાઓ ભેગા મળીને એ બાબતે નિર્ણય લેશે. મમતાએ કહ્યું કે, લોકો માટે શું શ્રેષ્ઠ છે એનો નિર્ણય પક્ષ કરશે. મમતા બેનર્જીના આ નિવેદન પછી ટીએમસીના સિનિયર નેતાઓ વિરુદ્ધ અભિષેક બેનર્જીની નજીક ગણાતા યુવાન નેતાઓ વચ્ચે વિવાદ

(અનુસંધાન ૧૩મે પાને)

**પાક.નું નશેડીઓ-મહિલાઓની મદદથી ભારતમાં આતંકીઓ સુધી પહોંચવાનું કાવતરું**
વાંચો પાના નં. ૧૭

### બેધડક -મંજુલ




આપણે આશા છોડવાની જરૂર નથી... જૂઓને સીરિયામાં પણ હવે લોકશાહી આવશે તેવા સંકેતો છે !





અમદાવાદના બોડકદેવમાં આવેલ વસ્ત્રાપુર તળાવને ૨૧ વર્ષે વધારે ખર્ચ સાથે નવેસરથી રિનોવેશન તેમજ ડેવલપ કરવામાં આવી રહ્યું છે. અત્યારે મેદાનમાં ફેરવાઈ ગયેલા તળાવની આસપાસ કામગીરી ચાલી રહી છે ત્યારે મેદાન બનેલા તળાવમાં બાળકો પતંગ ઉડાડવાની મઝા લઈ રહ્યા છે. (તસવીર : સુરેશ મિસ્ત્રી)

### તબીબી ભથ્થા સહિતના વિવિધ મુદ્દે

# ૧૫૭ નગરપાલિકામાં હડતાળ પડશે તો પાણી,સફાઈની કામગીરી ખોરવાશે

અમદાવાદ, રવિવાર

તબીબી ભથ્થાનો લાભ ન મળતાં નગરપાલિકાના કર્મચારીઓ સરકાર સામે શિંગડા ભેરવવા તૈયારીઓ કરી રહ્યાં છે. બોર્ડ નિગમના કર્મચારીઓને તબીબી ભથ્થાનો લાભ આપવામાં આવી રહ્યો છે જ્યારે રાજ્યની નગરપાલિકાના કર્મચારીઓ આ સરકારી લાભથી વંચિત રહ્યાં છે. ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળે રાજ્ય સરકારને અલ્ટીમેટમ આપ્યુ છેકે, જો નિર્ણય નહી લેવાય તો, ગુજરાતની ૧૫૭ નગરપાલિકા કર્મચારીઓ હડતાળ પાડશે જેથી પાણી,વીજળી અને સફાઈની કામગીરી ખોરવાઈ શકે છે.

## પાલિકાની ચૂંટણી સમયે જ કર્મચારી મહામંડળનું સરકારને અલ્ટિમેટમ, ૩૧મી ડિસે.સુધી નિર્ણય નહી લેવાય તો 'હડતાળ'

એક તરફ, પંચાયત - પાલિકાની ચૂંટણીઓના બ્યૂગલ વાગવાની તૈયારી છે. રાજ્ય ચૂંટણીપંચ ચૂંટણીઓ યોજવા આયોજન કરી રહ્યુ છે ત્યારે બીજી તરફ, રાજ્યની નગરપાલિકાના કર્મચારીઓ સરકાર સામે મોરચો માંડવા તૈયારીઓ આદરી રહ્યાં છે કેમકે, તબીબી ભથ્થુ ચૂકવવામાં સરકારે ભેદભાવની નીતિ અખત્યાર કરી છે. રાજ્યના બોર્ડ - નિગમના કર્મચારીઓને તબીબી ભથ્થુ રૂા.૧ હજાર ચૂકવવામાં આવે છે જ્યારે નગરપાલિકાના કર્મચારીઓને તબીબી ભથ્થા પેટે સોની નોટ અપાય છે.

પાલિકાના કર્મચારીઓનું કહેવુ છેકે, વર્ષ ૨૦૨૨માં રાજ્ય સરકારે તબીબી ભથ્થુ રૂા.૧ હજાર ચૂકવવા મોટા ઉપાડે પરિપત્ર જાહેર કર્યો છે. બોર્ડ નિગમના કર્મચારીઓને તો તબીબી ભથ્થાંના વધારાનો લાભ મળી રહ્યો છે જ્યારે પાલિકાના ૧૭ હજાર કર્મચારીઓને સરકારે જાણે કોણીએ ગોળ ચોંટાડ્યો છે. હજુ સુધી આ પરિપત્રનો અમલ કરાયો નથી.

પાલિકા કર્મચારી મહામંડળે એવી ચિમકી ઉચ્ચારી છેકે, જો તા.૩૦મી ડિસેમ્બર સુધી તબીબી ભથ્થાનો વધારો કરવા સરકાર નિર્ણય નહી લે તો, રાજ્યમાં ૧૫૭ નગરપાલિકાના કર્મચારીઓ હડતાળ પર ઉતરી જશે. હડતાળને કારણે પાલિકા વિસ્તારોમાં વીજળી, પાણી ઉપરાંત સાફસફાઈની કામગીરી ખોરવાઈ જશે. શહેરીજનોને મુશ્કેલી વેઠવાનો વારો આવી શકે છે.

પાલિકાના કર્મચારીઓએ પાલિકાની ચૂંટણી વખતે જ વિરોધ ભૂંગિયો ફૂંકવાનું એલાન કરતાં સરકાર ભેખડે ભરાઈ છે.

### પ્રશ્નોમાં છબરડા બાદ સુધારા સાથે રિઝલ્ટ જાહેર

# CLATમાં અમદાવાદનો વિદ્યાર્થી ટોપ ૧૦૦માં : કટઓફ સ્કોર નીચો જશે

અમદાવાદ,રવિવાર

દેશની વિવિધ નેશનલ લૉ યુનિ.ઓમાં પ્રવેશ માટે ગત રવિવારે લેવાયેલી કોમન લૉ એડમિશન ટેસ્ટનું પરિણામ જાહેર કરી દેવામા આવ્યુ છે. પ્રશ્નોમાં છબરડાને પગલે કેટલાક પ્રશ્નો દુર કરીને આન્સર કીમાં સુધારા સાથે આ પરિણામ જાહેર કરવામા આવ્યુ છે. ક્લેટ પરિણામમાં દેશના ટોપ ૧૦૦ ઓલ ઈન્ડિયા રેન્કમાં અમદાવાદના વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યુ છે. જો કે યુજી-પીજીના પરિણામમાં જાહેર કરાયેલા ટોપર્સ- ૯૯.૯૦ પર્સેન્ટાઈલ કે તેથી વધુ પીઆર મેળવનારા વિદ્યાર્થીઓમાં ગુજરાતનો એક પણ વિદ્યાર્થી નથી.

## ૯૯.૯૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલમાં ગુજરાતનો એક પણ વિદ્યાર્થી નહીં: ટોપ ૧૦૦૦માં ૨૦થી વધુ વિદ્યાર્થી

દેશભરમાં આવેલી ૨૬ જેટલી નેશનલ લૉ યુનિ.ઓમાં યુજી અને પીજી પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે લૉ યુનિ.ઓના કોન્સોર્ટિયમ દ્વારા ગત રવિવારે કોમન લૉ એડમિશન ટેસ્ટ(ક્લેટ) લેવામા આવી હતી.વિદ્યાર્થીઓના જણાવ્યા પ્રમાણે આ વર્ષે યુજી ક્લેટનું પેપર અઘરુ રહ્યુ હતુ અને ૭થી૮ પ્રશ્નોમાં છબરડા હતા. પરીક્ષા બાદ જાહેર કરાયેલા પ્રોવિઝનલ આન્સર કીને લઈને અનેક વિદ્યાર્થીઓએ વાંધા રજૂઆતો પણ કરી હતી અને કેટલાક પ્રશ્નોમાં ભૂલ હોવાની ફરિયાદોને પગલે અંતે ચાર પ્રશ્નો ડ્રોપ કરી દેવાયા હતા એટલે કે હટાવી દેવાયા હતા. જો કે બાકીના પ્રશ્નો હટાવવામા આવ્યા ન હતા પરંતુ આન્સર કીમાં સુધારો કરવામા આવ્યો હતો.દર વર્ષે ક્લેટનું પરિણામ ૧૨૦ માર્કસથી તૈયાર થાય છે પરંતુ આ વર્ષે ચાર પ્રશ્નો ડ્રોપ કરાતા ૧૧૬ માર્કસના આધારે પરિણામ જાહેર કરાયુ છે.

ક્લેટના પરિણામ મુજબ ૯૯.૯૯૭ પર્સેન્ટાઈલ સાથે બે વિદ્યાર્થી દેશમાં ટોપર્સ છે અને જેમા એક હરિયાણાનો અને એક મધ્યપ્રદેશનો વિદ્યાર્થી છે. કોન્સોર્ટિયમે જાહેર કરેલી વિગતો મુજબ ૯૯.૯૦૪ પર્સન્ટાઈલ સુધીના ટોપર્સ જાહેર કરાયા છે અને ૯૯.૯૦ પર્સેન્ટાઈલ સુધીમાં ગુજરાતમાંથી એક પણ વિદ્યાર્થી નથી. જો કે અમદાવાદના અનેક વિદ્યાર્થીઓએ ટોપ ૧૦૦૦ રેન્કમાં બાજી મારી છે અને મળતી માહિતી મુજબ દેશના ટોપ ૧૦૦૦ રેન્કમાં ગુજરાતના ૨૦થી વધુ વિદ્યાર્થીઓ હોવાનો અંદાજ છે. અમદાવાદના નીલ જૈને ૯૬ માર્કસ સાથે દેશમાં ૭૪મો રેન્ક મેળવીને ટોપ ૧૦૦માં સ્થાન મેળવ્યુ છે તેમજ ગુજરાતમાં પ્રથમ રેન્ક મેળવ્યો છે.આ ઉપરાંત અમદાવાદની વિદ્યાર્થિનીએ દેશમા ૧૩૪મો અને ગુજરાતમાં બીજો, અમદાવાદની કનિષ્કા અજવાનિએ દેશમાં ૧૫૩મો અને ગુજરાતમાં ત્રીજો તથા અમદાવાદની જ યુવિકા અગ્રવાલે દેશમાં ૨૯૯મો અને ગુજરાતમાં પાંચમો રેન્ક મેળવ્યો છે.

અમદાવાદની જ અનન્યા કુમારે કેટેગરી માં દેશમાં ૯૩મો રેન્ક મેળવ્યો છે.ક્લેટ એક્સપર્ટના જણાવ્યા મુજબ આ વર્ષે ટોપ લૉ યુનિ.ઓમાં પ્રવેશ માટે કટઓફ સ્કોર નીચો જશે.કારણકે ગત વર્ષે પ્રથમ રેન્કના વિદ્યાર્થીને ૧૧૫ સ્કોર હતો અને આ વર્ષે ૧૦૩.૫ સ્કોર છે.

### દેશ સહિત ગુજરાતના ટોપર્સમાં વિદ્યાર્થિનીઓ વધુ

ક્લેટ યુજીના પરિણામમાં ગુજરાત સહિત દેશભરના ટોપર્સમાં આ વર્ષે વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓની સંખ્યા વધારે છે. આ વર્ષે ક્લેટમાં ૯૬.૩૩ ટકા હાજરી નોંધાઈ હતી અને જેમાં ૫૭ ટકા વિદ્યાર્થિનીઓ અને ૪૩ ટકા વિદ્યાર્થીઓ છે જ્યારે ૯ ઉમેદવારો ટ્રાન્સજેન્ડર કેટેગરીમાં છે.ગુજરાતની વાત કરીએ તો ગુજરાતના ટોપ ૧૦ રેન્કમાં પાંચથી વધુ વિદ્યાર્થિનીઓ છે.અમદાવાદની રુત્વા શાહે ગુજરાતમાં ૭મો અને દિશા જોશીએ ૯મો રેન્ક મેળવ્યો છે.

### ગુજરાતમાં આખરે શિયાળાની જમાવટ

# નલિયા ૧૦.૮ ડિગ્રી ઠંડીમાં ઠુંઠવાયું : અમદાવાદમાં ૧૩.૨

અમદાવાદ,રવિવાર

ગુજરાતમાં આખરે શિયાળો ધીરે-ધીરે જમાવટ કરવા લાગ્યો છે. ગત રાત્રિના નલિયામાં ૧૦.૮ ડિગ્રી સાથે સિઝનનું સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. આગામી બે દિવસ દરમિયાન તાપમાનમાં હજુ ૩ ડિગ્રીનો ઘટાડો થતાં ઠંડીમાં હજુ વધારો થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

## આગામી બે દિવસ તાપમાનમાં ૩ ડિગ્રીનો ઘટાડો થતાં ઠંડીના ચમકારામાં હજુ વધારો થશે

નલિયાના સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧.૮ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. હવે આગામી પાંચ દિવસ નલિયાનું લઘુતમ તાપમાન ૧૯ ડિગ્રી રહેવાની હવામાન વિભાગની આગાહી છે.

બીજી તરફ અમદાવાદમાં ૧૩.૨ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧.૨ ડિગ્રીનો ઘટાડો થયો હતો. આ ઉપરાંત ગત રાત્રિના અમદાવાદમાં સિઝનનું સૌથી નીચું તાપમાન હતું. આગામી પાંચ દિવસ અમદાવાદનું તાપમાન ૧૨ ડિગ્રીની આસપાસ રહેવાની હવામાન વિભાગની આગાહી છે.

હવામાન નિષ્ણાતોને મતે અમદાવાદમાં આગામી એક સપ્તાહ તાપમાન ૧૧ થી ૧૩ ડિગ્રી વચ્ચે રહેતાં ઠંડીનો ચમકારો અનુભવાશે. ગત રાત્રિના રાજ્યમાંથી અન્યત્ર જ્યાં ઠંડીનો ચમકારો અનુભવાયો તેમા દાહોદ, ડીસા, ગાંધીનગર અને રાજકોટનો પણ સમાવેશ થાય છે.

### ગુજરાતમાં ક્યાં વધારે ઠંડી

| શહેર | તાપમાન | શહેર | તાપમાન |
|---|---|---|---|
| નલિયા | ૧૦.૮ | વડોદરા | ૧૫.૨ |
| દાહોદ | ૧૨.૩ | પોરબંદર | ૧૫.૪ |
| ડીસા | ૧૨.૪ | સુરત | ૧૫.૮ |
| અમદાવાદ | ૧૩.૨ | ભુજ | ૧૬.૨ |
| ગાંધીનગર | ૧૪.૦ | જામનગર | ૧૬.૯ |
| રાજકોટ | ૧૫.૦ | ભાવનગર | ૧૭.૦ |
| | | કંડલા | ૧૭.૭ |

### પોરબંદરની કોર્ટનો ચુકાદો

# કસ્ટોડિયલ ટોર્ચર કેસમાં પૂર્વ IPS સંજીવ ભટ્ટનો નિર્દોષ છૂટકારો

પોરબંદર,રવિવાર

પોરબંદર જિલ્લામાં ૨૬ વર્ષ પહેલા બનેલ પોલીસ કસ્ટડીમાં માર મારવાના બનાવમાં પોરબંદર કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. જેમાં તત્કાલીન એસપી અને કોન્સ્ટેબલનો નિદોષ છુટકારો થયો છે.

## માર મારી આરોપીને ઈલેક્ટ્રિક શૉક આપ્યાની વર્ષ-૧૯૯૭માં ફરિયાદ નોંધાવાઈ હતી

કેસની વિગત એવી હતી કે ૫ જુલાઈ ૧૯૯૭માં પોરબંદર કમલાબાગ પોલીસ સ્ટેશનમાં નારણ જાદવ પોસ્તરીયા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું કે, ટ્રાન્સફર વોરંટ દ્વારા સાબરમતી જેલમાંથી લાવવામાં આવ્યો હતો અને ત્યાંથી ફરિયાદીને સીધો જિલ્લા પોલીસ વડાના બંગલે લાવવામાં આવ્યો હતો. જ્યાંથી તેને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ઓફિસ પર લાવીને તેને ખૂબ જ માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને ઈલેક્ટ્રીક શોક આપવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ આઈપીએસ ઓફિસર સંજીવ ભટ્ટ અને કોન્સ્ટેબલ વજુભાઈ ચાઉએ ફરિયાદીને કસ્ટડીમાં ટોર્ચર કર્યો હોવાનો આરોપ લગાવ્યો હતો.

ફરિયાદીના પુત્રને પણ ઉપાડી લાવીને તેને માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ ફરિયાદીએ પોલીસમાં આ અંગે ફરિયાદ દાખલ કરી હતી જેનો કેસ નવેમ્બર ૨૦૨૩માં ચલાવવામાં આવ્યો હતો. આ કેસ પર ગુજરાત હાઈકોર્ટનો સ્ટે હતો ત્યારબાદ આ કેસ વર્ષ ૨૦૨૪માં ફરીથી ચલાવવામાં આવ્યો હતો. એ કેસમાં પૂર્વ આઈપીએસ ઓફિસર સંજીવ ભટ્ટ અને કોન્સ્ટેબલ વજુ ચાઉને જજ પંડ્યાએ નિદોષ જાહેર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે કોન્સ્ટેબલ વજુ ચાઉં કેટલાક વર્ષો પહેલા મૃત્યુ પામ્યા છે.

### મહેસાણા નસબંધી કાંડ

# નસબંધી માટે ટાર્ગેટ : આરોગ્ય મંત્રી કહે છે ના, અધિકારી કહે છે હા ટાર્ગેટ જ

અમદાવાદ, રવિવાર

ખ્યાતિ કાંડ બાદ મહેસાણા જિલ્લામં નસબંધી કાંડનો ખુલાસો થયો છે. મજૂરીની લાલચમાં બે યુવકોની નસબંધી કરી દેવાતાં આરોગ્ય વિભાગ શંકાના ઘેરામાં આવ્યુ છે. જોકે, આ ઘટનામાં આરોગ્ય મંત્રી અને આરોગ્ય અધિકારીના નિવેદનમાં વિરોધાભાસ ઉભો થયો જેના કારણે વિવાદ જન્મયો છે કેમકે, આરોગ્યમંત્રીએ ખુલાસો કર્યો છેકે, નસબંધીના ઓપરેશનમાં કોઈ ટાર્ગેટ અપાતાં નથી. જયારે આરોગ્ય અધિકારીએ એવો ફોડ પાડ્યોકે, ટાર્ગેટ વિના આ બધુ શક્ય જ નથી.

## અડાલજમાં ૨૯ પુરુષોની નસબંધી કરાઈ જ્યારે સાબરકાંઠામાં ૩૭૫ ઓપરેશન ટાર્ગેટથી કરાયાં

મહેસાણા જીલ્લાના નવી શેઢાવી ગામમાં એક અપરિણીત યુવકને દારૂ પીવડાવીને બારોબાર નસબંધી કરી દેવાતાં હોબાળો મચ્યો છે. આ ઉપરાંત આ જ વિસ્તારના જમનાપુર ગામમાં એક પરિણીતને ખેતરમાં મજૂરીની લાલચ આપીને સરકારી હોસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં જાણ બહાર યુવકની નસબંધી કરી દેવામાં આવી હતી. આ બે ઘટના બાદ આરોગ્યમંત્રી ઋષિકેષ પટેલે એવો ખુલાસો કર્યો હતોકે, કુટુંબ નિયોજના કાર્યક્રમમાં કોઈ ટાર્ગેટ અપાતો નથી કેમ કે, આ બધુ સ્વૈચ્છિક છે. છેલ્લાં ૨૦ વર્ષથી આ કામગીરી ચાલી રહી છે. ટાર્ગેટ આપવાની વાત સદંતર ખોટી છે. સ્વૈચ્છિક રીતે નસબંધી કરાવે તો પુરુષને રૂા.૨ હજાર પુરસ્કાર પેટે આપવામાં આવે છે જ્યારે વર્કરને નસબંધીના ઓપરેશન દીઠ રૂા.૨૦૦ચૂકવવામાંઆવેછે.

આ તરફ, આરોગ્ય અધિકારી જી.બી.ગઢવીનું કહેવુ છેકે, ટાર્ગેટ વિના આ શક્ય જ નથી. સાબરકાંઠામાં ટાર્ગેટ આધારે જ ૩૭૫ નસબંધીના ઓપરેશન થયા છે. ટૂંકમાં આરોગ્ય અધિકારીએ કુટુંબ નિયોજનની કામગીરીમાં સરકાર ટાર્ગેટ આપે છે તે વાતનો સ્વિકાર કર્યો હતો. અધિકારીએ આરોગ્ય મંત્રીને ખોટા પુરવાર કર્યા હતાં.

અડાલજ સરકારી હોસ્પિટલમાં છેલ્લાં ૧૨ દિવસમાં ૨૯ પુરુષોની નસબંધીના ઓપરેશન કરવામાં આવ્યા હતાં. તા.૨૬મી નવેમ્બરે સાત અને તા.૨૯મી નવેમ્બરે ૧૬ ઓપરેશન કરાયા હતાં. આમ, નસબંધી કાંડને કારણે આરોગ્ય વિભાગ વિવાદમાંસપડાયુછે.

### દુબઈમાં સીમકાર્ડ મોકલવાનો મામલો

# અજય ભાલિયાએ અગાઉ પણ સીમકાર્ડ દુબઈ મોકલ્યાની આશંકા

અમદાવાદ,રવિવાર

વડોદરાથી દુબઈ ગેરકાયદેસર સીમકાર્ડ સપ્લાય કરવાના મામલે સાયબર ક્રાઈમે ત્રણ આરોપીઓની ધરપકડ કરીને પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે અજય ભાલિયા સમગ્ર કૌભાંડનો મુખ્ય માસ્ટર માઈન્ડ છે. તે દુબઈમા રેહેતા એક વ્યક્તિ સાથે ટેલીગ્રામ ચેનલ મારફતે સંપર્કમાં હતો અને તે વડોદરા અને ભરૂચમાંથી અન્ય લોકો પાસેથી પણ સીમકાર્ડ મેળવતો હતો. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ટેલિગ્રામ દ્વારા દુબઈમાં ઓનલાઈન ગેમિંગ માટે કામ કરતા વ્યક્તિના સંપર્કમાં આવ્યો હતોઃ આર્થિક વ્યવહારો મળ્યા

અમદાવાદ સાયબર ક્રાઈમે શાહીબાગ સ્થિત ફોરેન પાર્સલ ઓફિસમાંથી એક પાર્સલ જપ્ત કરીને તેમાંથી ૫૫ સીમકાર્ડ મેળવ્યા હતા. જે વડોદરાથી દુબઈ મોકવવાના હતા. જેના આધારે પોલીસે ગુનો નોંધીને રાહુલ શાહ, કાંતિ બદલાણિયા અને અજય ભાલિયા નામના વ્યક્તિઓની ધરપકડ કરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે તે દુબઈમાં ઓનલાઈન ગેંમીંગનું ગેરકાયદેસર કૌભાંડ ચલાવતા લોકોને ભારતમાં કોલ કરવા માટે સીમકાર્ડ મોકલતો હતો. આ અંગે સાયબર ક્રાઈમના એસીપી હાર્દિક માકડિયાએ જણાવ્યુ કે સમગ્ર કૌભાંડમાં અજય ભાલિયા માસ્ટર માઈન્ડ છે. તે રાહુલ શાહ અને કાંતિ બદલાણિયા ઉપરાંત, અન્ય લોકો પાસેથી પણ ગેરકાયદેસર રીતે સીમકાર્ડ મંગાવતો હોવાની શક્યતા છે. અજય ભાલિયા ટેલીગ્રામ એપ્લીકેશન મારફતે દુબઈમાં રહેતા વ્યક્તિના સંપર્કમાં હતો અને પાર્સલની વિગતો મોકલી આપતો હતો. જેના આધારે તેના પેમેન્ટ થતુ હતું.

### આરોપીએ ફોનમાં કહ્યું મે જ છરીના ઘા કર્યા છે

# શાહપુરમાં યુકેથી આવેલા યુવક પર છરીથી હમલો

અમદાવાદ, રવિવાર

ત્રણ દિવસ પહેલા યુકેથી આવેલો યુવક શાહપુરમાં પિતાના પાન પાર્લરથી ઘરે જતો હતો. ત્યારે તેને રોકીને અજાણ્યા શખ્સે છરીના ઘા મારીને હત્યાનો પ્રયાસ કર્યો હતો. આજે સવારે પિતાએ ફોન કરતા આરોપીએ ઉપાડ્યો હતો અને મેં જ યુવકને છરીના ઘા માર્યા છે તમારે જે તોડવું હોય તે તોડી લેજો કહીને ધમકી પણ આપી હતી. ગંભીર રીતે ઘાયલ યુવકને લોહી લુહાણ હાલતમાં બેભાન અવસ્થામાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે શાહપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મૂળ ઘાટલોડિયાનો યુવક પિતાના પાન પાર્લરના કામ માટે શાહપુર આવ્યો હતો

ઘાટલોડિયામાં રહેતા અને વસ્ત્રાપુરમાં આવેલી ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા કરણભાઈ ઉપેન્દ્રભાઈ પટેલ (ઉ.વ.૩૪)એ શાહપુર પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે કે તેમનો નાનો ભાઈ નિહાલ ચાર વર્ષથી યુ.કેમાં રહેતો અને તા. ૫ ડિસેમ્બરે પરત આવ્યો હતો. તેમના પિતા શાહપુરમાં પાન પાર્લર ધરાવી ધંધો કરે છે પરંતુ તેઓ બિમાર હોવાથી બે દિવસથી નિહાલ પાન પાર્લર પર બેસે છે. ગઈકાલે દુકાનની સાફ સફાઈ કરવાની હોવાથી યુવક રાત્રે દુકાને હતો. જો કે સવારે ઘરે ન પહોંચતા પિતાએ ફોન કરતા અજાણી વ્યક્તિએ વાત કરી હતી અને યુવક કામા હોટલ પાસે લોહી લુહાણ હાલતમાં પડ્યો છે. ઘાયલ યુવકના પિતાએ ફરી ફોન કરતા અજાણ્યા શખ્સે ઉપાડ્યો હતો અને મે જ નિહાલને છરીના ઘા માર્યા છે જે કરવું હોય તે કરી લેજો કહીને ફોન કાપી નાખ્યો હતો. જેથી તાત્કાલિક પરિવારજનો ત્યાં પહોચ્યા હતા અને ઈજાગ્રસ્ત બેભાન હાલતમાં સારવારઅર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

### ગુજરાતમાં મિલીભગતથી ચાલતા

# જમીન કૌભાંડો : અધિકારીઓને ફસાવતા નેતાઓની તપાસ ક્યારેય થતી નથી

ગાંધીનગર, રવિવાર

સુરતના ડુમ્મસ જમીન કૌભાંડમાં જેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા તે વલસાડ જિલ્લા કલેક્ટર આયુષ ઓક પણ પાછા આવવાની તૈયારીમાં છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજકીય ઈશારો આયુષ ઓક પાસે આ કામ કરાવવામાં આવ્યું હતું. ડુમ્મસની ૨૦૦૦ કરોડની સરકારી જમીનમાં ગણોતિયા તરીકે ખાનગી વ્યક્તિનું નામ દાખલ કરીને જે કૃત્ય કરવામાં આવ્યું હતું તેમાં પડદા પાછળના રાજકીય નેતાઓનો વાળ પણ વાંકો થયો નથી. નેતાઓની મિલિભગત સંતાડવા માટે અધિકારીનો ભોગ લેવાયો હતો પણ તપાસ હવે નેતાઓ સુધી પહોંચે તેમ હોવાથી અધિકારીને પણ છોડવામાં આવે તેવું દેખાઈ રહ્યું છે. આ કેસમાં તપાસ સોંપાયા પછી રાજ્ય સરકારે ગયા જુલાઈ મહિનામાં આયુષ ઓક ને સસ્પેન્ડ કરી દીધા હતા. સરકારે આ હુકમ સામે સ્ટે તો આપી દીધો હતો પરંતુ હવે નિયમાનુસાર નક્કી કરવાનું રહે છે કે આયુષ ઓક માટે ક્યો નિર્ણય લેવો. સચિવાલયના આંતરિક વર્તુળોએ જણાવ્યું હતું કે રાજ રમતમાં અધિકારી ફસાયા હોવાથી બધું ભીનું સંકેલી લેવાશે.

### સમૃદ્ધ ગુજરાત: ખેડૂતની માસિક આવક ૧૨૬૩૧, દેવું ૫૬૫૬૮ રૂપિયા

કેન્દ્ર અને રાજ્ય સરકાર ખેડૂતોની આવક ડબલ કરવાની વાતો કરે છે પરંતુ કૃષિપ્રધાન દેશમાં ખેડૂતો દેવાળિયાં બની



રહ્યાં છે. ગુજરાતના પ્રત્યેક ખેડૂત ઉપર સરેરાશ ૫૬૫૬૮ રૂપિયાનું દેવું છે. ગુજરાતના ૪૨.૫ ટકા ખેડૂતો દેવામાં ડૂબેલાં છે. ગુજરાત કરતાં પણ ઓછું દેવું ઉત્તરપ્રદેશના ખેડૂતો પર છે. કેન્દ્ર સરકારના સત્તાવાર આંકડા પ્રમાણે ગુજરાતમાં ખેડૂતોને પાકની આવક માત્ર ૪૩૧૮ રૂપિયા મળે છે જ્યારે કુલ આવક ૧૨૬૩૧ રૂપિયા નોંધાઈ છે. રાજ્ય સરકાર દાવો કરે છે કે ગુજરાતના ખેડૂતોની આવક બમણી થઈ છે પરંતુ હકીકત એવી છે કે ખેડૂતોની આવક કરતાં જાવકનો આંકડો

ઑફબીટ

મોટો છે. દેવાદાર બનેલાં ખેડૂતો પોતાની જમીન વેચીને અન્ય વ્યવસાયમાં પરિવર્તિત થઈ રહ્યાં છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલયના આંકડા પ્રમાણે ગુજરાતમાં છેલ્લા નાણાકીય વર્ષમાં ૩૮.૯૭ લાખ ખેડૂતોએ ૯૬૯૬૩ કરોડ રૂપિયાની લોન લીધી છે.

### અધિકારી સાથે બેસીને કૌભાંડીઓ જ ચાર્જશીટ તૈયાર કરાવે છે!

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા ખાડે ગયા છે ત્યારથી અહીં ગુનાખોરીનું અલગ જ મોડલ વિકસી રહ્યું છે. તાજેતરમાં જ એક ઘટના બહાર આવી છે જેમાં સુરેન્દ્રનગરની ૨૦૦૦ કરોડની જમીન કૌભાંડમાં સંડોવાયેલા ડેપ્યુટી કલેક્ટર અને ડેપ્યુટી મામલતદાર આ કૌભાંડની તપાસ કરતા અધિકારીની કેબિનમાં જોવા મળ્યા હતા. તેઓ અહીં દરરોજ બેથી ત્રણ કલાક પસાર કરે છે અને વિશેષ તપાસ અધિકારીને કૌભાંડ કેસમાં ચાર્જશીટ કેવી રીતે તૈયાર કરવી તે સમજાવે છે. કૌભાંડી અધિકારીઓ પોતાને નડતા લોકોને ઠેકાણે પાડવા અને પોતે કોઈપણ રીતે આ ગુનામાંથી નીકળી શકે તેના માટે જાતે જ ચાર્જશીટ બનાવડાવી રહ્યા છે. આ રીતે તેઓ નવા કૌભાંડમાં સક્રિય થવાની પણ ગોઠવણ કરી રહ્યા હોવાનો ગણગણાટ છે.

### જંત્રીના સૂચિત દરો ત્રણ માસ પાછા ઠેલાવાની શક્યતા

જંત્રીના સુધારેલા સૂચિત દરોનો જો અમલ થશે તો કોઈપણ મધ્યમ વગીય પરિવાર ઘરનું ઘર ખરીદી શકશે નહીં, કારણકે સરકારે ૨૦૦ થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો



સૂચવ્યો છે. જેની સામે બિલ્ડરો જ નહીં, સામાન્ય જનતાએ વાંધો ઉઠાવ્યો છે. ત્યારે મહેસૂલ વિભાગ વાંધા અરજી સ્વીકારવાની ૩૦ દિવસની સમયમર્યાદામાં વધુ ત્રણ મહિનાનો વધારો કરે તેવી સંભાવના છે. હમણાં જ મહેસૂલ વિભાગે સૂચિત દરો અંગે રિવ્યૂ બેઠક કરી હતી જેનો કેટલાક કલેક્ટરોએ વિરોધ કર્યો છે. તેઓ કહી રહ્યાં છે કે, ૧૫મી એપ્રિલ ૨૦૨૩થી જંત્રીના જે દરો અમલી બનાવ્યા છે તેમાં જ બમણો વધારો છે ત્યારે સુધારેલા દરોથી તો હાલત વધારે કફોડી બની જશે.

### વિકાસ મોડલ: પ્રસૂતાને લેવા એમ્બ્યુલન્સ ગામમાં જઈ ના શકી

ગુજરાતની ભાજપ સરકાર વિકાસ સપ્તાહ ઉજવી રહી છે ત્યારે વિકાસની વાતોના ધજાગરા ઉડાવી દેતી ઘટના છોટા ઉદેપુર જિલ્લામાં બની. ઝરાખલી ગામની એક મહિલાને પ્રસૂતિની પિડા ઉપડતાં એમ્બ્યુલન્સ સેવાને ફોન કરાયો. એમ્બ્યુલન્સ આવી પણ ગઈ પણ ગામમાં અંદર સુધી આવી શકે તેમ નહોતી કેમ કે રોડ જ નથી.ખાડાટેકરા હોવાથી એમ્બ્યુલન્સ અંદર આવી શકે તેમ નહોતી એટલે લોકોએ મહિલાને ખાટલામાં ઉઠાવીને બે કિલોમીટર દૂર ઉભેલી એમ્બ્યુલન્સ સુધી લઈ જવી પડી. એમ્બ્યુલન્સમાં મહિલાને અમરોલી પ્રાયમરી હેલ્થ સેન્ટર લઈ જવાઈ ને ત્યાંથી ગરૂડેશ્વર હોસ્પિટલ લઈ જવાઈ. ગામલોકોની સમયસૂચકતા અને સહકારના કારણે મહિલા કે તેના બાળકને કશું ના થયું પણ આ ઘટનાએ ગુજરાતના વિકાસની પોલ ખોલી નાંખી છે. છેલ્લા બે મહિનામાં જ આ પ્રકારની આ ત્રીજી ઘટના છે એ જોતાં ગુજરાતમાં ખરેખર કોનો વિકાસ થયો એ વિચારવું જોઈએ.

### દિલ્હીથી પાછા આવેલા વિક્રાંત પાંડેનું પોસ્ટીંગ બાકી

ગુજરાત કેડરના ૨૦૦૫ની બેચના આઈ એ એસ અધિકારી વિક્રાંત પાંડે ગુજરાત કેડરમાં પાછા આવી ગયા છે. તેઓ નવેમ્બર ૨૦૧૯માં સેન્ટ્રલ ડેપ્યુટેશન પર દિલ્હી ગયા હતા. અમદાવાદ કલેક્ટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમને ડેપ્યુટેશન પર કેન્દ્રીય ગૃહમંત્રાલય હેઠળના આંતરરાજ્યપરિષદના ડિરેક્ટર તરીકે નિમણૂક આપવામાં આવી હતી. તેમનો પાંચ વર્ષનો ડેપ્યુટેશનનો પિરીયડ પૂર્ણ થયો છે. ગુજરાતમાં અગાઉ તેઓ રાજકોટના કલેક્ટર તરીકે પણ ફરજ બજાવી ચૂક્યાં છે.

### માછીમારો પાછા આવે છે પણ બોટ પાછી મળતી નથી

પાકિસ્તાન હોય કે શ્રીલંકા, પાડોશી દેશ ભારતના માછીમારોને જળસીમાના ભંગ બદલ ઉઠાવીને જેલમાં નાંખી દેતાં હોય છે અને પ્રક્રિયા પછી પાછા પણ મોકલે છે પરંતુ તેઓ માછીમારોની બોટ પાછી આપતા નથી.



કેન્દ્ર સરકારે અનેકવાર ઉઘરાણી કરી છે છતાં બોટ પાછી મળી શકી નથી. પરિણામે કેદીઓ કરતાં બોટની સંખ્યા વધી ગઈ છે. શ્રીલંકામાં હાલ ૧૪૧ ભારતીય માછીમારો જેલમાં બંધ છે. જેની સામે કસ્ટડીમાં લીધેલી બોટની સંખ્યા ૧૯૮ થવા જાય છે. એવી જ રીતે પાકિસ્તાનમાં ૨૧૧ કેદીઓ બંધ છે પરંતુ ૧૧૭૨ બોટની કસ્ટડી પોતાની પાસે રાખી છે. ગુજરાત અને તામિલનાડુના માછીમારો તો પાછા આવી જતા હોય છે પરંતુ તેમની બોટ પાછી નહીં આવતાં તેમની રોજી-રોટીને અસર પડે છે.

### એક્સટેન્શન નહીં મળતાં બે નિવૃત્ત ઓફિસરોની વિદાય

સરકારમાં પોલિસીમેકર અને ઉદ્યોગ વિભાગના જાણકાર અધિકારીઓની અછત હોવાથી અનુભવી અને નિવૃત્ત અધિકારીઓને છેલ્લા ઘણાં વર્ષોથી કરાર આધારિત પોસ્ટીંગ મળતા રહે છે. આવા જ પોસ્ટીંગ મેળવીને તાજેતરમાં જ બે નિવૃત્ત અધિકારીઓએ સરકારી સેવામાંથી વિદાય લીધી છે, જેમાં પહેલા અધિકારી એ.બી.પંચાલ છે કે જેઓ નિવૃત્ત આઈએએસ છે અને મુખ્યમંત્રીના ઓ.એસ.ડી. તરીકે કરાર આધારિત પોસ્ટીંગ મેળવીને ફરજ બજાવતા હતા. તેમની કાર્યપદ્ધતિ પોલિસી મેકરની રહી છે. ઉદ્યોગ વિભાગ અને પોલિસીમેકીંગમાં તેઓ માસ્ટરમાઈન્ડ ધરાવે છે. બીજા અધિકારી બંકિમ મહેતા કે જેઓ ઉદ્યોગ વિભાગમાં જોઈન્ટ સેક્રેટરીના પદ પર હતા. તેમને આ પદ પર કરાર આધારિત નિમણૂક આપવામાં આવી હતી પરંતુ તેમનું પણ એક્સટેન્શન થયું નથી.

### ટ્રાફિક પોલીસનું નવું તૂત, ડેશકેમથી નિયમોનો ભંગ રોકશે

ગુજરાતમાં હીટ એન્ડ રનની વધી રહેલી ઘટનાઓને રોકવામાં નિષ્ફળ પોલિસ ખરા ગુનેગારોને કંઈ કરી શકતી નથી તેથી નાના માણસોને પરેશાન કરવાના રસ્તા શોધ્યા કરે છે. તેના ભાગરૂપે પહેલાં કોમ્બિંગ ડ્રાઈવ શરૂ કરીને





લોકોને પરેશાન કરી નાંખ્યા ને હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) બેઝ્ડ ડેશકેમ્સની મદદથી લોકોને પરેશાન કરવા માંડી છે. ટ્રાફિક પોલીસે ૩૨ વાહનો અને ૨૮ કોન્સ્ટેબલોને આ ડેશકેમ આપ્યા છે કે જેની મદદથી હેલ્મેટ વિના સવારી, ખતરનાક ડ્રાઈવિંગ અને સીટ બેલ્ટ વિના ડ્રાઈવિંગ એ ત્રણ નિયમોનો ભંગ કરનારા પકડાઈ જશે. આ પ્રકારના અપરાધ રોકવા જરૂરી છે પણ વધારે જરૂર રાત્રે દારૂ પીને બેફામ ડ્રાઈવિંગ કરતાં લોકોને રોકવાની છે.

### RMCમાં લાંબો સમય ટકવું નવા કમિશનર માટે પડકાર

ટીઆરપી ગેમઝોનની દુર્ઘટના પછી રાજ્યસરકારે આનંદ પટેલની જગ્યાએ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા)ના સીઈઓ ડી.પી.દેસાઈને રાજકોટ કમિશનર તરીકે મૂક્યા હતા પરંતુ તેમની કામ કરવાની પદ્ધતિ અને તેમણે બનાવેલા કડક નિયમોનો વિરોધ થતાં તેઓ સરખી રીતે કામ કરી શકતા નહતા. આખરે સરકારે તેમને બદલીને ઔડાનો ચાર્જ કાયમી રાખ્યો છે. જ્યારે રાજકોટના મ્યુનિસિપલ કમિશનર પદે ભરૂચના કલેક્ટર તુષાર સુમેરાની નિયુક્તિ કરી છે. કહેવાય છે કે RMC એક એવી નમૂનારૂપ શહેરી સંસ્થા છે કે જ્યાં અલકમલકના ગોટાળા અને ભ્રષ્ટાચાર થઈ રહ્યાં છે. બાંધકામપ્લાન, ફાયર એન.ઓ.સી., કર્મચારીઓની બદલી, અનિયમિતતા, અનધિકૃત બાંધકામો, લાંબા સમયથી અટકેલા પ્રોજેક્ટ્સ, નિયમપાલન અને ઉંચા ભાવે કામો આપવાની પ્રેક્ટિસ પંકાયેલી છે.

### હીરા ઉદ્યોગમાં મંદી, એક સાથે ૧૫ હજાર કારીગરને છૂટા કરાયા

સુરત, ભાવનગર, અમરેલી, જૂનાગઢ સહિતનાં શહેરોમાં હીરાનાં કારખાનાં ધરાવતી કંપની મારૂતિ ઈમ્પેક્સે અચાનક જ ૩-૪ મહિના માટે કારખાનાં બંધ કરવાની જાહેરાત કરી દેતાં ૧૫



હજાર જેટલાં લોકોનો રોજગારી છિનવાઈ ગઈ છે. કંપનીએ કારીગરોના દિવાળી સુધીના પગારો તો ચૂકવી દીધા પણ હવે પછી ક્યારે કારખાનાં શરૂ થશે એ વિશે કોઈ સ્પષ્ટતા કરી નથી. બલ્કે કારીગરોને બીજે નોકરી શોધી લેવા કહ્યું છે. કંપનીનાં ગુજરાતમાં ૧૦૦થી વધારે કારખાનાં છે. હીરા બજારના નિષ્ણાતોનું કહેવું છે કે, મારૂતિ ઈમ્પેક્સે તો ખુલ્લેઆમ કામ બંધ કરવાની જાહેરાત કરી દીધી પણ હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલી ઘણી કંપનીઓની હાલત ખરાબ જ છે. બજારમાં નામ ખરાબ ના થાય એટલે કારખાનાં ચાલુ રખાય છે પણ કારીગરોને આખું અઠવાડિયું કામ પર બોલાવાતા નથી. આ કારમી મંદીના કારણે હજારો પરિવારોને અસર થઈ છે પણ બિનસંગઠિત ક્ષેત્ર હોવાથી તેમનું સાંભળનારું કોઈ નથી.

## સમૃદ્ધ ગુજરાતમાં ખેડૂતોની સરેરાશ માસિક આવક રૂ. ૧૨૬૩૧, દરેકને માથે ૫૬૫૬૮નું દેવું

Aditya Birla Housing Finance Ltd.

ADITYA BIRLA CAPITAL
HOME LOANS

## પ્રધાનમંત્રી આવાસ યોજના અને આદિત્ય બિરલા હાઉસિંગ ફાઇનાન્સથી હવે તમારા પરિવારનું પહેલું ઘર શક્ય બનશે




Happy home loan to you | 08035093234

ઇન્સ્ટન્ટ લોન મંજૂરી | ટ્રેક માય લોન સુવિધા | 100% ડિજિટલ અથવા હોમ-સિટિંગ સર્વિસ

Aditya Birla Housing Finance Limited | Regd. Office: Indian Rayon Compound, Veraval - 362 266, Gujarat. CIN: U65922GJ2009PLC083779. For more information, please visit https://homefinance.adityabirlacapital.com Loans originated and serviced by Aditya Birla Housing Finance Ltd (ABHFL) and are subject to credit appraisal at its sole discretion. I *ABCD App is owned and controlled by Aditya Birla Capital Digital Ltd, a group company of ABHFL. Pls refer the T&Cs on https://www.adityabirlacapital.com/

*Scan to download the ABCD App




**Kia EV6, The Electric Superstar** | Our strikingly smart EV6 is designed to offer much more than you can imagine. A 708 km^ range, an exceptional design, futuristic technologies; and now exclusive benefits for a very limited time. Add that to countless awards from around the world, the EV6 is truly a global superstar.

| Highest Range^ | Pure Exhilaration | Ultra Fast Charging* | Intelligent Safety | Electrifying Performance |
|---|---|---|---|---|
| 708 km in a single charge | 0-100 km/h in 5.2 sec** | 10% to 80% in just 18 min | Level 2 ADAS with 8 airbags~ | Dual Motor AWD System 605 Nm torque |

**Exclusive ownership privileges.**

| Satisfaction Guarantee° | 8 Years / 160 000 km++ | Special Lease Rental## |
|---|---|---|
| 95% buyback within 30 days | warranty on battery | of ₹1 09 000 |

| Kia Service | 24x7 \| 3 Years Nationwide RSA^^ | 3 Years of Unlimited km Warranty^^^ Zero Additional Cost | 7 Days Dedicated Customer Support | 2 Complimentary Home Chargers (3.3 kW & 11 kW) | K-Charge For hassle-free charging |
|---|---|---|---|---|---|

For more information, visit a Kia dealership or contact: 1800 108 5005 | 09319591407
www.kia.com/in | Book Kia EV6 | kiacare@kiaindia.net | Look for "Kia India" @
Scan for inspiring EV6 stories

+T&C Apply. Above mentioned price is inclusive of exchange benefit. ^ARAI certified full charge range for EV6 GT-Line Trim. The segment is defined as a car with overall length less than 5 000 mm. The individual driving style and other factors, such as speed, outside temperature, topography and the use of electricity-consuming devices/units, have an influence on the real-life range and can possibly reduce it. **As per Kia Internal Testing for AWD only. *With 350 kW Charger. ~Front (Driver & Passenger), 2 Side Airbags, 2 Curtain Airbags & 2 Side Center Airbags. #Depending on the old car age and quality. The products shown above are for representation purpose only. Actual appearance, features and specifications as shown may not be part of the standard fitment and may vary. °Refund of 95% of Ex-Showroom price of car. Car must be returned within 30 days from date of delivery. Within 30 days, if there is an accidental damage or manufacturing defect: vehicle will not be eligible for refund. Exclusive benefits on EV6 by select partners only. ++Battery warranty up to 8 years or 1 60 000 km whichever is earlier. ##Applicable for self-employed professionals. ^^Up to 5 years extendable RSA Coverage. Applicable across India except Andaman & Nicobar Islands and Lakshadweep. ^^^Up to 5 years extendable warranty. Kia India Pvt. Ltd. (Formerly known as Kia Motors India Private Limited) reserves the right to make any changes with respect to the trims, colors, specifications, other details of any model as mentioned in this advertisement or to discontinue any model or to change/discontinue any service without prior notice. For more details visit your local Kia dealership. Kia India Pvt. Ltd. urges you to follow traffic rules, these are meant to keep you safe on roads.

**Ahmedabad:** **West Coast Kia,** Motera, Ahmedabad Ph: 8238887600, Ambawadi, Ph: 9377772200, SG Highway North, Ph: 9727316316, Shilaj, Ph: 7069076767 **Supernova Kia,** Bopal, Ph: 8238080402, Nikol, Ph: 7043733733, SG Highway South, Ph: 7043722722 SG Highway-Makarba, Ph: 7043722722 **Anand:** **Destination Kia,** Karamsad, Ph: 07948058224 **Gandhinagar:** **Vibrant Kia,** Ph: 9099033325 **Himmatnagar:** **West Coast Kia,** Ph: 9099033395 **Kadi:** **Krunal Kia,** Ph: 9513392491 **Mehsana:** **Krunal Kia,** near Shivala Circle, Ph: 7574844016, Naglapur: 9875161507 **Palanpur:** **Halleys Kia,** Ph: 8758221111 **Patan:** **Halleys Kia,** Ph: 9512033700




550+ CITIES 950+ OUTLETS | Instant Cashback up to ₹10 000* | HDFC BANK | ICICI Bank | BOBCARD | TVS CREDIT | Search for TVS iQube

**AHMEDABAD:** MAHALAXMI GRAND WHEELERS LLP-BAPUNAGAR-9913713763, NIKOL-9913713762, TVS-STALLIONZ MOTORS-SHAHIBAUG-8141514515, CHANDKHEDA-8141514551, SARASPUR-8866671166, TVS-VTECH AUTOCOM LLP-SATELLITE-9664789360, PALDI-7777999494, GEETAMANDIR-9664717557, TVS-SHREE KHADKA G AUTO LLP-GOTA-9512300963, KATARIA MOTORS PRIVATE LIMITED-MANINAGAR-9909046629, OCEANIC MOTORS PVT.LTD-DRIVE IN-9924444609, **SANAND**-TVS-RACEWAY MOTOR LLP-9313926304 **NADIAD**- MAHALAXMI ALL WHEEL LLP-NADIAD-9712812843 **GANDHINAGAR**- AGWAN MOTORS PRIVATE LIMITED-9978699146 **HIMATNAGAR**- AGWAN MOTORS PVT. LTD- 7228013690 **PALANPUR**- AGWAN TVS - 7228013672 **MEHSANA**- RUCHA TVS – 9638377277 **DEESA**- RAJESHREE TVS – 9558505575 **RAJKOT** – KRISHNA TVS, GONDAL ROAD -7043211110, KUVADVA ROAD – 7043411110, MADHAV TVS, NANA MAUVA – 8011156111, GONDAL ROAD – 9033330478, **JAMNAGAR** - OM TVS , PATEL COLONY – 9925245621, KHODIYAR NAGAR – 9925245647, **PORBANDAR** – THAKKAR TVS – 8488845991 **VADODARA**-AVIAN TVS OLD PADRA ROAD: 9586166600 U&V TVS MANJALPUR: 9484991919 ZUMMERWALA TVS CHHANI ROAD: 9104223555 **BHARUCH**-RAVIRAJ TVS: 8758311494, **ANAND** DOWNTOWN TVS : 8980011190, **DAHOD**- ZUMMERWALA TVS: 9104223444 **GODHRA** METRO TVS 6352103803 **SURAT**- PATEL TVS-VARACHHA: 9512752000 RING ROAD: 8153828788 KATARGAM: 8866200808 POWERWINGS TVS-ADAJAN: 9099976431 PLK TVS-KANGAROO CIRCLE: 9081910180 TWOWHEELS HEAVEN TVS-UDHANA MAGDALLA ROAD: 8758881000. -**NAVSARI** MANGALDEEP TVS.: 7778976290 **VAPI**- POWERWINGS TVS-: 7211150430, **GANDHIDHAM**-MEHTA ENTERPRISE-9426909920, **VERAVAL**-MADHAV TVS-9227504747, **AMRELI**-SHYAM MOBILITIES-7490034836, **BHAVNAGAR**-SOMYA WHEELS PVT LTD-9111102032, **BHUJ**-VD AUTOLINK-7878786780, **JUNAGADH**-SHREENATHJI TVS-8866295940, **UNA** SHREE RAM AUTO- 8692898792.

dentsu/gs guj/03/24

### નેશનલ અને સ્ટેટ રેન્કિંગમાં ચાર વર્ષથી ટોપ પર રહેલી

# ગુજરાત યુનિ.ને હવે નેકમાં A++ ગ્રેડ મેળવવો પડશે: દસ વર્ષે ઈન્સ્પેક્શન

અમદાવાદ,રવિવાર

નેશનલ રેન્કિંગમાં સતત ચાર વર્ષ ટોપ ૧૦૦માં રહેલી અને ગુજરાત સરકારના સ્ટેટ રેટિંગમાં પણ ચાર વખત ટોપ રહેલી ગુજરાત યુનિવર્સિટીને નેકમાં એ પ્લસ પ્લસ ગ્રેડ મેળવવો ખૂબ જ જરૂરી છે. જે માટે ગુજરાત યુનિ. દ્વારા અથાગ પ્રયત્નો સાથે ભારે મથામણ પણ કરવામા આવી રહી છે.હાલ રાજ્યમાં ઘણી ખાનગી અને સરકારી યુનિ.ઓ નેકમાં એ પ્લસ પ્લસ કે એ પ્લસ ગ્રેડ ધરાવે છે ત્યારે રાજ્યની સૌથી મોટી અને સૌથી જુની સરકારી યુનિવર્સિટી એવી ગુજરાત યુનિવર્સિટી માટે નેકમાં એ પ્લસ પ્લસ ગ્રેડ મેળવવો એ આબરૂનો સવાલ છે.

## યુનિ.ને ૨૦૧૫ બી ગ્રેડ મળ્યો હતો અને હવે ટોપ ગ્રેડ માટે મથામણ : આગામી મહિને નેકની ટીમ આવશે

ગુજરાત યુનિવર્સિટીમાં આગામી મહિને ૨૦ જાન્યુઆરી બાદ નેકની ટીમ ઈન્સપેકશન માટે આવવાની છે.ગુજરાત યુનિવર્સિટી મોટી હોવાથી નેકની ટીમમાં પાંચથી સાત સભ્યો આવી શકે છે અને ત્રણ દિવસ જુદા જુદા માપદંડોને આધારે ઈન્સપેકશન ચાલશે.નેક દ્વારા યુનિ.ને બેથીત્રણ તારીખો આપવામા આવી છે.જો કે મોટા ભાગે આગામી મહિને જ નેકની ટીમ ઈન્સપેકશન માટે આવે તેવી શક્યતા હતા. ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લે ૨૦૧૫માં નેકની ટીમ ઈન્સપેકશન માટે આવી હતી ત્યારે હવે દસ વર્ષે નેકનું ઈન્સપેકશન ગુજરાત યુનિવર્સિટીમાં આવનારછે.જેને લઈને ગુજરાત યુનિ.તંત્ર દ્વારા તૈયારીઓ કરવામા આવી રહી છે અને દરેક વિભાગને વિવિધ સૂચનાઓ આપવામા આવી છે ઉપરાંત યુનિ.ના કેમ્પસમાં બિલ્ડીંગો-સુવિધાઓને લઈને પણ એસ્ટેટ વિભાગને ખાસ સૂચના આપવામા આવી છે.

ગુજરાત યુનિ.ને છેલ્લે ૨૦૧૫માં નેકમાં બી પ્લસ પ્લસ ગ્રેડ મળ્યો હતો.નેકની પાંચ વર્ષની માન્યતા-ગ્રેડિંગ ૨૦૨૦માં પૂર્ણ થઈ ગયા હતા.પરંતુ ત્યારબાદ કોરોના સહિતના વિવિધ કારણોને લીધે ગુજરાત યુનિવર્સિટી દ્વારા નેકમાં નવી સાયકલ માટે અરજી જ કરવામા આવી ન હતી.હવે જ્યારે દસ વર્ષે નેકનું ઈન્સપેકશન આવનાર છે અને નેશનલ રેન્કિંગમાં સતત ચાર વખત ટોપ ૧૦૦માં સ્થાન મેળવવા ઉપરાંત સ્ટેટ રેટિંગમાં પણ ૩ વખત ફાઈવ સ્ટાર અને આ આ વર્ષે ફાઈવ સ્ટાર પ્લસ રેટિંગ મળ્યુ હોવાથી ગુજરાત યુનિવર્સિટીએ હવે નેકમાં એ પ્લસ પ્લસ ગ્રેડ જ મેળવવો પડે તેમ છે.અગાઉ ગુજરાત યુનિવર્સિટીને એ પ્લસ પ્લસ ગ્રેડ મળ્યો નથી ત્યારે ગુજરાત યુનિવર્સિટી માટે હવે એ પ્લસ પ્લસ ગ્રેડ મેળવવો તે આબરૂનો સવાલ અને એક મોટો પડકાર છે.ઉપરાંત ગુજરાત યુનિ.ના અલ્યુમિનિમાં દેશના વડાપ્રધાન અને કેન્દ્રિય ગૃહમંત્રી સહિતના અનેક મહાનુભાવો તેમજ અનેક પદ્મશ્રી એવોર્ડી છે ત્યારે ગુજરાત યુનિ.એ હવે નેકમાં એ પ્લસ પ્લસ ગ્રેડ મેળવીને રાજ્યની ટોપ યુનિ.માંની એક યુનિ.હોવાનું સાબીત કરવુ પડે તેમ છે.ગુજરાત યુનિ.ના હાલના કુલપતિ માટે પણ આ એક મોટી કસોટી છે.ગુજરાત યુનિ.આમ તો હાલ વિવિધ માપદંડોમાં આગળ હોવાથી નેકમાં ટોપ ગ્રેડ મળે તેવી પુરી શક્યતા છે.

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

### સૈન્ય ઉપરાંત સિવિલિયન આર્મી પણ જરૂરી : જસ્ટિસ સૂર્યકાન્ત

અમદાવાદ, રવિવાર

ગાંધીનગરના લવાડ સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય મૂટ કોર્ટ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાપાન સમારોહમાં સુપ્રિમ કોર્ટના જજ સૂર્યકાંત વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રના વિકાસ માટે આર્થિક, રાજકીય તેમજ ગુડ ગર્વન્સની જરૂરી છે. સરંક્ષણ માટે માત્ર સૈન્યની જ નહી પણ પરંતુ, સિવિલિયન આર્મીની પણ જરૂરિયાત છે. તેમણે એમ પણ કહ્યું હતું કે કાયદાના ક્ષેત્રમાં દ્રઢતા, નિષ્પક્ષતા અને સમાનતાના આદર્શો મહત્વના છે. આતરરાષ્ટ્રીય કાયદા, વૈશ્વિક સુરક્ષા, સાયબર આતંકવાદ તેમજ રાષ્ટ્રીય સુરક્ષાને લગતી બાબતોને સ્પર્શતા મુદ્દા મૂટ કોર્ટમાં ઉઠાવવામાં આવેલા છે. જે વિદ્યાર્થીઓને મદદરૂપ બનશે. આ પ્રસંગે રાષ્ટ્રીય રક્ષા યુનિર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. વિમલ પટેલ, અન્ય કાયદાકીય નિષ્ણાંતો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

## વાત વાતમાં

### બે સ્ટુપિડ ગાયન-કથાઓ !

મનિયાએ નવો સ્માર્ટ ફોન લીધો. પણ એમાં નવું સિમ-કાર્ડ નંખાવ્યા પછી મનિયાનું આખું વર્તન જ વિચિત્ર થઈ ગયું !

મનિયો જ્યારે જુઓ ત્યારે ફોનને હાથ વડે એકદમ ઊંચો રાખીને જ વાપરતો હતો ! એ ઘરમાં બેઠો હોય, પાનના ગલ્લે ઊભો હોય, બસમાં જતો હોય કે ઈવન રસ્તે ચાલતો ચાલતો ફોન વડે કોઈની સાથે વાત કરતો હોય તો પણ ફોન એણે હાથ વડે એકદમ ઊંચો જ રાખ્યો હોય !




એટલું જ નહીં, એ હંમેશાં વિડીયો કોલ જ કરે ! ક્યારેય સીધો સાદો કોલ તો કરવાનો જ નહીં ! એ તો ઠીક, સામેથી કોઈ સાદો કોલ કરે તો પણ મનિયો કટ કરી નાંખે અને પછી સામો વિડીયો કોલ કરે !

એ પણ હાથ તો ઊંચો જ રાખીને !

કોઈએ પૂછ્યું 'અલ્યા મનિયા, તું કેમ આવું કરે છે ?'

મનિયો કહે 'મારું સિમ-કાર્ડ જિયોનું છેને, એટલે... કેમકે સિમ-કાર્ડ એક્ટીવ થતાંની સાથે જ એમાં ગાયન વાગતું હતું... 'ના મુંહ છૂપા કે જિયો, ઔર ના સર ઝૂકા કે જિયો !'

* * *

એક પ્રાથમિક શાળામાંથી બધાને પિકનિક પર લઈ ગયા.

પરંતુ રસ્તામાં જ અમુક ગુન્ડાઓએ આખી બસનું અપહરણ કરી નાંખ્યું !

છોકરાંઓ ગુન્ડા આગળ કાગારોળ કરવા માંડ્યા કે 'પ્લીઝ... પ્લીઝ... અમને છોડી મુકો ને ?'

તો ગુન્ડાએ કહ્યું 'એક શરત ઉપર ! જો તમારા સર મારા પગ આગળ ઝૂકીને માફી માગે તો જ... નહીંતર હું તમારા સરનું માથું કાપી નાંખીશ !'

છોકરાંઓએ અંદરોઅંદર ડિસ્કસ કરીને પછી ગુન્ડાને કહ્યું 'તમે સરનું માથું કાપી નાંખો !' સર ચોંકી ગયા ! 'અલ્યા, આવું કેમ બોલો છો ?'

જવાબમાં છોકરાંઓ કહે છે 'સર, તમે જ અમને શીખવાડ્યું છે કે... અપની આઝાદી કો હમ હરગિઝ મિટા સકતે નહીં, 'સર' કટા સકતે હૈં લેકિન 'સર' ઝૂકા સકતે નહીં !

(આ કથાઓનો બોધ એટલો જ કે ફિલ્મી ગાયનોને બહુ સિરીયસલી લેવા નહીં, કેમકે એક ગાયનમાં કહે છે કે 'ઠંડે ઠંડે પાણી સે નહાના ચાહિયે, ગાના આયે યા ના આયે, ગાના ચાહિયે...' બોલો.)

\- મન્નુ શેખચલ્લી

### સુરતમાં ૨૨ વર્ષના રત્નકલાકારનું એકાએક મોત

(પ્રતિનિધિ દ્વારા) સુરત,રવિવાર

સુરત શહેરમાં લાંબા સમયથી અચાનક બેભાન થવા અને છાતીમાં દુઃખાવો થયા બાદ મોત થવાના બનાવો સતત વધી રહ્યા છે. તેવા સમયે સરથાણામાં ૨૨ વર્ષના રત્નકલાકાર જય રમેશ બરવાડીયા મોતને ભેટયા હતા. તે મૂળ રાજકોટનો વતની હતો.

### હજીરા-ઘોઘા રો-રો ફરીમાંથી કાપડ વેપારી દરિયામાં પડ્યો, બચાવી લેવાયો

(પ્રતિનિધિ દ્વારા) સુરત, રવિવાર

હજીરા-ઘોઘા વચ્ચે વચ્ચે ચાલતી રો-રો ફેરીના જહાજમાંથી આજે સવારે ભાવનગરથી સુરત આવતો મધ્યપ્રદેશનો કાપડ વેપારી દરિયામાં પડી ગયો હતો. જોકે જહાજના ક્રૂ મેમ્બર અને સ્ટાફે દોડીને દરિયામાં છલાંગ મારીને રેસ્ક્યુ કરીને તેને બચાવી લીધો હતો.

પોલીસ પાસેથી મળેલી વિગત મુજબ મધ્યપ્રદેશમાં રહેતો ૩૨ વર્ષીય અતુલકુમાર માણેકલાલ ચોકસી આજે રવિવારે સવારે ઘોઘાથી હજીરા આવતી રો-રો ફરી જહાજમાં બેસીને સુરત આવવા નીકળ્યા હતા. તે સમયે હજીરા પહોંચતા પહેલા દરિયામાં ૧૧ નોટિકલ માઈલ ખાતે તે રહસ્યમય સંજોગોમાં જહાજમાંથી દરિયામાં પડી ગયો હતો. જેથી ત્યાં હાજર લોકોએ બુમો પાડતા તરત ક્રુ-મેમ્બર સહિતનો સ્ટાફ દોડી ગયો અને સેવિંગ લાઈફ ઈન્સ્ટ્ મેન્ટ, રીંગ, દોરડું, લાઈફ જેકેટ દરિયામાં ફેંકીને પાણીમાં કુદી પડ્યા હતા અને વેપારીને રેસ્કયુ કરીને બચાવીને સહી સલામત બહાર કાઢ્યો હતો.

## અવસાન નોંધ

### નરપતસિંહ ચાવડાનું અવસાન

અમદાવાદ, રવિવાર

૧૯૯૦માં ચીમનભાઈ પટેલે ઊભા કરેલા પક્ષના ગુજરાત જનતાદળ પ્રમુખ અને પછી ગુજરાત કોંગ્રેસના ઉપપ્રમુખ બનેલા નરપતસિંહ ચાવડાનું આજે અવસાન થયું છે. તેઓ ૯૦ વર્ષના હતા. મૂળ દાંતાના વતની એવા સ્વ. ચાવડાએ રાજકીય ક્ષેત્ર ઉપરાંત સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે વિવિધ પ્રકારની કામગીરી કરી હતી.

**દવે :** સ્વ.મૃદુલાબેન હર્ષદરાય દવેનું બેસણું શાલિગ્રામ પ્લસ, વિશ્વકર્મા મંદિર પાસે, ચાંદલોડિયા, સવારે ૮થી ૧૨.

**પોરિયા :** સ્વ. યોગેશભાઈ રણછોડભાઈ પોરિયાનું બેસણું મહાકાલી માતાજીનું મંદિર, કલાપીનગર. સવારે ૮ થી ૧૧

**ઠક્કર :** સ્વ. પલ્લવીબેન દિનેશભાઈ ઠક્કરનું બેસણું ભોજકની વાડી, ત્રગાડાવાડ, કાલુપુર, સ્વામિનારાયણ મંદિર રોડ. સવારે ૯ થી ૧૧

## આજનુ પંચાંગ

તા.૯/૧૨/૨૦૨૪,સોમવાર



**ભાગીતિથિ**

**દિવસના ચોઘડિયા :** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિના ચોઘડિયા :** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**અમદાવાદ સૂર્યોદય :** ૭ ક. ૧૨ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૪ મિ.
**સુરત સૂર્યોદય :** ૭ ક. ૦૬ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૬ મિ.
**મુંબઈ સૂર્યોદય :** ૭ ક. ૦૧ મિ. સૂર્યાસ્ત : ૧૮ ક. ૦૦ મિ.
**નવકારસી સમય :** (અ) ૭ ક. ૫૭ મિ. (સુ) ૭ (ક.) ૫૩ મિ. (મું) ૭ ક. ૪૯ મિ.
**જન્મરાશિ :** કુંભ (ગ.શ.ષ.સ.) ૯ ક. ૧૪ મિ. સુધી પછી મીન (દ,ચ,ઝ,થ)રાશિ આવે.
**નક્ષત્ર :** પુર્વાભાદ્રપદ નક્ષત્ર ૯ ક. ૧૪ મિ. સુધી પછી ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર આવે.
**ગોચર ગ્રહ :** સૂર્ય-વૃશ્ચિક, મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, ગુરૂ-વૃષભ, શુક્ર-મકર, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, ચંદ્ર-કુંભ ૯ ક. ૧૪ મિ. સુધી પછી મીન
હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન પ્લુટો-મકર રાહુકાળ ૭.૩૦ થી ૯.૦૦ (દ.ભા.)
**વિક્રમ સંવત :** ૨૦૮૧ અનલ સંવત્સર શાકેઃ ૧૯૪૬ ક્રોધી જૈનવીર સંવત : ૨૫૫૧
દક્ષિણાયન હેમંત ઋતુ / રાષ્ટ્રીય દિનાંક : માગશીર્ષ/ ૧૮ / વ્રજ માસ : માગશીર્ષ
**માસ-તિથિ-વાર :** માગશર સુદ આઠમ
\- દુર્ગાષ્ટમી
\- ભાગિતિથિ
**મુસલમાની હિજરીસન :** ૧૪૪૬ જમાદીઉલ આખર માસનો ૭ મો રોજ
**પારસી શહેનશાહી વર્ષ :** ૧૩૯૪ તીર માસનો ૨૭ મો રોજ આસમાન

## આજનું ભવિષ્ય

\- અગ્નિદત્ત પદમનાભ

**મેષ :** જેમ-જેમ દિવસ પસાર થતો જાય આપને કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલીનો અનુભવ થાય. નાણાંકીય લેવડ-દેવડમાં સાવધાની રાખવી.

**વૃષભ :** ધીમે-ધીમે આપના કાર્યમાં સાનુકૂળતા થતી જાય. આપના કાર્યનો ઉકેલ આવતો જાય. પરદેશના કામમાં પ્રગતિ જણાય.

**મિથુન :** દિવસ પસાર થતો જાય તેમ આપના કામની વ્યસતતા-દોડધામ-શ્રમમાં વધારો થતો જાય. મિત્રવર્ગનો સાથ-સહકાર મળી રહે.

**કર્ક :** જેમ દિવસ પસાર થાય તેમ આપને રાહત-શાંતી થતાં જાય. ધીરે-ધીરે આપના કામમાં વ્યસ્ત થતાં જાવ. પરદેશના કામ થઈ શકે.

**સિંહ :** આપે તન-મન-ધનથી - વાહનથી સંભાળીને શાંતીથી દિવસ પસાર કરી લેવો. કામકાજમાં પ્રતિકૂળતાનો અનુભવ થાય. ઉચાટ રહે.

**કન્યા :** આપના અગત્યના કામનો ઉકેલ આવવાથી રાહત અનુભવો. આપના કાર્યમાં અન્યનો સહકાર મળી રહે. ઈચ્છિત વ્યક્તિ સાથે મુલાકાત થાય.

**તુલા :** આપને કામનું દબાણ જણાય. દોડધામનીઅસર સ્વાસ્થ્ય પર ના પડે તેની કાળજી રાખવી. સીઝનલ ધંધામાં વાદ-વિદાથી સંભાળવું.

**વૃશ્ચિક :** જેમ દિવસ પસાર થાય તેમ આપના રૂકાવટ-વિલંબમાં અટવાઇ પડેલા કામનો ઉકેલ આવતો જાય. આને રાહત-શાંતિ થતાં જાય.

**ધન :** આપને કામમાં પ્રતિકૂળતા જણાય. નોકરી-ધંધે જાવ તો ઘર-પરિવારની ચિંતા રહે અને ઘરે રહો તો નોકરી-ધંધાની ચિંતા આપને સતાવ્યા કરે.

**મકર :** આપના કાર્યમાં સહકાર્યકરવર્ગ-નોકર-ચાકરવર્ગ મદદરૂપ થાય. આપના કાર્યની કદર-પ્રશંસા થવાથી આનંદ અનુભવો.

**કુંભ :** સામાજિક-વ્યવહારિક કામકાજ અંગે વ્યસ્તતા રહે. કામમાં સાનુકૂળતા રહેવાથી આનંદ થાય. ધંધામાં આવક જણાય.

**મીન :** દિવસના પ્રારંભે ઉચાટ-ઉદ્વેગ જણાય. પરંતુ જેમ દિવસ પસાર થતો જાય તેમ આપને શાંતિ થતી જાય. કામમાં સાનુકુળતા રહે.

## જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૯/૧૨/૨૦૨૪,સોમવાર

આજથી શરૂ થઈ રહેલું જન્મવર્ષ આરોહ-અવરોહમાં પસાર થાય.

**નોકરી-ધંધો :** વ્યવસાયિક દૃષ્ટિએ વર્ષનો પ્રારંભ આપના માટે સાનુકૂળ રહે. આપના કામની કદર-પ્રશંસા થાય. સહકાર્યક વર્ગ-નોકર-ચાકરવર્ગનો સાથ-સહકાર મળી રહે. પરંતુ વર્ષના ઉત્તરાર્ધમાં આપને પ્રતિકૂળતા જણાય. આવેશ-ઉશ્કેરાટમાં આવી જવું નહીં.

**સ્ત્રી વર્ગ :** સ્ત્રી વર્ગને ખર્ચનો પ્રારંભ સારો રહે. ભાઈભાંડુનો સાથ સહકાર મળી રહે. વર્ગ પસાર થાય તેમ પ્રતિકુળતા થતી જાય. ઘર-પરિવારની ચિંતા અનુભવાય. વ્યવસાય સાથે ઘરની જવાબદારી સંભાળવવામાં મુશ્કેલી જણાય.

**યાત્રા-પ્રવાસ :** વર્ષારંભે યાત્રા-પ્રવાસ, મિલન-મુલાકાત થાય કે તેનું આયોજન ગોઠવાય. કુટુંબ-પરિવાર-મિત્રવર્ગ સાથે પ્રવાસનો આનંદ માણી શકો. પરંતુ વર્ષની મધ્યમથી આપે યાત્રા-પ્રવાસમાં સાવધાની રાખવી પડે. બહારનું ખાવા-પીવામાં ધ્યાન રાખવું


## મંત્રમુગ્ધ

- તમે જો સતત હુંફાળુ ગરમ જ પાણી પીધા કરો તો એ બિલકુલ યોગ્ય નથી. પાણી ઉકાળવાથી તેમાં રહેલા ખરાબ બેક્ટેરિયા નાશ પામે છે એ વાત સાચી પણ સારા બેક્ટેરિયા પણ નાશ પામે છે. પાણીમાં રહેલા મિનરલ્સનું પણ પાણી ઉકળતાં બાષ્પીભવન થઈ જાય છે એટલે હુંફાળું ગરમ પાણી પીવાનો અમુક નિશ્ચિત સમય રાખીને પીવાય તો એ વધુ લાભ કરે. જેમકે નરણા કોઠે ગરમ પાણી પીવાના ઘણા લાભો છે. જમ્યા પછી, રાતે સૂતા પહેલાં ગરમ પાણી પીઓ તો તમને કબજિયાતની સમસ્યા ન થાય. ઉલટાનું તમારું ડાઈજેશન ઝડપી બને. રાતે સૂતા પહેલાં લગભગ સો એમએલ હુંફાળું ગરમ પાણી પીવાની છૂટ છે. **- આયુર્વેદાચાર્ય ડૉ. મહેશ સંઘવી**
- **-: જીવન જીવવાના ત્રિસૂત્રી માર્ગ :-**
  ૧) દરેક જીવોની પ્રતિ સદ્ભાવ.
  ૨) દરેક પ્રદાર્થોની પ્રતિ સત્ભાવ.
  ૩) દરેક પરિસ્થિતિમાં સમભાવ.
  **- આચાર્ય શ્રી રાજહંસસૂરીશ્વરજી (કલિકુંડ)**
- ભગવાનથી વધુ અગર નિષ્ઠા જો હોય તો, ક્યારેક થાય ભક્તના પૂજનની શક્યતા. **- અશોક જાની 'આનંદ'**
- ''કોઈપણ ધંધામાં મજૂરી પ્રત્યેનો પ્રેમ એ જ ધંધાની સાચી કસોટી છે.'' **- અમેરિકન બ્રિટિશ નિબંધકાર, વિવેચક લોગન પિયર્સલ સ્મિથ**
- જગતનું ધણીપણું તો જેમની પાસે હુન્નર, ઉદ્યોગ અને વિદ્યાશાસ્ત્ર રહેશે તેમની પાસે જ રહેશે. આવા જ્ઞાનવીરો અને ઉદ્યોગવીરો જ પોતાની સત્તા વડે દુનિયાને વશમાં રાખી શકે છે. **- 'ઉદ્ગાર'**
- તમારે ત્યાં કામ કરતા પગારદારી કર્મચારીઓ એ વાતથી વાકેફ હોવા જોઈએ કે તમારી સદ્ભાવના, તમારી સારી વર્તણુકને તમારી મીંઠી મધુર વાણીથી ગ્રાહક ખુશ થતા થતા બહાર નીકળવો જોઈએ. કેમકે એ ખુશ થયેલો ગ્રાહક જ તમારી કંપનીનું 'વગર પગારે' માર્કેટીંગ કરવાનો હોય છે. **- ''સમજણનું સુખ''**


**સંકલન : ઋષભ શાહ**
email: russhabhshahgs@gmail.com

## કાકુરો

3162 ૯ ડિસેમ્બર,૨૦૨૪



**નિયમો :** 7 x 7=49 ખાનાની આ સરવાળાની રમત છે. રાખોડી અથવા સફેદ રંગની ઉપરના ભાગમાં લખેલ અંક આડી હરોળ ગણાશે જ્યારે નીચેના ભાગમાં લખેલ અંક ઉભી હરોળ ગણાશે. રમતમાં માત્ર ૧ થી ૯ સુધીના અંકો જ ઉપયોગ કરવાનો છે. આડી કે ઉભી હરોળમાં કોઈપણ અંક પુનરાવર્તિત થવો જોઈએ નહિં. રમત પુરી કરવા માટે આપ એ માત્ર સફેદ ખાનામાં અંક મુકવાના રહેશે.
-ભાવના શુક્લ




## ગુજરાત સમાચાર સુડોકુ


ક્રમ નં. ૫૬૧૭
૯ ડિસેમ્બર, ૨૦૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૭ | | ૯ | | ૧ | | |
| ૨ | | | ૫ | | ૭ | | | ૩ |
| | | ૮ | | | | ૬ | | |
| | ૨ | | ૪ | | ૯ | | ૬ | |
| ૭ | ૯ | | ૬ | | ૨ | | ૩ | ૪ |
| | ૫ | | ૮ | | ૩ | | ૯ | |
| | | ૨ | | | | ૯ | | |
| ૯ | | | ૧ | | ૬ | | | ૭ |
| | | ૬ | | ૩ | | ૫ | | |

**સુડોકુના નિયમો**
(૧) ૧ થી ૯ સુધીના જ અંકનો ઉપયોગ કરવો.
(૨) દરેક ખાનામાં એકજ અંકનો ઉપયોગ કરવો.
(૩) આડી અને ઊભી હરોળમાં અંકનો ઉપયોગ માત્ર એકજ વાર કરવો.
(૪) ૩X૩=૯ ખાનામાં ૧ થી ૯ અંકનો ઉપયોગ કરવો અને દરેક અંકનો માત્ર એક જ વાર ઉપયોગ કરવો.
(કર્તા : યોગેશ શુક્લ)



## એરાઉન્ડ ધ વર્ડ્સ



**આડી ચાવી**
૧. ઈંદ્રનો સારથિ (૩)
૩. મહિલા ઉદ્યોગ ગૃહ લિજ્જત ---(૩)
૪. લાલ, ---, પાલ (૨)
૫. લેણાંની વસૂલાત (૪)
૮. એક મગની ---ફાડ (૧)
૯. ---નંદાજીના લાલ! રાસ રમતાં મારી નથણી ખોવાણી (૩)
૧૦. જહાં---ભી ન હો, આંસુ ભી ન હો (૨)
૧૧. ગુજરાન માટે કરવાનો ધંધો (૪)
૧૨. હજી કાંચી ઊંમર છે (૪)
૧૪. નોખી---નો નાખો માવની (૨)
૧૫. સોના, ચાંદીની પાટ (૩)
૧૬. ચોથા ભાગનું (૧)
૧૮. બંદૂકની ગોળી છૂટતાં થતો અવાજ (૪)
૧૯. ઉપર ઘુમ્મટ જવાં છત્રવાળું એક વાહન (૨)
૨૦. મેરે દેશ કી---સોના ઉગલે હીરે મોતી (૩)
૨૧. સેવ,----વગર ભેળ ન બને (૩)

**ઊભી ચાવી**
૧. ભૂલો ભલે બીજું બધું---ને ભૂલશો નહીં (૩)
૨. ---સાંકળી, એક ચિક્કી (૨)
૩. પેટનું ---ન હલવું (૨)
૫. આજ રોકડા કાલે---(૩)
૬. ફરાળમાં વપરાતો લોટ (૪)
૭. બનાવટી, નકલી (૩)
૯. માફી માગવા માટે જમીન ઉપર નાક ઘસવું તે (૪)
૧૦. કૂવા પર દોરડું ખેંચવા મુકાય (૪)
૧૩. યજ્ઞ કરનાર (૪)
૧૪. ---ક્યાંય નથી મધુવનમાં (૩)
૧૫. ઐસી લાગી ---મીરા હો ગઈ મગન (૩)
૧૭. કૈકયીના કાન ભંભેરનાર દાસી (૩)
૧૮. મૃત પતિની સાથે ચિતામાં બળનારી સ્ત્રી (૨)
૧૯. એક વિદેશી દારૂ (૨)

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ સાબરકાંઠા રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા વડાલીનાં ગામ મોજે મહોરની સીમનાં સર્વે નંબર-૧૧૨૩ (જુના સર્વે નંબર- ૧૯૦)નાં ખાતા નંબર-૬૯૦ નાં ક્ષેત્રફળ-૬૦૦૨ સમચોરસમીટર જુની શરતની ખેતીની જમીન, (૧) રાવલ રવિપ્રસાદ મુલેશભાઈ, (૨) રાવલ મણીબેન મુલેશભાઈ, નંબર- ૧ તથા ૨ નાં રહેવાસી : રાવલવાસ, મહોર, સાબરકાંઠાનાં, (૩) ઠાકરડા શારદાબેન વીરાજી, રહેવાસી : હઠોજ, સાબરકાંઠાનાં, (૪) ઠાકરડા જશીબેન વીરાજી, ઠાકરડા વાસ, નવી મહોર, મહોર, સાબરકાંઠાનાં, (૫) ઠાકરડા સેધાજી વીરાજી તથા (૬) ઠાકરડા ઈશ્વરજી વીરાજી, નંબર- ૫ તથા ૬ નાં રહેવાસી : પ્રજાપતી ફળી, ડભોડા, વડાલી, સાબરકાંઠાનાંએ તેઓની સંયુક્ત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસે ઉપરોક્ત જમીનનાં ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષાણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર કે ફાઈનાન્સર તરીકે કે બાનાખતના કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજૂતી કરાર, હુકમનામું અન્ય કોઈ લખાણ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કે કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે બીજી કોઈપણ રીતે ઉપરોકત જમીન પર હક્ક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવાની સર્ટીફાઈડ નકલ સાથે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)ની અંદર નીચેના સરનામે રજી. એ.ડી.થી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની આથી નોંધ લેવી.
તારીખ : ૦૯/૧૨/૨૦૨૪, ફાઈલ નંબર- ૨૩૭૫૨/૧

B R PATEL & Co.
Advocates, Solicitors & Corporate Attorney's
15, Dolly Apartment, Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : 26466400, 26466401

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ સાબરકાંઠા રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા વડાલીનાં ગામ મોજે મહોરની સીમનાં સર્વે નંબર-૯૮૩ નાં (એ) સર્વે નંબર- ૧૨૫૧ (જુના સર્વે નંબર-૧૯૨)નાં ક્ષેત્રફળ- ૯૮૫૪ સમચોરસમીટર તથા (બી) સર્વે નંબર- ૧૨૬૨ (જુના સર્વે નંબર- ૧૭૭)નાં ક્ષેત્રફળ- ૩૩૭૯ સમચોરસમીટર જુની શરતની ખેતીની જમીન, (૧) ઠાકરડા શારદાબેન વીરાજી, રહેવાસી : હઠોજ, સાબરકાંઠાનાં, (૨) ઠાકરડા જશીબેન વીરાજી, ઠાકરડા વાસ, નવી મહોર, મહોર, સાબરકાંઠાનાં, (૩) ઠાકરડા સેધાજી વીરાજી તથા (૪) ઠાકરડા ઈશ્વરજી વીરાજી, નંબર- ૩ તથા ૪ નાં રહેવાસી : પ્રજાપતી ફળી, ડભોડા, વડાલી, સાબરકાંઠાનાંએ તેઓની સંયુક્ત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસે ઉપરોક્ત જમીનનાં ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષાણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર કે ફાઈનાન્સર તરીકે કે બાનાખતના કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજૂતી કરાર, હુકમનામું અન્ય કોઈ લખાણ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કે કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે બીજી કોઈપણ રીતે ઉપરોકત જમીન પર હક્ક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવાની સર્ટીફાઈડ નકલ સાથે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)ની અંદર નીચેના સરનામે રજી. એ.ડી.થી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની આથી નોંધ લેવી.
તારીખ : ૦૯/૧૨/૨૦૨૪, ફાઈલ નંબર- ૨૩૭૫૨/૨+૫

B R PATEL & Co.
Advocates, Solicitors & Corporate Attorney's
15, Dolly Apartment, Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : 26466400, 26466401

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ સાબરકાંઠા રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા વડાલીનાં ગામ મોજે મહોરની સીમનાં ખાતા નંબર-૯૮૯ નાં (એ) સર્વે નંબર- ૧૧૨૧ (જુના સર્વે નંબર-૧૮૮)નાં ક્ષેત્રફળ- ૪૯૭૬ સમચોરસમીટર, (બી) સર્વે નંબર- ૧૨૫૩ (જુના સર્વે નંબર-૧૮૭)નાં ક્ષેત્રફળ- ૪૨૪૯ સમચોરસમીટર તથા (સી) સર્વે નંબર- ૧૨૫૮ (જુના સર્વે નંબર-૧૮૯/પૈકી ૧)નાં ક્ષેત્રફળ-૨૯૮૨ સમચોરસમીટર જુની શરતની ખેતીની જમીન, (૧) રાવલ રવિપ્રસાદ મુલેશભાઈ તથા (૨) રાવલ મણીબેન મુલેશભાઈ, બન્ને રહેવાસી : રાવલવાસ, મહોર, સાબરકાંઠાનાંએ તેઓની સંયુક્ત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસે ઉપરોક્ત જમીનનાં ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર કે ફાઈનાન્સર તરીકે કે બાનાખતના કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજૂતી કરાર, હુકમનામું કે અન્ય કોઈ લખાણ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કે કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે બીજી કોઈપણ રીતે ઉપરોકત જમીન પર હક્ક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવાની સર્ટીફાઈડ નકલ સાથે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)ની અંદર નીચેના સરનામે રજી. એ.ડી.થી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની આથી નોંધ લેવી.
તારીખ : ૦૯/૧૨/૨૦૨૪, ફાઈલ નંબર- ૨૩૭૫૨+૩

B R PATEL & Co.
Advocates, Solicitors & Corporate Attorney's
15, Dolly Apartment, Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : 26466400, 26466401

## અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે

# કેન્સરના દર્દીઓને દર વર્ષે ૩.૫૦ લાખથી વધુ મોર્ફિનની ગોળી પૂરી પડાય છે

અમદાવાદ, રવિવાર

કોઈપણ સાધનનો કેટલા પ્રમાણમાં અને કયા હેતુથી ઉપયોગ કરવામાં આવે છે તે ખૂબ જ મહત્ત્વની બાબત છે. ન્યૂક્લિયરથી વિદ્યુતશક્તિનું ઉત્પાદન થાય છે અને તેનાથી વિનાશકારી બોમ્બ પણ બને છે. આ જ રીતે મોર્ફિન બરબાદી તરફ ધકેલતું ડ્રગ્સ પણ છે અને તેનો ઉપયોગ કેન્સરના છેલ્લા સ્ટેજમાં અસહ્ય પીડાનો સામનો કરી રહેલા દર્દીને થોડો સમય રાહત મળે તેના માટે 'પેઈનકિલર' તરીકે પણ થાય છે.

દેશની અનેક કેન્સર હોસ્પિટલોમાં કેન્સર-એઈડ્સના દર્દી માટે પીડા જ્યારે અસહ્ય બની જાય ત્યારે તેને મોર્ફિનની ગોળી આપવામાં આવે છે. મોર્ફિનની ગોળીને લાંબા સમયથી ચાલતા રોગમાં થતાં અસહ્ય દુ:ખાવામાં જ્યારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન સ્ટેપ લેડરના શરૂઆતના તબક્કાની દવાઓ કામ કરે નહીં ત્યારે આપવામાં આવે છે. જેમાં મુખ્યત્વે કેન્સરના રોગમાં તેની જરૂર પડે છે. આ ઉપરાંત કેન્સર, ફેફસાં કે હૃદયની બીમારીને લીધે દર્દીને શ્વાસ લેવામાં સમસ્યા નડતી હોય ત્યારે તેમાં રાહત મળે એ માટે મોર્ફિનની ગોળી હળવા ડોઝમાં આપવામાં આવે છે.

અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલના પરિસરમાં આવેલી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં પણ છેલ્લા કેટલાક વર્ષથી મોર્ફિન ટેબલેટ ઘણા વર્ષથી મળતી હતી. પરંતુ છેલ્લા ૧૦ વર્ષથી દર્દીઓને મોર્ફિનની દવા સતત મળતી રહે તેની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. સિવિલની કેન્સર હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષથી દર વર્ષે અંદાજે ૩.૫૦ લાખથી વધુ ગોળીઓ દર્દીને આપવામાં આવેલી છે. જેમાં ૨૦૨૧માં ૪.૧૧ લાખ અને ૨૦૨૨માં ૩.૬૩ લાખ દવાનો સમાવેશ થાય છે.

ટેબલેટ મોર્ફિનને ૧૦ મિલીગ્રામ, ૩૦ મિલીગ્રામ એમ જુદી-જુદી માત્રામાં આપવામાં આવે છે. જેની કિંમત રૂપિયા ૧.૫૦ થી રૂપિયા ૪.૫૦ છે. આ અંગે જીસીઆરઆઈના ડિરેક્ટર ડો. શશાંક પંડ્યાએ જણાવ્યું કે, 'નાર્કોટિક દવાઓના વપરાશ તથા સ્ટોરેજ માટે ઈન્સ્ટિટ્યુટે રિકોગ્નાઈઝ્ડ મેડિકલ ઈન્સ્ટિટ્યુટેશન (આરએમઆઈ)નું સ્ટેટસ લેવું જરૂરી છે.આરએમઆઈ સ્ટેટસ માટે દરેક હોસ્પિટલમાં એક રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિસનરની જરૂર પડે છે. એનડીપીએસ એક્ટ અનુસાર મેડિકલ યુઝ ઓફ એસેન્સિયલ નાર્કોટિક ડ્રગ અથવા પેલિયેટિવ કેરની તાલીમ પામેલા ડોક્ટર જ રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિસનર બની શકે છે.'

### અત્યારસુધી ૧૫૨ ડોક્ટરોને મોર્ફિનની દવા માટે ટ્રેનિંગ અપાઈ

મેડિકલ યુઝ ઓફ એસેન્સિયલ નાર્કોટિક ડ્રગ્સની ટ્રેનિંગ માટે સિવિલની કેન્સર હોસ્પિટલ નોડલ ઈન્સ્ટિટ્યુટ છે. સિવિલની કેન્સર હોસ્પિટલનાં આસિસ્ટન્ટ ડિરેક્ટર ડો. પ્રીતિ સંઘવીએ જણાવ્યું કે, 'અત્યારસુધી વિવિધ હોસ્પિટલોમાંથી ૧૫૨ ડોક્ટરોને ટ્રેનિંગ આપવામાં આવી છે. નિયમ પ્રમાણે તમામ સરકારી હોસ્પિટલ આરએમઆઈ છે. ફક્ત તેમણે આરએમઆઈ સ્ટેટસ માટે કમિશનર એફડીસીએ તરફથી લાઈસન્સ લેવાનું હોય છે. આ લાઈસન્સ દર ૩ વર્ષે રિન્યુ કરાવવાનું રહે છે.'

### કેન્સર ઉપરાંત હૃદય, ફેફસાંના દર્દીને શ્વાસ લેવામાં તકલીફ પડે ત્યારે તેમાં રાહત માટે મોર્ફિનની ગોળીના હળવા ડોઝ

## BZ ફાઈનાન્સ કૌભાંડ તપાસનો મામલો

# ભૂપેન્દ્રસિંહે રોકાણકારોને રાજકીય ઈમેજથી ફસાવીને કરોડો રૂપિયા ખંખેર્યા

અમદાવાદ,રવિવાર

બીઝેડ ફાઈનાન્સના નામે થયેલી કરોડો રૂપિયાની છેતરપિંડી કરવાના મામલે તપાસ કરી રહેલી સીઆઈડી ક્રાઈમને ટીમને અનેક મહત્વના પુરાવા મળ્યા છે. જેમાં માસ્ટર માઈન્ડ ભુપેન્દ્રસિંહ ઝાલાએ રાજકીય પોતાની રાજકીય ઈમેજને મજબુત કરીને રોકાણકારોમાં વાતો ફેલાવી હતી કે તેની કંપનીમાં રાજકીય વ્યક્તિઓ દ્વારા કરોડો રૂપિયાનું રોકાણ કરવામાં આવી રહ્યું છે. જેથી રાજકીય વ્યક્તિ સાથે સંકળાયેલા સામાન્ય લોકોએ તેમની બચતના નાણાં બીઝેડ ફાઈનાન્સમાં રોકી દીધા હતા.

### રાજકીય વ્યક્તિઓ દ્વારા સૌથી વધારે રોકાણ થતું હોવાનું કહીને લોકો પાસેથી રૂપિયા લેવાયા હતા

ઉત્તર અને મધ્ય ગુજરાતમાં બીઝેડ ફાઈનાન્સ નામની કંપની ખોલીને માસ્ટર માઈન્ડ ભુપેન્દ્રસિંહ ઝાલાએ તેની કંનપીમાં રોકાણ પર ત્રણ વર્ષમાં બમણા અને પ્રતિમાસ ૩ ટકા સુધીનુ વ્યાજ આપવાની લાલચ આપીને છ હજાર કરોડ રૂપિયાનું સૌથી મોટુ કૌભાંડ આચરીને અનેક લોકોની બચતના નાણાં પડાવી લીધા હતા. આ કેસની તપાસમાં સીઆઈડી ક્રાઈમને એક પછી એક ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. ત્યારે પોલીસે ભુપેન્દ્રસિંહ ઝાલાની મોડ્સ ઓપરેન્ડીની તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે તણે ગ્રો-મોર એજ્યુકેશનની ડીલ કરી ત્યારે ભારતીય જનતા પાર્ટીના મોટાનેતાઓને બોલાવ્યા હતા અને તેના ભવિષ્યના મેગા પ્રોજેક્ટની મોટી મોટી વાતો કરીને લોકોમાં વિશ્વાસ જીત્યો હતો.

આ ઉપરાંત, તે સી આર પાટીલ, ગજેન્દ્રસિહ પરમાર, રમણલાલ વોરા, અલ્પેશ ઠાકોર તેમજ અન્ય લોકો સાથે ફોટો બતાવીને તેમણે પણ બીઝેડ ફાઈનાન્સમાં રોકાણ કર્યું હોવાનું કહીને રોકાણકારોને ફસાવતો હતો. તેની આ જાળમા સૌથી વધારે સ્થાનિક રાજકીય વ્યક્તિઓ અને ભાજપના કાર્યકરો ફસાયા હોવાનું પણ જાણવા મળ્યું છે. જેના કારણે બદનામીના ડરથી અનેક લોકો ફરિયાદ કરવા માટે સામે આવવાનું ટાળી રહ્યા છે.



દેશમાં સૌથી પહેલું ડાયમંડ બુર્સ સુરતમાં બનાવવામાં આવ્યું પણ તેને કોઈ વ્યાપક પ્રતિસાદ મળ્યો નહી. અમદાવાદ શહેરનું વર્ષો જુનું બાપુનગર વિસ્તારમાં આવેલ હીરાબજાર છે. જ્યાં દરરોજ કરોડોના વ્યવહાર થતો હતો અને સવારથી બજારમાં લોકોની ચહલપહલ જોવા મળતી હતી. છેલ્લા કેટલાય મહિનાઓથી હીરબજારમાં મંદીનો માહોલને લીધે હવે બાપુનગરનું આ હીરબજાર સૂમસામ બની ગયું છે. તેની સાથે આગળના ભાગમાં તમામ ઓફિસો આંગડીયા પેઢીઓ આવેલી છે તેની પર પણ મંદીની અસર જોવા મળે છે અને આખાય દિવસ દરમ્યાન મંદીની અસરથી લોકોની અવરજવર પણ ઓછી જોવા મળે છે. (તસ્વીર : શૈલેષ સોલંકી)

## દિવાળી બાદ સંકટના વાદળો, ૧૨ કલાક ધમધમતાં કારખાના હવે ૬ કલાક જ ચાલે

# મંદીના મારથી અમરેલી જિલ્લામાં હીરાનાં ૫૦૦ કારખાનાંને તાળાં

અમરેલી,તા. ૮

હીરાઉદ્યોગ માટે હબ ગણાતો અમરેલી જિલ્લો અને ભાવનગર જિલ્લો છેલ્લા દોઢ વર્ષથી મંદીના સકંજામાં સપડાઈ ગયો છે . એમાં યે ગત દિવાળીના તહેવારો બાદ અનેક કારખાનાઓ ટપોટપ બંધ થવા લાગ્યા છે. લાઠી,અમરેલી,બાબરા,બગસરા,સાવરકુંડલા સહિતના તાલુકા મથકો પર આવેલ હીરાના ૫૦૦ જેટલા કારખાનાઆએ અગાઉ કામના કલાકો ઘટાડી નાંખ્યા બાદ કારખાનાઓને તાળા લાગી ગયા છે. હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલ હજારો કારીગરા બેરોજગારીના સકંજામાં ફસાઈ ગયા છે.આ વખતની મંદી ૫૦ વર્ષ બાદની સૌથી મોટી મંદી ગણાવવામાં આવી રહી છે.

### જિલ્લાના ૪૭૦૦૦ કારીગરો સામે રોજગારીનો સવાલ ઊભો થયો, કેટલાય યુવાનો ફરી ખેતીના માર્ગે વળી ગયા

અમરેલી જિલ્લામાં દિવાળીમાં વેકેશન પડ્યા બાદથી હીરાના કારખાનાઓમાં કામ કરતા કારખાનેદારો મંદીના મારને કારણે જીવન નિર્વાહ કરવા માટે જજુમી રહ્યા છે.છેલ્લા દોઢ વર્ષથી મંદી જોવા મળી રહી છે પરંતુ દિવાળી બાદ કેટલાક મોટા કારખાનેદારોએ ધંધો બંધ કરી દેતા રત્નકલાકારોમુશ્કેલના સકંજામાં ફસાઈ ગયા છે.

અમરેલી જિલ્લાના અમરેલી, લાઠી, બાબરા, સાવરકુંડલા, ધારી, લીલીયા, બગસરા સહિતના શહેરોમાં મોટા પ્રમાણમાં હીરાના કારખાનાઓ છે. અહીના લોકો ખેતી બાદ સૌથી વધુ લોકો હીરા ઉદ્યોગ પર નભે છે. હાલ ૯૬૦ જેટલા કારખાનો અમરેલી જિલ્લામાં કાર્યકરત હતા અને ૪૭૦૦૦ કારીગરો હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલ છે પરંતુ હાલ હીરાના કારખાનાઓમાં મંદીના કારણે રત્ન કલાકારો મંદીનો માર સહન કરી રહ્યા છે. જિલ્લામાં હાલ ૫૦ ટકા કારખાનાઓ બંધ થઈ ચુક્યા છે .

હીરા ઉદ્યોગમાં વૈશ્વિક મંદીના કારણે વર્ષોથી ધમધમી રહેલ મોટી પેઢીઓ પણ બંધ કરવાનો વારો આવ્યો છે.તો કેટલાક હીરાના કારખાનાઓ ૧૨-૧૨ કલાકો સુધી ચાલતા હતા તે માત્ર કેટલીક જગ્યાઓ પર હવે ૬ જ કલાક ચાલી રહ્યા છે.તો કેટલીક જગ્યાઓ પર કારીગરોને પહેલાની સરખામણીમાં ઓછા હીરાઓ આપવામાં આવી રહ્યા છે જેથી જે રત્નકલાકારો ૨૫-૩૦ હજારનું કામ કરી રહ્યા હતા તે ઘટીને ૮-૧૨ હાજર જ થઈ રહ્યું છે જેથી રત્નકલાકરોને ઘર ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. હાલ લાઠી શહેરમાં ભાવનગરની હીરાની મોટી પેઢી કે જ્યાં હજારો કારીગીરો કામ કરતા હતા તે કારખાનું બંધ થવાને કારણે કારીગરો બેરોજગાર બન્યા છે.શહેરમાં હીરા ઉદ્યોગોમાં મંદી જોવા મળી રહી છે.આમ તો છેલ્લા દોઢ વર્ષથી હીરા ઉદ્યોગમાં મંદીનો માર જોવા મળી રહ્યો છે. અમરેલી જિલ્લા હીરા ઉદ્યોગ એસોશિએશનના પ્રમુખ લલિત ઠુમ્મરે જણાવ્યું હતું કે,હીરા ઉદ્યોગમાં ૫૦ વર્ષમાં ન હોય તેવી મંદી ચાલી રહી છે. છેલ્લા દોઢ વર્ષથી મંદી ચાલી રહી છે હાલ રત્નકલાકારોની રોજી રોટી છીનવાઈ રહી છે.

## રાણીપમાં રહેતા દંપતીએ આબાદ છેતર્યા

# ક્રેડિટ કાર્ડના નાણાંમાં વળતરની લાલચ આપીને રૂ. ૩.૫૦ કરોડની છેતરપિંડી

અમદાવાદ,રવિવાર

ક્રેડિટ કાર્ડ ધારકો સાથે વિશ્વાસ કેળવીને તેમના ક્રેડિટ કાર્ડ પરથી નાણાં મેળવીને તેના પર વળતર આપવાની લાલચ આપીને રાણીપમાં રહેતા એક દંપતિએ ૧૩ વ્યક્તિઓ સાથે રૂપિયા ૩.૫૦ કરોડની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ આથિક ગુના નિવારણ શાખામાં નોંધવામાં આવી છે. પોલીસ પણ આરોપીઓની મોડ્સ ઓપરેન્ડી જાણીને ચોંકી ઉઠી હતી.

### ધંધાકીય જરૂરિયાતની નાણાં મેળવવા લોકો પાસેથી ક્રેડિટ કાર્ડ મેળવીને સમગ્ર કૌભાંડ આચરવામાં આવ્યું

શહેરના વેજલપુર શ્રીનંદનગર વિભાગ-માં રહેતા જશવંતસિંહ ચૌહાણે નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તેમણે વર્ષ ૨૦૧૫માં સૌરીન પટેલ (રહે. સનરીયલ હોમ્સ, જીએસટી ક્રોસીંગ પાસે, રાણીપ) પાસેથી ક્રેડીટ કાર્ડ લીધું હતું. ત્યારબાદ સૌરીને જશંવતસિંહ સાથે મિત્રતા રાખીને તેના મિત્રોને પણ ક્રેડિટ કાર્ડ આપ્યા હતા.

ગત જુલાઈ ૨૦૨૧માં સૌરીને જશંવતસિંહનો સંપર્ક કરીને કહ્યું હતું કે તે ક્રેડિટ કાર્ડ સ્વાઈપીંગનો બિઝનેસ શરૂ કરવા માંગે છે. જેથી તેમને ફંડની જરૂરિયાત છે. આ માટે તેણે જશંવતસિંહ પાસે રેહેલા ક્રેડિટ કાર્ડથી નાણાં લઈને બેંક કરતા વધારે ફાયદો આપવાની વાત કરી હતી. જેથી જશવંતસિહે તેના ચારેય ક્રેડિટ કાર્ડ આપી દીધા હતા. આ ઉપરાંત, અન્ય ૧૦ ક્રેડિટ કાર્ડ પણ ઈસ્યુ કરાવીને કુલ ૩૦ લાખ રૂપિયા અને બાકીની પર્સનલ લોન મળીને કુલ ૬૦ લાખ રૂપિયા લીધા હતા. જે પૈકી ૧૨ લાખ જ પરત કર્યા હતા. જો કે એપ્રિલ ૨૦૨૪માં સૌરીન અને તેની પત્ની અક્ષીતા ઓફિસ બંધ કરીને ફરાર થઈ ગયા હતા. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે બંનેએ અન્ય ૧૩ લોકો સાથે ચોક્કસ મોડ્સ ઓપરેન્ડીથી સાડા ત્રણ કરોડની માતબર રકમ પડાવી લીધી હતી.

## તમાકુ પર વેરો વધતાં વિદેશી સિગારેટની ધૂમ દાણચોરી

# વિદેશી સિગારેટની ડિમાન્ડ, ગુજરાતમાં ૪ વર્ષમાં ૮૫ કરોડની સિગારેટ જપ્ત

અમદાવાદ, રવિવાર

ગુજરાત સહિત ભારતમાં તમાકુ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. એટલુ જ નહીં, ઉપયોગિતા ઘટે તે હેતુસર તમાકુ પર વેરો પણ વધુ છે. આ કારણોસર વિદેશી સિગારેટની ધૂમ દાણચોરી થઈ રહી છે. ગુજરાતમાં પણ સસ્તી બ્રાન્ડની વિદેશી સિગારેટની ડિમાન્ડ વધી છે. છેલ્લાં ચારેક વર્ષમાં જ ગુજરાતમાંથી અંદાજીત રૂા. ૮૫ કરોડની વિદેશી સિગારેટ પકડાઈ છે.

### રેડીમેડ વસ્ત્રો સહિત અન્ય ચીજવસ્તુઓની આડમાં વિદેશી સિગારેટની દાણચોરી, યુવાઓ સસ્તી વિદેશી સિગારેટના બંધાણી

તમાકુની બનાવટનો ઓછામાં ઓછો ઉપયોગ થાય તે દિશામાં સરકાર પ્રયત્નશીલ છે તેનુ કારણ છેકે, યુવાઓ તમાકુના બંધાણી બન્યાં છે પરિણામે ઉપયોગિતામાં ઘટાડો થાય તે હેતુસર તમાકુ ઉપરાંત તમાકુની બનાવટો પર વધુને વધુ કર લાદવામાં આવી રહ્યો છે. હવે સિગારેટ સહિત તમાકુની બનાવટો મોંઘી થઈ છે ત્યારે સસ્તી વિદેશી સિગારેટની માંગમાં વધારો થાય છે. આ જોતાં વિદેશી સિગારેટની ધૂમ દાણચોરી થઈ રહી છે. આંતરરાષ્ટ્રીય સ્મલગરો મોટા પાયે વિદેશી સિગારેટ ભારતમાં ઠાલવી રહ્યાં છે. સ્મલગરોનું આખુય સુવ્યવસ્થિત નેટવર્ક ગોઠવાયેલું છે.

ભારતમાં વિવિધ બંદરો પર વિદેશી સિગારેટનો જથ્થો ઠલવાઈ રહ્યો છે. જાણવા મળ્યું કે, રેડિમેડ વસ્ત્રો સહિત અન્ય ચીજવસ્તુઓની આડમાં વિદેશ સિગારેટનો ધૂમ વેપલો થઈ રહ્યો છે. જોકે, કસ્ટમ સહિત અન્ય એજન્સીઓની વિદેશી સિગારેટના દાણચોરો પર બાજ નજર છે. કેન્દ્રીય આરોગ્ય વિભાગે જ આ વાતનો ખુલાસો કર્યો કે, વર્ષ ૨૦૨૧-૨૨થી માંડીને વર્ષ ૨૦૨૪-૨૫ના સમયગાળા દરમિયાન ગુજરાતમાંથી ૫.૧૨ કરોડ નંગ વિદેશી સિગારેટ પકડાઈ છે જેની કિંમત રૂા.૮૫ કરોડ થવા જાય છે.

નફાની લાયમાં નાના વેપારીઓ વિદેશી સિગારેટના ખરીદદાર બન્યાં છે કેમકે, યુવાઓને પણ મોંઘી સિગારેટ પોષાય તેમ નથી. આ જોતા અનરજીસ્ટર્ડ બ્રાન્ડની સસ્તી વિદેશી સિગારેટના યુવાઓ બંધાણી બન્યાં છે. યુવાઓ કદાચ એ વાતથી અજાણ હશે કે, વિદેશી સિગારેટમાં કેડિયમમાં પ્રમાણ વધુ હોય છે જે માનવ સ્વાસ્થ્ય માટે જોખમી પુરવાર થઈ શકે છે.

આમ, ધ્રુમપાનનો આનંદ માણતી યુવા પેઢીએ પણ અનરજીસ્ટર્ડ સસ્તી વિદેશી સિગારેટનો ઉપયોગ કરતાં ચેતવાની જરૂર છે.

**ગુજરાતમાં વિદેશી સિગારેટના પડકાયેલાં જથ્થાની વિગતો**

| વર્ષ | સિગારેટ(નંગ) | અંદાજીત કિંમત |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૩,૫૧,૭૨૦ | રૂા.૧.૫૩ કરોડ |
| ૨૦૨૨-૨૩ | ૨,૮૮,૬૮,૮૦૦ | રૂા.૪૮.૪૦ કરોડ |
| ૨૦૨૩-૨૪ | ૧૮,૬૮,૫૦,૦૦ | રૂા.૩૨,૩૭ કરોડ |
| ૨૦૨૪-૨૫ | ૨૩,૧૩,૧૦૩ | રૂા.૩.૨૫ કરોડ |

### લુસડિયા ગામમાં પછાત વર્ગના છાત્રાલયમાં વિદ્યાર્થીનો આપઘાત

મોડાસા,રવિવાર

ભિલોડાના લુસડીયા ગામે આવેલી પછાત વર્ગ કુમાર છાત્રાલયમાં રહેતા અને ધો.૯ માં અભ્યાસ કરતા ૧૪ વર્ષિય વિદ્યાર્થીએછાત્રાલયનાએકરૂમમાંનાયલોન દોરીવડેગળેફાંસોખાઈનેઆપઘાતકર્યોછે. ભિલોડા તાલુકાના જ કાગડા મહુડીના રહીશે પુત્રનો મૃતદેહ શામળાજી ખાતે પોસ્ટ મોર્ટમ રૂમમાં મૂકી શામળાજી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. પોતાના પુત્રએ જાતે આત્મહત્યા કરી છે કે પછી મોત નીપજાવાયું છે. તેવી શંકા સેવી યોગ્ય તપાસની માંગ ઉઠાવી હતી. અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ત્રણ છાત્રોએ હોસ્ટેલમાં ગળે ફાંસો ખાઈ જ્યારે એક છાત્રએ ડેમમાં છલાંગ લગાવી જીવન ટૂંકાવ્યું હોવાના ચોંકાવનાર બનાવો બનવા પામ્યા છે. જિલ્લાના ગોવિંદપુર(મેઘરજ), મોડાસા, ઈન્દ્રાસી ડેમ (ભિલોડા) અને પછાત વર્ગ કુમાર છાત્રાલય (લુસડીયા)નાઆમોતનાબનાવોમાંપોલીસે કોઈ કેસ ઉકેલવામાં સફળતા મેળવી નથી કે નથીમોતનારહસ્યનોપર્દાફાશથયો.

## સુરતમાં ભાજપ મહિલા મોરચાનાં વોર્ડ પ્રમુખ દિપીકા પટેલ આપઘાત કેસ

# ભાજપના બે કોર્પોરેટર, ભગવાધારીઓ સાથે લેતીદેતી મુદ્દે દિપીકા હતાશ રહેતી હતી

(પ્રતિનિધિ દ્વારા) સુરત, રવિવાર


દિપીકા પટેલ આપઘાત કેસમાં ભાજપના કોર્પોરેટર ચિરાગ પટેલ સામે આંગળી ચિંધાઈ રહી હોય પોલીસે છાશ ફૂંકી ફૂંકીને પીવાનો વખત આવ્યો છે. એક સપ્તાહ વિતી ચૂક્યું હોવા છતાં આપઘાતના રહસ્ય ઉપરથી હજી સુધી પડદો ઉંચકાયો નથી. સમય પસાર કરી ઘીના ઠામમાં ઘી ભેળવી દેવા હલચલ થઈ રહી હોય કાંઠા વિસ્તારના રહીશોમાં આક્રોશ છવાયો છે. નદી કિનારે આવેલી જમીનમાં ભાજપના બે કોર્પોરેટરોએ દિપીકાને વિશ્વાસમાં લઈ કરાવેલું કરોડોનું રોકાણ ડબ્બો થઈ જતાં છેલ્લા કેટલાક સમયથી માથાકૂટ ચાલી રહી હતી. કોર્પોરેટરોએ રોકાણના નામે ભગવાધારીઓને આપેલી તગડી રકમ પરત આવી શકે તેમ નહીં હોવાનું જાણી દિપીકા હતાશ રહેતી હોવાનું કાંઠા વિસ્તારમાં ચર્ચાઈ રહ્યું છે.

શહેરના સચીન વોર્ડ નં. ૩૦ના ભાજપના મહિલા મોરચાના પ્રમુખ દિપીકા પટેલે સપ્તાહ અગાઉ ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેણીએ એકાએક ભરેલા આત્યંતિક પગલાં પાછળ કોર્પોરેટર ચિરાગ પટેલના માથે માછલાં ધોવાઈ રહ્યાં છે. ચિરાગ સાથે કોઈને કોઈક કારણોસર અણબનાવ ચાલી રહ્યો હોવાનો સૂર ઉઠ્યો છે. જેને પગલે હતાશ થઈ દિપીકાએ ફાંસો ખાઈ લીધો હતો. દિપીકા અને ચિરાગની મિત્રતા અંગે થઈ રહેલી ચર્ચા વચ્ચે કાંઠા વિસ્તારમાં આ કેસ સંબંધિત વધુ એક ચર્ચા લોકમુખે શરૂ થઈ છે. થોડા મહિનાઓ અગાઉ ભાજપના બે કોર્પોરેટરોએ રાતોરાત કરોડો રૂપિયા કમાઈ લેવા નદી કિનારે આવેલી જમીનમાં રોકાણ કરવાનું નક્કી કર્યું હતું. નદી કિનારે આવેલી જમીન ઉપર મંદિર બનાવવા માટે ભગવાધારીએ જમીન ખરીદવા તૈયારી દર્શાવી હતી.

બીજીતરફ જમીન માલિક પણ તેમની જમીન વેચવા માટે તૈયાર છે. આ જમીનમાં રોકાણ કરવાથી સમયના ટૂંકાગાળામાં જ મોટી રકમનો નફો મળશે એવું જાણી ભાજપના કોર્પોરેટરો પણ લલચાયા હતા. ભગવાધારી સાથે મળી ભાજપના કોર્પોરેટરોએ આ જમીનમાં કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. પ્રારંભિક ધોરણે મોટી આર્થિક લેવડદેવડ બાદ ભગવાધારીએ સોદાની રકમ આપવામાં આડોડાઈ શરૂ કરી હતી.

આ રકમ ફસાઈ જતાં દિપીકાએ કોર્પોરેટરો પાસે ઉઘરાણી શરૂ કરી હતી. બંને કોર્પોરેટરો તેણીને ઉઠા ભણાવી રહ્યાં હોય બંને પક્ષે ભાંજગડ ચાલી રહી હતી. આ માથાકૂટને કારણે દિપીકા હતાશ રહેતી હતી.

### જમીનમાં રાતોરાત કમાઈ લેવા કોર્પોરેટરોએ દિપીકા પાસે કરાવેલું કરોડોનું રોકાણ ફસાતા વિવાદ વિવાદ થયો હતો









PARAM AUTOMOTIVE: AHMEDABAD, SOLA, BAVLA, DHANDHUKA - 9925009528, BOPAL - 9825067942, SANAND, VIRAMGAM - 9925008713, DHOLKA - 9898599655, DHANGADHRA - 9925001856, SURENDRANAGAR - 9825077884, SHITAL MOTORS: AHMEDABAD, SARKHEJ, BAVLA, VIRAMGAM - 9375808050, ASHRAM ROAD - 8748005430, CHANDKHEDA - 9978448050, SURENDRANAGAR - 7572807070, PARAM WHEELS: NARODA - 9825042113, VASTRAL - 9925326262, NAROL - 7069028549, PARAM AUTOMOBILES: GANDHINAGAR, KUDASAN, KALOL, DEHGAM - 7069075810, SHRIJEE MOTOCORP: MEHSANA, VIJAPUR, PATAN, KADI, VISNAGAR - 9825578939, SHIVAM SALES CORPORATION: PALANPUR, DEESA, THARAD, DHANERA, RADHANPUR - 7069075816, BHURAWALA MOTORS: HIMMATNAGAR, MODASA - 7069052949, M. M. VORA AUTOMOBILES: ANAND, NADIAD, BORSAD, KHEDA, THASARA - 7069075806.

## બેસણું



અમારા માતૃશ્રી **હર્ષાબેન રણછોડભાઈ પટેલનું** તા.૦૮-૧૨-૨૦૨૪ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૦૯-૧૨-૨૦૨૪ને સોમવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : વિશ્વકર્મા મંદિર હોલ, ચાંદલોડિયા-ગોતા બ્રીજની પાસે, ચાંદલોડિયા, અમદાવાદ.

લિ. જનક રણછોડભાઈ પટેલ (પુત્ર), હીરેનકુમાર મહેન્દ્રભાઈ પટેલ (જમાઈ), વાસુદેવભાઈ રાવજીભાઈ પટેલ, પર્વ જનકભાઈ પટેલ, હર્ષદભાઈ રાવજીભાઈ પટેલ, સમસ્ત મગનકાકા પરિવાર, કીરીટભાઈ ભાઈલાલભાઈ પટેલ, મનિષભાઈ ભાઈલાલભાઈ પટેલ

નિવાસ સ્થાન : મગનકાકા પાર્ક, ચાંદલોડિયા.
નોંધ : રાત્રી બેઠક બંધ રાખેલ છે.

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

લિ. પટેલ ગીરીશભાઈ પરસોત્તમભાઈ • પટેલ કનુભાઈ પરસોત્તમભાઈ • પટેલ ગૌત્તમભાઈ પરસોત્તમભાઈ (થલતેજગામ)

## બેસણું



સખેદ જણાવવાનું કે મારા પિતાશ્રી **શ્રી જસવંતભાઈ ઇશ્વરભાઇ પટેલનું** તા. ૮-૧૨-૨૦૨૪ના રોજ નિધન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૯-૧૨-૨૦૨૪, સોમવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ કલાકે રાખેલ છે.

સ્થળ : સર્વમંગલ હોલ, ઔડા ગાર્ડન પાસે, વિવેકાનંદ ચોક, મેમનગર, અમદાવાદ.

યોગેશ જસવંતભાઇ પટેલ, પ્રિનેશા યોગેશભાઇ પટેલ
જીતેન્દ્રકુમાર પુરૂષોત્તમદાસ પટેલ, મનીષા જીતેન્દ્રકુમાર પટેલ
અમિતકુમાર માધવલાલ પટેલ, નીપા અમિતકુમાર પટેલ
અભિરાજ, યશ, વર્ષિલ, આશિલ, પ્રિત

ફર્મ : ગુજરાત બુક એજન્સી

## બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અ.નિ. અ.સૌ. મૃદુલાબેન હર્ષદરાય દવે તા. ૦૬-૧૨-૨૦૨૪ શુક્રવાર માગશર સુદ-૫ ના રોજ અક્ષરવાસ થયેલ છે. સદગતનું બેસણું તા. ૦૯-૧૨-૨૦૨૪ ને સોમવારને સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ કલાકે નીચે લખેલ સ્થળે રાખેલ છે.

સ્થળ -શાલિગ્રામ પ્લસ, વિશ્વકર્મા મંદિર સામે, ચાંદલોડિયા, અમદાવાદ.

હર્ષદરાય મનસુખલાલ દવે
યજ્ઞેશકુમાર હર્ષદરાય દવે, કમલેશકુમાર હર્ષદરાય દવે
વૈશાલી યજ્ઞેશકુમાર દવે, બિંદીયા કમલેશકુમાર દવે
કિર્તન યજ્ઞેશકુમાર દવે, ઝીલ કમલેશકુમાર દવે
૯૮૨૫૪૨૪૪૧૨, ૯૪૨૯૧૪૩૫૩૩

દવે પરિવારના જય સ્વામિનારાયણ

## બેસણું

અમારા સ્વજનશ્રી **વિપીનભાઈ સુમતિલાલ શાહનું** દુઃખદ અવસાન તા. ૦૭-૧૨-૨૦૨૪ને શનિવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૦૯-૧૨-૨૦૨૪ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૦.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ: સિંધુભવન હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, બોડકદેવ, અમદાવાદ.

સ્વ. કુમાર સુમતિલાલ, દેવ્યાની વિપીનભાઈ શાહ
ભુપેન્દ્ર સુમતિલાલ, સોનાલી - ઉર્વીશ નવાબ
સ્વ. નયન શાંતિલાલ, કોશાલી - મૌલિન શાહ
રિયા - આયુષ • કરણ - સલોની • રોહન - ધ્રુવી
સુમતિલાલ પોપટલાલ પરિવાર

પિયરપક્ષ નું બેસણું ઉપરના સ્થળે રાખેલ છે.
મણીચંદ્ર મયાભાઈ પરિવાર


## જાહેર નોટિસ

આથી જાહેર જનતા ને જણાવવાનુ કે જત ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૦૩ (મેમનગર) ના ધાટલોડીયા તાલુકાના મોજે ગામ મેમનગર ની સીમના સર્વે નં.:૮૩/૧,૮૩/૨,૮૩/૩,૮૪,૯૯ પૈકી ને ટી.પી. સ્કીમ નંબર ૧ ના ફાઇનલ પ્લોટ નંબર : ૨૫૧,૨૫૨,૨૫૫ પૈકી ની બીનખેતી ની જમીન ઉપર રહેઠાણ અને કોર્મશીયલ ઉપયોગ માટે ની ''શોપર્સ પ્લઝા કો ઓ હા.સો .લી.'' માલીકી ની જમીન આવેલ છે કે જે સોસાયટી સ્કીમ ''ઓક્ષફોર્ડ ટાવર''ના નામથી ઓળખાય છે તેમાં અપર લેવર ઉપર આવેલ શોપ નં.: UL/8 ની ૨૨.૧૧ સમ ચો મી યાને ૨૩૮ ચો.ફુટ નાં બાંધકામવાળી મિલકત તેમજ સદરહું સ્કીમની જમીનમાં વ.વ. હિસ્સા વાળી મિલકત મીતા ઉર્ફે મીનલ જનકભાઈ ત્રિવેદી માલીકી કબ્જા ભોગવટા ની બોજા રહીત આવેલ હોવાનુ જણાવેલ છે અને તે મિલકત તેઓ વેચાણ આપવા માંગતા હોઈ અમો પાસેથી ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર ઉપરોકત જણાવેલ મિલકત પરત્વે કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો કે બોજો કે અન્ય કોઇપણ જાતનો હક્ક, હિસ્સો હોય કે પોષાતો હોય તો તેઓએ આ નોટીસ પ્રસધ્ધિ થયેથી દીન -૭ (સાત) માં તે અંગેના તમામ પ્રકારના દસ્તાવેજી પુરાવાઓની ઝેરોક્ષ પ્રમાણિત નકલ સહીત અમોને નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં ચુક કે કસુર થશે તો મુદત વિત્યા બાદ સદર મિલકત ઉપર કોઇનો કોઇપણ જાતનો હક, હિસ્સો ઇત્યાદી કાંઈપણ પોષાતા નથી અને જો પોષાતો હોય તો તે તમામ પોતાની રાજીખુશીથી જતા યાને વેવ કરેલ છે તેમ સમજી સદર મિલકત અંગેનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. જેની નોંધ લેશો.

તા. ૦૮/૧૨/૨૦૨૪, અમદાવાદ.

**હિતેષકુમાર બી. શાહ,એડવોકેટ**
મોબાઇલ નં.૯૭૨૩૬૭૩૪૩૩
ઠે. પી/૫૦૧, લક્ષ્મીવિલા-૨, હરીદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અ'વાદ.

## જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ કલોલ તાલુકે કલોલના મોજે સાંતેજ ગામની સીમના સીટી સર્વે ઓફીસ કલોલના સીટી સર્વે નં. NA ૫૮૧ ના વોર્ડ-સાંતેજ (બીનખેતી)ની રહેઠાણના હેતુવાળી બીનખેતીની ખુલ્લી જમીન તથા અન્ય બ્લોક નંબરની જમીનમાં રોડ-રસ્તાઓ વિગેરે મુકી ખાનગી સબ-પ્લોટો પાડી સ્કીમ મુકેલ છે જે ''શીલ્પગ્રામ-૩ ઈએકસ'' તરીકે ઓળખાય છે. સદર શીલ્પગ્રામ-૩ ઈએક્સ માં આવેલા જુદાં-જુદાં ખાનગી સબ-પ્લોટો પૈકીના ખાનગી સબ પ્લોટ નં. ૯૧-એલ ની ૪૭૧ ચોરસવાર એટલે કે ૩૯૪ ચોરસમીટર રહેઠાણના હેતુવાળી બીનખેતીની ખુલ્લી જમીન તથા સદર શીલ્પગ્રામ-૩ ની સ્કીમમાં મુકવામાં આવેલ રોડ-રસ્તામાં થઈને જવા આવવાના તથા ચાલ નિકાલ વિગેરેના હક્કો સહીતની મીલકત (૧) કેતન મનુભાઈ શેઠ, (૨) શ્યામલ હિતેષભાઈ ઠાકર તથા (૩) ભાવેશ રમણીકલાલ પાઠક ની કુલ સંયુક્ત માલીકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ હોવાથી અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની માંગણી કરેલ છે. સબબ ઉપરોક્ત મીલકત પરત્વે હરકોઈ શખ્સનો હર કોઈ પ્રકારનો લિયન, ચાર્જ, બોજો, દર દાવો, લાગભાગ, હક્ક હિસ્સો, હિત સંબંધ, વાંધો તકરાર, ભરણપોષણનો યા ખાધા ખોરાકીનો હક્ક, ઈઝમેન્ટ રાઈટ્સ યા અન્ય કોઈ પ્રકારનો હક્ક આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહીત દિન-૭ માં નીચેના સરનામે રજી.એ.ડી. પોસ્ટ દ્વારા જાણ કરવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોક્ત મીલકત પરત્વે હરકોઈ શખ્સના ઉપર જણાવ્યા પ્રમાણેના યા અન્ય કોઈ પ્રકારના હક્કો આવેલ નથી અગર આવેલ છે તો તે મીલકતના માલીકની તરફેણમાં જતા યાને waive કરેલ છે તેમ સમજી ઉપરોક્ત મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૦૭.૧૨.૨૦૨૪
અમદાવાદ

**જોલી શાહ**
**એડવોકેટ**
એએ-૧૦૦૩ સરદાર પટેલ નગર, શાસ્ત્રીનગર બી.આર.ટી.એસ નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
મો.નં.૯૮૨૪૫૪૮૪૫૭

## ગુજરાતમાં અત્ર

(છેલ્લા પાનાનું ચાલુ)

પેન્શન કાપ માટે ૪૪અને ૬૫ સામે અન્ય કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવી છે. એવી જ રીતે જાહેર સાહસોમાં ૯૬ સામે ભારે શિક્ષા, પાંચને નાની શિક્ષા, એક સામે પેન્શન કાપ અને ૪૦ સામે અન્ય કાર્યવાહી કરવાનું જણાવ્યું છે. આમ કુલ ૧૫૪૮ અધિકારી અને કર્મચારી સામે શિસ્તભંગના પગલાં લેવાની ભલામણો સરકારને કરવામાં આવી છે.

સરકારના વિભાગોની કચેરીઓ, બોર્ડ-નિગમ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોય તેવી ૧૨૬૦૮ પૈકી પ્રાથમિક તપાસ માટે ૫૭૮ ફરિયાદો જે તે સરકારી વિભાગોમાં મોકલવામાં આવી છે. ૬૭૮માં જરૂરી કાર્યવાહી કરવાની થાય છે. ૮૩૭૮ એવી ફરિયાદો મળી છે કે જેમાં તપાસ કરીને યોગ્ય કાર્યવાહીની ભલામણ કરવામાં આવી છે. અરજદાર પાસે વધુ વિગતો માગવામાં આવી હોય તેવી અરજીની સંખ્યા ૨૨૫ થવા જાય છે, જ્યારે આયોગે તથ્ય નહીં હોવાથી ૨૭૪૯ ફરિયાદો દફતરે કરી છે.રાજ્ય તકેદારી આયોગ સમક્ષ ફરિયાદો કરવાનું પ્રમાણ વધ્યું છે તે છેલ્લા ત્રણ વર્ષના આંકડાથી સ્પષ્ટ થાય છે. ભ્રષ્ટાચાર અને ગેરરીતિની સૌથી વધુ ૨૯૯૬ ફરિયાદો શહેરી વિકાસ વિભાગને લગતી હતી.

વર્ષ ૨૦૨૧માં પોલીસ દ્વારા ભ્રષ્ટાચારની તપાસના કુલ ૪૩૪ કેસ પેન્ડિંગ હતા અને તેમાં વર્ષ ૨૦૨૨માં ૧૭૬નો ઉમેરો થયો છે. ૧ કેસને અન્ય રાજ્ય કે એજન્સીને ટ્રાન્સફર કરાયો હતો જ્યારે પાંચ કેસ સરકાર દ્વારા પરત ખેંચવામાં આવ્યા હતા. માત્ર ૨૨ કેસમાં અંતિમ અહેવાલ રજૂ કરાયો છે જ્યારે ૩૦૦ કેસમાં ચાર્જશીટ દાખલ થયેલી છે. આમ, વર્ષ ૨૦૨૨ના અંતે ૨૮૨ કેસ પેન્ડિંગ હતા. વર્ષ ૨૦૨૨માં કોર્ટમાં એન્ટિ કરપશ્ન-વિજિલન્સ-લોકાયુક્ત હેઠળના ૧૮૮૦ કેસ પેન્ડિંગ વર્ષ ૨૦૨૧ના અંતે પેન્ડિંગ હતા. આ પૈકી ૩૦૦ કેસને ટ્રાયલ માટે મૂકાયા હતા. વર્ષ ૨૦૨૨ના અંતે કોર્ટમાં ભ્રષ્ટાચારના ૯૫ ટકા કેસ પેન્ડિંગ હતા જ્યારે માત્ર ૩૯ ટકા જ દોષિત પુરવાર થયા હતા તેમ એનસીઆરબીના અહેવાલમાં સામે આવ્યું છે.


### આઠમી વાર્ષિક પુણ્યતિથિએ પરમ પૂજ્ય મોટાભાઈને ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. કલ્યાણભાઈ ફકીરચંદ શાહ**
(સ્વર્ગ વાસ તા. ૯-૧૨-૨૦૧૬)

જીવન એવું જીવી ગયા કે જોનારા જોતા રહે,
કર્મ સદા એવા કર્યા કે હૃદયમાં સૌના ગુંજ્યા કરે
દુઃખથી કદી ડર્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહી
સાદગી જેનો મંત્ર હતો, કરૂણા જેના હૃદયમાં હતી,
એવા આપના દિવ્ય આત્માને
પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે એવી
હૃદયપૂર્વકની અભ્યર્થના

આપની યાદમાં સદાય ઝુરતો આપનો નાનોભાઈ પ્રવીણ તથા સ્વજનો અરવિંદભાઈ, પરાગ, દર્શન, કેતન,

## બેસણું



પ્રિયકાંતભાઈ શાહનાં ધર્મપત્ની **શ્રીમતી હેમલતાબેન** તા.૦૮/૧૨/૨૦૨૪ ને રવિવારના રોજ અરિહંત શરણ પામેલ છે.સદ્‌ગતનું બેસણું તા.૦૯/૧૨/૨૦૨૪ ને સોમવારનાં રોજ સમય સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.

સ્થળઃ લાવણ્ય સાંસ્કૃતિક હોલ,વાસણા, અમદાવાદ

લિ. સ્વ. વિમળાબેન સકરચંદ લાલચંદ શાહ પરિવાર (માંડલવાલા)
કૌશલ પ્રિયકાંતભાઈ શાહ, હીમાની કૌશલ શાહ

પિયરપક્ષનું બેસણું ઉપરોકત સ્થળે અને સમયે રાખેલ છે.
શાહ નેમચંદભાઈ મણીલાલ (મહીજવાલા)

ફર્મઃ પ્રવિણ એન્ડ કં.-9824532211 • મણીભદ્ર ટુલ્સ એન્ડ હાર્ડવેર -9825034137

કોઈએ સફેદ કપડાં પહેરવા નહી.

## बेसना



श्री महादेव प्रसादजी ईश्वरमलजी मामोंडिया (तुंगावाले) कलोल का दुखद अवसान दिनांक **07/12/2024** को हो गया है.

सदगत का बेसना दिनांक **09/12/2024** को श्री स्वामीनारायण मंदिर होल (मोटास्वामीनारायण मंदिर) जोयफुल स्कुल के पास,पंचवटी विस्तार,कलोल मे दोपहर **3.00** से **4.00** रखा है

**शोकाकुल परिवार**
विनोद कुमार,राजेद्र प्रसाद (पुत्र)
अर्पित,पुनीत,शिवम,सुमित,मीत,प्रणव (पौत्र)
लल्लु प्रसाद ,शंभू दयाल (भाई)
श्याम लाल, रमेशचंद्र, सत्यनारायण,
अनील,गिगिराज,सुनील,पुरुषोत्तम,महेश (भतीजा)

**फर्म**
श्री बलराम रोलिंग मिल्स प्राईवेट लिमिटेड - वामज
विनोद स्टील एंपोरियम,कलोल
9426723628
9428818404


## જાહેર ચેતવણી

ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદના તાલુકે સાણંદના મોજે ગામ સાણંદની સીમના સર્વે નં.૧૦૬૨-૨ ની ૪૦૪૭ ચો.મીટર જમીન તથા સર્વે નં.૧૦૬૨/૩+૪ ની ૭૪૮૭ ચો.મીટર જમીન અમારા અસીલો ગુ. ગોવિંદભાઈ આત્મારામ દલવાડી, દિપકભાઈ ગોવિંદભાઈ દલવાડી અને અરવિંદભાઈ ગોવિંદભાઈ દલવાડીનાઓએ સદર જમીનના મુળ માલીક પાસેથી તા.૨૬-૨-૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ અને તા. ૨૩-૩-૨૦૦૭ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૧૦૪થી વેચાણ રાખેલી છે અને સાદર તારીખથી અમારા અસીલો સદર સર્વે નંબરોવાળી જમીનો ખાલી અને પ્રત્યક્ષ કબજો ભોગવટો ધારણ કરતા આવેલા છે. ત્યારબાદ ગોવિંદભાઈ આત્મારામ દલવાડીનું તા.૩૧-૧- ૨૦૨૧ ના રોજ અવસાન થતા તેમના તા.૩-૪-૨૦૧૭ ના રોજના રજીસ્ટર્ડ વીલના આધારે તેમના વગર વહેચાયેલા હકક હિસ્સાની જમીન અરવિંદભાઈ ગોવિંદભાઈ દલવાડીને ૪૫ ટકા હિસ્સો અને દિપકભાઈ ગોવિંદભાઈ દલવાડીને ૫૫ ટકા હિસ્સે આપવા ઠરાવેલુ હોય ગોવિંદભાઈના વિલના આધારે સદર જમીનના રેવન્યુ રેકર્ડના નોંધ નં.૩૪૪૪૫ દાખલ કરવામાં આવેલી અને ત્યારથી સદર જમીનમાં અરવિંદભાઈ ગોવિંદભાઈ દલવાડી અને દિપકભાઈ ગોવિંદભાઈ દલવાડી સંયુક્ત માલીક કબજેદાર બનેલા. અમારા અસીલોનું જણાવવું છે કે, તા. ૨૧-૭-૨૦૨૪ ના રોજના સંદેશ દૈનિકપત્રમાં જ્ઞાનબા તે જેઠાભાઈ પુત્રીના પાવર ઓફ એટર્ની મયુરસિંહ નવલસિંહ સોલકીએ સદર જમીન અંગે જ્ઞાનબાનો વારસાઈ હકક હોવાની અને તેવા હકકના આધારે મયુરસિંહને પાવર ઓફ એટર્ની આપેલ હોવાનું જણાવી સદર જમીન અંગે જાહેર ચેતવણી આપેલી. અમારા અસીલોનું જણાવવું છે કે, અમારા અસીલોએ સદર જમીન વેચાણ રાખી તે સમયે જ્ઞાનબાનું નામ સદર જમીનના રેવન્યુ રેકર્ડમાં ચાલતુ આવેલુ નહતુ અને અમારા અસીલોએ સદર જમીનના મુળ માલીક જેઠીભાઈનું અવસાન થતાં રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ વારસાઈ નોંધ નં.૧૪૧૫૪ ધ્યાને લઈ મુળ માલીકો પાસેથી સને. ૨૦૦૭ની સાલમાં સદર જમીન અંગે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવેલ છે. આમ ઉપરોકત હકીકતો સાદર જમીન અંગે જ્ઞાનબા જેઠીભાઈને કોઈપણ પ્રકારના હકક અને અધિકાર પોસાતા નથી અને અમારા અસીલોએ સદર જમીન મુળ માલીકોને કાયદેસર અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી હોય અમારા અસીલો સદર જમીનોના સંયુક્ત માલીક કબજેદાર છીએ અને તે સંજોગોમાં સદરહુ જમીન અંગે કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા માટે અમારા અસીલો કાયદેસર રીતે હકકદાર છે અને તે સંજોગોમાં જ્ઞાનબા જેઠીભાઈ અને તેમના કહેવાતા પાવર ઓફ એટર્ની હોલ્ડર મયુરસિંહ નવલસિંહ સોલંકીને સદર જમીન અંગે કોઈપણ પ્રકારના કાયદેસરના હકક અને અધિકાર પ્રાપ્ત થતાં નહોય કોઈ પણ વ્યક્તિએ સદર જ્ઞાનબા અને મયુરસિંહ સાથે સદર જમીન અંગે કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા નહી તેમ છતાં જો કોઈ વ્યક્તિ અગર સંસ્થા સદર ઈસમો સાથે સદર જમીનો અંગે કોઈપણ પ્રકારના વ્યવહારો કરશે તો તેવા વ્યવહારોથી તેવી વ્યક્તિ કે સંસ્થાને સદર જમીનો અંગે કોઈપણ પ્રકારના હકક પ્રાપ્ત થશે નહી તેની નોંધ લેવી.

તા.૮/૧૨/૨૦૨૪
અમદાવાદ

**પ્રશાંત વાય મહેતા**
**મીતેશ જે પટેલ**
**એડવોકેટ**
ઠે.૭૦૩, આકૃતિ કોમ્પલેક્ષ, સ્ટેડીયમ પાચ રસ્તા, ઈન્કમટેક્ષ અન્ડરબ્રીજની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ.
મો.૯૮૨૫૩૯૫૩૭૯

### કોમન યુનિ.એકટમાં સ્વાયતત્તાની વાતો પણ

# સરકારની કડકાઈ સામે કેટલીક યુનિ.ઓના કુલપતિઓ નારાજ

અમદાવાદ,રવિવાર

સરકારે રાજ્યની ૧૧ સરકારી યુનિવર્સિટીઓ માટે કોમન યુનિવર્સિટી એક્ટ લાગુ કરીને જ્યાં એક બાજુ સ્વાયતત્તા આપવાની વાતો કરી છે ત્યારે બીજી બાજુ સરકારના જ ઉચ્ચ અધિકારીઓ દ્વારા કડકાઈ અને દબાણ સામે કેટલીક યુનિ.ઓના કુલપતિઓમાં નારાજગી પણ ફેલાઈ છે. તાજેતરમાં એનઈપી મુદ્દે મળેલી કુલપતિઓની મીટિંગમાં સરકારના ઉચ્ચ અધિકારીઓ દ્વારા અયોગ્ય વર્તન કરાયુ હોવાની પણ ફરિયાદો ઉઠી છે.

## મીટિંગમાં ફરજીયાત હાજર રહેવાનો ઉચ્ચ અધિકારીઓ તરફથી કુલપતિઓને કડક આદેશ

રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા નવી શિક્ષણ નીતિના અમલને લઈને તાજેતરમાં ગાંધીનગર ખાતે રાજ્યની સરકારી-ખાનગી સહિતની તમામ યુનિ.ઓના કુલપતિઓની મીટિંગ બોલાવાઈ હતી.જેમાં ફરજીયાત તમામ યુનિ.ઓના કુલપતિઓને ફરજીયાત હાજર રહેવાનો આદેશ કરાયો હતો.મળતી માહિતી મુજબ આ મીટિંગમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા કેટલાક કુલપતિઓને અપમાનિત કરાયા હોવાની ફરિયાદ ઉઠી છે.કુલપતિઓની ફરિયાદ છે કે અગાઉ કોઈ પણ મોટી બેઠક હોય તો સીનિયર કુલપતિને અધ્યક્ષ બનાવાતા હતા અને તેઓનું માન જાળવવામા આવતુ હતુ પરંતુ હવે અધ્યક્ષતામાં સ્ટેજ પર ઉચ્ચ આઈએએસ અધિકારીઓ હોય છે અને કુલપતિઓને સામે બેસાડવામા આવે છે.ઉપરાંત કુલપતિઓને મીટિંગમાં આવવા માટે પણ અધિકારીઓના આસિસ્ટન્ટ દ્વારા ફોન કરવામા આવતા હોય છે. એનઈપી મુદ્દેની મીટિંગમાં તમામ યુનિ.ઓના કુલપિતઓને ડેટાના આધારીત પ્રેઝન્ટેશન રજૂ કરવાનું હતુ .જે દરમિયાન પ્રેઝન્ટેશમાં ભૂલને લઈને પણ યુનિ.ઓને અધિકારીઓ દ્વારા કડક ટકોર કરવામા આવી હતી.કુલપતિઓની ફરિયાદ છે કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા કુલપતિઓને આદેશ કરીને ગાંધીનગર બોલાવી દેવામા આવે છે અને કેબિનેટ કક્ષાના રેન્ક સમકક્ષ ગણાતા કુલપતિઓ સાથે કડકાઈથી કામ લેવાતુ હોય છે તેમજ આદેશો કરાતા હોય છે. મળતી માહિતી મુજબ આ મીટિંગ અગાઉ કુલપતિઓને જણાવાયુ હતુ કે રજિસ્ટ્રાર કે અન્ય કોઈ પ્રતિનિધિને નહીં મોકલવા પરંતુ ફરજીયાત કુલપતિએ જ હાજર રહેવુ અને મીટિંગમાં જે યુનિ.ના કુલપતિ હાજર રહ્યા નથી તે યુનિ.સામે પગલા લેવાની પણ સરકારની વિચારણા છે.

## તાંત્રિકે ૧૩ વર્ષમાં

(છેલ્લા પાનાનું ચાલુ)

પાસે ફેંકી દીધી હતી. રાજકોટના પડધરી નજીક મોટા રામપરા પાસે કાદરભાઈ આરબ , આસીફ કાદરભાઈ અને ફરીદાબેન કાદરની હત્યા કરી હતી. રાજકોટ બી ડીવીઝન પોલીસ સ્ટેશનની હદમાં કાદરભાઈની પુત્રી નગમાની હત્યા કરીને લાશને વાંકાનેરમાં દાટી દીધી હતી.

આ ઉપરાંત, અંજાર પોલીસ સ્ટેશનની હદમાં રાજ બાવાજી નામના વ્યક્તિની તેમજ અસલાલી પોલીસ સ્ટેશનમાં વિવેક ગોહિલ નામના યુવકને પણ મોતને ઘાટ ઉતાર્યો હતો.

જો કે તેણે સૌથી વધુ ચોંકાવનારી કબુલાત કરી હતી કે તેણે તેના દાદી મંગુબેન, માતા સરોજબેન અને કાકાની પણ હત્યા કરી હતી. આમ, તેણે છેલ્લાં ૧૩ વર્ષમાં ૧૨ હત્યા કરી હતી અને તેણે તમામ હત્યાઓમાં સોડિયમ નાઈટ્રેટનો ઉપયોગ કર્યો હતો.

રિમાન્ડ દરમિયાન નવલસિંહે આપેલી કબુલાતને આધારે સરખેજ પોલીસ તમામ તપાસ કરશે અને અગાઉ નોંધાયેલા અકસ્માત મોતના કેસમાં હત્યાનો ગુનો દાખલ કરશે.

બીજી તરફ રવિવારે સવારે ૧૦ વાગે સરખેજ પોલીસ સ્ટેશન ખાતે તેની તબિયત લથડતા તેને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં તેને હાર્ટ એટેક આવતા મોત થયાનું તબીબે જણાવ્યું હતું.

### વઢવાણના મઠમાંથી ડાયરી-કેટલાંક નામોની યાદી મળી

**પોલીસે નવલસિંહને સાથે રાખીને વઢવાણમાં આવેલા તેના મઠમાં તપાસ કરતા તાંત્રિક વિધીને લગતા સાહિત્યની સાથે ડાયરીમળી આવી હતી. જેમાં કેટલાંક લોકોના નામ અને હિસાબો હતો. સાથેસાથે કોન્ટેક નંબર પણ મળી આવ્યા હતા. જે પોલીસ તપાસમાં મહત્વની કડી બનશે.**

### સોશિયલ મિડીયામાં વિડીયો મુકીને ગ્રાહકો મેળવતો હતો

**સુત્રોના જણાવ્યા મુજબ નવલસિંહ ઈસન્ટાગ્રામ, યુ ટ્યુબ અને ફેસબુકમાં તાંત્રિક વિધીના વિડીયો અને વિગતો અપલોડ કરતો હતો. જેના દ્વારા તે ગ્રાહકો મેળવતો હતો. પોલીસને જાણવા મળ્યુ છે કે તેની પાસે દોરા ધાગા કરાવવા માટે ખુબ મોટા પ્રમાણમાં લોકો આવતા હતા. જેથી તે નાણાં પડાવવાનો માટેનો ટારગેટ શોધતો હતો.**

### સોડિયમ નાઈટ્રેટથી માત્ર ૨૦ મિનિટમાં મોત થાય અને કારણ હાર્ટ એટેકનું આવી જાય

**નવલસિંહ વઢવાણમાં તાંત્રિક વિધીના નામે દોરા ધાગા કરતો હતો. જો કે તેની મુલાકાત એક તાંત્રિક સાથે થઈ હતી. તેણે નવલસિંહને નાણાં કમાવવા માટે અને વિધીના નામે સોડિયમ નાઈટ્રેટ પાણી કે કોલ્ડ ડ્રીક્સમાં ઉમેરીને આપવાની તરકીબ બતાવી હતી. જેમાં આ કેમીકલનું સેવન કરનાર માત્ર ૨૦ મિનિટની અંદર મૃત્યુ પામે અને પ્રાથમિક તારણમાં હાર્ટ એટેક કે આત્મહત્યા જ સાબિત થાય. જેથી નવલસિંહે સોડિયમ નાઈટ્રેટનો ઉપયોગ શરૂ કર્યો હતો.**

### અંજારમાં રહેતા રાજ બાવાજીનું મોત કોરાનાથી થયુ કે નવલસિંહે માર્યો તે અંગે તપાસ કરાશે

**પોલીસની પુછપરછમાં નવલસિહે ચોંકાવનારી કબુલાત કરી હતી કે તણે અંજારમાં રહેતા રાજ બાવાજીને પણ ટારગેટ કરીને મોતને ઘાટ ઉતાર્યો હતો. જો કે વર્ષ ૨૦૨૦માં તેનું મોત કોરોનાના કારણે ભૂજની જી કે હોસ્પિટલમાં થયાનો દાવો તેના પરિવારજનોએ કર્યો હતો અને તે નવલસિહના સંપર્કમાં નહોતો તેમ જણાવ્યું છે . જો કે આ મામલે સરખેજ પોલીસે જણાવ્યુ હતું કે નવલસિંહની પ્રાથમિક કબુલાતને આધારે સમગ્ર વિગતો ખુલી છે. જેથી તપાસ કર્યા બાદ કાર્યવાહી થશે.**

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના વટવા તાલુકાના ગામ મોજે વટવાની સીમમાં આવેલ બ્લોક/સર્વે નંબર-૭૭૬, ટી.પી.સ્કીમ નંબર-૮૯, ફા.પ્લોટ નંબર-૧૬ કે જેનો સીટી સર્વેમાં સમાવેશ કરવામાં આવતા સીટી સર્વે નંબર-NA776/p૨/૧ ની આશરે ૮૩૯ ચો.મી. બીનખેતીના ઉપયોગવાળી જમીન (૧) શેખ જાવીદહુસેન અનવરહુસેન (૨) બુખારી મુસ્તાકઅલી લીયાકતઅલીની સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલી છે જે સીટી સર્વે રેકર્ડમાં તેઓના નામે ચાલી આવતી હોવાનુ જણાવી તેમજ તમામ પ્રકારના બોજારહીત હોવાનુ જણાવી અમારા અસીલ અબ્બાસઅલી મોહંમદશરીફ કુરેશીને એક બાનાખતના કરારથી વેચાણ આપવાનુ નકકી કરેલ છે અને તેઓએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત જમીનમાં અન્ય કોઈનો લાગભાગ, હકક, હીસ્સો, ગણોત હકક, બોજો, લીયન ચાર્જ કે અન્ય કોઈ હકક પોષાતા હોય તો તેની જાણ પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭ માં કરવી જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક, હીસ્સો કે હીત નથી અને જો હોય તો (વેવ) યાને જતો કરેલ છે તેમ સમજી સદરહુ જમીનનું અમારા અસીલને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપી દઈશું. ત્યારબાદ કોઈપણ વ્યકિતનો વાંધો કે તકરાર ચાલશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

Date. 09/12/2024.

**કેયુર વી. રાઠોડ, એડવોકેટ**
**વિનય રાઠોડ એસોસીએટસ,**
૪૨૦, શ્યામ બિઝનેશ હબ, મુકેશ ઈન્ડસ્ટ્રીઝની બાજુમાં, ઈસનપુર, અમદાવાદ.
મો.નં.-૯૮૨૪૦૪૨૬૪૪/૯૯૨૫૦૦૦૫૩૮

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૪ (વસ્ત્રાલ) ના વટવા તાલુકાના ગામ મોજે રામોલની સીમના (૧) બ્લોક/સર્વે નંબર-૨૬૧/૧ ની ૧૭૨૦ સ.ચો.મી. જમીન કે જેનો ટી.પી. સ્કીમ નંબર-૧૧૫ (રામોલ) માં સમાવેશ થતા ફા.પ્લોટ નંબર-૧૦૨/૧ ની ૧૦૩૨ ચો.મી.મલ્ટીપર્પઝ બીનખેતીના ઉપયોગવાળી જમીન તથા (૨) બ્લોક/સર્વે નંબર-૨૬૧/૨ ની ૧૮૨૧ સ.ચો.મી. જમીન કે જેનો ટી.પી. સ્કીમ નંબર-૧૧૫ (રામોલ) માં સમાવેશ થતા ફા.પ્લોટ નંબર-૧૦૨/૨ ની ૧૦૯૩ ચો.મી. મળી કુલ ૨૧૨૫ ચો.મી. મલ્ટીપર્પઝ બીનખેતીના ઉપયોગવાળી જમીન (૧) પટેલ અભિષેક ભીખાભાઈ (૩૧ % ના માલીક) (૨) હર્ષદસિંહ બાવુભા ચુડાસમા (૩૦ % ના માલીક) (૩) તેજસ લક્ષ્મણભાઈ (૦૯ % ના માલીક) (૪) VISIONER INFRASTRUCTURE (૩૦ % ના માલીક) ના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર પટેલ અભિષેક ભીખાભાઈ નાઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલી છે જે રેવન્યુ રેકર્ડમાં તેઓના નામે ચાલી આવતી હોવાનુ જણાવી તેમજ તમામ પ્રકારના બોજારહીત હોવાનુ જણાવી તેઓએ અમારી પાસે સદરહું જમીનના ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે બીજી કોઈપણ રીતે હકક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે (પુરાવા સિવાયના વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહી) આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૭ ની અંદર નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક, હીસ્સો કે હીત સંબંધ નથી અને જો હોય તો (વેવ) યાને જતો કરેલ છે તેમ સમજી સદરહું મીલકતનું અમારા અસીલને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપી દઈશું. ત્યારબાદ કોઈપણ વ્યકિતનો વાંધો કે તકરાર ચાલશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

Date. 09/12/2024.

**કેયુર વી. રાઠોડ, એડવોકેટ**
**વિનય રાઠોડ એસોસીએટસ,**
૪૨૦, શ્યામ બિઝનેશ હબ, મુકેશ ઈન્ડસ્ટ્રીઝની બાજુમાં, ઈસનપુર, અમદાવાદ.
મો.નં.-૯૮૨૪૦૪૨૬૪૪/૯૯૨૫૦૦૦૫૩૮






### ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસરની કચેરી
ગુજરાત સર્કલ, અમદાવાદ કેન્ટોન્મેન્ટ
ફોન : 079-22885721, ઈ-મેલ : deoahme-stats@nic.in

**ડિફેન્સ જમીન પરના વૃક્ષોના નિકાલ માટે ઈ-ટેન્ડર નોટીસ**

**E - Auction ID : 2024-MoD-3689**

સામાન્ય જનતાને એ બાબતની જાણ કરવામાં આવે છે કે, ગુજરાતનાં વડોદરામાં એરફોર્સ સ્ટેશન પર સ્થિત સંરક્ષણની જમીન પરનાં કુલ ૨૨ વૃક્ષોનાં કટિંગ/રિમૂવલ માટે ઇ-હરાજી સરકારી ઇ-હરાજી પોર્ટલ પર **૧૯.૧૨.૨૦૨૪** નાં રોજ ઇ-હરાજી યોજાશે. ઈ-ઓક્શન પોર્ટલ (એટલે કે **www.eauction.gov.in**). નીયમો અને શરતો તેમજ અન્ય વિગતો પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે. ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે ઈ-હરાજીના એકાઉન્ટમાં ફી ₹ **2000/- (₹ બે હજાર માત્ર)** બીન રીફંડ પાત્ર ચૂકવ્યા બાદ બીડરો વેબસાઈટમાં દર્શાવેલ જરૂરી દસ્તાવેજો અપલોડ કરી શકશે.

**મુખ્ય તારીખો**

| ક્ર.નં. | પ્રવૃતિ | તારીખ અને સમય |
|---|---|---|
| 1 | ઈ–હરાજી નોટીસ પ્રકાશનની તારીખ | 06.12.2024 1600 કલાક |
| 2 | બીડ સબમીશન શરૂ | 06.12.2024 1600 કલાક |
| 3 | બીડ સબમીશન બંધ | 13.12.2024 1600 કલાક |
| 4 | બીડરની મંજૂરી શરૂ | 17.12.2024 1100 કલાક |
| 5 | બીડરની મંજૂરી બંધ | 17.12.2024 1800 કલાક |
| 6 | હરાજી ચાલુ | 19.12.2024 1200 કલાક |
| 7 | હરાજી બંધ | 19.12.2024 1400 કલાક |

રસ ધરાવતા બિડરો **૧૧.૦૦ કલાકથી ૧૭.૦૦ કલાકની** વચ્ચે ઝાડ જોઈ શકે છે. **૧૧.૧૨.૨૦૨૪ ના રોજ** એર ફોર્સ સ્ટેશન, વડોદરા, ગુજરાતના યુનિટ લોકેશન પર માન્ય આઈડી પ્રુફ (આધાર કાર્ડ/પાન કાર્ડ/ચૂંટણી આઈડી) સાથે. રસ ધરાવતા સહભાગીઓનો સંપર્ક કરો - **શ્રી વિરલ મચ્છર, (મો.)- ૮૪૬૦૭૫૫૨૮૫** સ્થળની મુલાકાત લેવા માટે.

**નં. DEO/GR/TREES/AF/BRD/V**
**તારીખ : 04.12.2024**

**(સુદામ મંચલવાર, IDES)**
**ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસર**
**ગુજરાત સર્કલ, અમદાવાદ-04**

"HAR KAM DESH KE NAM"

### ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસરની કચેરી
ગુજરાત સર્કલ, અમદાવાદ કેન્ટોન્મેન્ટ
ફોન : 079-22885721, ઈ-મેલ : deoahme-stats@nic.in

**ડિફેન્સ જમીન પરના વૃક્ષોના નિકાલ માટે ઈ-ટેન્ડર નોટીસ**

**E - Auction ID : 2024-MoD-3686**

સામાન્ય જનતાને એ બાબતની જાણ કરવામાં આવે છે કે, ગુજરાતનાં વડોદરામાં મિલિટરી સ્ટેશન પર સ્થિત સંરક્ષણની જમીન પરનાં કુલ ૧૫૩ વૃક્ષોનાં કટિંગ/રિમૂવલ માટે ઇ-હરાજી સરકારી ઇ-હરાજી પોર્ટલ પર **૨૪.૧૨.૨૦૨૪** નાં રોજ ઇ-હરાજી યોજાશે. ઈ-ઓક્શન પોર્ટલ (એટલે કે **www.eauction.gov.in**). નીયમો અને શરતો તેમજ અન્ય વિગતો પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે. ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે ઈ-હરાજીના એકાઉન્ટમાં ફી ₹ **2000/- (₹ બે હજાર માત્ર)** બીન રીફંડ પાત્ર ચૂકવ્યા બાદ બીડરો વેબસાઈટમાં દર્શાવેલ જરૂરી દસ્તાવેજો અપલોડ કરી શકશે.

**મુખ્ય તારીખો**

| ક્ર.નં. | પ્રવૃતિ | તારીખ અને સમય |
|---|---|---|
| 1 | ઈ–હરાજી નોટીસ પ્રકાશનની તારીખ | 05.12.2024 1600 કલાક |
| 2 | બીડ સબમીશન શરૂ | 12.12.2024 1600 કલાક |
| 3 | બીડ સબમીશન બંધ | 19.12.2024 1600 કલાક |
| 4 | બીડરની મંજૂરી શરૂ | 20.12.2024 1100 કલાક |
| 5 | બીડરની મંજૂરી બંધ | 20.12.2024 1800 કલાક |
| 6 | હરાજી ચાલુ | 24.12.2024 1200 કલાક |
| 7 | હરાજી બંધ | 24.12.2024 1400 કલાક |

રસ ધરાવતા બિડરો **૧૧.૦૦ કલાકથી ૧૭.૦૦ કલાકની** વચ્ચે ઝાડ જોઈ શકે છે. **૧૬.૧૨.૨૦૨૪ ના રોજ** મિલિટરી સ્ટેશન મિલીટરી સ્ટેશન, વડોદરા, ગુજરાતના યુનિટ લોકેશન પર માન્ય આઈડી પ્રુફ (આધાર કાર્ડ/પાન કાર્ડ/ચૂંટણી આઈડી) સાથે. રસ ધરાવતા સહભાગીઓનો સંપર્ક કરો - **સુબેદાર ભુપેન્દ્ર યાદવ, (મો.)- ૯૫૪૧૨૦૫૮૭૭** સ્થળની મુલાકાત લેવા માટે.

**નં. DEO/GR/TREES/BRD/ARMY/X**
**તારીખ : 04.12.2024**

**(સુદામ મંચલવાર, IDES)**
**ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસર**
**ગુજરાત સર્કલ, અમદાવાદ-04**

"HAR KAM DESH KE NAM"

### ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસરની કચેરી
ગુજરાત સર્કલ, અમદાવાદ કેન્ટોન્મેન્ટ
ફોન : 079-22885721, ઈ-મેલ : deoahme-stats@nic.in

**ડિફેન્સ જમીન પરના વૃક્ષોના નિકાલ માટે ઈ-ટેન્ડર નોટીસ**

**E - Auction ID : 2024-MoD-3687**

સામાન્ય જનતાને એ બાબતની જાણ કરવામાં આવે છે કે, ગુજરાતનાં વડોદરામાં મિલિટરી સ્ટેશન પર સ્થિત સંરક્ષણની જમીન પરનાં કુલ ૨૭ વૃક્ષોનાં કટિંગ/રિમૂવલ માટે ઇ-હરાજી સરકારી ઇ-હરાજી પોર્ટલ પર **૧૮.૧૨.૨૦૨૪** નાં રોજ ઇ-હરાજી યોજાશે. ઈ-ઓક્શન પોર્ટલ (એટલે કે **www.eauction.gov.in**). નીયમો અને શરતો તેમજ અન્ય વિગતો પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે. ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે ઈ-હરાજીના એકાઉન્ટમાં ફી ₹ **2000/- (₹ બે હજાર માત્ર)** બીન રીફંડ પાત્ર ચૂકવ્યા બાદ બીડરો વેબસાઈટમાં દર્શાવેલ જરૂરી દસ્તાવેજો અપલોડ કરી શકશે.

**મુખ્ય તારીખો**

| ક્ર.નં. | પ્રવૃતિ | તારીખ અને સમય |
|---|---|---|
| 1 | ઈ–હરાજી નોટીસ પ્રકાશનની તારીખ | 05.12.2024 1600 કલાક |
| 2 | બીડ સબમીશન શરૂ | 05.12.2024 1600 કલાક |
| 3 | બીડ સબમીશન બંધ | 12.12.2024 1600 કલાક |
| 4 | બીડરની મંજૂરી શરૂ | 16.12.2024 1100 કલાક |
| 5 | બીડરની મંજૂરી બંધ | 16.12.2024 1800 કલાક |
| 6 | હરાજી ચાલુ | 18.12.2024 1200 કલાક |
| 7 | હરાજી બંધ | 18.12.2024 1400 કલાક |

રસ ધરાવતા બિડરો **૧૧.૦૦ કલાકથી ૧૭.૦૦ કલાકની** વચ્ચે ઝાડ જોઈ શકે છે. **૧૦.૧૨.૨૦૨૪ ના રોજ** મિલીટરી સ્ટેશન, વડોદરા, ગુજરાતના યુનિટ લોકેશન પર માન્ય આઈડી પ્રુફ (આધાર કાર્ડ/પાન કાર્ડ/ચૂંટણી આઈડી) સાથે. રસ ધરાવતા સહભાગીઓનો સંપર્ક કરો - **સુબેદાર ભુપેન્દ્ર યાદવ, (મો.)- ૯૫૪૧૨૦૫૮૭૭** સ્થળની મુલાકાત લેવા માટે.

**નં. DEO/GR/TREES/BRD/ARMY/X**
**તારીખ : 04.12.2024**

**(સુદામ મંચલવાર, IDES)**
**ડિફેન્સ એસ્ટેટ્સ ઓફિસર**
**ગુજરાત સર્કલ, અમદાવાદ-04**

"HAR KAM DESH KE NAM"

## પાક.માં ૨૨ આતંકવાદી ઠાર, છ સૈનિકોના મોત

પેશાવર,તા.૮

ઉત્તરપશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનવા પ્રાંતમાં બે દિવસથી ચાલતા ત્રણ જુદા-જુદા ઓપરેશનમાં ૨૨ આતંકવાદીઓના છ સૈનિકોના મોત થયા હતા, એમ લશ્કરની મીડિયા વિંગે જણાવ્યું હતું. ખૈબરપખ્તુનવામાં ઉત્તર વઝિરિસ્તાન અને થોલ જિલ્લામાં ગુપ્તચર બાતમીના આધારે છ અને સાતમી ડિસેમ્બરના રોજ ઓપરેશન હાથ ધરાયું હતું. ટાંક જિલ્લામાં લશ્કરે ગુલ ઈમામ નજીક આંતકવાદીઓને બરોબરના આંતર્યા હતા અને લશ્કરની કાર્યવાહીમાં નવ આતંકવાદી માર્યા ગયા હતા અને છને ઈજા થઈ હતી. જો કે ભારે ગોળીબારમાં છ સૈનિકોના પણ મોત થયા હતા. પ્રાંતના મુખ્યપ્રધાન અલી અમીન ગ્રાન્ડપુરે સુરક્ષા દળના છ મૃતક જવાનોને શ્રદ્ધાજલિ આપી હતી. પાકિસ્તાનમાં તાજેતરમાં અલગતાવાદી જૂથ તેહરીક અને અન્ય આતંકવાદી સંગઠનોએ સુરક્ષા દળો સામે તેની કાર્યવાહી વધુ આકરી કરી છે. તેના પગલે સુરક્ષા દળો અને સ્થાનિક પોલીસે પણ આતંકવાદીઓ સામે તીવ્ર કાર્યવાહી કરવી પડી રહી છે.

## ટીવી ચેનલો પર અભદ્ર એડને લઈને ૭૩ ફરિયાદ મળી

છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ખાનગી ટીવી ચેનલો પર અભદ્ર દ્રશ્યો અને ગંદી જાહેરાતોને લઈને કુલ ૭૩ ફરિયાદો રેગ્યુલેટરી બોડીઝને મળી છે, એમ સરકારે જણાવ્યું હતું.

માહિતી અને પ્રસારણના રાજ્યપ્રધાન એલ મુરુગને જણાવ્યું હતું કે ફરિયાદને ત્રિસ્તરીય ફરિયાદ નિવારણ યંત્રણા દ્વારા સંબોધવામાં આવે છે. મુરુગને જણાવ્યું હતું કે કેબલ ટેલીવિઝન નેટવર્કસ (અમેન્ડમેન્ટ) રુલ્સ હેઠળ પ્રસ્થાપિત નિયમોમાં પ્રસારણકારોના સ્વનિયંત્રણ, પ્રસારણકારોના સ્વનિયંત્રણ એકમોનું સ્વનિયંત્રણ તથા સેન્ટ્રલ ગવર્નમેન્ટના મિકેનિઝમનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે જ્યાં પણ જાહેરખબરકારો દ્વારા જાહેરખબર સંહિતાનો ભંગ થયેલો માલૂમ પડે છે ત્યાં ચોક્કસ પગલાં લેવાય છે. તેમને ચેતવણી અપાય છે, માફી માંગવાના આદેશો જારી કરાય છે અને ઓફ-એરના આદેશો આપવામાં આવે છે.

અલગ સવાલના જવાબમાં મુરુગને જણાવ્યું હતું કે ઓટીટી પ્લેફોર્મ્સે આઈટી (ઈન્ટરમીડિઅરી ગાઈડલાન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) રુલ્સ, ૨૦૨૧ના પાર્ટ-૩ મુજબ ઓટીટી પ્લેટફોર્મ્સે કોડ ઓફ એથિક્સનું પાલન કરવાનું હોય છે. આ કોડ્સ સ્વનિયંત્રણની લાક્ષણિકતા ધરાવે છે.

## દિલ્હીમાં મોર્નિંગ વોક માટે નીકળેલા બિઝનેસમેનની ગોળી મારી હત્યા


નવી દિલ્હી,તા.૮

પૂર્વી દિલ્હીના શાહદરા વિસ્તારમાં બે અજાણ્યા હુમલાખોરોએ મોર્નિંગ વોક માટે નીકળેલા બિઝનેસમેનને ઠાર કર્યો હતો. રાજધાનીમાં છેલ્લા ૧૨ કલાકમાંઆ ત્રીજી હત્યા છે.

દક્ષિણપૂર્વી દિલ્હીના ગોવિંદપુરી વિસ્તારમાં કોમન ટોઈલેટમાં સ્વચ્છતાને લઈને થયેલા ઝગડામાં એક વ્યક્તિની છરાના ઘા કરીને હત્યા કરવામાં આવી હતી અને તેના ભાઈને આ હુમલામાં ગંભીર ઈજા પહોંચી છે. પશ્ચિમ દિલ્હીમાં બનેલા અન્ય બનાવમાં ખ્યાલા ખાતે મિલકતના વિવાદને લઈને એક વ્યક્તિએ તેની માતાનું ગળું ઘોંટી દીધું હતું.

શાહદરા કેસમાં કૃષ્ણાનગરનો ૫૨ વર્ષનો યુટેન્સિલ્સના વેપારી સુનીલ જૈનની ફર્શ બજારમાં બે મોટરસાઈકલિસ્ટોએ ગોળી મારી હત્યા કરી હતી. જૈનને હોસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં તેને મૃત્યુ પામેલો જાહેર કરવામાં આવ્યો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે જૈન યમુના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં મોર્નિંગ વોક કરી સ્કૂટી પર પરત ફરી રહ્યા હતા ત્યારે તેમની હત્યા કરવામાં આવી હતી. તેમનું ટુ-વ્હીલર ૩૭ વર્ષનો સુમીત ડ્રાઈવ કરી રહ્યો હતો. જૈનના બે મિત્રો બીજી સ્કૂટી પર હતા. પોલીસે જણાવ્યું હતું કે જૈનનું સ્કૂટી વિશ્વાસનગર ચાર રસ્તા પર ઊભું હતું ત્યારે બે જણા બાઈક પર આવ્યા હતા. એકે જૈનના પેટમાં તો બીજાએ માથામાં ગોળી મારી હતી. હુમલો કરી તે ભાગી ગયા હતા. જૈનના કુટુંબે જણાવ્યું હતું કે તેમને કોઈની સાથે દુશ્મનાવટ ન હતી અને તેમના પર ધમકીનો કોઈ ફોન પણ આવ્યો ન હતો.

ગુજરાત સમાચાર

# એશિયા-પેસિફિક સમ્રાટ

અર્થકારણની દ્રષ્ટિએ એશિયા-પેસિફિક જૂથ રસપ્રદ છે. કેનેડા, અમેરિકા, જાપાન, મોંગોલિયા, કોરિયા, ચીન, ભારત જેવા એકાવન દેશોનો એશિયા - પેસિફિક પ્રદેશમાં સમાવેશ થાય છે. એશિયા - પેસિફિકની પોતાની આગવી આર્થિક સંસ્કૃતિ છે, જે બાકીના જગત કરતા અલગ પડે છે. આ બહુદેશીય ક્ષેત્રમાં પગાર ઝડપથી વધી રહ્યો છે. તેનું કારણ છે કે આ ક્ષેત્રમાં ફુગાવો મધ્યમ રહ્યો છે. માટે ખરા હુન્નરબાજ લોકો પોતાની આવડતના બદલામાં મોટો પે-ચેક માંગી રહ્યા છે. એટલે કે આ ક્ષેત્રમાં નક્કર અને મૌલિક ટેલેન્ટની ખોટ વર્તાઈ રહી છે. વિશ્વભરની કંપનીઓ હવે ચીનમાંથી ડેરા તંબુ ઉઠાવી રહી છે. તેનું કારણ બધી આંતરરાષ્ટ્રીય કંપનીઓને સમજાયું કે જેમ સરેરાશ માણસે તેની બચતનું રોકાણ વિવિધ સ્ત્રોતોમાં કરવું જોઈએ એ જ રીતે કંપનીઓએ પણ ડાઈવર્સીફિકેશન જુદા જુદા દેશોમાં પોતાના પેટા યુનિટો ખોલીને કરવું જોઈએ - તેમાં જ સલામતી છે. એગ્સ એન્ડ બાસ્કેટનો સિદ્ધાંત અહીં લાગુ પડે છે.

આંતરરાષ્ટ્રીય કંપનીઓની ઓફિસો કે ઉત્પાદન યુનિટ હવે ચીન સિવાયના દેશોમાં ખુલવા લાગ્યા છે. ભારત તેમાં આગળના સ્થાને છે. ફિલિપાઈન્સ, શ્રીલંકા, વિયેતનામ, યુનાઈટેડ આરબ એમિરેટસ જેવા દેશો પણ પોતાના દરવાજાઓ વિદેશી કંપનીઓ માટે ખોલીને લાલ-લીલી જાજમ બિછાવી રહ્યા છે. ચીનની બહાર જંગી વિદેશી મૂડીનું રોકાણ થઈ રહ્યું છે અને હાઈ-સ્કિલ્ડ નોકરીઓ માટે પ્રતિભાશાળી યુવાનોની ડિમાન્ડ વધી રહી છે. સ્થાનિક અર્થતંત્રો વિદેશની આ કંપનીઓ સાથે તાલ મિલાવી શકતા નથી અને પાછળ રહી જાય છે. વ્હાઈટ-કોલર જોબ ઈચ્છતા ભારતીયો માટે આ સુવર્ણ તક છે. યુવાનો કે અનુભવીઓ, જે પણ કુશળ વ્યવસાયિક ભારતીય છે તેની પાસે અત્યારે એ સત્તા છે કે તે પગારમાં બાંધછોડ કર્યા વિના એક માઈલ આગળ વધી શકે છે. ફક્ત ભારતમાં આવેલી કંપનીઓ સાથે જ નહીં પણ વિદેશમાં ઓફિસ ધરાવતી કંપનીઓ સાથે પણ પગારની બાબતમાં નેગોશિએશન કરી શકાય એવો આ સમય છે.

બધી રીતે સસ્તું પડવાના લીધે ચીન સાથે તો આ કંપનીઓ થોડો સંબંધ રાખશે જ પણ હવે બહુરાષ્ટ્રીય કંપનીઓમાં 'ચાઈના પ્લસ વન' વલણ જોવા મળે છે. એનો અર્થ એ કે બેકઅપ તરીકે ચીન ઉપરાંત પણ બીજા એક દેશમાં આ કંપનીઓ હેડક્વાર્ટર ખોલવા ચાહે છે. તો તેમની પ્રથમ પસંદગી ભારત જ રહેવાની કારણ કે ભારત જેવડું મોટું માર્કેટ વિશ્વ આખામાં ક્યાંય નથી. દક્ષિણ - પૂર્વ એશિયામાં ભારત ચીન પછીનું સૌથી મોટું દાવેદાર છે કે જ્યાં મોટી કંપનીઓ રોકાણ કરે અને રોજગારીની નવી તકો ઉભી કરે. જે જે ડિગ્રીધારી યુવાનો સારી નોકરી ઈચ્છે છે તેના માટે ભારત જ મોટો 'કંપની-બૂફે' પીરસાવવા જઈ રહ્યો છે. આને બેરોજગારો માટે જોબ બુફે પણ કહેવાય. શરત એક જ છે કે મોબાઈલ બાજુ પર રાખીને કામ કરવું પડશે.

ચીનમાં ભારતીયો સ્થાયી થવા માટે જતા નથી. એટલે તે દેશને બાદ કરતાં એશિયા - પેસિફિક ક્ષેત્રમાં સૌથી વધુ 'સ્કીલ-ઈન-ડિમાન્ડ' પૂરી પાડનારો દેશ ભારત છે. દુનિયાભરની યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓ ભણે છે. ભારતીય યુવાનો પાસે માર્કેટની ડિમાન્ડ મુજબ ડિગ્રી પણ છે અને આવડત પણ ખરી. આવા 'સ્કિલ્ડ' ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા બહુ મોટી છે. વળી ભારત સરકાર પણ શિક્ષણનીતિમાં બદલાતા સમય મુજબ ફેરફારો લાવી રહી છે જેમ કે ક્વાઈન્ટમ-ચેન્જ એકે ઈલ્ભરત્નુ સેક્ટર છે જેમાં વિશાળ બુદ્ધિમત્તાની જરૂર પડવાની છે. પ્રિન્ટિંગ ટેકનોલોજી જેવા વણખેડાયેલા કોર્સ પણ ઈજનેરી અભ્યાસક્રમમાં સમાવિષ્ટ થાય છે અને એક્સક્લુઝિવ પ્રિન્ટિંગ એન્જિનિયરો હવે બહાર પડી રહ્યા છે. ભારતનું ભૌગોલિક સ્થાન, ભારતનું હજુ સુધી ટકી રહેલું અર્થતંત્ર, સ્નાતક કે અનુસ્નાતક ભારતીય વિદ્યાર્થીઓ માટે એશિયા-પેસિફિક દેશોએ બનાવેલી ઈમિગ્રેશન પોલિસી બધું ભારતના ફાયદામાં છે. ભારત બધી રીતે એશિયા-પેસિફિક સમ્રાટ બની શકે છે. જો કે આ બધા દેશોમાં ચીની કંપનીઓ સાચા કે ખોટા નામે પહેલેથી ગોઠવાઈ ગઈ છે. ચીની વિદ્યાર્થીઓ પણ અમેરિકા સહિત ઘણા દેશોમાં અહોળી સંખ્યામાં જોવા મળે છે. તો પણ ભારતનું બુદ્ધિધન પ્રમાણમાં આગળ છે. ચાઈનીઝ કંપનીઓ સાથે કામ કરતા ઓછા ભારતીયો જોવા મળે છે અને બીજા દેશની કંપનીઓ ચાઈનીઝ ઉમેદવાર કરતા ભારતીય ઉમેદવારને પહેલી પસંદગી આપે છે. આ સ્થિતિ વહેલાં મોડી એ પરિસ્થિતિ ઉભી કરી શકે કે એશિયા - પેસિફિક ક્ષેત્રમાં ભારતીયો જ રાજ કરતા હોય. ભારત પાસે એ અમૂલ્ય તક છે કે દુનિયાના અર્થતંત્રમાં પચાસ ટકા કરતા વધુ હિસ્સો ધરાવતું એશિયા - પેસિફિક ક્ષેત્ર ભારત આધારિત થઈ જાય. એક સમય હતો કે દુનિયાની મોટા ભાગની ઈલેક્ટ્રોનિક કંપની લુચ્ચા ચીનની ઓશિયાળ હતી. દરેક આઈ-ફોન ત્યાં બનતો. હવે ચીનની એ મોનોપોલી તૂટી ગઈ છે. ઘણા દેશો ચીનના તરતના વિકલ્પ તરીકે ભારતને જુએ છે. પરંતુ વિકલ્પ તરીકે દેખાવું અને ખરા અર્થમાં વિકલ્પ બનવું તે બંને વચ્ચે ફરક છે. ભારતે હજુ ઘણી મજલ કાપવાની બાકી છે. સાઉથ ઈસ્ટ ક્ષેત્રમાંથી યુરોપમાં નિકાસ પામતા માલનું ભારત પ્રવેશદ્વાર છે. પ્રતિભા અને બુદ્ધિધનની બાબતમાં પણ એવું થાય તે આવશ્યક છે. ભારત એશિયા પેસિફિક રિજિયનનું આર્થિક એન્જિન બને તે લક્ષ્ય હોવું જોઈએ અને તે અસંભવ નથી.

---

પ્લેસીસ ઓફ વરશીપ એક્ટ જેવા દાખલારૂપ કાયદા સામે ગંભીર પડકારો ઊભા થયા

# કોર્ટે જ્ઞાનવાપીના અરજદારોની મંશા વિશે લાપરવાહી વર્તી, પરિણામે અનેક સ્થળો સામે કેસો દાખલ થયા

ઓપિનિયન
પી.ચિદમ્બરમ્



અનેક કાયદાઓના નિર્માણમાં મારા ભિન્ન મંતવ્ય રહ્યા છે. મેં હમેંશા કાયદા મંત્રાલયના ડ્રાફ્ટ તૈયાર કરનારાને તેને સંક્ષિપ્ત, સચોટ અને સ્પષ્ટ રાખવાની સલાહ આપી છે.

આવો જ એક કાયદો હતો ધી પ્લેસીસ ઓફ વરશીપ (વિશેષ જોગવાઈઓ) એક્ટ, ૧૯૯૧. મારી દ્રષ્ટિએ, તે અત્યંત સંક્ષિપ્ત છે, તેમાં માત્ર આઠ સેક્શન છે. એ સચોટ હતો અને તેનો એકમાત્ર ઉદ્દેશ હતો સ્વતંત્રતાની ઉદયે મોજૂદ ધાર્મિક સ્થળોની પ્રકૃતિ સ્થગિત કરી દેવી. એ સ્પષ્ટ પણ હતો - તેમાં કોઈ 'જો' અને 'તો' અથવા 'છતાં પણ' કે 'પૂર્વગ્રહ વિના' જેવા શબ્દોને સ્થાન નહોતું.

મારી તમામને સેક્શન ૩ અને સેક્શન ૪(૧) વાંચી લેવાની વિનંતી છે, જે નીચે મુજબ છે:

૩. પૂજાસ્થળોના રૂપાંતર પર રોક: કોઈપણ વ્યક્તિ કોઈપણ ધાર્મિક સંપ્રદાય અથવા તેના વિભાગના કોઈપણ પૂજા સ્થળને કોઈ અલગ ધાર્મિક સંપ્રદાય અથવા તેના અન્ય કોઈ વિભાગના પૂજા સ્થળમાં પરિવર્તિત નહી કરે.

**આ કાયદાના હેતુ, ઉદ્દેશ, ભાવના અને અવકાશની વ્યાપક સ્વીકૃતિનો હતો**

૪. અમુક પૂજા સ્થળોના ધાર્મિક પ્રકારની અને કોર્ટ વગેરેના અધિકારક્ષેત્રના નિષેધ વિશેની જાહેરાત. (૧) આથી જાહેર કરવામાં આવે છે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં રહેલા પૂજાના સ્થળનું ધાર્મિક સ્વરૂપ એ દિવસે જે હતું તેમ જ રહેશે.

આ બાબતમાં અયોધ્યામાં રહેલા રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ તરીકે ઓળખાતા પૂજા સ્થળને અપવાદ રાખવામાં આવ્યું હતું કારણ કે તેના વિશે પહેલેથી વિવાદ ચાલી રહ્યો હતો.

આ કાયદાના હેતુ, ઉદ્દેશ, ભાવના અને અવકાશની વ્યાપક સ્વીકૃતિ થઈ હતી. મારા મતે કાયદાએ તેનો હેતુ સિદ્ધ કરી લીધો હતો કારણ કે લગભગ ત્રીસ વર્ષથી ધાર્મિક સ્થળો વિશે શાંતિ



અને સૌહાર્દ જળવાઈ રહ્યા હતા. મોટાભાગે લોકોએ સ્વીકારી લીધું હતું કે એક મંદિર મંદિર જ રહેશે, મસ્જિદ મસ્જિદ જ રહેશે, ગુરુદ્વારા ગુરુદ્વારા જ રહેશે, ચર્ચ ચર્ચ જ રહેશે, સીનાગોગ સીનાગોગ જ રહેશે, તેમજ અન્ય તમામ ધાર્મિક સથળોનું સ્વરૂપ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ મુજબ જ રહેશે.

કમનસીબે કાયદાના અમલ વિશે બહુ ઓછી માહિતી છે. પાર્લામેન્ટરી રિસર્ચ ફેસિલિટીને થયેલી પૂછપરછમાં જાણકારી મળી કે તત્કાલીન સરકારે ત્રણ વખત કાયદા હેઠળ થયેલી ધરપકડો અને કાર્યવાહી વિશે અસ્પષ્ટ જવાબ આપ્યા હતા. સંબંધિત કાયદા વિશે સ્પષ્ટપણે કહેવું હોય તો કહી શકાય કે તમામ અનુગામી સરકારોએ કાયદાની સદંતર અવગણના કરી છે.

હવે થાય છે કોર્ટનો પ્રવેશ. ૨૮ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ સુપ્રીમ કોર્ટમાં એક રિટ અરજી દાખલ કરવામાં આવી હતી. એમાં કરાયેલી ત્રણ અરજીઓ સૂચનાત્મક હતી: ક્રૂર આક્રમણખોરો દ્વારા ગેરકાયદે બનાવાયેલા ધાર્મિક સ્થળોને માન્યતા આપવાનો પ્રયાસ કરતા પ્લેસીસ ઓફ વરશીપ (વિશેષ જોગવાઈઓ) એક્ટ, ૧૯૯૧ના સેક્શન ૨,૩ અને ૪ને નિરર્થક અને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે.

નોંધનીય છે કે સેક્શન ૩ અને ૪ કાયદાનું કેન્દ્ર બિંદુ છે. કાયદામાંથી સેક્શન ૩ અને ૪ કાઢી નાખવામાં આવે તો તેમાં કંઈ બાકી રહેતુ નથી. આ જોગવાઈઓ બંધારણના આર્ટિકલ ૧૪, ૧૫, ૨૧, ૨૫, ૨૬ અને ૨૯નું ઉલ્લંઘન કરી રહ્યા છે તેવા ધોરણે તેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યા હતા. એવી પણ નોંધ લેવી જોઈએ કે અરજદારના મતે આ ધાર્મિક સ્થળો ક્રૂર આક્રમણખોરો દ્વારા ગેરકાયદે બનાવાયા હતા. ત્રણ અરજીઓ પહેલાના ફકરામાં અરજદારે તે કોના વતી કામ કરી રહ્યો છે અને કયા સમુદાયને લક્ષ્યાંક બનાવી રહ્યો છે તે છાનુ નથી રાખ્યું. તે હિન્દુઓ, જૈન, બૌદ્ધ અને શિખ સમુદાયના ધાર્મિક સ્થળો કાનૂની પ્રક્રિયા દ્વારા પાછા મેળવવા માગતો હતો. આ રિટ અરજી ૨૦૨૦થી પેન્ડિંગ પડી છે.

## જ્ઞાનવાપી વિશે વિવાદ

૨૦૨૩માં સુપ્રીમ કોર્ટે વારાણસી સ્થિત અંજુમન ઈન્તેઝામિયા મસ્જિદની મેનેજમેન્ટ કમિટી દ્વારા દાખલ કરાયેલી વિશેષ લીવ અરજી સ્વીકારી. અરજીમાં અલાહાબાદ હાઈ કોર્ટના ૩, ઓગસ્ટ, ૨૦૨૩ના આદેશને પડકારવામાં આવ્યો હતો. જિલ્લા ન્યાયાધીશે જ્ઞાનવાપી મસ્જિદમાં આવેલા વિસ્તારનો આર્કિયોલોજીકલ સરવે કરવાની સૂચના આપી હતી. હાઈ કોર્ટે અરજી ફગાવી દીધી હતી અને અરજદારોએ સુપ્રીમ કોર્ટનો આશ્રય લીધો હતો. સુપ્રીમ કોર્ટે ૪ ઓગસ્ટ, ૨૦૨૩ના આદેશમાં જણાવ્યું કે અમે હાઈ કોર્ટના મત સાથે સહમત છીએ, ખાસ કરીને બંધારણના આર્ટિકલ ૧૩૬ હેઠળ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરતી વખતે. કોર્ટે સોલિસિટર જનરલની ખાતરીની પણ નોંધ કરી જેમાં જણાવાયું હતું કે સમગ્ર પ્રક્રિયા એએસઆઈ દ્વારા અપનાવાયેલી બિન-આક્રમક પદ્ધતિ દ્વારા જ પાર પાડવામાં આવશે.

આ રીતે સમસ્યાનો પટારો ખોલી નાખવામાં આવ્યો. કોર્ટે ૨૦૨૨ના સિવિલ સુટ ૧૮ દાખલ કરનારા વાદીઓના ઈરાદા વિશે પૂછપરછ ન કરી જેમાં તેમણે જ્ઞાનવાપી મસ્જિદના પરિસરમાં કથિત રીતે રહેલી પ્રતિમાઓની પૂજા કરવાના અધિકારની માગણી કરી હતી. મસ્જિદમાં કથિત રીતે હાજર હિન્દુ દેવતાઓની પ્રતિમાની પૂજા કરવાનો વાદીઓનો સ્પષ્ટ પ્રયાસ હતો. તેમને દેવતાઓની પૂજા અને પ્રાર્થના કરવાની મંજૂરી આપતા જ મસ્જિદ આંશિક રીતે મંદિરમાં પરિવર્તિત થઈ જતી હતી. આ બાબત ૧૯૯૧ના કાયદાના સેક્શન ૩ અને ૪ના કેન્દ્ર બિંદુથી તદ્દન વિપરીત હતી.

**લગભગ ત્રીસ વર્ષથી ધાર્મિક સ્થળો વિશે શાંતિ અને સૌહાર્દ જળવાઈ રહ્યા હતા**

## ચેઈન રિએક્શન

શું ખરેખર વાદીઓના હેતુ અને દાવામાં કરાયેલી અરજીઓ મંજૂર કરવાના પરિણામોનો તાગ મેળવવો મુશ્કેલ હતો? મારા મતે સુપ્રીમ કોર્ટે સંપૂર્ણ ન્યાય માટે બંધારણના આર્ટિકલ ૧૪૧ હેઠળ તેની સત્તાનો ઉપયોગ કરીને આ દાવાની સૂનાવણી કરીને, છેલ્લા ૩૦ વર્ષથી જે કાયદાનું સન્માન થયું હતું તેને કોઈપણ ભોગે જાળવી રાખવામાં આવશે તેવી દલીલ કરીને દાવાને ફગાવી દેવો જોઈતો હતો. જ્ઞાનવાપી આદેશ પછી મથુરા ખાતે ઈદગાહ મસ્જિદ, ઉત્તર પ્રદેશમાં સંભલ, દિલ્હીમાં કુતુબ પરિસર અને રાજસ્થાનમાં અજેમરમાં દરગાહ બાબતે વિવાદો ઊભા કરાયા છે. આ બધું ક્યાં જઈને અટકશે?

જ્ઞાનવાપીના ચુકાદાના કુખ્યાત એડીએમ જબલપુર કેસ જેવા જ પરિણામો આવશે.

---

# પશ્ચિમના મૂડીવાદી દેશોએ પોતાના ત્યાં કલ્યાણ રાજ્યોની રચના કરી

અર્થકારણના આટાપાટા
ધવલ મહેતા

અર્થકારણ અને રાજકારણ ગાઢ રીતે સંકળાયેલા છે. મૂડીવાદી અર્થકારણનું રાજકારણ સામ્યવાદી અર્થકારણ તથા રાજકારણથી અલગ હોય છે. મૂડીવાદી રાજકારણને જમણેરી અને સામ્યવાદી રાજકારણને ડાબેરી ગણવામાં આવે છે. ઈ.સ. ૧૭૮૯માં ફ્રાંસમાં લીબર્ટી, ઈક્વોલીટી અને ફ્રેટરનીટી (ભ્રાતૃભાવ)ના નારા હેઠળ રાજાશાહી વિરોધી હિંસક ક્રાંતિ થઈ તે બાદ ફ્રાંસની નેશનલ એસેમ્બલીમાં જે સભ્યો પ્રેસીડેન્ટની જમણી બાજુ બેસતા હતા તેઓ નાફેરવાદી હતા અને રાજાશાહીની તરફેણ કરનારના જ્યારે પ્રેસીડેન્ટની ડાબી બાજુ બેઠેલા સભ્યો રાજાશાહીની નાબૂદી અને લોકશાહીની તરફેણ કરતા હતા. તે પછી નાફેરવાદીઓ માટે જમણેરી અને રાજકારણમાં પરિવર્તન ઈચ્છતા સભ્યો માટે ડાબેરી શબ્દ પ્રચલિત થયો. સમય જતાં તેમાં પણ નીચે મુજબ વિભાગીકરણ થયું. ફાર લેફ્ટ એટલે કે અતિ ડાબેરી, લેફ્ટ એટલે ડાબેરી, સેંટર એટલે કે રાઈટ અને લેફ્ટ બન્ને વચ્ચેના કેન્દ્રમાં, અતિશય જમણેરી એટલે ફાર રાઈટ, અને રાઈટ એટલે જમણેરી. બ્રિટનમાં મુખ્યત્વે બે મુખ્ય રાજકીય પક્ષો ઉભા થયા. લીબરલ અને કોંન્ઝવેટીવ (રૂઢિચુસ્ત) પક્ષ. બન્ને પક્ષો લોકશાહીમાં માનતા હતા અને માને છે પરંતુ કોન્ઝર્વેટીવ પક્ષ રૂઢિચુસ્ત અને લીબરલ પક્ષ પ્રગતીશીલ ફેરફારોની તરફેણ કરે છે. લોકશાહી રાજકારણ અમુક બાબતોમાં મૂળભૂત ફેરફારોની તરફેણમાં હોવાથી તે સેંટર લેફ્ટ ગણાય છે અને રૂઢિચુસ્ત પક્ષને સેંટર રાઈટ ગણાય છે. અહીં સેંટર શબ્દનો પ્રયોગ એટલે કર્યો છે બન્ને પક્ષો લોકશાહીમાં માને છે. રાજકારણ ક્યારે ફાર રાઈટ બની જશે તે પહેલેથી કહી શકાતું નથી. જમણેરી અર્થકારણનો અર્થ સ્પષ્ટ છે. તે મૂડીવાદી કે બજારવાદી અર્થવ્યવસ્થામાં માને છે. મૂડીવાદી અર્થકારણ અને રાજકારણ ધરાવતો પક્ષ દેશમાં આવક અને સંપત્તીની અસમાનતાને કુદરતી ન્યાય ગણે છે. તે એમ દાવો કરે છે કે દેશમાં અમુક લોકો ધનિક બન્યા છે તે તેમની બુદ્ધિ, મહેનત અને કૌશલ્યને કારણે બન્યા છે અને ગરીબ લોકોમાં શિક્ષણ અને સિધ્ધી પ્રેરણા નહીં હોવાથી ગરીબ રહ્યા છે. ધનિક લોકોએ પોતાને મળેલી તકોનો લાભ પોતાની મહેનતથી મેળવ્યો છે. જ્યારે ગરીબોએ તેમને મળેલી તકોનો ઉપયોગ કર્યો નથી. આ દલીલ સામે ભાગ્યે જ સહમત થઈ શકાય. પરંતુ પશ્ચિમ જગતના બજારવાદી કે મૂડીવાદી દેશોએ પોતાને આગવો કલ્યાણ રાજ્યોની રચના કરી છે જેથી કોઈ નાગરીક શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓથી કે ખોરાકથી વંચિત ના રહે.

આ દીશામાં સ્વીત્ઝર્લેન્ડ અને સ્કેન્ડેનેવીયન દેશો (સ્વીડન, ડેન્માર્ક, નોર્વે, આઈસલેંડ, ફીનલેંડ)એ જબરજસ્ત પ્રગતિ દાખવી છે. આ દેશોની વસતી ઓછી છે પણ ભભકો ભારી છે.

પોલીટીકલ સ્પેક્ટ્રમ : લેફ્ટ અને રાઈટ રાજકારણમાં એટલી બધી વિવિધતા છે કે આ વૈવિધ્યને પોલીટીકલ સ્પેક્ટ્રમ (રંગપટ) કહેવામાં આવે છે. મેઘધનુષ્યના સાત રંગો એ સ્પેક્ટ્રમ છે અને એક રંગ પૂરો થયા પછી બીજો રંગ ક્યારે શરૂ થયો કે પૂરો થયો તે કહી શકાતું નથી. તેવી રીતે રાજકીય વિચારસરણી વંચિત પણ લેફ્ટ અને રાઈટની ભેળસેળ થાય છે. તેમ છતાં નીચેના ઉદાહરણો પોલીટીકલ સ્પેક્ટ્રમની સમજને સ્પષ્ટ કરશે.

મૂડીવાદી રાજકારણ જેમાં બજારવાદ કેન્દ્રમાં હોય તે સ્પષ્ટ રીતે જમણેરી અને સામ્યવાદી રાજકારણ જેમાં મૂડીવાદ વિરોધી સામ્યવાદી વિચારધારા સ્પષ્ટ હોય તેને ડાબેરી ગણી શકાય. માઓવાદ સ્પષ્ટ રીતે ફાર લેફ્ટ એટલે કે આત્યંતિક ડાબેરી વિચારસરણી છે. અમેરિકામાં બ્લેક પ્રજાને ઉતરતી કક્ષાના માનનાર લોકો અને સંસ્થા (કુ કલક્ષ કલાના) અતિશય જમણેરી ગણાય.

**મૂડીવાદી અને સામ્યવાદી દેશોના અર્થકારણ રાજકારણથી અલગ હોય છે**

---

ઠંડી જરૂરિયાત કરતાં ઓછી પડે તો પાક પર પ્રતિકૂળ અસર

# ઘઉંનો વાવેતર વિસ્તાર વધ્યો છતાં હુંફાળો શિયાળો પેદાશ ઘટાડે એવી ભીતિ

પ્રસંગપટ

દેશમાં અનાજ બજારોમાં સમીકરણો તાજેતરમાં પલ્ટાતા જોવા મળ્યા છે. ખાસ કરીને ઘઉં બજારમાં પ્રવાહો બદલાતા જોવા મળ્યા છે. શિયાળાની મોસમ શરૂ થઈ ગઈ છે. જો કે એક આગાહી મુજબ આ વખતે શિયાળામાં વિશેષ ઠંડી પડવાની શક્યતા ઓછી છે તથા શિયાળો એકંદરે હુંફાળો વધુ રહેવાની શક્યતા છે એવી વાતો વહેતી થતાં ઘઉં બજારના ખેલાડીઓની નજર હવે હવામાન પર રહી છે. દેશમાં શિયાળાની મોસમમાં ઘઉં તથા રાયડા-મસ્ટર્ડના પાક માટે ઠંડક જરૂરી રહી છે તથા ઠંડી ઓછી પડશે તો ઘઉં તથા સરસવ-મસ્ટર્ડની પેદાશ પર પ્રતિકૂળ અસર પડવાની ભીતિ બજારનો અમુક વર્ગ બતાવી રહ્યો છે. હવે ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમ્યાન હવામાન કેવું રહે છે તેનાપર ઘરઆંગણે ઘઉંના નવા પાકનો આધાર રહેશે એવું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા.



ઘઉં, મસ્ટર્ડ વિ.નું વાવેતર ઓકટોબરથી ડિસેમ્બર દરમ્યાન થાય છે તથા ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન ઠંડી સારી પડે તો પાકની પેદાશ સારી થાય છે અને ઠંડી જરૂરિયાત કરતાં ઓછી પડે તો પાક પર પ્રતિકૂળ અસર આ ગાળામાં પડતી હોય છે. દેશમાં હૂંફાળા શિયાળાની સ્થિતી આ પૂર્વે ૨૦૨૨ તથા ૨૦૨૩માં જોવા મળી હતી અને હવે ફરી આવા હવામાનની આગાહી થઈ છે ત્યારે અનાજ બજારમાં સહેજ ચિંતાની લાગણી પણ જન્મી છે. દિલ્હીના અનાજ બજારમાં તાજેતરમાં ઘઉંના ટનના ભાવ ઉંચામાં રૂ.૩૨ હજાર સુધી નોંધાયા હતા. આ ભાવ એપ્રિલમાં રૂ.૨૫ હજાર આસપાસ રહ્યા હતા. દરમિયાન, ઘઉં બજારમાં તેજીને રોકવા તથા ભાવ વ્યાજબી મથાળે લાવવા સરકારી તંત્ર પણ દોડતું થયાના વાવડ મળ્યા છે. સરકારે પોતાના સ્ટોકમાંથી આશરે ૨૫ લાખ ટન ઘઉં બજારમાં ઠાલવવાનો નિર્ણય કર્યો છે.

દિલ્હીથી મળેલા સમાચાર મુજબ કેન્દ્રના કૃષી મંત્રાલય દ્વારા તાજેતરમાં બહાર પડેલા આંકડાઓ મુજબ દેશમાં ઓકટોબર શરૂઆતથી ઘઉંના વાવેતરની શરૂઆત થયા પછી અત્યાર સુધીના ગાળામાં દેશવ્યાપી ધોરણે ઘઉંના વાવેતર હેઠળનો વિસ્તાર આશરે ૧૨થી ૧૩ ટકા જેટલો વધ્યાના વાવડ મળ્યા છે. ઘઉંનું વાવેતર આ વર્ષે અત્યાર સુધીના ગાળામાં વધી ૨૦૦ લાખ હેકટર્સની ઉપર ગયું છે. જે પાછલા વર્ષે આ ગાળામાં ૧૮૭થી ૧૮૮ લાખ હેકટર્સ થયું હતું. જો કે હવે શિયાળામાં ઠંડીનું પ્રમાણ કેવું રહે છે તેના પર ઘઉંના ઉત્પાદન તથા પાકનો આધાર રહેનાર છે. શિયાળાની ઠંડી સારી પડશે તો ઘઉંનો પાક મોટો આવવાની પણ આશા બતાવાઈ રહી છે. દરમિયાન સરકારે ઈ-ઓકશનો મારફત આશરે ૨૫ લાખ ટન ઘઉં ઓપન માર્કેટ સેલ્સ સ્કીમ (ડોમેસ્ટીક) હેઠળ વેંચવાનો નિર્ણય કર્યો છે. ફ્લોર મિલોને તથા ઘઉં ઉત્પાદનો બનાવતા ઉત્પાદકોને તથા પ્રોસેસરોને આવા સરકારી ઘઉં આપવામાં આવનાર છે. સરકારે આવા ઘઉંના ભાવ ફેર એવરેજ ક્વોલીટીના કિવ.દીઠ રૂ.૨૩૨૫ તથા રિલેકસ્ડ સ્પેશીફીકેશન્સ (યુઆરએસ) હેઠળના ભાવ રૂ.૨૩૦૦ નક્કી કર્યા છે. આ ભાવ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી રાખવામાં આવનાર છે. દેશમાં ઘઉંનું ઉત્પાદન ૨૦૨૩-૨૪માં આશરે ૧૧૩૨થી ૧૧૩૩ લાખ ટન આસપાસ થયું છે. ૨૦૨૨-૨૩માં આ આંકડો ૧૧૦૫થી ૧૧૦૬ લાખ ટન આસપાસ નોંધાયો હતો. આ વર્ષે નવેમ્બરથી સરકારે ભારત બ્રાન્ડ આટાનું વિતરણ પણ શરૂ કર્યું છે. બજારમાં વધતા ભાવોને કાબુમાં રાખવા સરકાર પ્રયત્નશીલ જણાઈ છે. ઘઉંના ઈ-ઓક્શનમાં પ્રથમ તબક્કે એક લાખ ટન માલ વિવિધ રાજ્યો માટે વિવિધ પ્રમાણમાં દેશવ્યાપી ધોરણે ઓફર કરાયો છે. સરકારે ઘઉંના આવા વેંચાણમાં આ વખતે અમુક શરતો પણ સામેલ કરી છે. આવા ઈ-ઓક્શનોની બીડમાં ભાગ લેનારાઓએ સરકારને લેખીત બાંહેધરી આપી એવું જણાવવું પડશે કે તેની પાસે તેની મંથલી જરૂરિયાતથી વધુ ઘઉંનો સ્ટોક હાથ પર નથી. આવી મંથલી જરૂરિયાતમાં બીડર્સની મંથલી પ્રોસેસીંગની ક્ષમતા ગણતરીમાં લેવામાં આવનાર છે. મંથલી આવી ક્ષમતા ૨૫૦૦ ટનની હોય તથા જો આવા બીડર પાસે ૨૪૫૦ ટન ઘઉંનો સ્ટોક હાથ પર હોય તો આવો બીડર માત્ર ૫૦ ટન સરકારે ઘઉં માટે જ આવા ઈ-ઓક્શનમાં બીડીંગ કરી શકશે એવું જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, ઘઉં ઉગાડતા ખેડૂતો સામે ડાઈ-એમોનિયમ ફોસ્ફેટ (ડીએપી)ની અછત પછી હવે યુરીયાની અછતનો સામનો પણ કરવો પડી રહ્યાના વાવડ મળ્યા હતા.

**અનાજ બજારમાં ભાવ વ્યાજબી મથાળે લાવવા સરકાર પચ્ચીસ લાખ ટન ઘઉં ઠાલવશે : ઈ-ઓક્શનમાં શરતો કડક બનાવાઈ**

---

# ફુગાવાના ઊંચા સ્તરને જોતાં, વિચારવિહીન પ્રતિક્રિયા પરિસ્થિતિને જટિલ બનાવશે

નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ દ્વારા ગયા અઠવાડિયે જાહેર કરાયેલા ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ડેટાએ વિશ્લેષકોને આશ્ચર્યચકિત કર્યા હતા. મોટાભાગના લોકોને ડર હતો કે માંગમાં ઘટાડો જીડીપીમાં પણ પ્રતિબિંબિત થશે, પરંતુ કોઈએ વિચાર્યું ન હતું કે બીજા ક્વાર્ટરમાં અર્થતંત્રનો વિકાસ દર માત્ર ૫.૪ ટકા રહેશે, જે સાત ક્વાર્ટરમાં સૌથી નીચો દર છે. આરબીઆઈના અર્થશાસ્ત્રીઓ ખાસ કરીને નિરાશ થયા છે કારણ કે તેઓએ ઓક્ટોબરની નાણાકીય નીતિ સમીક્ષામાં સાત ટકાના વૃદ્ધિ દરનો અંદાજ મૂક્યો હતો. નાણાકીય વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં અર્થવ્યવસ્થા માત્ર છ ટકાના દરે વૃદ્ધિ પામી હતી અને હવે રિઝર્વ બેન્કે સમગ્ર વર્ષ માટે તેના ૭.૨ ટકાના વૃદ્ધિ અંદાજ પર પુનર્વિચાર કરવો પડશે.

બીજા ક્વાર્ટર દરમિયાન ઉત્પાદન ક્ષેત્રે વૃદ્ધિ પર ભાર મૂક્યો હતો. તે સમયગાળા દરમિયાન, તે વાર્ષિક ધોરણે માત્ર ૨.૨ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી, જ્યારે પ્રથમ ક્વાર્ટરમાં ૭ ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી હતી. બાંધકામ ક્ષેત્ર અને ખાણ ક્ષેત્રે પણ મંદી જોવા મળી હતી. જો કે, કૃષિ ક્ષેત્રે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૧.૭ ટકાની સરખામણીએ ૩.૫ ટકાના દરે વૃદ્ધિ નોંધાવી હતી.

અપેક્ષિત વૃદ્ધિ દર કરતાં નીચા વૃદ્ધિ દરથી નીતિ સંચાલકો માટે જટિલતા વધારી છે અને ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે. નોંધનીય છે કે આગામી સામાન્ય બજેટની રજૂઆત પહેલા જીડીપીના આ છેલ્લા આંકડા છે. એ વાત સાચી છે કે નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ ચાલુ નાણાકીય વર્ષ માટેનો પહેલો એડવાન્સ અંદાજ જાન્યુઆરી ૨૦૨૫માં જાહેર કરશે. આ અંદાજોમાં વધારાની માહિતી સામેલ કરવાની શક્યતા મર્યાદિત હશે. ચાલુ વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં આર્થિક કામગીરી ઓછામાં ઓછા બે મહત્વપૂર્ણ નીતિ પડકારો ઉભી કરે છે.

પ્રથમ પડકાર નાણાકીય વ્યવસ્થાપનનો છે. નોંધનીય છે કે પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં નોમિનલ વૃદ્ધિ દર ૮.૯ ટકા હતો. વર્ષ માટેના બજેટ અંદાજો ૧૦ ટકાની નજીવી વૃદ્ધિની ધારણાઓ પર આધારિત છે. જો બીજા અર્ધવાર્ષિક ગાળામાં પણ આ જ વલણ ચાલુ રહેશે, તો જીડીપીના ૪.૯ ટકાના લક્ષ્યને હાંસલ કરવા ચોખ્ખી દ્રષ્ટિએ રાજકોષીય ખાધને નીચા સ્તરે રાખવી પડશે. ધારીએ તો આવકના લક્ષ્યાંકો પૂરા થયા છે, તેનો અર્થ એ થશે કે સરકારી ખર્ચ ઓછો થશે.

**મંદીનો સામનો કરવા માટે પોલિસી રેટમાં ઘટાડા સિવાયના પગલાં વિશે વિચારવું અત્યંત જરૂરી**

તાજેતરના આંકડાઓ અનુસાર ઓક્ટોબર સુધી કેન્દ્ર સરકારની કુલ આવક બજેટ અંદાજના ૫૩.૭ ટકા હતી. ગયા નાણાકીય વર્ષ દરમિયાન તુલનાત્મક સ્તર ૫૮.૬ ટકા હતું. ખર્ચની બાજુએ, ગોઠવણ માટે અવકાશ છે પરંતુ મૂડી ખર્ચની ધીમી ગતિની નીતિ નિયમનકારોને ચિંતા કરવી જોઈએ. નાણાકીય વર્ષના પ્રથમ સાત મહિનામાં, સરકારે તેની ફાળવણીના માત્ર ૪૨ ટકા ખર્ચ કર્યા, જે અમુક અંશે ધીમી વૃદ્ધિને સમજાવે છે.

બીજો નીતિગત પડકાર આર્થિક પ્રવૃત્તિઓને ટકાઉ બનાવવાનો છે. કેટલાક અર્થશાસ્ત્રીઓ માને છે કે સરકારી મૂડી ખર્ચમાં વધારો થવાથી વૃદ્ધિને વેગ મળશે. આ ધારણા બીજા ભાગમાં અમુક અંશે ફળીભૂત થઈ શકે છે. જો કે, પ્રશ્ન એ છે કે અર્થતંત્ર ક્યાં સુધી વૃદ્ધિ માટે ઉચ્ચ સરકારી ખર્ચ પર નિર્ભર રહેશે. નાણાકીય અવરોધોને જોતાં, મૂડી ખર્ચમાં ટકાઉ વધારો કરવો મુશ્કેલ બનશે. વર્તમાન વર્ષમાં ફાળવણી જીડીપીના ૩.૪ ટકા જેટલી છે. ઉચ્ચ વૃદ્ધિ માટે અન્ય પરિબળો ખાસ કરીને ખાનગી રોકાણ વધારવું પડશે. મધ્યમ ગાળાના પરિપ્રેક્ષ્યમાં, બાહ્ય અનિશ્ચિતતા માત્ર વસ્તુઓને મુશ્કેલ બનાવશે.

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીતથી ગૂંચવણો વધી ગઈ છે. મોનેટરી પોલિસી મોરચે, પોલિસી વ્યાજ દર ઘટાડવા માટે મોનેટરી પોલિસી કમિટી પર દબાણ વધશે. ફુગાવાના ૬.૨ ટકાના સ્તરને જોતાં, કોઈપણ વિચારવિહીન પ્રતિક્રિયા પરિસ્થિતિને જટિલ બનાવી શકે છે. સ્થિતિ ગમે તે હોય, મંદીનો સામનો કરવા માટે, પોલિસી રેટમાં ઘટાડા સિવાયના પગલાં

---

# પાપ કરો અને દેશને સમૃદ્ધ કરવાનું પુણ્ય મેળવો

સ્માઇલ ઇન્ડેક્સ
વ્યર્થશાસ્ત્રી

નાણાં મંત્રાલયમાં સરક્યૂલર છૂટ્યો. એક નિમ્ન કક્ષાની મીટિંગમાં બધા હાજર થઈ જાઓ.

ખાતાંમાં ખળભળાટ મચી ગયો. નિમ્ન કક્ષાની એટલે શું? પછી ખબર પડી કે બધાએ ઓફિસના બેઝમેન્ટમાં મળવાનું હતું. એક અધિકારીએ જોકે બેઝમેન્ટમાં પહોંચીને મીટિંગની શરુઆતમાં જ પૂછી લીધું. 'કેમ બેઝમેન્ટમાં મીટિંગ? અને આ નિમ્ન કક્ષા કેમ?

મોટા સાહેબ કહે, 'જુઓ હવે આપણે બજેટ બનાવવાનું છે. એટલે આપણે ગ્રાઉન્ડ પર કાન રાખવા પડે તેમ છે. આથી બેઝમેન્ટમાં મીટિંગ ગોઠવી છે. ભૂતકાળમાં બધી મીટિંગો હાઈ લેવલની એટલે કે ટેરેસ પર થતી હતી. પરંતુ, આજકાલ પ્રદૂષણ એટલું બધું છે કે ટેરેસ પર મીટિંગ લેવા જતાં દસ સિગરેટ ફૂંકવા જેટલી ઝેરી હવા શ્વાસમાં લેવી પડે.'

બીજા અધિકારી કહે, 'પણ, સર મીડલ ફલોર પર પણ મીટિંગ થઈ શકે તેમ હતી ને. ત્યાં એર પ્યોરીફાયર ગોઠવીને મીટિંગ કરી શકાત.'

મોટા સાહેબે બરાડો પાડ્યો. 'ખબરદાર? આપણાં નાણાં મંત્રાલયની ડિક્શનરીમાં 'મીડલ' શબ્દને સ્થાન જ નથી. પછી એ મીડલ ક્લાસ હોય કે મીડલ ફલોર. કાં તો બધું ટેરેસ પર જઈને હાયર લેવલનું નક્કી કરવાનું અથવા તો પછી બેઝમેન્ટમાં જઈને ગ્રાઉન્ડ લેવલનું. જુઓ જેમ કે વ્યક્તિગત વેરા કરતાં કોર્પોરેટ વેરો ઓછો રાખવાનો નિર્ણય ટેરેસ પર મળેલી હાઈ લેવલની મીટિંગમાં લેવાયો હતો. બાકી ગરીબ લોકો માટે જાતભાતની લ્હાણીઓ કરીએ છીએ એ બધા બેઝમેન્ટની મીટિંગમાં થયેલા પાયાના સ્તરના નિર્ણય છે સમજ્યા? '



બીજા અધિકારી કહે, સર, આ હમણા સિગરેટ અને બીજી બ્રાન્ડેડ વસ્તુઓ પર સિન ટેક્સ તરીકે ૩૫ ટકા સુધી જીએસટી લેવાની વાત ચાલે છે એ નિર્ણય કયાં લેવલની, આઈ મિન કયા ફલોર પરની મીટિંગમાં લેવાયો છે એ તો કહો.'

મોટા સાહેબ એકદમ નરમ થઈને કહે, 'એ નિર્ણય કયાં લેવલે લેવાયો છે તે તો નહીં કહું. પરંતુ, એ નિર્ણય પાછળનો હેતુ એવો છે કે દેશમાં પાપ કરનારાઓને પણ પોતે આ બહાને દેશની તિજોરી સમૃદ્ધ કરવામાં ફાળો આપી પુણ્ય કરી રહ્યા છે તેવો સંતોષ થાય. આમેય દિલ્હીમાં ખુલ્લામાં શ્વાસ લેવાથી દસ-પંદર સિગરેટ તો શ્વાસમાં જાય છે તો એ બહાને ખરેખર સિગરેટ ફૂંકીને ભલેને આપણી જીએસટીની તિજોરી એટલી ભરાવા દે.'

એક અધિકારીથી બોલી પડાયું, 'સર, સરકાર વિપક્ષના પાપી નેતાઓને પણ પોતાની સાથે જોડાઈને પુણ્યશાળી બનવાની તક આપે છે હવે પાપીમાંથી પુણ્યશાળી બનવાની આ ઓફર નાગરિકો સુધી લંબાવાશે એમ ને?

મોટા સાહેબ જવાબ આપ્યા વિના ઠેકડા મારતા મારતા સીડીઓ ચઢી બેઝમેન્ટમાંથી બહાર નીકળી ગયા.

**આમેય દેશનાં અનેક શહેરોની હવા પ્રદૂષિત છે જ, ભલેને લોકો ખરેખર સિગરેટો ફૂંકવા માંડીને દેશની તિજોરી ભરાવા દે**

### સ્માઈમ ટિપ

**જીવનજરૂરી ચીજો પર પણ બેફામ જીએસટી ભરનારા સામાન્ય માણસો પણ નાગરિક મટીને ભક્ત થઈ જવાના પાપનું પ્રાયશ્ચિત જ કરે છે.**

## બજારની વાત

### આ પ્રાણીનું દૂધ સફેદ નહીં પણ કાળું હોય છે

દૂધની વાત નિકળે એટલે આપણને સફેદ રંગ જ યાદ આવે કેમ કે વિશ્વના લગભગ તમામ પ્રાણીઓનું દૂધ સફેદ હોય છે પણ એક એવું પ્રાણી છે જેનું દૂધ



કાળું છે. આ પ્રાણી બ્લેર રાયનોસીસ અથવા કાળો ગેંડો છે. કાળો ગેંડો સામાન્ય રીતે આફ્રિકામાં જોવા મળે છે.

કાળા ગેંડાના દૂધનો રંગ કાળો હોય છે કેમ કે અન્ય પ્રાણીઓની સરખામણીમાં ચરબીનું પ્રમાણ ખૂબ જ ઓછું એટલે કે માત્ર ૦.૨ ટકા હોય છે. અન્ય પોષક તત્વો પણ ઓછા હોય છે. પ્રકાશ ફેલાવતાં બધા તત્વો ઘટી જવાથી કાળા ગેંડાનું દૂધ કાળું દેખાવા લાગે છે. કાળા ગેંડાના દૂધમાં ઓછી ચરબી હોવાનું કારણ માદા ગેંડાની લાંબી ગર્ભાવસ્થા છે. માદા ગેંડાના ગર્ભમાં એક વર્ષ સુધી બાળક રહે છે અને પછી બે વર્ષ સુધી સ્તનપાન કરે છે.

### ડાયમંડની બેટરી, વરસો સુધી ચાલ્યા જ કરશે



યુનિવર્સિટી ઓફ બ્રિસ્ટોલ અને યુકે એટોમિક એનર્જી ઓથોરિટી (UKAEA) એ સાથે મળીને વિશ્વની પ્રથમ કાર્બન ૧૪ ડાયમંડ બેટરી બનાવી છે. આ બેટરી હજારો વર્ષ સુધી કામ કરી શકે તેવી છે કેમ કે કાર્બન ૧૪ની હાફ લાઈફ ૫૭૦૦ વર્ષ છે. મતલબ કે, હજારો વર્ષ પછી પણ બેટરીની શક્તિ અડધી તો રહેશે જ. આ કારણે બેટરી હજારો વર્ષો સુધી સતત તેના ઉપકરણોને ઉર્જા પ્રદાન કરી શકે છે. સંશોધકોનો દાવો છે કે આ ઉર્જા સ્ત્રોતનો ઉપયોગ ઘણા પ્રકારના વાતાવરણમાં થઈ શકે છે અને તેનાથી પર્યાવરણને નુકસાન થશે નહીં. સ્પેસ સાયન્સમાં આ બેટરી હજારો વર્ષ ચાલશે. અલબત્ત આ બેટરી બજારમાં વેચાણ માટે નહીં મૂકાય. સંશોધકોએ બેટરીમાં કાર્બન ૧૪નો ઉપયોગ કર્યો છે. તેનાં કિરણોત્સર્ગનો ઉપયોગ ઊર્જા ઉત્પન્ન કરવા માટે કરવામાં આવશે. કાર્બન ૧૪નો ઉપયોગ કાર્બન ડેટિંગ ટેકનિકમાં થાય છે.

### બાઈકની દુનિયા છોડીને પગપાળા ચાલવાની ધૂન



દુનિયામાં ઘણાં સફળ લોકોને માથે અજબ ધૂન સવાર થઈ જતી હોય છે. એક્સેલ પોન્સ નામના મોટો ૨ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લેનારા બાઈકરના માથે ૬ વર્ષ પહેલા આવી જ ધૂન સવાર થતાં ખુલ્લા પગે વિશ્વની મુસાફરી કરવાનો નિર્ણય લઈ લીધો. પોન્સ પીઠ પર બેકપેક રાખીને ઉઘાડા પગે ચાલ્યા જ કરે છે. એક્સેલ કહે છે કે, જીવનમાં બહુ ભાગી લીધું પણ હવે ઝડપ છોડીને ધીમી ચાલે ચાલવું છે. મોટરસાઈકલ રેસિંગની દુનિયામાં લીજેન્ડ મનાતા સિટો પોન્સના પુત્ર એક્સેલે સફળ મોટરસાઈકલ રેસર તરીકે કારકિર્દી બનાવી હતી પણ ૨૦૧૬ની ચેમ્પિયનશિપ બાદ આ કરિયરમાંથી બ્રેક લઈને ફેશન તરફ વળ્યો. થોડા દિવસો સુધી મોડેલિંગ કર્યા પછી ૨૦૧૯માં તેણે ખુલ્લા પગે વિશ્વની મુસાફરી કરવાનું નક્કી કર્યું. સ્પેનિશ રેસર એક્સેલે ૨૦૦૮થી ૨૦૧૭ દરમિયાન Moto2 રેસિંગની ૧૦ સીઝનમાં ભાગ લીધો હતો.

### દુનિયાના તમામ ખંડમાં ફરવાનું ડોરોથીનું સપનું પૂરું થયું

ડોરોથી સ્મિથે યુવાનીમાં દુનિયાના દરેક ખંડનો પ્રવાસ કરવાનું સપનું જોયું હતું પણ ઉંમર વધતી ગઈ તેમ તેમ આ સપનું ભૂલાતું ગયું. રોજિંદી જીંદગીની ઘટમાળમાં ડોરોથી એવી અટવાઈ કે આ સપનું સપનું જ રહી ગયું. ડોરોથી જીંદગીનાં છેલ્લાં વરસો કેલિફોર્નિયામાં મિસ વેલીમાં આવેલા રેડવુડ્સ રિટાયરમેન્ટ



વિલેજમાં ગાળી રહી હતી ત્યાં તેમની મુલાકાત અમ્માર કંદીલ અને સ્ટાફન ટેલર સાથે થઈ. બંને ૯૩ લાખ સબ્સ્ક્રાઈબર્સ ધરાવતી YouTube ચેનલ યસ થીયરિના માલિક છે. બંને ડોરોથી સ્મિથને ઓક્ટોબરની શરૂઆતમાં એક સ્ટોરી માટે મળ્યા હતા. બંનેએ સવાલો દરમિયાન ડોરોથીને તેની ઈચ્છા પૂછી લીધી. ડોરોથીએ સંકોચ રાખ્યા વિના દુનિયાના દરેક ખંડમાં જવાની પોતાની ઈચ્છા જણાવી. ડોરોથીએ પોતે એશિયા, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા, એન્ટાર્કટિકા અને યુરોપ ગઈ છે પણ ક્યારેય ઓસ્ટ્રેલિયા ગઈ ન હતી એ પણ કહ્યું. ડોરોથીને ખબર નહોતી કે, આ બંને તેની ઈચ્છા પૂરી કરશે. થોડા દિવસ પહેલાં બંને ડોરોથીને પોતાના ખર્ચે ઓસ્ટ્રેલિયા લઈ ગયા અને આ સાથે ડોરોથી સ્મિથ હવે તમામ સાત ખંડોની મુસાફરી કરનાર વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિ બની ગઈ છે.

### AI નિષ્ણાતોની માંગમાં સતત વધારો



ટેક્નોલોજીની સતત વિકસતી દુનિયામાં, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એ રોમાંચક નવી સીમા જેવું છે જે દરેક વ્યક્તિ અન્વેષણ કરવા આતુર છે. તે ઉદ્યોગોને એવી રીતે આકાર આપી રહ્યું છે જેની થોડા વર્ષો પહેલા કલ્પના પણ કરી ન હતી. મશીન લર્નિંગ, નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ અને ડેટા સાયન્સમાં કૌશલ્ય ધરાવતા વ્યાવસાયિકોની માંગ વધી રહી છે. ૨૦૨૪ માં AI નોકરીની ભૂમિકાઓમાં વધારો એ માત્ર રેન્ડમ સ્પાઈક નથી, તે કેટલાક આકર્ષક પરિબળો દ્વારા સંચાલિત છે. પ્રથમ, તકનીકી પ્રગતિની ઝડપી ગતિ છે. AI પહેલા કરતા વધુ ઝડપથી વિકસિત થઈ રહ્યું છે, કંપનીઓને અત્યાધુનિક સાધનો વિકસાવવામાં સક્ષમ બનાવે છે જે કાર્યોને સ્વચાલિત કરે છે, ડેટાનું વિશ્લેષણ કરે છે અને ઉત્પાદનોને નવીન બનાવે છે. જેમ જેમ AI ટેક્નોલોજીઓ વધુ સુલભ બનતી જાય છે, તેમ તેમ કાર્યક્ષમતામાં વધારો કરતી વખતે તેઓ વ્યવસાયોને ખર્ચ ઘટાડવામાં મદદ કરે છે. AI નિષ્ણાતોની માંગ આકાશને આંબી રહી છે, પરંતુ જરૂરિયાત પૂરી કરવા માટે પૂરતા કુશળ વ્યાવસાયિકો નથી. આ ટેલેન્ટ ગેપમાં ટોચની પ્રતિભાઓને આકર્ષવા માટે કંપનીઓ આકર્ષક પગાર અને કારકિર્દી વૃદ્ધિની તકો ઓફર કરતી હોય છે.

## ભારત કરતા અમેરિકામાં વ્યાજદરના તફાવત અને મોંઘવારી દરના તફાવતે રૂપિયાના ડિવેલ્યુએશનમાં સૌથી મોટો ભાગ ભજવ્યો

# ટ્રમ્પના ટેરિફ વોરથી રૂપિયો ૨૦૨૫માં ૯૦નું તળિયું બતાવશે



ભારત ન્યૂ ઈન્ડિયા તરફ હરણફાળ ઝડપે આગળ વધી રહ્યું છે. ન્યૂ ઈન્ડિયાના પાયામાં ક્યાંકને ક્યાંક ડિજિટલ ઈન્ડિયાનો સહારો છે. ડિજિટલ ઈન્ડિયા ક્ષેત્રે આગળ વધવા માટે ભારત હરસંભવ પ્રયાસ કરી રહ્યું છે. ભારતમાં ડિજિટલ ક્રાંતિ લાવવા માટે તો વર્ષ ૨૦૧૬માં ૮મી નવેમ્બરના રોજ રાત્રે ૮ વાગે ચલણમાં રહેલી રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટોને બંધ કરવા નોટબંધી પણ લાદવામાં આવી આવી. તેનો હેતુ ભ્રષ્ટાચારીઓ દ્વારા સંગ્રહાયેલું કાળુ નાણું, આતંક ફેલાવવા માટે એકત્ર કરાયેલ નાણાંને સિસ્ટમમાં લાવીને દૂર કરવાનો તથા દેશના નાનાથી લઈને મોટા તમામ વર્ગને ડિજિટલ પંથે વાળવાનો હતો. આ મરણિયા પ્રયાસથી ભારતની ઈકોનોમી મોટાપાયે ડિજિટલ ક્રાંતિ તરફ વળી પણ છે.

ત્યારથી લઈને આજદિન સુધી ડિજિટલ ઈન્ડિયા માટે અનેક પગલાં લેવાયા છે અને યુપીઆઈથી લઈને અનેક આંકડા તેને યથાર્થ પુરવાર કરે છે. જોકે ત્યારબાદ ચલણમાં આવેલી નોટો જોઈને લોકોમાં લજ્જાની સાથે આક્રોશ પણ જોવા મળતો હતો. રૂ. ૫૦૦ની નવી ચલણી નોટો અને રૂ. ૨૦૦૦ની નોટોની બજારમાં એન્ટ્રી થઈ. જૂનીના સ્થાને બજારમાં આવેલ આ નવી નોટોનું કદ જોઈને લોકોને લાગતું હતુ કે ભારતીય ચલણની અધોગતિ થઈ રહી છે. નવી જ નહિ રૂ. ૧૦-૨૦-૫૦-૧૦૦ની જૂનીને સ્થાને બજારમાં ઠલવાયેલી નવી નોટો જોઈને પણ ભારતીય ચલણના કદમાં ઘટાડાની અનેક ફરિયાદો થઈ રહી હતી. તે સમયે માત્ર નોટોના કદની જ વાત થઈ રહી હતી પરંતુ આજની સ્થિતિમાં ખરા અર્થમાં રૂપિયો અધોગતિ કરી રહ્યો છે.

રૂપિયાએ 'કદ' જ નહિ પરંતુ હવે 'વેલ્યુ' પણ ગુમાવી છે. મહત્વનું છે કે ભારતીય અર્થતંત્ર છેલ્લા એક દાયકાથી વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રનો તાજ પહેરીને આગળ વધી રહ્યું પરંતુ ચલણની સ્થિતિ જોઈએ તો ખરેખર એમ લાગે છે કે આપણે અધોગતિ કરી છે. નવેમ્બર, ૨૦૧૬માં ભારતીય ચલણ રૂપિયો વિશ્વગ્રાહી અને દબદબો ધરાવતા અમેરિકન ડોલરની સામે ૬૭ની આસપાસ જોવા મળી રહ્યો હતો. ત્યારબાદ સમગ્ર વિશ્વને ઘરમાં જ રહેવા મજબૂર કરનાર કોરોના મહામારીના કપરાકાળ ૨૦૧૯ના અંતમાં પણ રૂપિયો ૭૧ની આસપાસ હતો પરંતુ આજે ૮૫ના ઐતિહાસિક તળિયા સુધી ઘટી ગયો છે. કોરોના કડાકા બાદની રિકવરી છતા રૂપિયામાં આવેલ આ ૨૦ ટકાથી વધુનો ઘસારો ચિંતાનો વિષય છે.

રૂપિયામાં સતત થઈ રહેલા ઘસારા પાછળ અનેક કારણો જવાબદાર છે જેમાં સ્થાનિક તંત્રની બદલાતી પરિભાષા, ભારતની નિકાસ અને આયાતમાં વધારો અને બંને વચ્ચે વધી રહેલો તફાવત, અમેરિકન ડોલરમાં સાર્વત્રિક તેજી, ભારત અને ચીન પર ટ્રમ્પના ટ્રેડ વોરની અસર, ભારતનો મોંઘવારી દર અને ખાસ કરીને અમેરિકા કરતા ઉંચો ઈન્ફ્લેશન રેટ, ક્રૂડ અને સોનાની ઉથલપાથલ તથા વૈશ્વિક સરહદી ચિંતાઓ અને અનિશ્ચિત્તાઓએ પણ રૂપિયા પર દબાણ સર્જ્યું છે. સામે પક્ષે આરબીઆઈ દ્વારા પણ રૂપિયાના ઘસારા પર નિયંત્રણને બદલે બજાર સ્થિતિ પર છોડવામાં આવતા ખેલાડીઓએ મોટાપાયે મંદી કરીને સતત દબાણ જાળવી રાખ્યું છે.

કોઈપણ અર્થતંત્રને આગળ વધવા માટે ઈંધણની જરૂર પડે જ. ઈંધણ એટલે કે ક્રૂડ ઓઈલ. ભારત ચીન બાદ વિશ્વનો બીજો સૌથી મોટો ક્રૂડ ઓઈલ



આયાતકાર દેશ છે અને પોતાની ૮૦ ટકાથી વધુ જરૂરિયાત માટે દુનિયા પર નિર્ભર રહેવું પડે છે. ક્રૂડની ખરીદી ભારતના રૂપિયાને સતત પીગાળી રહી છે.

આ સિવાય ભારત કરતા અમેરિકામાં વ્યાજદરના તફાવત અને મોંઘવારી દરના તફાવતે રૂપિયાના ડિવેલ્યુએશનમાં સૌથી મોટો ભાગ ભજવ્યો છે. ભારતમાં અમેરિકા કરતા ઈન્ફ્લેશન રેટ વધુ એટલે કે રૂપિયાની ખરીદશક્તિમાં સીધો જ ઘસારો લાગવો. ભારતે વિશ્વમાં ગમે ત્યાંથી કોઈપણ વસ્તુ ખરીદવા માટે વધુ પૈસા ચૂકવવા પડે એટલેકે રૂપિયાની ખરીદશક્તિ ઘટે, ખરીદી માટે વધુ ચલણની જાવક થાય, દેશનું ફોરેન એક્સચેન્જ રિઝર્વ ઘટે અને અન્ય દેશોમાંથી લીધેલા ઋણની પરત ચૂકવણી માટેનું દબાણ વધે. આ તમામ કારણોસર ભારતીય ચલણ છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર ઘટ્યો છે.

રશિયા-યુક્રેન યુદ્ધ, ઈઝરાયેલ-હમાસ યુદ્ધ, ક્રૂડના ભાવમાં ફરી ભડકો, અમેરિકામાં તાજેતરમાં ફરી ટ્રમ્પની પ્રમુખ પદે પસંદગી, ચીન અને ભારત પર વધારે ટેક્સ લાદવાની તૈયારી તથા ભારતમાં નબળી પડેલી ભાજપ અને નરેન્દ્ર મોદીના નેજા હેઠળની સરકાર તથા ભારતમાં આંતરિક રીતે ફ્રી રાશન, લોન માફી સહિતની મફત યોજનાઓ પણ રૂપિયાને દબાવી રહી છે.

આઝાદીના સમયે ૧૯૪૭માં ભારતીય ચલણનું મૂલ્ય ડોલરની સામે ૩.૩૦ની આસપાસ હતુ જે વર્ષ ૨૦૦૦માં ૪૪.૩૧ના લેવલે પહોંચ્યું હતુ. ભારતમાંથી કોંગ્રેસ સરકારના પતન અને બીજેપી શાસનની શરૂઆત એટલેકે ૨૦૧૪માં ૬૧ રૂપિયા બરાબર એક ડોલર હતો,જે ૨૦૧૯માં મોદી સરકારની બીજી ટર્મ સમયે ૭૨ની આસપાસ હતો અને ૨૦૨૧માં ૭૫થી ગત સપ્તાહે ડોલરની સામે ભારતીય ચલણ ૮૪.૭૬ના અત્યાર સુધીના સૌથી ખરાબ નીચલા સ્તરે પહોંચ્યો હતો.

જોકે આ લેવલેથી પણ રૂપિયાની મંદીની ચાલ અટકવાની કોઈ શક્યતા નથી. રૂપિયાને ગગડતો અટકાવવા અનેક પ્રયાસો સરકાર અને આરબીઆઈ દ્વારા થઈ રહ્યાં છે છતા સ્થિતિ સુધરી નથી રહી અને સંભવિત છે કે વર્ષના અંત સુધીમાં રૂપિયો ડોલરની સામે ૮૬નું નવું તળિયું પણ બતાવી શકે છે. માત્ર આટલું જ નહિ જો ટ્રમ્પ ભારત પર કડક પ્રતિબંધો લાદશે તો રૂપિયો ટ્રમ્પનો ૨૦૨૯ સુધીનો પ્રમુખ પદે બીજો કાર્યકાળ પુરો થતા પહેલા ૯૦નું તળિયું પણ જોવા મળવાનો બજાર નિષ્ણાંતોનો મત છે. ભારતની બ્રિક્સ દેશો સાથે મળીને ડોલરની બહાર ટ્રેડ સેટલમેન્ટના પ્લાન પર આગળ વધવાની યોજના સામે તાજેતરમાં જ ટ્રમ્પે લાલ આંખ કરીને ૧૦૦ ટકા ટેરિફની ચિમકી ઉચ્ચારી હતી.

માત્ર સંજોગો જ નહિ પરંતુ બજારમાં થઈ રહેલ રૂપિયાના ફ્યુચરના સોદા પણ વધારે ભયાવહ સ્થિતિ રજૂ કરી રહ્યાં છે. ભારતનો બીજા ત્રિમાસિકગાળાનો વૃદ્ધિ દર ૫.૪ ટકાએ ૭ કવાર્ટરના તળિયે પહોંચ્યા બાદ અર્થતંત્રમાં વધુ મંદીની આશંકાએ રૂપિયામાં ઉપરોક્ત જણાવેલ નવું તળિયું દેખાયું હતુ પરંતુ આગામી સમય માટે પણ વધુ મંદીની આશંકા ટ્રેડરોની પોઝીશન પરથી લગાવી શકાય છે.

### BRICS દેશોની અવેજી કરન્સી ઉભી કરવાની ગણતરીથી ટ્રમ્પ ગુસ્સે, ૧૦૦% ટેક્સ વધારવાની ધમકી

### ડોલર જ વિશ્વનો સરતાજ : ૯૦% વેપાર માત્ર યુએસ કરન્સીમાં

ડોલર યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની કરન્સી છે પરંતુ તે વૈશ્વિક આધિપત્ય ધરાવે છે. બેન્ક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સ અનુસાર, ૯૦ ટકા કરન્સી ટ્રેડમાં ડોલરનો સમાવેશ થાય છે. વિશ્વનો લગભગ ૬૦ ટકા વિદેશી મુદ્રા ભંડાર માત્ર અમેરિકન ડોલરમાં છે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના ડેટા અનુસાર, ૨૦૨૪ના બીજા ત્રિમાસિકગાળામાં લગભગ ૨૪૫ અબજ ડોલરનું વિદેશી ચલણ ચાઈનીઝ ચલણ-યુઆનમાં રાખવામાં આવ્યું હતું, જ્યારે યુએસ ડોલરમાં કરન્સી રિઝર્વ ૬.૬ ટ્રિલિયન ડોલર હતું. અહેવાલ અનુસાર ફોરેન એક્સચેન્જ ટ્રાન્ઝેક્શનોમાં ૮૮ ટકા માત્ર અમેરિકાનું ડોલર સંકળાયેલું હોય છે. અમેરિકામાં ૯૬ ટકા ટ્રેડ ઈન્વોઈસિંગ માટે ડોલર ઉપયોગ થાય છે પરંતુ એશિયા-પેસિફિક ક્ષેત્રમાં માત્ર ૭૪ ટકા જ ડોલરનું મહત્વ રહે છે એટલેકે જાપાન સિવાયના એશિયા-પેસિફિક વિસ્તારમાં ચીનના યુઆન અને રૂપિયાના વધી રહેલા કદને કારણે ડોલરનું શાસન ડગમગી રહ્યું છે અને હવે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના સંગઠન બ્રિક્સ દેશો દ્વારા ડોલરને પોતાના કારોબારથી દૂર કરવા માટે એક કરન્સી અંગેની ચર્ચા-વિચારણા અને રોડમેપ તૈયાર કરાતા તથા ભવિષ્યમાં અન્ય દેશો તેમની સાથે જોડાશે તો ડોલરનું વર્ચસ્વ ઘટવાની આશંકાએ ટ્રમ્પે બીજી વખત રાષ્ટ્રપ્રમુખની ગાદી સંભાળતા પૂર્વે જ બ્રિક્સ સહિતના દેશો જે ડોલર પરનું ભારણ ઘટાડવા માંગે છે તેમના પર ૧૦૦ ટકા ટેક્સ લાદવાની ધમકી આપી ચૂક્યાં છે.

આમ આગામી સમયમાં બ્રિક્સ દેશોની કરન્સી કે અન્ય કોઈ ડિજિટલ કરન્સી કે પછી બિટકોઈન જેવી કોઈ ક્રિપ્ટોકરન્સી ડોલરને પડકાર ફેંકશે કે કેમ તે જોવું રહ્યું.

### અર્થતંત્રની વૃદ્ધિ ધીમી પડવાની આશંકાથી રૂપિયામાં મંદીના સોદા ૨૦૦% વધ્યા

વૈશ્વિક અનિશ્ચિત્તાઓ અને સરહદી ચિંતાઓની સાથે ભારતના અર્થતંત્રની વૃદ્ધિ ધીમી પડવાની આશંકાથી રૂપિયામાં મંદીના સોદા ૨૦૦ ટકા વધ્યા છે. ડિપોઝીટરી ટ્રસ્ટ એન્ડ ક્લિયરિંગ કોર્પના ડેટા અનુસાર નોન-ડિલિવરેબલ ઓપ્શન્સ માર્કેટમાં ડોલર-રૂપિયા કોલ ટ્રેડિંગનું વોલ્યુમ ૨ ડિસેમ્બરે વધીને ૧.૯ અબજ ડોલર થયું હતું. ૨૯ નવેમ્બરના રોજ આ વેપાર લગભગ ૬૦ કરોડ ડોલર આસપાસ જ હતો.

રૂપિયામાં બેરિશ ડીલ વધવાને કારણે ડોલર સામે રૂપિયામાં એક મહિનાની ઈમ્પ્લાયડ વોલેટિલિટી (ગર્ભિત ઉતાર-ચઢાવ) વધી છે. ૨ ડિસેમ્બરના રોજ આ વોલાટીલિટી વધીને ૩.૨૭ ટકાએ પહોંચી છે, જે ૬ ઓગસ્ટ પછી સૌથી વધુ છે. ૨૯ નવેમ્બરે આ વોલાટીલિટી ૨.૫૫ ટકા હતી. અર્થતંત્રની ધીમી ગતિને પગલે વિદેશી રોકાણકારોનું રોકાણ ઘટશે, આઉટફ્લો વધશે અને તે રૂપિયા પર દબાણ વધારશે. મહત્વની વાત એ છે કે જાન્યુઆરીમાં જ રિઝર્વ બેંકે સટ્ટાકીય ટ્રેડિંગને કાબૂમાં લેવા કડક પગલા લેતા તમામ રૂપિયા-આધારિત કરન્સી કોન્ટ્રાક્ટો માન્ય અને અનહેજ્ડ અન્ડરલાઈંગ એક્સપોઝર હેઠળના જ હોવા ફરજિયાત કર્યા હતા. ટ્રેડરો પુરાવા રજૂ કર્યા વિના ૧૦ કરોડ ડોલર સુધીની જ પોઝિશન લઈ શકે છે અને આરબીઆઈને આ પોઝીશનની જાણ કરવી પણ ફરજિયાત કરી છે. આ આકરા નિયમન મે મહિનાથી લાગુ થવાથી કરન્સી ડેરિવેટિવ્ઝના ટ્રેડિંગ વોલ્યુમમાં ૯૬ ટકાનું તીવ્ર ગાબડું આવ્યું છે. ઓગસ્ટ, સપ્ટેમ્બર અને નવેમ્બરમાં અત્યાર સુધી બીએસઈના કરન્સી ડેરિવેટિવ્ઝમાં ઝીરો વોલ્યુમ જોવા મળ્યું છે છતા રૂપિયામાં સદંતર ઘટાડો ખરેખર અર્થતંત્રની આંતરિક ગ ભત મંદીની આશંકા ઉપજાવે છે.

## ડોલરમાં સાર્વત્રિક તેજી, ભારત અને ચીન પર ટ્રમ્પના ટ્રેડ વોરની અસર, ભારતનો મોંઘવારી દર અને ખાસ કરીને અમેરિકા કરતા ઉંચો ઈન્ફ્લેશન રેટ, ક્રૂડ અને સોનાની ઉથલપાથલ તથા વૈશ્વિક સરહદી ચિંતાઓ અને અનિશ્ચિત્તાઓએ પણ રૂપિયા પર દબાણ સર્જ્યું છે

### ખાદ્યપદાર્થોની કિંમતો ૧૯ મહિનાની ટોચે



સંયુક્ત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશનના ડેટા દર્શાવે છે કે વનસ્પતિ તેલના કારણે ખાદ્યપદાર્થોના ભાવ નવેમ્બરમાં ૧૯ મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા. ઓર્ગેનાઈઝેશનનો ખાદ્ય ભાવ સૂચકાંક, નવેમ્બરમાં સરેરાશ ૧૨૭.૫ પોઈન્ટ હતો, જે ઓક્ટોબરના સ્તરથી ૦.૫% નો વધારો અને એક વર્ષ અગાઉ કરતા ૫.૭% વધારે છે. ઈન્ડેક્સ એપ્રિલ ૨૦૨૩ પછી તેના સર્વોચ્ચ સ્તરે છે, પરંતુ રશિયાના યુક્રેન પરના આક્રમણ પછી માર્ચ ૨૦૨૨માં પહોંચેલા રેકોર્ડ કરતાં હજુ પણ નોંધપાત્ર રીતે નીચે છે. પાછલા મહિના કરતાં વેજીટેબલ-ઓઈલના ભાવમાં ૭.૫%નો ઉછાળો આવ્યો છે. સળંગ બે માસિક વધારા પછી, ખાંડના ભાવ જે મુખ્યત્વે ભારત અને થાઈલેન્ડમાં શેરડી પિલાણની સિઝન શરૂ થવાને કારણે ઓક્ટોબરથી ઘટ્યા છે.

### ખેડૂતો પાસેથી ૧.૪૭ કરોડનો દંડ વસૂલાયો

પંજાબ અને હરિયાણામાં ૩૦ નવેમ્બર સુધી પરાળી બાળવા બદલ ખેડૂતો પાસેથી ૧.૪૭ કરોડ રૂપિયાથી વધુનું પર્યાવરણીય વળતર એકત્ર કરવામાં આવ્યું છે. રાજ્યસભાના અહેવાલ મુજબ ડાંગરના અવશેષો બાળવા પર અંકુશ લગાવવા પંજાબમાં ૧૦,૭૯૧ અને હરિયાણામાં ૧,૪૦૬ કૃષિ ક્ષેત્રોનું નિરીક્ષણ કરાયા બાદ અનુક્રમે ૫,૫૨૫ અને ૬૩૮ કેસમાં ખેડૂતોને દંડ ફટકાર્યો હતો.

### CNG વાહનોના વેચાણ પર પ્રતિકુળ અસર થશે



સતત બે મહિના માટે સીએનજી સેગમેન્ટ માટે સસ્તા APM ગેસની ફાળવણીમાં ઘટાડા પછી, તેનો હિસ્સો FY૨૪ની શરૂઆતમાં ૮૫%થી હવે ઘટીને ૭૨% થઈ ગયો છે. આ સેગમેન્ટમાં APM ગેસ ફાળવણીમાં અત્યાર સુધીનો સૌથી મોટો કાપ હતો. ઉદ્યોગને આશંકા છે કે તેની ઓછી ઉપલબ્ધતાને જોતાં સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન એકમોને APM ગેસનું વધુ ડિલોકેશન થઈ શકે છે. આ સરકારના નીતિ વલણમાં ફેરફાર છે. તેમાં વધુ કાપ પણ આવી શકે છે. ઉદભવેલ આ સ્થિતિના કારણે આગામી સમયમાં સીએનજી વાહનોના વેચાણ પર પ્રતિકુળ અસર થશે તેમ જાણકારોનું માનવું છે.

## GST કર માળખાની વ્યાપક સમીક્ષા કરવી જરૂરી

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) માળખાને યોગ્ય બનાવવા અંગે ભલામણો કરવા માટે બિહારના નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીના નેતૃત્વમાં રચાયેલી રાજ્યોના નાણા પ્રધાનોની સમિતિએ તેની ભલામણોને અંતિમ સ્વરૂપ આપ્યું હોવાનું જાણવા મળે છે. તેણે ૧૪૮ વસ્તુઓના ટેક્સ દરોમાં પણ નોંધપાત્ર ફેરફાર કર્યા છે.

આ સંદર્ભમાં આ પ્રક્રિયા શા માટે અપનાવવામાં આવી રહી છે તે યાદ રાખવું યોગ્ય રહેશે. આના ઓછામાં ઓછા બે મોટા કારણો છે. પ્રથમ, આ સિસ્ટમ વર્ષોથી અપેક્ષા મુજબ કામગીરી કરવામાં નિષ્ફળ રહી છે. આ અંશતઃ કારણ કે દર ઘટાડવામાં અપરિપક્વતા હતી. પાછલા નાણાકીય વર્ષમાં, વળતર



ઉપકર સહિતની કુલ કર વસૂલાત વધુ કે ઓછી તેટલી જ હતી જે જીએસટી ફ્રેમવર્કમાં સમાવિષ્ટ કરમાંથી જીએસટી પહેલાં કમાયેલી આવક હતી.

બીજું, વળતર ઉપકર, જે જીએસટીના અમલીકરણ પછી માત્ર પાંચ વર્ષ માટે વસૂલવાનો હતો, તેને દેવાની ભરપાઈ કરવા અને કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન થયેલા આવકના નુકસાનની ભરપાઈ કરવા માટે લંબાવવામાં આવ્યો હતો. જો લોનની ચુકવણી કર્યા પછી આવતા વર્ષે જરૂરી કાયદાકીય ફેરફારો કરવામાં નહીં આવે તો આ સંગ્રહ બંધ કરવામાં આવશે. મંત્રીઓનું બીજું જૂથ આ પાસાને ધ્યાનમાં લઈ રહ્યું છે. જો જીએસટી કાઉન્સિલ મંત્રીઓના બંને જૂથોની ભલામણો પર ચર્ચા કર્યા પછી ફેરફાર કરે તો તે વધુ સારું રહેશે અને ઓછામાં ઓછી અરાજકતા સર્જાશે.

દરોને તર્કસંગત બનાવવા માટે કાઉન્સિલનો પ્રાથમિક ઉદ્દેશ્ય આવક-તટસ્થ દર તરફ જવાનો હોવો જોઈએ. સાથે જ ટેક્સ સ્લેબની સંખ્યા પણ ઘટાડવી જોઈએ. નાણા મંત્રાલય દ્વારા સંસદમાં આપવામાં આવેલી માહિતી અનુસાર, ૨૦૨૩-૨૪માં જીએસટીનો સરેરાશ દર ૧૧.૬ ટકા હતો. જીએસટી લાગુ કરતી વખતે નિષ્ણાત સમિતિ દ્વારા સૂચિત આવક-તટસ્થ દર ૧૫ થી ૧૫.૫ ટકા હતો. નીચા સરેરાશ કર દરે આવકની વસૂલાતને અસર કરી છે.

### કરમાળખું સરળ બનશે તો અનુપાલન વધવા સાથે વિવાદોમાં પણ ઘટાડો થશે

જો કે દરો વાજબી બનાવવા માટે મંત્રી પરિષદની ભલામણો હજુ સુધી જાણીતી નથી, પરંતુ જે સૂચનો જાણીતા છે તે મુજબ તે વ્યાપક સિદ્ધાંતને અનુસરતા હોય તેવું લાગતું નથી. અહેવાલો અનુસાર, સમિતિ તમાકુ ઉત્પાદનો અને વાયુયુક્ત પીણાં પર ૩૫ ટકાના દરે ટેક્સ લાદવા માંગે છે. આનાથી સ્લેબમાં વધુ વધારો થશે. એટલું જ નહીં, તે ટેક્સટાઈલ પ્રોડક્ટ્સ પર તેમની કિંમત અનુસાર અલગ-અલગ ટેક્સ લાદવાની ભલામણ કરવા માગે છે. અન્ય ઉત્પાદનો માટે સમાન ભલામણો કરી શકાય છે. આ કર માળખાને વધુ જટિલ બનાવી શકે છે અને ઈનપુટ ક્રેડિટ સંબંધિત વિવાદોમાં વધારો કરી શકે છે. મંત્રી જૂથ જીએસટીને પ્રગતિશીલ બનાવવા માંગે છે. જો કે, પરોક્ષ કર માળખામાં આ શું પ્રાપ્ત કરી શકાય તેની મર્યાદાઓ છે.

નોંધનીય છે કે સરકારે સંસદને એ પણ જાણ કરી છે કે જ્યારે વિવિધ દરો પર ટેક્સ કલેક્શનનો અંદાજ લગાવી શકાતો નથી, અંદાજો દર્શાવે છે કે ગયા નાણાકીય વર્ષમાં ૭૦-૭૫ ટકા જીએસટી કલેક્શન ૧૮ ટકાના સ્લેબમાંથી આવ્યું હતું. ૧૨ ટકાના સ્લેબમાંથી માત્ર ૫-૬ ટકા આવક મળી હતી. આવી સ્થિતિમાં ૧૨ ટકાના દરને ૧૮ ટકામાં મર્જ કરવાથી કોઈ નોંધપાત્ર ઉથલપાથલ નહીં થાય. આવી અન્ય શક્યતાઓ પણ ધ્યાનમાં લેવી જોઈએ.

# સોના-ચાંદીમાં બેતરફી ઉછળકુદ: રૂપિયો ગબડતાં કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચકાઈ

**બુલિયન બિટ્સ**
■ દિનેશ પારેખ

દેશના ઝવેરીબજારોમાં વિતેલા સપ્તાહમાં સોના-ચાંદીના ભાવમાં બેતરફી વધઘટ વચ્ચે બજાર ઝોલા ખાતી જોવા મળી હતી. વિશ્વબજારના સમાચાર પણ કિંમતી ધાતુઓમાં બેતરફી રેન્જ બાઉન્ડ ચાલ બતાવી રહ્યા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશદીઠ નીચામાં ૨૬૦૦ ડોલર તથા ઉંચામાં ૨૬૫૦થી ૨૬૬૦ ડોલર વચ્ચે ફરતા દેખાયા હતા. વિશ્વબજારમાં ઘટ્યા ભાવથી આવતા ઉછાળા ઉભરા જેવા નિવડી રહ્યાના વાવડ હતા. જોકે વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળે બજારોને ફંડોની તથા વિવિધ દેશોની સેન્ટ્રલ બેન્કોની લેવાલીનો સપોર્ટ પણ મળતો રહ્યાના નિર્દેશો મળ્યા હતા. સોના પાછળ વિશ્વ બજારમાં ચાંદીના ભાવ પણ ઔંશના નીચામાં ૩૦ ડોલર તથા ઉંચામાં ૩૧.૫૦ ડોલર વચ્ચે અથડાતા રહ્યાના સમાચાર મળ્યા હતા. વિશ્વબજાર પાછળ ઘરઆંગણાના ઝવેરીબજારોમાં પણ કિંમતી ધાતુઓમાં ઈમ્પોર્ટ પડતરની વધઘટ થતી રહી છે અને ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચી- નીચી થતાં ઝવેરીબજારમાં સોના- ચાંદીના ભાવ પણ નીચા- ઉંચા મથાળે ઉછળકુદ કરતા દેખાયા હતા. અમદાવાદ ઝવેરીબજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના નીચામાં રૂ.૭૮૦૦૦ તથા ઉંચામાં રૂ.૭૯૦૦૦ વચ્ચે ફરતા રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ નીચામાં રૂ.૮૯૦૦૦ તથા ઉંચામાં રૂ.૯૧૫૦૦ વચ્ચે ઉછળકુદ કરતા દેખાયા હતા. મુંબઈ બુલીયન બજારમાં જીએસટી વગર સોનાના ભાવ રૂ.૭૬૩૦૦થી ૭૬૫૦૦ આસપાસ તથા ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૯૧૦૦૦ આસપાસ તાજેતરમાં જોવા મળ્યા હતા.

દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં તાજેતરમાં ડોલર સામે રૂપિયાના ભાવ ગબડતાં તથા ડોલર ઉછળી નવી ઉંચી ટોચે પહોંચી જતાં તેની અસર પણ ઘરઆંગણાના ઝવેરીબજારો પર જોવા મળી હતી. રૂપિયા સામે ડોલરના ભાવ ઉંચામાં રૂ.૮૪.૭૫ સુધી પહોંચ્યા છે તથા હવે રૂ.૮૫ની સપાટી પર કરન્સી બજારમાં ખેલાડીઓની નજર રહી છે. રૂપિયો ગબડતાં તથા ડોલરના ભાવ ઉછળતાં દેશમાં આયાત થતા સોના-ચાંદીની ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચી ગઈ છે અને તેની અસર ઝવેરીબજારો પર દેખાઈ છે.

દરમિયાન, દેશમાં આયાત થતા સોના-ચાંદીની ઈમ્પોર્ટ ડ્યુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં સરકારે ફેરફારો કરતાં ઈફેક્ટીવ ઈમ્પોર્ટ ડ્યુટીમાં પણ તેટલા પ્રમાણમાં ફેરફારો થયા છે. સોનાની આવી ટેરીફ વેલ્યુ સરકારે વધારી છે જ્યારે ચાંદીની આવી ટેરીફ વેલ્યુમાં સરકારે ઘટાડો કર્યાના વાવડ મળ્યા હતા. દરમિયાન, વિશ્વબજારમાં મળતા સમાચાર મુજબ અમેરિકાના ફેડરલ રિઝર્વની હવે પછી મળનારી આ વર્ષની છેલ્લી મિટિંગ પર બજારની નજર રહી છે. આ મિટિંગ ૧૭-૧૮ ડિસેમ્બરે મળવાની છે. આ મિટિંગમાં અમેરિકામાં વ્યાજના દરમાં વધુ ઘટાડો કરવામાં આવે છે કે નહિં તથા ઘટાડો કરાશે તો આવો ઘટાડો કેટલો કરવામાં આવે છે તેના પર વિશ્વબજારના ખેલાડીઓની નજર રહી છે. આ તરફ સાઉથ કોરીયામાં રાજકીય કટોકટી પણ જોવા મળી છે. ત્યાં માર્શલ-લો લાગુ કરવાની બાબતમાં રાજકીય ખેંચતાણ ઉભી થઈ છે. આ ઉપરાંત યુરોપમાં ફ્રાંસ ખાતે પણ પોલીટીકલ કટોકટી તાજેતરમાં દેખાઈ છે. રશિયા તથા યુક્રેન વચ્ચે પણ યુધ્ધની તંગદીલી ચાલુ રહી છે તથા છાશવારે હુમલાઓના છમકલાઓના સમાચાર આવતા રહ્યા છે. આ દરમિયાન ઈજીપ્ત તથા લેબેનોન- હિઝબુલ્લા વચ્ચે યુધ્ધ વિરામની વાતો છતાં એકમેક વચ્ચે હુમલાઓની આપ-લે થતી જોવા મળી છે. આવા માહોલમાં વિશ્વબજારમાં સોનામાં ઘટાડે ફંડોની સેફ-હેવન સ્વરૂપની લેવાલી આવતી રહી છે. આ તરફ અમેરિકામાં જોબ ઓપનિંગના આંકડા અપેક્ષા કરતાં સારા આવ્યા હતા. તથા જોબગ્રોથ પણ વધ્યો છે. આ દરમિયાન, વિશ્વના વિવિધ દેશોની સેન્ટ્રલ બેન્કોની ખરીદી પણ વૈશ્વિક સોનામાં જળવાઈ રહ્યાના વાવડ મળ્યા હતા. પોલેન્ડે ૧૦૦ ટન જેટલું સોનું વિવિધ તબક્કે ખરીદી પોતાના હસ્તકનું ગોલ્ડ- રિઝર્વ વધાર્યાના વાવડ મળ્યા હતા. દરમિયાન, ભારતમાં લગ્નસરા વચ્ચે ઝવેરીબજારોમાં મોસમી ખરીદી પણ જોવા મળી છે. જોકે આ વર્ષે સોનાના ભાવ ઉંચા હોતાં હલકા વજનના સોનાના દાગીનાની માગ વધ્યાની ચર્ચા પણ બજારમાં સંભળાઈ છે. દરમિયાન, ચીનથી મળતા સમાચાર મુજબ ત્યાં હુનાન વિસ્તારમાં જમીનના પેટાળમાં આશરે ૧૦૦૦ ટન જેટલો સોનાનો જંગી જથ્થો મળ્યાના સમાચાર આવ્યા હતા. આ જથ્થો દક્ષિણ આફ્રિકાની સાઉથ- ડીપ સોનાની ખાણ કરતા પણ મોટો મનાઈ રહ્યો છે. ભારતમાં તાજેતરમાં સોનાની તથા કોકેઈનની દાણચોરી વધ્યાના વાવડ મળ્યા હતા. ભારતમાં ખાસ કરીને નોર્થ- ઈસ્ટ તરફની સરહદોના વિસ્તારમાં આવી પ્રવૃત્તિ વધી છે. દાણચોરો નવા- નવા નુસ્ખાઓ અપનાવતા પણ જોવા મળ્યા છે. યુનાઈટેડ આરબ અમીરાત તથા સાઉદી અરેબીયા તરફથી આવું ગોલ્ડ ભારતમાં આવી રહ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ હતી. મણીપુર તથા મિઝોરમની સરહદ પર સોનાની દાણચોરી વધતી જોવા મળી છે. ડીઆરઆઈના સૂત્રોના જણાવ્યા મુજબ ૨૦૨૩- ૨૪માં આશરે ૧૩૧૯ કિલો દાણચોરીનું સોનું જપ્ત કરવામાં આવ્યું છે જે આંકડો પાછલા વર્ષે ૯૦૦ કિલો આસપાસ નોંધાયો હતો. ફ્રી- ટ્રેડ કરારોનો દુરુપયોગ પણ વધ્યો છે.

### ચીનમાં હુનાન વિસ્તારમાં જમીનના પેટાળમાં ૧૦૦૦ ટન સોનાનો વિશાળ જથ્થો મળી આવ્યો : ભારતમાં દાણચોરી વધ્યાના નિર્દેશો



### લગ્નસરા વચ્ચે સોના-ચાંદી બજારમાં સોનાના ભાવ ઊંચા હોવાથી હલકા વજનના સોનાના દાગીનાની માંગ વધી

# સેન્સેક્સમાં ૮૦૪૬૭ અને નિફ્ટી ફ્યુચરમાં ૨૪૩૯૬ મહત્ત્વના સપોર્ટ

**ચાર્ટ સંકેત**
■ અશોક ત્રિવેદી

**બીએસઈ ઈન્ડેક્સ (બંધ ૮૧૭૦૯.૧૨ તા.૦૬-૧૨-૨૪)** ૭૬૮૦૨.૭૩નાં બોટમથી સુધારા તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૮૦૧૧૭.૯૯ અને ૪૮ દિવસની ૮૦૧૯૯.૨૦ તેમ જ ૨૦૦ દિવસની ૭૭૬૬૭.૪૨ છે. દૈનિક એમએસીડી નરમાઈ તરફી છે. અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક દોરણે ઓવરબોટ, અઠવાડિક ધોરણે ઓવરબોટ તરફ તેમ જ માસિક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૮૨૩૧૮ ઉપર ૮૨૫૪૦, ૮૩૧૧૦, ૮૩૯૬૦, ૮૪૨૧૦ સુધીની શક્યતા. નીચામાં ૮૦૮૫૫ નીચે ૮૦૪૬૭ સપોર્ટ ગણાય.

**બેંક ઓફ ઈન્ડિયા (બંધ ભાવ રૂ.૧૧૭.૮૧ તા.૦૬-૧૨-૨૪)** ૯૬નાં બોટમથી સુધારા તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૧૧૧.૭૮ અને ૪૮ દિવસની ૧૦૯.૪૬ તેમ જ ૨૦૦ દિવસની ૧૧૪.૦૪ છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડિક તેમ જ માસિક ધોરણે ન્યુટ્રલ પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૧૨૧.૫૦ ઉપર ૧૨૮ મહત્ત્વની સપાટી ગણાય. વધઘટે સારો સુધારો જોવાશે. નીચામાં ૧૧૩ નીચે ૧૧૦ સપોર્ટ ગણાય.



**ઈન્ડિયન ઓવરસીસ બેંક (બંધ ભાવ રૂ.૫૭.૮૬ તા.૦૬-૧૨-૨૪)** ૪૮.૪૪નાં બોટમથી સુધારા તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૫૪.૪૭ અને ૪૮ દિવસની ૫૪.૪૯ તેમ જ ૨૦૦ દિવસની ૫૨.૮૭ છે. દૈનિક એમએસીડી સુધારા તરફી છે. અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડિક ધોરણે ન્યુટ્રલ તેમ જ માસિક ધોરણે ઓવરસોલ્ડ પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૬૦ ઉપર ૬૪ કુદાવે તો ૭૨ તરફ આગળ વધશે. નીચામાં ૫૩ સપોર્ટ ગણાય.

**ઈન્ફોસીસ (બંધ ભાવ રૂ.૧૯૨૨.૪૦ તા.૦૬-૧૨-૨૪)** ૧૭૧૮નાં બોટમથી સુધારા તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૧૮૮૪.૫૩ અને ૪૮ દિવસની ૧૮૫૯.૧૨ તેમ જ ૨૦૦ દિવસની ૧૭૧૩.૫૫ છે. દૈનિક એમએસીડી સુધારા તરફી છે. અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક અને અઠવાડિક ધોરણે ઓવરબોટ, તેમ જ માસિક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ તરફની પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૧૯૫૦ ઉપર ૧૯૭૦ કુદાવે તો ૨૦૪૦થી ૨૧૫૦ સુધીની શક્યતા. નીચામાં ૧૮૯૦ નીચે ૧૯૬૦ સપોર્ટ ગણાય.

**તાતા મોટર્સ (બંધ ભાવ રૂ.૮૧૬.૮૦ તા.૦૬-૧૨-૨૪)** ૭૫૯.૨૦નાં બોટમથી સાઈડવેઝમાં છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૭૯૧.૮૬ અને ૪૮ દિવસની ૮૫૧.૪૭ તેમ જ ૨૦૦ દિવસની ૯૦૨.૨૬ છે. દૈનિક એમએસીડી સુધારા તરફી છે. અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક ધોરણે ન્યુટ્રલ, અઠવાડિક તેમ જ માસિક ધોરણે ઓવરસોલ્ડ પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૮૧૯ ઉપર ૮૩૮, ૮૪૪, ૮૬૪, ૮૯૦, ૯૧૭ સુધીની શક્યતા. નીચામાં ૭૯૫ નીચે ૭૭૭ સપોર્ટ, ગણાય. ૮૫૦ પાસે નફારૂપી વેચવાલી આવી શકે.

**યુકો બેંક (બંધ ભાવ રૂ.૫૦.૦૩ તા.૦૬-૧૨-૨૪)** ૪૦.૨૦નાં બોટમથી સુધારા તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૪૫.૭૬ અને ૪૮ દિવસની ૪૫.૮૦ તેમ જ ૨૦૦ દિવસની ૪૭.૯૮ છે. દૈનિક એમએસીડી સુધારા તરફી છે. અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડિક ધોરણે ન્યુટ્રલ તેમ જ માસિક ધોરણે ઓવરસોલ્ડ પોજીસન દર્શાવેં છે. ઉપરમાં ૫૨ ચાલતા ૬૧ મહત્ત્વની સપાટી ગણાય. નીચામાં ૪૫ સપોર્ટ ગણાય.

**યુનીયન બેંક (બંધ ભાવ રૂ.૧૨૮.૯૧ તા.૦૬-૧૨-૨૪)** ૧૦૬.૬૮નાં બોટમથી સુધારા તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૧૨૨.૫૦ અને ૪૮ દિવસની ૧૧૭.૫૫ તેમ જ ૨૦૦ દિવસની ૧૨૩.૧૦ છે. દૈનિક અને અઠવાડિક એમએસીડી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડિક ધોરણે ઓવરબોટ તેમ જ માસિક ધોરણ ન્યુટ્રલ તરફનીપોજીસન દર્શાવે છે. ઉપરમાં ૧૩૧ ઉપર ૧૩૭, ૧૪૪ સુધીની શક્યતા. નીચામાં ૧૨૪ નીચે ૧૨૨ સપોર્ટ ગણાય.

**બેંક નિફ્ટી ફ્યુચર (બંધ ૫૩૭૧૭.૮૫ તા.૦૬-૧૨-૨૪)** ૪૯૮૧૭.૩૦નાં બોટમથી સુધારા તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૫૨૪૪૮.૨૩ અને ૪૮ દિવસની ૫૧૯૪૦.૯૭ તેમ જ ૨૦૦ દિવસની ૫૦૨૯૮.૭૧ છે. દૈનિક એમએસીડી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડિક ધોરણે ઓવરબોટ તરફ તેમ જ માસિક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ તરફની પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૫૩૭૪૦, ૫૪૯૪૦, ૫૫૨૪૦ સુધીની શક્યતા. નીચામાં ૫૩૫૫૦ નીચે ૫૩૦૦૦, ૫૨૮૫૦ સપોર્ટ ગણાય.

**નિફ્ટી ફ્યુચર (બંધ ૨૪૭૮૩.૨૫ તા.૦૬-૧૨-૨૪)** ૨૩૨૭૭નાં બોટમથી સુધારા તરફી છે. હાલ ૧૨ દિવસની એવરેજ ૨૪૩૧૫.૯૫ અને ૪૮ દિવસની ૨૪૪૪૧.૩૩ તેમ જ ૨૦૦ દિવસની ૨૩૩૬૪.૭૩ છે. દૈનિક એમએસીડી સુધારા તરફી છે. અઠવાડિક એમએસીડી નરમાઈ તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડિક ધોરણે ન્યુટ્રલ તેમ જ માસિક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ પોજીસન દર્શાવે છે. ઉપરમાં ૨૪૮૪૦ ઉપર ૨૪૯૩૦ કુદાવે તો ૨૫૨૧૦, ૨૫૩૪૦, ૨૫૪૨૫ સુધીની શક્યતા. નીચામાં ૨૪૭૦૦ નીચે ૨૪૫૨૦, ૨૪૪૫૫, ૨૪૩૯૬ સપોર્ટ ગણાય.

# થાપાના રિપ્લેસમેન્ટના દરદીઓને વળતર માટે વધુ એક કમિટીની રચના

**એન્ટેના**
■ વિવેક મહેતા

કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે જ્હોનસન એન્ડ જ્હોનસન કંપનીએ બનાવેલા અને સમય જતાં ખામીપૂર્ણ હોવાનું સાબિત થયેલા કૃત્રિમ



થાપા બેસાડવાની શસ્ત્રક્રિયા કરાવનારા ૪૫૨૫ ભારતીયોનો વળતર અપાવવા માટે ડિસેમ્બર ૨૦૨૪માં એક કમિટીની રચના કરી છે. ૨૦૦૫ પછી થાપાના રિપ્લેસમેન્ટની સર્જરી કરાવનારા અને જેમણે જ્હોન્સન એન્ડ જ્હોન્સનના કૃત્રિમ થાપાનો ઉપયોગ કર્યો હતો તેમને થયેલા શારીરિક નુકસાન માટે આર્થિક વળતર અપાવવા માટે આ કમિટીની રચના કરવામાં આવી છે. કૃત્રિમ થાપા બેસાડ્યા પછી તેમાંથી કેટલાક કૃત્રિમ થાપા બેસાડનારના શરીરમાં જીવલેણ કેમિકલ્સ લીક થયા હતા. કેટલાકે તેને પરિણામે નવેસરથી સર્જરી કરાવવાની ફરજ પડી હતી. તેથી કંપની સામે કેસ થયો હતો. અમેરિકાની કોર્ટે પણ આ થાપા બેસડનારને વળતર આપવાનો ચૂકાદો આપ્યો હતો. વાસ્તવમાં કૃત્રિમ થાપા ડેપૂ ઈન્ટરનેશનલ નામની કંપનીએ બનાવ્યા હતા. હવે આ કંપની જ્હોનસન એન્ડ જ્હોનસન પ્રાઈવેટ લિમિટેડ તરીકે જાણીતી છે.

કૃત્રિમ થાપા શરીરમાં બેસાડનારાઓને કેટલું વળતર આપવું જોઈએ તે અંગે નિષ્ણાતોની પ્રસ્તુત સેન્ટ્રલ એક્સપર્ટ કમિટી નિર્ણય લેશે. આ કમિટીના વડા તરીકે આરએમએલ હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગના પ્રોફેસર ડૉ. અજય કુમાર શુક્લાને નિયુક્ત કરવામાં આવેલા છે. હિપ રિપ્લેસમેન્ટની સર્જરી કરાવીને જ્હોનસન એન્ડ જ્હોનસનના કૃત્રિમ થાપા બેસાડનારાઓએ આ કમિટીનો વળતર માટે સંપર્ક કરવાનો રહેશે. આ કમિટીને ઈ-મેઈલ મોકલીને કે પછી પત્રવ્યવહાર કરીને તેમની શસ્ત્રક્રિયાને લગતા પેપર્સ મોકલવાના રહેશે. રાજ્ય સરકારમાં તેમને પેપર્સ રજૂ કરી દેનારાઓએ નવેસરથી આ પ્રક્રિયા કરવાની જરૂર નથી. તેઓ રાજ્ય સરકારના ફૂડ એન્ડ ડ્રગ કમિશનરની કચેરીનો સંપર્ક કરીને વધારાની જાણકારી મેળવી શકે છે. દરેક રાજ્યના સ્તરેથી આ કમિટિમાં એક સભ્યને મૂકવામાં આવ્યા છે. સ્ટેટ લેવલની કમિટિના મેમ્બર સેક્રેટરીને નવી રચાયેલી સમિતિમાં સ્થાન આપવામાં આવેલું છે.

જ્હોનસન એન્ડ જ્હોનસનના થાપા બેસાડનારાઓને કેટલીક શારીરિક ખામીઓનો સામનો કરવો પડ્યો છે. કૃત્રિમ થાપું બેસાડનારાઓના શરીરમાં મેટલ આયર્નનું પ્રમાણ વધી ગયું હતું. થાપું બેસાડ્યા પછી આસપાસના સ્નાયુઓને ખાસ્સું નુકસાન થયું હતું. ગુજરાતના ફૂડ એન્ડ ડ્રગ કમિશનરની કચેરીને ગુજરાતના દરદીઓની યાદી પાંચથી સાત વર્ષ પહેલા આપવામાં આવી હતી. ગુજરાતના ફૂડ એન્ડ ડ્રગ કમિશનરની કચેરી તરફથી આ અંગે નક્કર પગલાં લેવામાં આવ્યા હોવાનું અને વળતર અપાવવા માટેની પ્રક્રિયા ગંભીરતાથી કરવામાં આવી હોવાનું જાણવા મળતું નથી.

### કમિટી બનાવતા રહીને વળતર અપાવવામાં વિલંબ કરાવવાનું સરકાર બંધ કરે

# FOB આયાતમાં પણ રિવર્સ ચાર્જ ન લાગે

**વેચાણવેરો**
■ સોહમ મશરુવાળા

GST કાયદા હેઠળ સરકાર દ્વારા આયાત કરતી વખતે IGST વેરો ઉપરાંત માલ પરિવાહનની સેવા ઉપર રિવર્સ ચાર્જ હેઠળ વેરો ભરવાની જોગવાઈ કરવામાં આવી હતી. આ વિષે નોટીફીકેશન નં ૧૦/૨૦૧૭-Integrated tax હેઠળ ક્રમાંક ૧૦ ઉપર એન્ટ્રી દાખલ કરી હતી. જેને ગુજરાત હાઈકોર્ટ દ્વારા મોહિત મિનરલ્સ પ્રા.લી. વિ યુ.ઓ.આઈ [૭૪ GSTR ૧૩૪ (Guj.)] ના કેસમાં ગેરબંધાર્ણીય ઠરાવી. વધુમાં ખાતા દ્વારા સૂપ્રિમ કોર્ટમાં આ ચૂકાદા સમક્ષ વાંધો ઉપાડ્યો અને સૂપ્રિમ કોર્ટ દ્વારા ખાતાની અરજી ફગાવી નાખી હતી. આમ જ્યારે CIF ધોરણ ઉપર માલ આયાત કરવામાં આવે તે સમયે રિવર્સ ચાર્જ માલ પરિવાહનની સેવા ઉપર ભરવાનો થતો નથી. જ્યારે માલ FOB ધોરણે આયાત કરવામાં આવે છે ત્યારે જે આયાતકાર છે તેના શિરે તમામ માલ પરિવાહનનો ખર્ચ હોય છે અને આયાત કરેલ માલના ભાવમાં તેનો સમાવેષ થતો નથી. આવા FOB કરારમાં પણ રિવર્સ ચાર્જ ભરવાનો થાય કે કેમ તે બાબતે ગુજરાત હાઈ કોર્ટ દ્વારા બિલેએ કોક પ્રા.લિ વિ. યુ.ઓ.આઈ. [SCA No. 19481/2023 તારીખ ૧૯.૯.૨૦૨૪] ના કેસમાં હકારાત્મક ઉમદા ચૂકાદો આપ્યો છે જેની આજના લેખમાં ચર્ચા કરવામાં આવી છે.

**કેસની હકીકત**

અરજદાર દ્વારા કૂકિંગ કોલની વિદેશથી FOB તથા CIF પ્રમાણે આયાત કરવામાં આવેલો. જે તે સમયે અરજદાર દ્વારા નોટીફીકેશન નં.૧૦/૨૦૧૭ - Integrated tax પ્રમાણે FOB તથા CIF પ્રમાણે કરેલ આયાત ઉપર રિવર્સ ચાર્જ હેઠળ જવાબદારી ચૂકવવામાં આવી હતી.



મોહિત મિનરલ્સના ચૂકાદા બાદ અરજદાર દ્વારા આ ભરેલા રિવર્સ ચાર્જની રકમનું રીફંડ માંગવામાં આવેલુ હતુ અને ચાર્ટર્ડ એકાઉન્ટ પ્રમાણપત્ર સાથે અરજી કરવામાં આવી હતી. ખાતા દ્વારા CIF ધોરણે આયાત કરેલા માલ ઉપર ભરેલા રિવર્સ ચાર્જનું રીફંડ આપી દીધુ અને FOB પ્રમાણે આયાત કરેલા માલનુ ના આપ્યા જેની સમક્ષ અપીલ કર્યા બાદ નકારાત્મક આદેશ પ્રાપ્ત થતા ગુજરાત હાઈકોર્ટમાં રીટ દાખલ કરવામાં આવી.

**અરજદારની રજૂઆત**

અરજદાર દ્વારા રજૂઆત કરવામાં આવી કે મોહિત મિનરલ્સના કેસમાં બન્ને પ્રકારના આયાત FOB તથા CIF બાબતે તકરાર હતી. જ્યારે કોઈ જોગવાઈને ધડમૂળથી રદ્દ કરવામાં આવે તો તેનુ સિલેક્ટીવ અમલ ન થઈ શકે.

**ગુજરાત હાઈકોર્ટનો ચૂકાદો**

ગુજરાત હાઈ કોર્ટ દ્વારા ખાસ નોંધવામાં આવ્યું કે CIF અથવા FOB કરાર હોવાથી કોઈ ફરક પડતો નથી કારણ કે બન્ને પ્રકારના આયાતમાં IGST કાયદાની કલમ ૫ (૧) મુજબ કસ્ટમ કાયદાની જોગવાઈ પ્રમાણે વેરો લાગે છે અને કસ્ટમ કાયદા હેઠળ આકારણી વખતે ફ્રેટ, વિમો બધો જ સમાવેશ થાય છે. આમ, અરજદાર તરફેણમાં ચૂકાદો આપ્યો.

# યુઝડ લ્યુબ્રીકેટિંગ ઓઈલ વિશે વિસ્તૃત જાણકારી

**ઔદ્યોગિક માર્ગદર્શન**
■ ધીરૂ પારેખ

ભારતમાં ઓટોમોબાઈલ્સ ક્ષેત્રે જાપનીસ અને કોરિયન કંપનીઓ સાથેના સંયુક્ત સાહસો ઘણી સારી રીતે કામ કરી રહ્યાં છે. જેમાં મારૂતી-સુઝુકી, હીરો-હોન્ડા, બીરલા-યામાહા વગેરેના દાખલા મોજુંદ છે. આજે ભારતમાં ઓટોમોબાઈલ્સ ઉધોગ ખૂબ જ પ્રમાણમાં વિસ્તરેલ છે. આ કારણોથી ઓટોમોબાઈલ્સમાં વપરાતા લ્યુબ ઓઈલનું માર્કટ પણ ખૂબ વધતું જઈ રહ્યું છે. આ પ્રકારના લ્યુબ ઓઈલો લગભગ ઈન્ટરનેશનલ કંપનીઓના જ વપરાય રહ્યાં છે. આ રીતે વપરાયેલા લ્યુબ ઓઈલનું પ્રમાણ પણ વધી રહ્યું છે. જે પાણી અને સોઈલ પોલ્યુસનનું પ્રમાણ વધારે છે. જેથી આ પ્રકારના યુઝ્ડ, વેસ્ટ લ્યુબ ઓઈલને ફરીથી ટ્રીટ કરી ઉપયોગમાં લઈ શકાય તો પોલ્યુસન તેમજ ફોરેન-એકચેઈન્જનો બચાવ થઈ શકે તેમ છે. સાથે વધતા જતા ઓઈલના વપરાશમાં થોડી રાહત થઈ શકે તેમ છે.

યુઝડ લ્યુબ્રીકેટિંહ ઓઈલ- વેસ્ટ-ટુ-વેલ્થ

**પ્રોસેસ :** મિકેનિકલ સેપ્રેશન, હીટિંગ ટ્રીટમેન્ટ, અને ડી-હાઈડ્રેશન, એસિડ ટ્રીટમેન્ટ એન્ડ ન્યૂટ્રેલાઈઝેશન, કલે ટ્રીટમેન્ટ, ફીલ્ટર ટ્રીટમેન્ટ, સેન્ટ્રીફ્યુઝેશન.

**મિકેનિકલ સેપ્રેશન :** આ પધ્ધતિમાં વપરાયેલા લ્યુબ ઓઈલને ફાઈન-મેચ-મેટલ- કલોથ સ્ક્રીનમાંથી પસાર કરવામાં આવે છે. જેથી ઈનસોલ્યુબલ ડર્ટ અને ફાઈબર જેવા પદાર્થ રીમૂવ થાય છે.

**હીટ ટ્રીટમેન્ટ અને ડી-હાઈડ્રેશન :** આ પધ્ધતિમાં સાફ થયેલા લ્યુબ ઓઈલને ૧૫૦ સે.ગ્રેડ તાપમાને ડી-હાઈડ્રેશન કરવામાં આવે છે. તયારબાદ આ લ્યુબ ઓઈલને ઠંડુ કરવામાં આવે છે. પછીથી આ લ્યુબ ઓઈલને એસિડ ટ્રીટમેન્ટ માટે મોકલવામાં આવે છે.

**એસિડ ટ્રીટમેન્ટ અને ન્યુટ્રેલાઈઝેશન :** આ પધ્ધતિમાં ડી-હાઈડ્રેશન થયેલા લ્યુબ ઓઈલને એજીટેટેડ વેસલ્સમાં ભરવામાં આવે છે. ત્યાં આ લ્યુબ ઓઈલને સંલફ્યુરિક એસિડ વડે ટ્રીટ કરવામાં આવે છે. જેથી આ લ્યુબ ઓઈલમાં રહેલ સ્લજ (કચરો) સેટલ થાય છે. જે કચરા ને રીમૂવકરી સાફ ઓઈલને બીજી ટેંકમાં લઈ જવામાં આવે છે. ત્યાં આ લ્યુબ ઓઈલને સોડિયમ કાર્બોનેટ વડે ન્યુટ્રલ કરવામાં આવે છે.



**કલે ટ્રીટમેન્ટ :** આ પધ્ધતિમાં લ્યુબ ઓઈલને કલે વડે ટ્રીટમેન્ટ માટે મોકલવામાં આવે છે. ત્યાં લ્યુબ ઓઈલમાં રહેલ બાકીના રજકણો છૂટા પડે છે.

**ફીલ્ટર ટ્રીટમેન્ટ:** આ પધ્ધતિમાં કલે વડે ટ્રીટ થયેલ લ્યુબ ઓઈલને ફીલ્ટર પ્રેસ વડે ફીલ્ટર કરવામાં આવે છે. જેથી યુઝડ લ્યુબ ઓઈલ ફરીથી વાપરી શકાય એ કન્ડીશનમાં ઉપલબ્ધ બને છે.

**એડિટીવ:** આ રીતે તૈયાર થયેલ લ્યુબ ઓઈલમાં અમૂક પ્રકારના એડિટીવ ઉમેરવામાં આવે છે. જેવા કે ડીટરજન્ટ, ડીસ્પર્સેન્ટ, કોરોઝીઓન, ઈનહેબીટર, એન્ટી-વેર જેવા એડિટીવ ઉમેરવામાં આવે છે. જેથી તૈયાર થયેલ લ્યુબ ઓઈલ વેચાણ માટે અનુકુળતા પ્રાપ્ત કરે છે.

**ધ ઈન્ડસ્ટ્રીઝ :** ધ લાઈસન્સ અન્ડર ધ ઈન્ડસ્ટ્રીઝ એક્ટ એન્ડ કલીયરન્સ ફોર્મ પોલ્યુસન કન્ટ્રોલ બોર્ડ એન્ડ એક્સાલોઝીવ ઓથોરિટીઝ જરૂરી બને છે.

**સાયોનારા**

**જે હતી ભ્રમણા બધી તૂટી ગઈ એક હાર પર, બસ હવે એથી વધુ લખવું નથી કંઈ પ્યાર પર**
**- ભાવેશા પટેલીયા**

# જમીન મહેસૂલ અધિનિયમ અંતર્ગત જમીનની વહેંચણીમાં નમૂના-૭માં હક્ક નોંધવા બાબત

**લોકાભિમુખ માર્ગદર્શન**
■ - એચ.એસ. પટેલ IAS (નિ.)

ગુજરાતમાં જમીન / મિલ્કતને નિયમન કરતો જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ મોટા ભાગે મૂળ સ્વરૂપે અમલમાં છે. જમીન સ્થાવર મિલ્કત કે અસ્કયામત સ્વરૂપે અગત્યનું શંશાધન ખેત ઉત્પાદનની દ્રષ્ટિએ / વિકાસની પ્રક્રિયામાં ઔદ્યોગિકરણ / વાણીજ્ય વિષયક કે તમામ પ્રકારની માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં મહત્વ ધરાવે છે. Land is important and valuable cadastral જમીન મહેસુલ અધિનિયમનો પાયાનો ઉદ્દેશ જમીન ઉપરનું મહેસુલ ઉઘરાવવા માટે અને રાજ્યનો વહિવટ કરવો (To Collect Revenue and Administrator State) તે સિધ્ધાંત ઉપર જમીન / મિલ્કત ઉપરનું નિયમનકારી ઠીયેનચ-િઅિ સીબરચહેજસ વ્યવસ્થાતંત્ર છે. જેમાં જમીનનું જીપિઅ ચહગ જીાાની-સીહા સૌથી પાયાનું મહત્વ ધરાવે છે. જમીનોનું સર્વે કરવામાં આવ્યું ત્યારે સત્તાપ્રકાર - જમીનની પ્રત જે તે સમયની જમીનદારી પધ્ધતિ વિગેરેને ધ્યાનમાં લઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ - ૧૧૬ અને ૧૧૭ અને જમીન મહેસુલ નિયમો - ૧૯૭૨નો નિયમ ૨૯(૧) અને ૨૯(૨)માં સર્વે નંબરની હદ નક્કી કરવી અને દુરસ્તી કરવાની જોગવાઈ કરવામાં આવી છે અને સર્વે નંબરની હદ નક્કી થયા બાદ જો કોઈ તકરાર થાય તો તે અંગે કલેક્ટરને નિર્ણય કરવાની સત્તાઓ આપવામાં આવી છે.

જમીનોની માપણી / હદો નક્કિ થયા બાદ સંબંધિત ગામના મહેસુલી રકબાને Division of Survey Numbersમાં વહેંચવામાં આવે છે અને કબજેદાર પ્રમાણે ગામનો કાયમી ખરડો એટલે કે ગામનો નમુનો નં-૧ તૈયાર કરવામાં આવે છે અને મૂળ સર્વે નંબરોના કબજા પ્રમાણે રેકર્ડ પ્રમાણિત જાહેર કરવામાં આવે છે. (Promulgate) હવે જે મૂળ સર્વે નંબરના ક્ષેત્રફળ હોય તેમાં સમયાંતરે વડીલોપાર્જીત ખેતીની જમીન હોય તેમાં ભાઈઓ ભાગે જમીનની વહેંચણી થતી હોય ઘણીવાર જમીન વેચવામાં આવે તો તે પણ સંયુક્ત કબજેદારમાં નામ હોય છે. પરંતુ અલગ ૭ નંબરનું પાનીયું અલગ કરવામાં આવતું નથી જેથી જ્યારે કોઈપણ ફેરફાર કરવો હોય કે સરકારની કોઈ યોજનાનો લાભ લેવો હોય ત્યારે તમામ કબજેદારની સંમતિની જરૂર પડે છે અને ઘણીવાર વાંધો લેવામાં આવે છે. આજ રીતે પ્રણાલીકાગત સ્વરૂપે એક જ કુટુંમ્બના ભાઈ/બહેન હોય તે આંતરિક વહેંચણી પ્રમાણે જમીન ખેડતા હોય અને વહેંચણી પ્રમાણે હદો પણ નક્કી કરવામાં આવી હોય પરંતુ રેવન્યુ રેકર્ડમાં ૭x૧૨ હવે ફક્ત ગામનો નમુનો નં.-૭ રાખવામાં આવે છે તેમાં કબજેદાર તરીકે તમામ વ્યક્તિઓના નામ ચાલતા હોય છે. ઘણીવાર સંયુક્ત કબજેદાર પૈકી કોઈપણ એક વ્યક્તિની તમામ કબજેદાર પૈકી કોઈપણ એક હિસ્સેદારની જમીન બિનખેતીમાં ફેરફાર કરવો હોય કે હેતુફેર કરવો હોય તો પણ તમામની સંમતિની જરૂર પડે છે. એટલે કે સહકબજેદારી / હિસ્સેદાર સબંધિત સર્વે નંબરમાં સંયુક્ત માલીકીપણું હોવા છતાં અલગ ૭ નંબર ન હોવાના કારણે મુસ્કેલીઓ અનુભવાય છે. ઘણીવાર મૂળ ખેતીની જમીનનો સર્વેનંબર સીટીસર્વેમાં ભળી ગયેલ હોય અને બાકીની જમીનો સીટીસર્વેમાં સમાવિષ્ટ થાય ત્યારે પણ ખેતીની જમીન અને રેવન્યુ રેકર્ડ અને સીટીસર્વે રેકર્ડમાં વિસંગતતા જોવા મળે છે.

### જમીનોની વહેંચણી / હિસ્સા માટે અલગ-નમૂના નં.-૭ માટે સરકારની ઉક્ત જોગવાઈઓનું અમલીકરણ જરૂરી

ઉક્ત ગ્રાઉન્ડ જમીની હકિકતને ધ્યાનમાં લેતાં અમારા દ્વારા સરકારમાં લોકોને અને ખાસ કરીને ખેડુત ખાતેદારોને મુશ્કેલી પડતી હોવાનું ધ્યાને મુકતાં સૌ પ્રથમ સરકાર દ્વારા ૨૦૧૬માં વડીલોપાર્જીત ખેતીની જમીનમાં કૌટુંમ્બિક વહેંચણી / નામ કમી કરવું / નામ દાખલ કરવું / પુનઃ વહેંચણી કરવી. વિગેરે બાબતનો સંકલિત ઠરાવ મહેસુલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ અને આ કાર્યપધ્ધતિ કરવામાં કોઈ રજીસ્ટર્ડ દસ્તાવેજ કરવાની જરૂરિયાત નથી ફક્ત રૂ. ૩૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર તમામ કબજેદારોની સંમતિના આધારે વહેંચણી થઈ શકે / નામ દાખલ થઈ શકે તેમજ કમી થઈ શકે તેવી જોગવાઈ કરી છે. કમનસીબે મહેસુલી તંત્રના અધિકારીઓ સાચા ખેડુત ખાતેદારોને આ પરિપત્રની જોગવાઈઓ પ્રમાણે ઈધરા કેન્દ્રમાં આ જોગવાઈઓની જાણકારી આપતા નથી. જેથી સંખ્યાબંધ Genuine વડીલોપાર્જીત ખેતીની જમીન ધરાવતા કૌટુંબિક ભાઈઓ વચ્ચે વગડે (સ્થળ ઉપર) જમીનની વહેંચણી મુજબ ખેડતા હોવા છતાં અલગ ૭ નંબર નથી થતા. આ કાર્યપધ્ધતિ કરવામાં ટુંકડા ધારાનો પણ ભંગ ગણવો ન જોઈએ કારણ કે સ્થળે જમીન અલગ રીતે ખેડે છે.

આ જેમ કૌટુંમ્બિક વહેંચણીની જોગવાઈ કરાવી તેમ સરકારને અમોએ જમીનની વહેંચણી/પૈકી વેચાણ/પૈકી હેતુફેરના હુકમ અને મોટા સર્વે નંબરની જમીન પૈકી સરકારી જમીન ગ્રાન્ટ કરી હોય તો અલગ પાનીયા નમુના નં.-૭ના કરવાની રજુઆતો કરતાં સરકારે તા. ૭/૮/૨૦ના મહેસુલ વિભાગનો પરિપત્ર ક્રમાંક - સીટીએસ/૧૩૨૦૨૦/૧૯૧/હ અન્વયે માર્ગદર્શક સુચનાઓ આપેલ છે કે જેમ ૨૦૧૬ના પરિપત્ર મુજબ ભાઈઓ ભાગે વહેંચણી થઈ હોય કે વેચાણ થયેલ હોય તો તે મુજબ ઈ-ધરા કેન્દ્રમાં તે મુજબ નોંધ પાડી પ્રમાણિત કરવાની છે. પરંતુ તે



સમયે નમુના નં.-૭માં મૂળ સ્વરૂપે તમામ કબજેદારો સાથે રાખવાનો છે. પરંતુ સબંધિત કબજેદારો દ્વારા / વેચાણ લેનારાઓએ સૌ-પ્રથમ વહેંચણી થયેલ હિસ્સા પ્રમાણે નમુના નં.-૭માં જે નોંધ થયેલ હોય તેના હક્ક હિસ્સા પ્રમાણે નોંધના આધારે ડીઆઈએલઆર કચેરીમાં માપણી કરાવી હદ અને ક્ષેત્રફળ નક્કી કરાવવાનું છે અને ત્યાર બાદ ડીઆઈએલઆર દ્વારા માપણી કરીને સીધી ઈ-ધરા કેન્દ્રમાં નોંધ કરાવવાની છે અને પ્રમાણિત કરવાની છે અને ઈ-ધરાના નાયબ મામલતદારે ડીઆઈએલઆરની નોંધ પ્રમાણે અલગ સ્ટાન્ડર્ડ ફોરમેટ પ્રમાણે અલગ નમુના નં.-૭નું પાનીયું અલગ કરવાનું છે. આજ પધ્ધતિ જમીન બિનખેતીમાં ફેરવાય અને જમીન પૈકીના ક્ષેત્રફળનું વેચાણ થાય કે હેતુફેર થાય ત્યારે આજ પધ્ધતિ અનુસરવાની છે જેથી લોકોને જમીન / મિલ્કત ખરીદાયા પછી અલગ નમુના નં.-૭ના પાનીયા બનતા નથી તે પ્રશ્નનો ઉલેક આવે તે માટે અમલીકરણ કરવું જરૂરી છે. હવે જ્યારે કોઈ સર્વેનંબરની સરકારી જમીન પૈકીની જમીન ગ્રાન્ટ કરવામાં આવે તો તે પ્રસંગે કલેક્ટરના જમીન ગ્રાન્ટના હુકમ મુજબ માપણી કરી. કે જે.પી. (કમીજાસ્તી પત્રક) તૈયારી કરી દુરસ્તી કરવાની છે અને તેની પણ ઓનલાઈન નોંધ કરી અલગ નમુના નં.-૭નું પાનીયું અલગ કરવાનું છે. જ્યારે જમીનની માપણી કબજેદાર દ્વારા કરવામાં આવે ત્યારે હિસ્સા ફોર્મ નં.-૪, ભૌતિક કબજા પ્રમાણે કરવામાં આવે છે. પરંતુ ડીઆઈએલઆર દ્વારા નમુના નં.-૧૨ તૈયાર કરી પ્રમાણિત કરવામાં ન આવે ત્યાં સુધી ક્ષેત્રફળ કબજેદારનું માન્ય ગણાતું નથી. એટલે તમામ કબજેદારોએ માપણી બાદ નમુના નં.-૧૨નો પ્રમાણભુત ક્ષેત્રફળ તરીકે આગ્રહ રાખવો અને ડીઆઈએલઆર દ્વારા તે મુજબ હિસ્સાની નોંધ કરી અલગ ૭ નંબર આપવાનો છે. જે વિસ્તારો સીટી સર્વેમાં આવ્યા હોય તેનું રેકર્ડ સીટીસર્વે દ્વારા નિભાવવાનું છે અને સીટીસર્વે સિવાયના ખેતીના નંબરો અલગ રીતે નમુના નં.-૭ નિભાવવાનો છે. ઉક્ત બંન્ને જોગવાઈઓ જમીન / મિલ્કતના કબજેદારો માટે ખુબ જ ઉપયોગી છે. પરંતુ મહેસુલી અધિકારીઓ લોકાભિમુખ વહિવટમાં વિશ્વસનીયતા પ્રસ્થાપિત કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

## વિદેશી રોકાણકારોની ફરીથી ડેટ માર્કેટમાં એન્ટ્રી




વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ સતત બે મહિનાના ચોખ્ખા વેચાણ પછી ડિસેમ્બરમાં સ્થાનિક ડેટ માર્કેટમાં પુનઃ ખરીદી શરૂ કરી હતી. જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં યુએસ ટ્રેઝરી યીલ્ડ સ્થિર રહેવાના કારણે વિદેશી રોકાણકારોએ ડેટ માર્કેટમાં ફરી એન્ટ્રી કરી છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ડિસેમ્બરમાં અત્યાર સુધીમાં ફુલ એક્સેસેબલ રૂટ હેઠળ રૂ. ૭,૯૦૮ કરોડની સરકારી સિક્યોરિટીઝ ખરીદી છે. વિદેશી રોકાણકારો ઓક્ટોબર અને નવેમ્બરમાં ચોખ્ખા વેચાણકર્તા હતા. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત પછી, બોન્ડ ઉપજમાં વધારો અને ડોલરની મજબૂતીને કારણે, વિદેશી રોકાણકારોએ તેમનું રોકાણ ઘટાડ્યું અને અમેરિકન શેરબજારમાં નાણાંનું રોકાણ કરવાનું શરૂ કર્યું હતું. ભારતીય બોન્ડ્સ જાન્યુઆરીથી બ્લૂમબર્ગ ઈન્ડેક્સમાં સામેલ થશે અને તેની અસર બજારમાં પહેલેથી જ દેખાઈ રહી છે. એકંદરે, ફેબ્રુઆરીમાં સ્થાનિક બજારમાં રેટ કટની અપેક્ષા છે, જે આવતા વર્ષથી રોકાણને વેગ આપશે તેવી અપેક્ષા છે.

## સરકારી બેંકો વીમા લક્ષ્યાંકને હાંસલ કરવામાં પાછળ



સરકાર સામાન્ય નાગરિકોને વીમા સુરક્ષા પ્રદાન કરવા માટે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના પર સંપૂર્ણ ભાર મૂકી રહી છે. પરંતુ આંકડાઓ અનુસાર, સામાજીક સુરક્ષા સંબંધિત આ બે મહત્વની યોજનાઓના લક્ષ્યાંકોને હાંસલ કરવામાં સાર્વજનિક ક્ષેત્રની બેંકો ઘણી પાછળ રહી ગઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રાપ્ત ડેટા અનુસાર, આ વર્ષે ઓક્ટોબર સુધી, જાહેર ક્ષેત્રની બેંકોએ સુરક્ષા વીમા યોજના માટે નિર્ધારિત ૬.૪ કરોડના કુલ નોંધણી લક્ષ્યના માત્ર ૪૦ ટકા જ હાંસલ કરી હતી. જીવન જ્યોતિ વીમા યોજના માટે સરકારનો લક્ષ્યાંક ૪.૧ કરોડ નોંધણીનો છે પરંતુ માત્ર ૩૦ ટકા નોંધણી થઈ છે. આ વીમા યોજના હેઠળ, બેંક અથવા પોસ્ટ ઓફિસ ખાતું ધરાવતી ૧૮-૭૦ વર્ષની વયની વ્યક્તિને મૃત્યુ અથવા અપંગતાના કિસ્સામાં વીમા કવરેજ આપવામાં આવે છે.

# GSTમાં કોમન ક્રેડીટ અને વેરાશાખ પરના કેટલાક નિયંત્રણોની વિસ્તૃત માહિતી

**આ**મ તો જીએસટી કર પ્રણાલી હેઠળ વેરા શાખ પૂર્ણ અને ઈન્સ્ટન્ટ છે પરંતુ સરકાર દ્વારા તેમાં કેટલીક શરતો રાખવામાં આવેલ છે અને અમુક નિયંત્રણો લાદવામાં આવેલ છે. આજે આપણે કેટલાક અગત્યના નિયમો જોઈએ.

કોમન ક્રેડીટ અને નિયમ ૪૨ નું મહત્વ જોઈએ તો એવું કહી શકાય કે મોટાભાગના ઉત્પાદકોના કિસ્સામાં સપ્લાય (વેચાણ) બાજુએ વેરાપાત્ર અને વેરામાફી, એમ મિક્સ પ્રકારના ધંધાકીય વ્યવહારો થતા હોય છે. જ્યારે ખરીદી સમયે કાચા માલ, પ્રોસેસિંગ મટીરીયલ અને સ્ટોર્સની અથવા સેવાની ભેગી એટલે કે કોમન ખરીદી કરવામાં આવે છે. હવે તે ખરીદી પૈકી એવું પણ બને કે તેમાંથી કેટલીક સેવાઓ અથવા માલ માફી માલ અથવા ધંધા સિવાયના હેતુઓ માટે કે અંગત હેતુઓ માટે વપરાયેલ હોય તેથી જ્યારે ITC આપવાની થાય ત્યારે જે માલ અથવા સેવા વેરાપાત્ર આઉટવર્ડ સપ્લાયમાં વપરાયેલ હોય તેના પ્રમાણમાં આપવાની થાય. વધુમાં જ્યારે ઈનપુટ ગુડઝ કે ઈનપુટ સર્વિસ પૈકી કયા ગુડ્સ અથવા સેવા વેરાપાત્ર સપ્લાયમાં વપરાયેલ છે તે નક્કી કરવાનું અથવા તો આઈડેન્ટીફાય કરવાનું અઘરું હોય તેવા સમયે કોમન ક્રેડિટ કાઢીને ત્યારબાદ વેરાપાત્ર અને માફી માલના સપ્લાયનો રેશિયો ગણીને તે મુજબ વેરા શાખ લેવામાં અથવા તો મંજૂર કરવામાં આવે છે. GST ના નિયમોમાં તેનું સૂત્ર આપવામાં આવેલ છે.

**વેરાશાખ રિવર્સ કરવવી :** જેટલા પ્રમાણમાં વેરાપાત્ર સપ્લાયમાં ઈનપુટ ગુડઝ કે ઈનપુટ સેવાઓ વપરાયેલ હોય તે સિવાય એટલે કે માફી માલમાં, નોન બિઝનેસ હેતુમાં, વગેરે કારણસર જો જરુર પડે તો વેરાશાખ રિવર્સ કરવાની થાય.

રિવર્સ એટલા માટે કરવાની થાય કારણ કે વેપારી જ્યારે ખરીદી કરે ત્યારે નક્કી નથી હોતું કે આ ખરીદીનો કેટલો વપરાશ વેરાપાત્ર માલના સપ્લાયમાં થશે કે વેરામાફી માલ/સેવાના સપ્લાયમાં. ઉપરાંત ITC ફૂલ અને ઈન્સ્ટન્ટ છે. વેપારી જે મહિનામાં ખરીદે તરત તેને આઈટીસી મળી જાય છે પછી ભલે તે માલ/સેવા (શક્યતા ઓછી છે) કન્ઝ્યુમ થયા હોય કે ના થયા હોય.

દાખલા તરીકે એક અખબાર/સમાચાર પત્ર કાગળ અને શાહીની ખરીદી કરે છે અને પછી સમાચાર પત્ર, જે માફી માલ છે તેનું વેચાણ કરે છે. સાથે સાથે જાહેરાત માટે સ્પેસ ભાડે આપે છે જે વેરાપાત્ર સેવાનો સપ્લાય છે. તેવા કેસોમાં કાગળ/શાહીની કઈ ખરીદી સમાચાર પત્રમાં વપરાઈ કે જાહેરાતોમાં વપરાઈ તે જુદું પાડવું મુશ્કેલ થાય. તેવી જ રીતે બેન્કિંગ સેક્ટરમાં મોટાભાગની ખરીદી ઓફિસ સ્ટેશનરીની હોય છે. સામે જે સેવાનો સપ્લાય થાય છે તેમાં કેટલીક સેવાઓ વેરાપાત્ર અને કેટલીક સેવાઓ વેરા માફી હોય છે ત્યારે આવા કેસોમાં કોમન ક્રેડિટનો સિદ્ધાંત લગાવવાનો થાય છે.

**નિયમ ૪૩ :** મોટાભાગના ઉત્પાદકોના કિસ્સામાં સપ્લાય (વેચાણ) બાજુએ વેરાપાત્ર અને વેરામાફી, એમ મિક્સ પ્રકારના ધંધાકીય વ્યવહારો હોય છે. જ્યારે ખરીદી સમયે મશીનરી વગેરેની એટલે કે કેપિટલ ગુડ્ઝની ભેગી એટલે કે કોમન ખરીદી કરવામાં આવે છે. હવે તે કેપિટલ ગુડ્ઝનીની પૈકી એવું પણ બને કે તેમાંથી કેટલીક મશીનરી માફી માલ અથવા ધંધા સિવાયના હેતુઓ માટે કે અંગત હેતુઓ માટે વપરાયેલ હોય તેથી જ્યારે ITC આપવાની થાય ત્યારે જે માલ અથવા સેવા વેરાપાત્ર આઉટવર્ડ સપ્લાયમાં વપરાયેલ હોય તેના પ્રમાણમાં આપવાની થાય. વધુમાં જ્યારે ઈનપુટ ગુડઝ કે ઈનપુટ સર્વિસ પૈકી કયા ગુડ્સ અથવા સેવા વેરાપાત્ર સપ્લાયમાં વપરાયેલ છે તે નક્કી કરવાનું અથવા તો આઈડેન્ટીફાય કરવાનું અઘરું હોય તેવા સમયે કોમન ક્રેડિટ કાઢીને ત્યારબાદ વેરાપાત્ર અને માફી માલના સપ્લાયનો રેશિયો ગણીને તે મુજબ વેરા શાખ લેવામાં અથવા તો મંજૂર કરવામાં આવે છે. GST ના નિયમોમાં તેનું સૂત્ર

**GSTનું Ato Z**

**હર્ષ કિશોર**

આપવામાં આવેલ છે.

કેપિટલ ગુડ્ઝની ભેગી એટલે કે કોમન ખરીદી કરવામાં આવે છે. હવે તે કેપિટલ




ગુડ્ઝનીની ખરીદી પૈકી એવું પણ બને કે તેમાંથી કેટલીક મશીનરી માફી માલ અથવા ધંધા સિવાયના હેતુઓ માટે કે અંગત હેતુઓ માટે વપરાયેલ હોય તેથી જ્યારે ITC આપવાની થાય ત્યારે જે માલ અથવા સેવા વેરાપાત્ર આઉટવર્ડ સપ્લાયમાં વપરાયેલ હોય તેના પ્રમાણમાં આપવાની થાય. વધુમાં જ્યારે ઈનપુટ ગુડઝ કે ઈનપુટ સર્વિસ પૈકી કયા ગુડ્ઝ અથવા સેવા વેરાપાત્ર સપ્લાયમાં વપરાયેલ છે તે નક્કી કરવાનું અથવા તો આઈડેન્ટીફાય કરવાનું અઘરું હોય તેવા સમયે કોમન ક્રેડિટ કાઢીને ત્યારબાદ વેરાપાત્ર અને માફી માલના સપ્લાયનો રેશિયો ગણીને તે મુજબ વેરા શાખ લેવામાં અથવા તો મંજૂર કરવામાં આવે છે. GST ના નિયમોમાં તેનું સૂત્ર આપવામાં આવેલ છે.

### મોટાભાગના ઉત્પાદકોના કિસ્સામાં સપ્લાય (વેચાણ) બાજુએ વેરાપાત્ર અને વેરામાફી, એમ મિક્સ પ્રકારના ધંધાકીય વ્યવહારો હોય છે

કેપિટલ ગુડ્ઝના કિસ્સામાં એક શરત એવી પણ છે કે જે મશીનરી આ હેડ હેઠળ

### કેપિટલ ગુડ્ઝના કિસ્સામાં એક શરત એવી પણ છે કે જે મશીનરી આ હેડ હેઠળ ખરીદેલ હોય તે સતત ૬૦ મહિના સુધી વપરાશમાં રહેવી જોઈએ

ખરીદેલ હોય તે સતત ૬૦ મહિના સુધી વપરાશમાં રહેવી જોઈએ. અધવચ્ચેથી જો વેચાઈ જાય તો એટલા પ્રમાણમાં આઈટીસી રિવર્સ કરવાની થાય. દા.ત. એક મશીન ૩ વર્ષ વાપર્યા બાદ વેચવામાં આવે તો ૬૦ માસ પૈકી બાકી રહેતા ૨૪ માસ એટલે કે ૮ ત્રિમાસ (અપૂર્ણ તો તેને પૂર્ણ ત્રિમાસ ગણીને) માટે દર ત્રિમાસે ૫% લેખે કુલ ૪૦% જેટલી ITC રિવર્સ કરવાની થાય. બીજું કે આવી મશીનરી જ્યારે કેપિટલાઈસ કરવામાં આવે ત્યારે જો વેરાની રકમ સાથે કરેલ હોય અને આવક વેરાના કાયદા હેઠળ તેનું ઘસારો (depreciation) લીધેલ હોય તો આઈટીસી મળવાપાત્ર થતી નથી.

**નિયમ ૮૬-એ :** જીએસટીના અધિકારીને જો એમ લાગે કે સપ્લાયર ધંધાના સ્થળે મળી આવતા ના હોય સપ્લાય દ્વારા tax invoice/debit note થકી ઉઘરાવેલ વેરો સરકારમાં ભરેલ ન હોય, રિસિપીયંટ ધંધાના સ્થળે મળી આવતા ના હોય અથવા રિસિપીયંટ પાસે tax invoice કે debit note ન હોય તેવા કેસમાં તે લેખિતમાં કારણો નોંધીને વેરા શાખના પ્રમાણમાં તે ડેબિટ ન કરવાનું ફરમાવી શકશે.

**અગત્યના ચુકાદા અને કોર્ટના અવલોકનો :** ૧. નામદાર ગુજરાત હાઈકોર્ટનો SCA 17202 of 2021 નો ન્યુનલ બંધ ટ્રેડર્સનો તા 23.2.2022 નો નિયમ 86A-ITC block અંગેનો ચુકાદો આ કેસમાં વેપારીશ્રીએ મેસર્સ અનમોલ એન્ટરપ્રાઈઝ પાસેથી ડિસેમ્બર ૨૦ થી માર્ચ ૨૧ વચ્ચે સ્ક્રેપની ખરીદી કરેલ હતી. સપ્લાયર દ્વારા તેઓશ્રીને tax invoice, કાંટા ચિઠ્ઠી, ઈ-વે બીલ વગેરે દસ્તાવેજો સહિત માલ પૂરો પાડેલ હતો. ડિપાર્ટમેન્ટની તપાસ દરમિયાન ધ્યાને આવેલ કે મે. અનમોલ એન્ટરપ્રાઈઝ નામના વેપારી ધંધાના સ્થળે મળી આવતા નથી. તેથી ખાતાના અધિકારીએ વેરાની સુરક્ષા માટે રુ ૯૭ લાખ જેટલી વેરા શાખ બ્લોક કરી દીધેલ હતી. નામદાર ગુજરાત હાઈકોર્ટે વેપારીની તરફેણમાં ચુકાદો આપેલ અને નોંધેલ કે,

"Any administrative power having quasi-judicial shades, which brings civil consequences for a person against whom it is exercised, must answer the test of reasonableness. It would mean that the power must be exercised fairly and reasonably by following the principles of natural justice."

૨. Assistat Commissioner of State Tax vs SUNCRAFT Energy Pvt Ltd & Ors. 2023 TAXSCAN (SC) 335 - Buyers are not liable for the mismatch or discrepancies in the Goods and Services Tax Return (GSTR) 2A and GSTR 3B due to the default of the seller.

૨. નામદાર સુપ્રીમ કોર્ટનો એક અગત્યનો ચુકાદો તારીખ ૦૩.૧૦.૨૦૨૪ ના રોજ આવેલ છે. કેસ છે ચીફ કમિશનર ઓફ સીજીએસટી વિરુદ્ધ સફારી રીટ્રીટસ પ્રાઈવેટ લિમિટેડ (Civil Appeal No. 2948 of 2023.) નામદાર ઓડીશા હાઈકોર્ટની રીટ પીટીશન (C) ક્ર: ૨૦૪૬૩ ઓફ ૨૦૧૮ ના તા. ૧૭.૪ ૨૦૧૯ ના ચુકાદા સામે સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટમાં પીટીશન કરાઈ હતી. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસમાં જીએસટીની કલમ 17(5) (સી) અને (ડી) મુજબ સ્થાવર મિલકતના કિસ્સામાં જે ITC મળવાપાત્ર થતી નથી તે અંગે વિસ્તૃત છણાવટ કરવામાં આવેલ છે. કોર્ટે આ પેટા કલમોની કાયદેસરતાને બહાલી આપેલ છે. કોર્ટે જણાવ્યા મુજબ GST ની કલમ 17(5) (સી) અને (ડી) દ્વારા બંધારણના અનુ. ૧૪નો કોઈ ભંગ થતો નથી. કેસની સુનાવણી દરમ્યાન સરકાર તરફથી જણાવાયું હતું કે વેરાશાખ વેપારીને મૂળભૂત અધિકાર કે બંધારણીય અધિકાર નથી. કોર્ટે પણ પેરા ૫૮ માં સ્પષ્ટ કહેલ છે અને જણાવેલ છે કે,

"The right of ITC is conferred only by the Statute; unless there is a statutory provision, ITC cannot be enforced. It is a creation of a Statute, and thus, no one can claim ITC as a matter of right unless it is expressly provided in the statute. It cannot be disputed that the legislature can always carve out exception to the entitlement of ITC under Section 16 of the CGST Act."

## દક્ષિણમાં વાવાઝોડાના પગલે કોફીના પાકને ફટકો

દેશમાં ચા તથા કોફી બજાર અને ઉદ્યોગક્ષેત્રે સમીકરણો બદલાતા જોવા મળ્યા છે. કોફી બજારમાંથી તાજેતરમાં મળેલા સમાચાર મુજબ ભાવમાં ખાસ્સી તેજી આવી છે. ભારતમાં જો કે દેશવ્યાપી ધોરણે પરંપરાગત પીણા તરીકે ચાનો વપરાશ વધુ થતો આવ્યો છે અને કોફીનો વપરાશ વિશેષરૂપે દક્ષિણના રાજ્યો પુરતો સિમિત રહ્યો છે. જો કે તાજેતરના વર્ષોમાં ખાસ કરીને મેટ્રો શહેરો તથા નાના નગરોમાં વિશેષરૂપે યુવા વર્ગમાં કોફીનો વપરાશ ઝડપથી વધતો જોવા મળ્યો છે દેશમાં કોપીનું ઉત્પાદન પણ દક્ષિણ ભારતમાં કેન્દ્રીત રહ્યું છે તથા કોફીનો વપરાશ પણ દક્ષિણ ભારતમાં વિશેષ થતો રહ્યો છે. દરમિયાન, કર્ણાટકથી તાજેતરમાં મળેલા સમાચાર મુજબ ત્યાં જથ્થાબંધ કોફી બજારમાં અરેબીકા પર્ચમેન્ટ પ્રીમિયમ કોફીના ભાવ વધી ૫૦ કિલોની ગુણીના રૂ.૨૦ હજાર સુધી ટ્રેડ થતા જોવા મળ્યા હતા. વિશ્વ બજારમાં તાજેતરમાં કોફીના ભાવમાં રેકોર્ડબ્રેક તેજી આવ્યાના સમાચાર મળ્યા હતા અને તેના છાંટા ભારતના કોફી બજાર પર પણ ઉડ્યા હતા. આ ઉપરાંત દક્ષિણ ભારતમાં તાજેતરમાં વાવાઝોડાના પગલે વ્યાપક વરસાદ પડતાં કર્ણાટકમાં કોડાગુ, ચીકમગલુર, હાસન, શેવાશેપ વિ. વિસ્તારોમાં કોફીના પાક પર તથા ખાસ કરીને કોફીની ગુણવત્તા પર

**ઊભી બજારે**

**દિલીપ શાહ**

અસરપડવાની ભીતિ ત્યાંના કોફી બજારના જાણકારો બતાવી રહ્યા હતા. ત્યાં હવામાનની પ્રતિકૂળતા વચ્ચે અરેબીકા કોફીની કાપણી (હાર્વેસ્ટીંગ)માં પણ ૩થી ૪ સપ્તાહનો વિલંબ થયો છે. અરેબીકા પર્ચમેન્ટ કોફીના ભાવ વધી ૫૦ કિલોના રૂ.૧૯૫૦૦થી ૨૦૦૦૦ તથા અરેબીકા ચેરી કોફીના ભાવ વધી રૂ.૧૧૫૦૦ થી ૧૨૦૦૦ આસપાસ તાજેતરમાં બોલાયાના સમાચાર મળ્યા હતા.

દક્ષિણ ભારતમાં અરેબીકા ઉપરાંત રોબસ્ટા કોફીનું ઉત્પાદન પણ થાય છે. આવી રોબસ્ટા પર્ચમેન્ટ કોફીના ભાવ મથકોએ ૫૦ કિલોદીઠ રૂ.૧૯૦૦૦થી ૧૯૫૦૦ તથા રોબસ્ટા ચેરી કોફીના ભાવ રૂ.૧૧૨૦૦થી ૧૧૫૦૦ તાજેતરમાંનોંધાયા હતા. ભાવ રેકોર્ડ ટોચે પહોંચ્યા છે. કોફી પ્રોસેસરોના મત મુજબ



ફન્ડામેન્ટલ જોતાં ક્રોપ-લોસ તો થયો જ છે અને ઉંચા ભાવ સહેલાઈથી નીચા આવે એવી શક્યતા જણાતી નથી. જો કે ભાવ રેકોર્ડ ટોચે પહોંચ્યા છે. કોફી પ્રોસેસરોના મત મુજબ ફન્ટામેન્ટલ જોતાં ક્રોપ-લોસ તો થયો જ છે અને ઉંચા ભાવ સહેલાઈથી નીચા આવે એવી શક્યતા જણાતી નથી. જો કે ભાવ રેકોર્ડ ઉંચા બોલાતાં નવી માગમાં પણ હાલ સાવચેતી જોવા મળી છે. કોફીનું હાવેસ્ટીગ-કાપણી (કોફી બીન્સને કોફીના છોડ પરથી ઉતારવાની પ્રક્રિયા) તાજેતરમાં શરૂ થઈ છે તે વખતે જ વરસાદ શરૂ થતાં કોફી ઉત્પાદકો વિમાસણમાં મુકાયા હતા. વરસાદ તથા

### વિશ્વ બજારમાં તેજીએ પચાસ વર્ષનો રેકોર્ડ તોડ્યો: બ્રાઝીલ તથા વિયેતનામમાં શોર્ટ સપ્લાયથી વૈશ્વિક ભાવ ઉછળ્યા

વાદળીયા હવામાનના કારણે નવામાલની સુકવણીમાં પણ વિલંબ થતો જોવા મળ્યો છે.

વૈશ્વિક સ્તરે કોફીના ભાવમાંરેકોર્ડ તેજી આવતાં 'દરિયાપારના બાયર્સ ભારતની કોફીમાં રસ બતાવતા થયા છે પરંતુ ભારતના બજારોમાં કોફીનો પુરવઠો અપેક્ષા કરતાં ઓછો આવી રહ્યો છે. આવી સ્થિતિમાં કોફી નિકાસકારો વૈશ્વિક બાયર્સને ભાવ તથા જથ્થો કેટલો ઓફર કરવો એ વિશે મુંઝવણ અનુભવતા જોવા મળ્યા છે. આ હેઠળ વિશ્વ બજારમાં ભારતની કોફીનું વેંચાણ વધારવાના પ્રયત્નો પણ હાથ ધરવામાં આવ્યા છે. વિશ્વ બજારમાં તાજેતરમાં કોફીના ભાવ ઉછળતાં છેલ્લા ૫૦ વર્ષનો રેકોર્ડ તૂટયાના સમાચાર મળ્યા હતા. બ્રાઝીલ અને વિયેતનામમાં પ્રતિકૂળ હવામાનના પગલે કોફી ઉત્પાદનને અસર પડતાં વિશ્વ બજાર ઉછળતી જોવા મળી હતી. બ્રાઝીલમાં અરેબીકા કોફી તથા વિયેતનામમાં રોબસ્ટા કોફી વિશેષરૂપે પાકે છે અને આ બે દેશોમાં તાજેતરમાં શોર્ટ સપ્લાયની સ્થિતિ જોવા મળી હતી.

## એરાઉન્ડ ધ માર્કેટ

### રશિયન કંપનીઓ ભારતમાં ઉત્પાદન સુવિધાઓ સ્થાપવા આતુર

'મેક ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ રશિયન કંપનીઓ ભારતમાં ઉત્પાદન



સુવિધાઓ સ્થાપિત કરવા આતુર છે કારણ કે ભારતમાં રોકાણ કરવું નફાકારક છે તેમ રશિયન સરકારના સૂત્રોએ જણાવ્યું હતું. આયાત અવેજી કાર્યક્રમ હેઠળ, રશિયન બજારમાંથી બહાર નીકળી ગયેલી પશ્ચિમી બ્રાન્ડ્સને બદલવા માટે નવી રશિયન બ્રાન્ડ્સ ઉભરી આવી છે. સ્થાનિક ઉત્પાદકોએ ઉપભોક્તા ઉત્પાદનો, માહિતી તકનીક, ઉચ્ચ તકનીક અને કૃષિ ક્ષેત્રોમાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. ભારત અને રશિયાએ આ વર્ષે જુલાઈમાં દ્વિપક્ષીય વેપારને ૨૦૩૦ સુધીમાં ૧૦૦ અબજ ડોલરથી વધુ સુધી લઈ જવા માટે સંમતિ દર્શાવી હતી. તેમનો દ્વિપક્ષીય વેપાર ૨૦૨૨-૨૩માં ૪૯.૪ બિલિયન ડોલરથી વધીને ૨૦૨૩-૨૪માં ૬૫.૪૨ બિલિયન ડોલર થયો હતો. જોકે, ક્રૂડ ઓઈલની આયાતમાં વધારાને કારણે વેપાર ખાધ રશિયાની તરફેણમાં છે.

### નાની સાઈઝના ડિજિટલ પેમેન્ટ સરળ બનશે

ભારતીય રિઝર્વ બેંકે યુપીઆઈ લાઈટ પર પ્રતિ ટ્રાન્ઝેક્શન અને વોલેટ



મર્યાદામાં વધારો કર્યો છે. રિઝર્વ બેંકે યુપીઆઈ લાઈટની મર્યાદા વધારીને રૂ. ૧,૦૦૦ કરી છે જ્યારે વોલેટની મર્યાદા વધારીને રૂ. ૫,૦૦૦ કરી છે. અગાઉ, યુપીઆઈ લાઈટ દ્વારા ટ્રાન્ઝેક્શન મર્યાદા ૫૦૦ રૂપિયા અને વૉલેટની મર્યાદા ૨,૦૦૦ રૂપિયા હતી. બેન્કિંગ રેગ્યુલેટરે ઓછી કિંમતની ડિજિટલ પેમેન્ટ્સના ઑફલાઈન મોડ માટેના ડ્રાફ્ટમાં સુધારો કર્યો છે. યુપીઆઈ લાઈટ યુપીઆઈ પિન વિના ઓછા મૂલ્યના વ્યવહારોને મંજૂરી આપે છે.

# ભારતમાં ડેટાના માલિકો તેમજ AI કંપનીઓ વચ્ચે કાનૂની લડતના મંડાણ

**ભા**રત સહિત વિશ્વભરમાં આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના સ્વીકારમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે, જેને કારણે કામ કરવાની પદ્ધતિ તથા માહિતી મેળવવાના સમયમાં પણ પ્રગતિ જોવા મળી છે. એઆઈ ટેકનોલોજી મારફત વિવિધ ટેક કંપનીઓ દ્વારા તૈયાર કરાતા ટૂલ્સ અને સોલ્યુશન્સ વપરાશકારોને ડેટા મેળવવામાં વ્યાપક રીતે ઉપયોગી થઈ રહ્યા છે, પરંતુ એઆઈને તાલીમ પૂરી પાડવા વપરાતા ડેટાને મુદ્દે ટેક કંપનીઓ અને ડેટાના માલિકો વચ્ચે કાનૂની જંગ પણ શરૂ થયાનું જોવા મળી રહ્યું છે. એઆઈ કંપનીઓ દ્વારા વાપરવામાં આવતા ડેટા પર ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસના મુદ્દે અમેરિકા, કેનેડા તથા યુકે સહિતના કેટલાક દેશોમાં કાનૂની જંગ અગાઉથી જ છેડાયા છે ત્યારે હવે ભારતમાં પણ ડેટાના માલિકો અને એઆઈ કંપનીઓ વચ્ચે કાનૂની લડતના મંડાણ થઈ ચૂકયા છે. પોતાના ડેટા (સામગ્રી) વાપરવા બદલ સમાચાર સંસ્થા એશિયન ન્યુઝ ઈન્ટરનેશનલ(એએનઆઈ) દ્વારા એઆઈ કંપની ઓપનએઆઈ સામે કેસ કરાયો છે.

વપરાશકારોને સંતોષકારક પરિણામો પૂરા પાડવા ટૂલ્સ અથવા સોલ્યુશન્સમાં લાર્જ લેન્ગવેજ મોડેલ (એલએલએમ)ને તાલીમ આપવા ડેટાના જંગી વોલ્યુમની આવશ્યકતા રહે છે. ચેટજીપીટી જેવા ચેટબોટસમાં વપરાશકારોના પ્રશ્નો અથવા પ્રોમ્પ્ટને પ્રતિસાદ આપવાનો રહે છે.

**AI કોર્નર**

વપરાશકારને ડેટા પૂરા પાડવા ટેક્સ્ટ અને ડેટા માઈનિંગ પ્રક્રિયા મારફત ડેટા મેળવવાના રહે છે જે પ્રાપ્ત કરવા સિસ્ટમેટિક કોપિંગ અને એનાલિસિસ જેવી કામગીરી સંકળાયેલી છે. આ કામગીરીમાં કોપીરાઈટનો ભંગ થતો હોય છે કે કેમ તેવા મુદ્દા ઉપસ્થિત થઈ રહ્યા છે.

પોતાના આર્ટિકલ્સ, વિશિષ્ટ નિવેદનો અને મુલાકાતોનો સંગ્રહ જે છેલ્લા પાંચ દાયકામાં ઊભો કરાયો છે તેનો ઉપયોગ કરી ઓપનએઆઈએ ભારતમાં કોપીરાઈટ કાયદાનો ભંગ કર્યો હોવાનો એએનઆઈ દ્વારા પોતાની ફરિયાદમાં આક્ષેપ કરાયો હોવાનું પ્રાપ્ત અહેવાલોમાં જણાવાયું હતું. આ સામગ્રીઓના માલિક તરીકે એએનઆઈ કોપીરાઈટ ધારા હેઠળ તેના પર વિશિષ્ટ હકો ધરાવે છે. એઆઈ મોડેલ્સને તાલીમ આપવા અને વપરાશકારોને તેમના સવાલોનો પ્રતિસાદ આપવાની કામગીરીમાં કોપીરાઈટનો ભંગ થયો ગણાય કે કેમ તે હવે કેસમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

માત્ર ભારતમાં જ નહીં પરંતુ કેનેડામાં પણ મોટા મીડિયા જુથોએ ઓપનએઆઈ સામે કોર્ટમાં કેસ કરી અબજો ડોલરના દાવા કર્યા હોવાના અહેવાલો આવ્યા છે. લોકપ્રિય એઆઈ મોડેલ ચેટજીપીટીને તાલીમ



આપવા પરવાનગી વગર પોતાની સામગ્રીઓનો ઉપયોગ કરાયો હોવાનો મીડિયા જુથો દ્વારા આક્ષેપ કરાયો છે. કેનેડાના જાણીતા મીડિયા જુથો જેમ કે ગ્લોબ એન્ડ મેઈલ, ધ કેનેડિયન પ્રેસ, સીબીસી વગેરે દ્વારા આ ફરિયાદ કરવામાં આવી છે. પોતાની સામગ્રીનો ઉપયોગ કરી ઓપનએઆઈએ જંગી નફો કર્યા હોવાનો પણ ફરિયાદમાં દાવો કરાયો હોવાનું અહેવાલમાં જણાવાયું હતું. પોતાની કામગીરીના ગેરકાયદે ઉપયોગથી ઓપનએઆઈને વિશ્વની એક મૂલ્યવાન ટેક કંપની બનવામાં સફળતા મળી હોવાનો પણ ફરિયાદમાં દાવો કરાયો છે. આ બાબતે પોતે વિશ્વની અનેક સમાચાર સંસ્થાઓ સાથે ચર્ચા કરી રહી છે અને સાથે મળી કામ કરી શકાય તેવા માર્ગની શોધમાં છે એવું નિવેદન ઓપનએઆઈ તરફથી આવી પડયું છે.

ભારતની વાત કરીએ તો એઆઈ તથા તેના વપરાશ પર નિયમન માટે હાલમાં અહીં કોઈ ચોક્કસ કાયદો નથી. આ હકીકતને ધ્યાનમાં રાખતા એઆઈ ટેકનોલોજીસના ઉપયોગ, વિકાસ તથા લાગુ કરવાની કામગીરી પર નિયમન માટે ખાસ ધોરણો અને પદ્ધતિઓ વિકસાવવાની આવશ્યકતા ઊભી થઈ હોવાનું આ કેસ ો પરથી કહી શકાય એમ છે. નવી ટેકનોલોજી સામેના કેસો હાલમાં પ્રારંભિક તબક્કામાં છે અને અગાઉ આવા પ્રકારના કેસ કોર્ટમાં ચકાસાયા નથી ત્યારે આગળ જતા ટેક કંપનીઓની આ નવી એઆઈ ટેકનોલોજી અને અન્યો ખાસ કરીને મીડિયા જુથો વચ્ચે મોટી કાનૂની લડત જોવા મળવાની સંભાવના નકારાતી નથી.

### સંગ્રહ કરેલી માહિતીઓના એઆઈ દ્વારા વપરાશ સામે દેશ-વિદેશમાં કાયદાકીય જંગ શરૂ થઈ ગયો છે

### દેશમાંથી કુલ કૃષિ નિકાસમાં જોવાયેલી ધીમી પીછેહઠ

# નાણાવર્ષના પ્રથમ છ મહિનામાં બાસમતીની નિકાસ વધી જ્યારે અન્ય ચોખાની નિકાસમાં ઘટાડો

દેશમાંથી થતી વિવિધ કૃષી ચીજોની નિકાસ ક્ષેત્રે પ્રવાહો પલટાતા જોવા મળ્યા છે. વર્તમાન નાણાં વર્ષનો આરંભ એપ્રિલ મહિનાથી થયો છે તથા એપ્રિલ મહિનાથી ગણાતાં નાણા વર્ષના પ્રથમ છ મહિનાના ગાળામાં દેશમાંથી વિવિધ કૃષી ચીજોની કુલ નિકાસમાં ધીમી પીછેહઠ દેખાઈ હોવાનું આ ક્ષેત્રના જાણકારોએ જણાવ્યું હતું. આ છ મહિનાના ગાળામાં વિવિધ કૃષી ચીજોની કુલ નિકાસમાં આશરે અડધા ટકાની પીછેહઠ જોવા મળી છે. આ છ મહિનાના ગાળામાં કૃષી નિકાસ ૧૨ અબજ ૧૩ કરોડ ડોલર જેટલી થઈ છે. જે પાછલા વર્ષે આ ગાળામાં ૧૨ અબજ ૧૯ કરોડ ડોલરની નોંધાઈ હતી એવું કૃષી તજજ્ઞોએ જણાવ્યું હતું. આ વર્ષે છ માસિક ગાળામાં મુખ્યત્વે નોન બાસમતી ચોખાની નિકાસમાં પીછેહઠના પગલે આવી સ્થિતિ જોવા મળી હોવાનું તજજ્ઞો જણાવી રહ્યા હતા. એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફુડ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી એપેડાના સૂત્રોના જણાવ્યા મુજબ નોન-બાસમતી ચોખાની નિકાસમાં થયેલી પીછેહઠના પગલે આ વર્ષના છ માસિક ગાળામાં વિવિધ અનાજની કુલ નિકાસમાં આશરે ૮થી ૯ ટકાનો ઘટાડો નોંધાયો છે.




આ ગાળામાં અનાજની કુલ નિકાસ ૮થી ૯ ટકા ઘટી આવશે. ૫ અબજ ૨૨ કરોડ ડોલરની થઈ છે જે પાછલા વર્ષે આ ગાળામાં ૫ અબજ ૬૯ કરોડ ડોલરની નોંધાઈ હતી.

દરમિયાન, દેશમાંથી બાસમતી દરિયાપારની નિકાસ આ વર્ષે આ ગાળામાં આશરે ૧૦થી ૧૧ ટકા જેટલી વધી છે. આ ગાળામાં બાસમતીની નિકાસ વધી ૨ અબજ ૮૭ કરોડ ડોલર થઈ છે જે પાછલા વર્ષે આ ગાળામાં ૨ અબજ ૫૯ કરોડ ડોલર જેટલી નોંધાઈ હતી. વોલ્યુમના સંદર્ભમાં ગણીએ તો બાસમતી ચોખાની નિકાસ આ વર્ષે આ ગાળામાં આશરે ૧૭થી ૧૮ ટકા વધી ૨૭થી ૨૮ લાખ ટન જેટલી થઈ છે. જો કે આ ગાળામાં બાસમતી સિવાયના ચોખાની નોન- બાસમતી

**કોમોડિટી કરંટ**

ચોખાની નિકાસ આ ગાળામાં આશરે ૧૬થી ૧૭ ટકા ઘટી ૨ અબજ ૨૫ કરોડ ડોલર થઈ છે જે પાછલા વર્ષે આ ગાળામાં ૨ અબજ ૭૦ કરોડ ડોલર જેટલી થઈ હતી.

બાસમતી સિવાયના ચોખાની નિકાસ પર સરકાર દ્વારા લાદવામાં આવેલા વિવિધ અંકુશના કારણે આ વર્ષે આ ગાળામાં બાસમતી સિવાયના ચોખાની નિકાસમાં ખાસ્સી પીછેહઠ જોવા મળી છે. જો કે

### ઘઉં તથા મકાઈની નિકાસમાં ઘટાડો : ફ્રેશ ફ્રૂટસ તથા ફ્રેશ શાકભાજીની નિકાસમાં પણ પીછેહઠ જ્યારે પ્રોસેસ્ડ ચીજોની નિકાસમાં થયેલી વૃદ્ધિ

સપ્ટેમ્બર પછીના ગાળામાં હવે આવી નિકાસ ફરી વધતી દેખાઈ હોવાનું અનાજ બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, નોન- બાસમતી ચોખાની નિકાસનું વોલ્યુમ ૪૬થી ૪૭ ટકા ઘટી ૪૬થી ૪૭ લાખ ટન આ વર્ષે ઉપરોક્ત ગાળામાં સપ્ટેમ્બર અંત સુધી નોંધાયું છે. ગયા વર્ષે આ ગાળામાં નિકાસનો આ આંકડો ૬૮થી ૬૯ લાખ ટન નોંધાયો હતો. આ વર્ષે આ ગાળામાં નોન-બાસમતી ચોખા ઉપરાંત ઘઉં તથા મકાઈની નિકાસમાં પણ પીછેહઠ જોવા મળી હતી.

દરમિયાન ડેરી ઉત્પાદનોના નિકાસ આ વર્ષે ઉપરોક્ત ગાળામાં આશરે ૩૩થી ૩૪ ટકા વધી ૨૯૦૦ લાખ ડોલર આસપાસ થઈ છે. જો પાછલા વર્ષે આ ગાળામાં ૨૧૭૦ લાખ ડોલર આસપાસ નોંધાઈ હતી. વોલ્યુમના સંદર્ભમાં આવી નિકાસ આ વર્ષે આ ગાળામાં ૮૦ હજાર ૩૦૦થી ૪૦૦ ટનથી વધી ૯૦ હજાર ૨૦૦થી ૩૦૦ ટન જેટલી થયાના વાવડ મળ્યા હતા. દરમિયાન, પ્રોસેસ્ડ ફુડ તથા વિવિધ શાક ભાજીની વનિકાસ આ વર્ષે આ ગાળામાં કઠોળ સહિત ત્રણના આશરે ૧૧થી ૧૨ ટકા વધી ૧ અબજ ૧૯ કરોડ ડોલર થઈ છે જે પાછલા વર્ષે આ ગાળામાં ૧ અબજ ૭ કરોડ ડોલર જેટલી થઈ હતી. કઠોળ નિકાસ આ વર્ષે આ ગાળામાં આશરે ૭થી ૮ ટકા વધી ૩૪૯૦ લાખ ડોલર થઈ છે.

# સ્પર્ધાથી સફળતા સુધી

## ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલી કેટલીક પરીક્ષાલક્ષી અગત્યની વિગતો

આપણે જેમ જેમ વિકાસ અને પ્રગતિ કરતા જઈએ છીએ તેમ તેમ આપણો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો ભુલાઈ ના જાય તે માટે સતત પ્રયત્નો કરવા જ રહ્યા. સાંસ્કૃતિક વારસાની ચિંતા, એ વન ટાઈમ ચિંતા ન હોઈ શકે તે સતત ચાલતી પ્રક્રિયા છે.

વર્ષ ૧૯૬૧થી સાંસ્કૃતિક બાબતોનો સમાવેશ વૈજ્ઞાનિક સંશોધન અને સાંસ્કૃતિક બાબતોના મંત્રાલય હેઠળ કરવામાં આવ્યો હતો. જોકે વર્ષ ૨૦૦૬થી આ બાબતોનો સમાવેશ ભારતના સાંસ્કૃતિક મંત્રાલય અંતર્ગત કરવામાં આવ્યો છે. સાંસ્કૃતિક મંત્રાલયની સંલગ્ન સંસ્થાઓ સંગીત નાટક અકાદમી, સાહિત્ય કલા અકાદમી, લલિતકલા અકાદમી, નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા, રાષ્ટ્રીય સંગ્રહાલય સંસ્થાન, વિક્ટોરિયા મેમોરીયલ હોલ, ગાંધી સ્મૃતિ અને દર્શન સમિતિ, વગેરે છે. એવી જ રીતે રાજ્ય કક્ષાએ ૧૯૮૧માં સ્થપાયેલ ગુજરાત સાહિત્ય અકાદમી પણ કાર્યરત છે. આ અકાદમી રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર હસ્તક કામ કરે છે. આ સંસ્થા, ગુજરાતી ઉપરાંત હિન્દી, સંસ્કૃત, કચ્છી, સિંધી અને ઉર્દુ ભાષાના સાહિત્યને પણ પ્રોત્સાહન આપે છે.

ભારતના સાંસ્કૃતિક વારસાના જતન અને દેશમાં થતી વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું સંકલન કરવા માટે વર્ષ ૨૦૦૬થી ભારતના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા તમામ જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે. આપણે ભવ્ય ભૂતકાળને જાળવીને ભવિષ્યને પ્રેરિત કરવું રહ્યું. અહી આપણે સરકાર પક્ષે રચવામાં આવેલ કાયદા અને કરવામાં પ્રયાસોની વિગતો પરીક્ષાની દ્રષ્ટીએ ટૂંકમાં જોઈએ. કેટલાક કાયદા અને વિદ્વાનોના પ્રયાસોને કારણે જ આજે આપણે સિંધુ (હડપ્પા) સંસ્કૃતિની વિશેષ બાબતો, લોથલ અને ધોળાવીરા જેવા સ્થળો તેમજ અન્ય અનેક સમૃદ્ધ પ્રાચીન સંસ્કૃતિઓ, જૂનાગઢમાં ગિરનાર પર્વતની તળેટીમાં આવેલો સમ્રાટ અશોકનો શિલાલેખ, બેટ દ્વારકા, બૌદ્ધ અને જૈન ધર્મની ગુફાઓ તેમજ અન્ય બાબતો વિષે જાણી શક્યા છીએ.



**૧. સાર્વજનિક અભિલેખ અધિનિયમ, ૧૯૯૩:** સાંસ્કૃતિક વિભાગ દ્વારા સરકારના સાર્વજનિક અભિલેખોના સંરક્ષણ માટે આ અધિનિયમ લાગુ કરવામાં આવ્યો છે. દર ૨૫ વર્ષે ભારતીય રાષ્ટ્રીય પૂરાતત્વવિદની સલાહ પ્રમાણે મૂલ્યાંકન કરી મહત્વપૂર્ણ દસ્તાવેજોનું સંરક્ષણ કરવામાં આવે છે. મંત્રાલય કે સરકાર સંબંધિત વિભાગ પોતાનું રેકોર્ડ તૈયાર કરે છે અને પોતાના અધિકારીઓમાંથી કોઈ એક અભિલેખ અધિકારી અને પોતાના કોઈ કાર્યાલયને અભિલેખ કક્ષના રૂપમાં દર્શાવે છે. કેન્દ્ર સરકાર કોઈ મંત્રાલય કે સરકાર સંબંધિત કોઈપણ વિભાગના દસ્તાવેજ, ફાઈલ, પાંડુલિપિ, માઈક્રો ફિલ્મ, છબી કે અન્ય કોઈ રૂપે ઉપલબ્ધ દસ્તાવેજ સાર્વજનિક અભિલેખ અધિનિયમની મર્યાદાને અધિન રહે છે.

**૨. પ્રાચીન વસ્તુ અને બહુમૂલ્ય કલાકૃતિ અધિનિયમ, ૧૯૭૨:** આ અધિનિયમ ભારતીય પ્રાચીન વસ્તુઓની નિકાસ અને દાણચોરી તેમજ કપટપૂર્વકની લેવડદેવડને રોકવા માટેનો એક પ્રયાસ છે. આ અધિનિયમ એવી અસ્થાયી સાંસ્કૃતિક વસ્તુ કે જેમાં પ્રાચીન વસ્તુઓનો સમાવેશ થતો હોય તેના નિયંત્રણ માટે લાગુ કરવામાં આવ્યો છે. પ્રાચીન વસ્તુઓ અંતર્ગત સિક્કાઓ, શિલ્પ, ચિત્રો, પુરા લેખો, હસ્તપ્રત કે દસ્તાવેજ ઐતિહાસિક મહત્વની વસ્તુઓ કે જે ઓછામાં ઓછા ૭૫ વર્ષથી અસ્તિત્વમાં તેનો સમાવેશ થાય છે. કોઈ વ્યક્તિએ આવી પ્રાચીન વસ્તુઓની લે-વેચ કરવા માટે કેન્દ્ર સરકાર પાસેથી લાયસન્સ પ્રાપ્ત કરવું પડે છે. જો કોઈ વ્યક્તિ લાયસન્સ વગર કોઈ કળાનો ખજાનો કે પ્રાચીન વસ્તુઓની નિકાસ કરતાં પકડાય તો તેને છ મહિનાથી ત્રણ વર્ષ સુધીની સજા તથા નાણાકીય દંડ થઈ શકે છે.

**અન્ય કેટલીક અગત્યની સંસ્થાઓ :**

**૧. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) :** આ સંસ્થાની સ્થાપના વર્ષ ૧૮૬૧માં એલેકઝાન્ડર કનિંગહામ દ્વારા થયેલ. મુખ્ય મથક નવી દિલ્હી ખાતે આવેલ છે. કાર્ય જોઈએ તો પ્રાચીન સ્મારક અને પુરાતત્વીય સ્થળોની જાળવણી કરવી. ભારતીય પ્રાચીન વસ્તુઓની દેશમાંથી ગેરકાયદેસર રીતે થતી નિકાસ રોકવી. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ પાસે હાલ ૩૬૫૦ જેટલા સ્મારકો અને સ્થળોની જાળવણી કરવાનું કામ છે. દાખલા તરીકે તાજમહેલ ઉપરાંત ગુજરાતના પોરબંદરમાં આવેલ મહાત્મા ગાંધીની જન્મભૂમિ જે કીર્તિ મંદિર તરીકે જાણીતી છે તે એએસઆઈ હસ્તક છે. આજની તારીખે દેશમાં ASIના કુલ ૩૪ circles અને ૩ mini circles કામ કરે છે. તે પૈકી ગુજરાતમાં રાજકોટ અને વડોદરા ખાતે એમ કુલ circles આવેલ છે.

> **દર ૨૫ વર્ષે ભારતીય રાષ્ટ્રીય પૂરાતત્વવિદની સલાહ પ્રમાણે મૂલ્યાંકન કરી મહત્વપૂર્ણ દસ્તાવેજોનું સંરક્ષણ કરવામાં આવે છે**

પુરાતત્વ ખાતાની કાયદાકિય જોગવાઈઓ અને નિયમો મુજબ કોઈપણ સામાન્ય વ્યક્તિ કે ખાનગી એજન્સી ભારત સરકારની પૂર્વ મંજૂરી વગર કોઈપણ સ્થળે ખાણ કામમાં ખોદકામ કરી શકતા નથી. પ્રાચીન સ્થળોની ૧૦૦ મીટરની રેડિયસમાં નવું બાંધકામ કરી શકાતું નથી. દાખલા તરીકે આપણે સીદી સૈયદની જાળીની એકદમ નજીકમાં નવું કોઈ કાયમી બાંધકામ ન કરી શકીએ. જુના બાંધકામમાં ફેરફાર કરવા કે તોડીને નવું બનાવવા માટે પણ સંબંધિત સત્તાવાળાઓની મંજૂરી લેવાની થાય છે.

**તાજા સમાચાર : ભારત સરકાર તરફથી મળ્યો GI ટેગ :** ભારત સરકારના કાપડ મંત્રાલયના હેન્ડલૂમ્સ ડેવલપમેન્ટ કમિશનર દ્વારા નવી દિલ્હી ખાતે આયોજિત 'જીઆઈ એન્ડ બિયોન્ડ-વિરાસત સે વિકાસ તક' કાર્યક્રમ દરમિયાન ગુજરાતના ગૌરવ સમાન ''ઘરચોળા હસ્તકલા''ને પ્રતિષ્ઠિત જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન (GI) ટેગ એનાયત કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્ય પોતાની વૈવિધ્યસભર અને ઉત્કૃષ્ટ હસ્તકલા માટે વિશ્વ પ્રખ્યાત છે. ગુજરાત રાજ્યને અત્યાર સુધીમાં કુલ ૨૬ GI ટેગ પ્રાપ્ત થયા છે, જેમાંથી ૨૨ GI ટેગ એકલા હસ્તકલા ક્ષેત્ર માટે મળ્યા છે. ત્યારે હવે ભારત સરકારે ગુજરાતની વધુ એક સાંસ્કૃતિક હસ્તકલા વિરાસત 'ઘરચોળા'ને GI ટેગ આપ્યો છે. આ સાથે ગુજરાતને મળેલા કુલ GI ટેગની સંખ્યા ૨૭ પર પહોંચી ગઈ છે, જ્યારે હસ્તકલા ક્ષેત્રે આ ૨૩મો GI ટેગ મળ્યો છે. ગુજરાતના ઘરચોળા હિંદુ અને જૈન સમાજમાં લગ્ન જેવા માંગલિક પ્રસંગોએ પહેરવામાં આવે છે. પરંપરાગત રીતે ઘરચોળા લાલ અથવા મરૂન અને લીલા અથવા પીળા જેવા રંગોમાં બનાવવામાં આવતા હતા, જેને હિંદુ પરંપરામાં શુભ રંગો માનવામાં આવે છે.

**ઘરચોળા વિશ્વ કક્ષાએ ચમકશે :** ઘરચોળા માટે GIની માન્યતા, પોતાના કલા વારસાને સુરક્ષિત રાખવાના ગુજરાતના સમર્પણને પ્રતિબિંબિત કરે છે. આ GI ટેગ ગુજરાતની ઘરચોળા હસ્તકલાના સમૃદ્ધ વારસા અને જટિલ કારીગરીને વ્યાખ્યાયિત કરે છે અને તેનાથી ઘરચોળા કલાના અનન્ય સાંસ્કૃતિક ખજાનાનું સ્થાન વૈશ્વિક ફલક પર મજબૂત થશે.

GI ટેગ માત્ર હસ્તકલાની પ્રામાણિકતા અને વિશિષ્ટતાને જ રેખાંકિત નથી કરતું, પરંતુ વૈશ્વિક સ્તરે તેનો પ્રચાર કરવા માટે એક મૂલ્યવાન માર્કેટિંગ સાધન પણ પૂરું પાડે છે. જીઆઈ ટેગ ગ્રાહકોને સંબંધિત પ્રોડક્ટના મૂળની ખાતરી આપે છે અને તેમને વિશ્વાસ અપાવે છે કે તેઓ અસ્સલ અને જિલ્લા-વિશિષ્ટ હસ્તકલા ખરીદી રહ્યા છે. તે સ્થાનિક કારીગરોની કુશળતા અને પરંપરાઓને મૂર્તિમંત કરે છે.

**હસ્તકલા સેતુ યોજના :** ઘરચોળા સાડી ઉપરાંત, હસ્તકલા સેતુ યોજના અંતર્ગત ગત વર્ષે સુરતની લુપ્ત થતી કલા 'સાડેલી', બનાસકાંઠાની 'સુફ' એમ્બ્રોઈડરી, ભરૂચ જિલ્લાની 'સુજની' હસ્તકલા તેમજ અમદાવાદની 'સૌદાગીરી પ્રિન્ટ' અને 'માતાની પછેડી' હસ્તકલાને GI ટેગ્સ આપવામાં આવ્યા છે.

## STI વિશેષ: વર્તમાન પ્રવાહો

૧. ભારતનું પ્રથમ અનાજ એટીએમ ક્યા રાજ્યમાં શરૂ કરવામાં આવેલ છે? ઓરિસ્સા. ગુજરાતમાં ભાવનગર.
૨. ભારત સાથે અન્ય ક્યા દેશે લોથલમાં એનએમએચસી સાથે અહીં ઈતિહાસની જાળવણી માટે હાથ મિલાવ્યા છે? વિયેત્તનામ
૩. તાજેતરમાં ક્યા રાજ્યની સરકારે ''મુખ્યમંત્રી મૈયા સન્માન યોજના'' શરૂ કરેલ છે? ઝારખંડ
૪. ક્યા ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરને દક્ષિણ આફ્રિકાની SA20 લીગના એમ્બેસેડર તરીકે જાહેર કરવામાં આવ્યા છે? દિનેશ કાર્તિક
૫. અસ્ત્ર મિસાઈલ કયા પ્રકારની મિસાઈલ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે? એર ટુ એર મિસાઈલ
૬. ભારતમાં સૌપ્રથમ ડિઝાસ્ટર રિસ્ક ટ્રાન્સફર પેરામેટ્રીક ઈન્સ્યોરન્સ સોલ્યુશન લાગુ કરનાર રાજ્યનું નામ જણાવો. નાગાલેન્ડ
૭. ભારતીય સેનાએ તાજેતરમાં લદ્દાખમાં કઈ કવાયત હાથ ધરી હતી? પર્વતપ્રહાર
૮. ભારતના ક્યા રાજ્ય દ્વારા NITI આયોગ જેવા GRIT ની સ્થાપના કરવામાં આવેલ છે? ગુજરાત
૯. ભારતની સૌપ્રથમ સ્વદેશી ડેન્ગ્યુની રસી ડેંગિયલ વિકસાવનાર ફાર્માસ્યુટિકલ કંપનીનું શું નામ છે? પેનાકિયા બાયોટેક
૧૦. ગુજરાતના ગિફ્ટ સિટીમાં જીવન વીમા કંપની તરીકે કામગીરી કરનાર સૌપ્રથમ ભારતીય વીમા કંપની કઈ? ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ
૧૧. ભારતની કઈ સંસ્થાએ તાજેતરમાં અબુધાબી ખાતે પોતાનું પ્રથમ આંતરરાષ્ટ્રીય કેમ્પસ શરૂ કર્યું છે? આઈઆઈટી દિલ્હી
૧૨ પશ્ચિમ બંગાળની વિધાનસભા દ્વારા તાજેતરમાં પસાર કરાયેલ બળાત્કાર વિરોધી બીલનું નામ શું છે? અપરાજિતા
૧૩. તાજેતરમાં ભારતે ક્યા દેશ સાથે સબમરીન રેસ્ક્યુ ઓપરેશન પરના એક કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે? દક્ષિણ આફ્રિકા
૧૪. નેશનલ રાયફલ એસોસિએશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ કોણ છે? કલિકેશ નારાયણસિંહ દેવ
૧૫. ભારતના ક્યા રાજ્યમાં પ્રથમ સિલિકોન કાર્બાઈડ ઉત્પાદન સુવિધા સ્થાપવામાં આવશે? ઓરિસ્સા
૧૬. ક્યું રાજ્ય સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪નું આયોજન કરી રહ્યું છે? ઉત્તર પ્રદેશ
૧૭. તાજેતરમાં ક્યો દેશ ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સનો ૧૦૧મો સભ્ય બનેલ છે? નેપાળ
૧૮. ભારત અને અમેરિકાની સંયુક્ત લશ્કરી કવાયત્ત ''યુદ્ધ અભ્યાસ''ની ૨૦મી આવૃત્તિ ક્યાં યોજાઈ હતી? બીકાનેર
૧૯. તાજેતરમાં ક્યા રાજ્ય દ્વારા પાંચ નવી POCSO ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરવામાં નિર્ણય લેવામાં આવેલ છે? પશ્ચિમ બંગાળ
૨૦. ૨૦૨૪માં બ્રિક્સના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોના સંમેલનનું આયોજન કઈ જગ્યાએ થયેલ હતું ? સેન્ટ પીટર્સબર્ગ, રશિયા
૨૧. તાજેતરમાં ક્યા દેશે ભારતને ૨૯૭ પ્રાચીન વસ્તુઓ પરત કરેલ છે ? અમેરિકા
૨૨. કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ ક્યા દેશમાં આયોજિત થવાની છે? સ્કોટલેન્ડ
૨૩. કઈ ફૂડ ડિલિવરી એપ્લિકેશને ભારતનું પ્રથમ ઝિરો-કમિશન મોડલ લોન્ચ કર્યુ છે અને તે ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ ઉપર લાઈવ કરવામાં આવેલ છે ? - Waayu
૨૪. ભારત અને અન્ય કયા દેશે ખાંડની સબસીડી અંગે વિશ્વ વેપાર સંગઠનના વેપાર વિવાદનો ઉકેલ લાવેલ છે? બ્રાઝિલ - Sugar Bowl of the Word.
૨૫. અંદમાન અને નિકોબાર ટાપુઓમાં આવેલ પોર્ટ બ્લેયરને ક્યું નવું નામ આપવામાં આવેલ છે ? શ્રી વિજયપુરમ્. આ સ્થળ એક સમયે ચોલા સામ્રાજ્યનું નૌકાદળ હતું અને નેતાજી સુભાષચંદ્ર બોઝે પ્રથમ તિરંગો લહેરાવ્યો હતો.
૨૬. વિશ્વમાં સૌ પ્રથમ વખત વોટર (Water) ક્રેડિટ મેળવનાર મહાપાલિકા એટલે કઈ? જૂનાગઢ. જૂનાગઢની મહાનગરપાલિકા વોટર ક્રેડિટ મેળવનાર વિશ્વની પ્રથમ સરકારી સંસ્થા બની છે. યુનિવર્સલ કાર્બન રજીસ્ટર નામની સંસ્થા દ્વારા જૂનાગઢ મનપાને વોટર ક્રેડિટ આપવામાં આવી છે. જૂનાગઢ મહાનગરપાલિકાએ હસનાપુર ડેમના પાણીનો ઉત્તમ ઉપયોગ કરીને મોટું ઉદાહરણ પૂરું પાડ્યું છે. હસનાપુર ડેમમાં જૂનાગઢ મનપાના ૪૦ ટકા વિસ્તારમાં પાણી પૂરું પાડવામાં આવે છે.

## GSTની પાયાની માહિતી GPSC ઈન્ટરવ્યુમાં કેટલી ઉપયોગી થાય?

- નિરજ કિશોર

આ પરીક્ષામાં સફળ થવા માટે GSTની કેટલીક પાયાની માહિતીનું જ્ઞાન હોવું જરૂરી છે. GSTના સફળ સંચાલન માટે બે મહત્વના પાયા અથવા આધારસ્તંભ કહી શકાય એવા GST કાઉન્સિલ અને GST નેટવર્ક છે.

**ડ્યુઅલ જી.એસ.ટી :** ભારતમાં આપણે GSTનું dual model અપનાવેલ છે કારણ કે ભારત એક સમવાયતંત્ર દેશ છે. જેમાં બંધારણ દ્વારા કેન્દ્ર અને રાજ્ય બન્નેને જુદા જુદા વેરા વસૂલ કરવાની સત્તાઓ આપવામાં આવેલ છે. સત્તાનાં વિભાજન દ્વારા બન્ને કક્ષાની સરકારને અલગ-અલગ પ્રકારની જવાબદારીઓનું વહન કરવાનું હોય છે. GST દાખલ થયો તે પહેલા કેન્દ્ર સરકાર મુખ્યત્વે આબકારી જકાત અને સેવા કર ઉઘરાવતી હતી. જ્યારે રાજ્ય સરકારો મુલ્ય વર્ધિત વેરો અને કેન્દ્રીય વેચાણવેરો ઉઘરાવતી હતી. આર્થિક સમવાયતંત્રની બંધારણીય જરૂરિયાતોને ધ્યાને લઈને બન્ને સરકારો દ્વારા એક જ ધંધાકીય વ્યવહાર ઉપર વેરો ઉઘરાવી શકાય તે માટે ડ્યૂલ જી.એસ.ટી. લેવો જરૂરી બનેલ હતો. આ માટે બંધારણમાં જરૂરી સુધારા કરવા બંધારણીય સુધારા અધિનિયમ, ૨૦૧૬થી નવો આર્ટિકલ ૨૪૬-એ ઉમેરવામાં આવેલ છે અને આ આર્ટિકલથી કેન્દ્ર અને રાજ્યોને માલ અને સેવાના વ્યવહારો ઉપર વેરો ઉઘરાવવા માટે સંયુક્ત અને સમાંતર સત્તાઓ આપવામાં આવેલ છે.

રાજ્યમાં થતાં વ્યવહારો પર રાજ્ય અને કેન્દ્ર બન્ને અડધો-અડધો વેરો લે છે જેને અનુક્રમે સ્ટેટ ટેક્ષ (SGST) અને સેન્ટ્રલ ટેક્ષ (CGST) કહેવાય છે. સ્ટેટ ટેક્ષ રાજ્યને મળે છે અને સેન્ટ્રલ ટેક્ષ કેન્દ્રને મળે છે. આંતર-રાજ્ય વ્યવહારોમાં જે ઈન્ટીગ્રેટેડ ટેક્ષ લાગે છે તેની વેરાશાખ આયાત કરનાર રાજ્યને મળે છે. ત્યારબાદ જ્યારે તે માલ કે સેવાનો જે તે રાજ્યમાં વપરાશ થશે ત્યાં સ્ટેટ ટેક્ષ અને સેન્ટ્રલ ટેક્ષ લાગશે.

**જીએસટીની ડિઝાઈન મુજબ હાલ મળતી મુખ્ય-મુખ્ય રાહતો :**

૧. વર્તમાન પત્રો, દૈનિકો કે સમાચાર પત્રોને વેરા મુક્તિ આપવામાં આવેલ છે
૨. ખેડૂત પોતે ખેતી કરે અથવા કુટુંબીજનો મારફત ખેતી કરે તો ફેરા માફી છે
૩. કેટલીક શરતોને આધીન પ્રાથમિક શિક્ષણ અને આરોગ્યની કેટલીક સેવાઓને વેરો ભરવામાં મુક્તિ આપેલ છે
૪. કર્મચારીઓને મળતા પગાર ઉપર GST લાગતો નથી.
૫. RTIની સેવા અને GST નેટવર્કની સેવા ઉપર GST લાગતો નથી.
૬. નાના વેપારીઓ માટે રૂપિયા દોઢ કરોડ સુધીના વાર્ષિક turnoverને ઉચ્ચકવેરો ભરવાની સગવડ આપેલ છે. એ જ રીતે સેવાઓ પૂરી પાડતા કર દાતાઓને રૂપિયા ૫૦ લાખ સુધીના turnover ઉપર ઉચ્ચક દરે વેરો ભરવાની સવલત આપવામાં આવેલ છે.
૭. ગૂડ્સમાં રૂપિયા ૪૦ લાખ સુધીના ટર્નઓવર અને સેવાઓના કિસ્સામાં રૂપિયા ૨૦ લાખ સુધીના ટર્નઓવરના કિસ્સામાં ફરજિયાત નોંધણી દાખલો મેળવવાનો રહેતો નથી.
૮. એફોર્ડેબલ હાઉસિંગ ઉપર એક ટકાનો વેરો
૯. રૂપિયા પાંચ કરોડથી ઓછું વાર્ષિક ટર્નઓવર હોય એવા વેપારીઓ માટે ત્રિમાસિક પત્રક ભરવાની સુવિધા.
૧૦. રૂપિયા ૫૦,૦૦૦થી ઓછું માલ વહન થતું હોય તો ફરજીયાત ઈ- વે બિલમાંથી મુક્તિ.

**વળતરની જોગવાઈ :** જી.એસ.ટી.નાં અમલીકરણને પરિણામે જો કોઈ રાજ્યની વેરાકીય આવકમાં નુકસાન થયેલ હતું તો તેવા રાજ્યને Cessની આવકમાંથી પાંચ વર્ષ એટલે કે તાઃ ૩૦.૬.૨૦૨૨ સુધી થનાર નુકસાનનું વળતર આપવામાં આવેલ. આવા નુકસાનની ગણતરી માટે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ને પાયાના વર્ષ તરીકે ગણવામાં આવેલ. આ પાયાના વર્ષ દરમ્યાન જે માલ ઉપરનો વેરો જી.એસ.ટી.માં સમાવવામાં આવે છે તેના ઉપર ૧૪% મુજબ વાર્ષિક વધારો ગણીને જી.એસ.ટી.ની થનારી ખરેખર આવક સાથે સરખાવીને કરવામાં આવેલ. જી.એસ.ટી.ની આવક જેટલે અંશે ઓછી રહેલ તેટલી રકમ વળતર પેટે જે-તે રાજ્યને ચૂકવવામાં આવેલ. તા ૧.૭.૨૦૨૨થી GST Cess ચાલુ રહેલ છે પરંતુ વળતર બંધ થયેલ છે. હવે રાજ્યોએ પોતાના વધારાના નાણાકીય સંસાધનો ઉભા કરવાના રહે.

**GSTN :** Faceless વહિવટ માટે જી.એસ.ટી. નેટવર્ક પ્રોજેક્ટ (GSTN) માલ અને સેવા કર માળખાની કરોડરજ્જુ સમાન છે. જી.એસ.ટી.માં દેશમાં લગભગ ૧૩૮ લાખ જેટલાં નોંધાયેલા કરદાતાઓ છે. ઉપરાંત રદ થયેલ કેસોની વિગતો પણ સીસ્ટમમાં રાખવાની થાય છે. માસિક ધોરણે લગભગ ૩૫૦થી ૪૦૦ કરોડ જેટલાં બિલ અને ભરતિયાં ઈશ્યુ થતા હોય છે. કુલ બીલો પૈકી ૧૮% જેટલા બીલ B2C, ૩૫% જેટલા બીલ B2B અને ૩૪% જેટલા બીલ નિકાસના ઈશ્યુ થયેલ હોવાનું ધ્યાને આવેલ છે. નવા કરદાતાઓ માટે નોંધણી નંબર લેવો, તમામ કરદાતાઓ માટે પત્રકો ભરવા, ઓનલાઈન ચૂકવણી કરવી, વેરાશાખનું મેળવણું કરવું, આંતર-રાજ્ય વ્યવહારોનાં અનુસંધાને સંબંધિત સરકારોને આવકની ફાળવણી કરવી, વગેરે એક વિશિષ્ટ અને જટિલ પ્રક્રિયા છે અને ખુબ સમય અને ચોકસાઈ માંગી લે છે. આ માટે જી.એસ.ટી.એન-કરદાતાઓ અને કેન્દ્ર તથા રાજ્ય સરકારો વચ્ચે પહેલીવાર એક સમાન ઈન્ટરફેસ અને આઈ.ટી. માળખુ પુરૂં પાડી રહ્યું છે.

**કાઉન્સિલની રચના અને ભૂમિકા :** જી.એસ.ટી. કાઉન્સિલ અગાઉ VAT અને GST વિષે વિચાર-વિમર્શ કરવા અને તમામ રાજ્યોને સમાન કર-પ્રણાલી અપનાવવા માટે સહમત કરવા માટે Empowered Committee of State Finance Ministers કાર્યરત હતી જેણે તાઃ ૧૦.૧૧.૨૦૦૯ના રોજ First Discussion Paper on GST બહાર પડેલ હતો. ત્યારબાદ તો GSTની ડિઝાઈનમાં ઘણા ફેરફારો થયા. હવે એમ કહીએ કે GSTની તમામ નીતિ વિષયક બાબતો અંગે ભલામણો કરતી એક સંસ્થા એટલે જી.એસ.ટી. કાઉન્સિલ. તેની રચના બંધારણીય સુધારા અધિનિયમ, ૨૦૧૬થી આપણા બંધારણમાં નવો આર્ટિકલ ૨૭૯-એ ઉમેરીને કરવામાં આવેલ છે. જી.એસ.ટી. કાઉન્સિલમાં કેન્દ્રીય નાણાંમંત્રી ચેરમેન તરીકે તેમજ કેન્દ્રીય મહેસૂલ રાજ્ય મંત્રી અને દરેક રાજ્યોના નાણાં/કરવેરા મંત્રી કે રાજ્ય દ્વારા નિમાયેલા અન્ય કોઈ મંત્રી સભ્ય તરીકે હોય છે.

**કાઉન્સિલનું કાર્ય : આ કાઉન્સિલ કેન્દ્ર અને રાજ્યોને જી.એસ.ટી.નાં અમલીકરણ બાબતે નીચેના મુદ્દે ભલામણ કરે છેઃ**

૧. કેન્દ્ર, રાજ્યો અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા વસૂલાતા કર, ઉપકર અને સરચાર્જનો જી.એસ.ટી.માં સમાવેશ કરવો કે કેમ?
૨. કઈ ચીજવસ્તુઓ અને સેવાઓને જી.એસ.ટી.માંથી માફી આપવી?
૩. કઇ તારીખથી પેટ્રોલિયમ ક્રૂડ, હાઈ સ્પીડ ડીઝલ, પેટ્રોલ, નેચરલ ગેસ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ ઉપર જી.એસ.ટી. લાદવામાં આવશે?
૪. જી.એસ.ટી. કાયદા, વસૂલાતનાં સિદ્ધાંતો, ઈન્ટીગ્રેટેડ ટેક્ષની વહેંચણી અને સપ્લાયનું સ્થાન બાબતે સિદ્ધાંતો નક્કી કરવા;
૫. નાણાંકીય મર્યાદા કે જેનાથી ઓછું ટર્નઓવર ધરાવતાં વ્યક્તિઓને જી.એસ.ટી.માંથી મુક્તિ આપવી;
૬. જી.એસ.ટી.માં વેરાના સ્લેબ/દર નક્કી કરવા;
૭. કુદરતી આપત્તિનાં સંજોગોમાં વધારાના સ્ત્રોતો ઉભા કરવા કોઈ ચોક્કસ સમયગાળા માટે વેરાનાં વિશિષ્ટ દર નક્કી કરવા;
૮. જી.એસ.ટી.નાં અમલીકરણને લગતી અન્ય કોઈ બાબત, જેમ કે વ્યાજ કે દંડ માફીની યોજના લાવવી, નવા રાજીસ્ટ્રેષણ માટે બાયોમેટ્રિક ઓળખ પદ્ધતિ દાખલ કરવી, વગેરે.

**પુસ્તકો :** સ્પર્ધાત્મક પરીક્ષા સહિતના કોઈપણ પુસ્તકો (ઈ-બુક સિવાય) પર GST લાગતો નથી. શાળા કક્ષાએ અને માન્ય યુનીવર્સીટીઓ દ્વારા અપાતા માન્ય ડીગ્રીઓ માટેના શિક્ષણ ઉપર પણ GSTની માફી છે. સમાચાર પત્રોના પ્રકાશન ઉપર GST ન લાગે પરંતુ જાહેરાતોની સેવા વેરાપાત્ર છે.

## પેનલની જગ્યાએ રોબોટ અને AI દ્વારા મોક ઈન્ટરવ્યૂ કંડક્ટ કરવામાં આવે એ દિવસ દુર નથી!

GPSC/UPSCના કેટલાક ઉમેદવારોને મોક ઈન્ટરવ્યૂ સંબંધે ઘણી દ્વિધા હોય છે. એટલે કે મોક ઈન્ટરવ્યૂ આપવા કે નહીં? કઈ જગ્યાએ આપવા? કેટલી વખત આપવા? વગેરે. ખરેખર મોક ઈન્ટરવ્યૂથી આપણને એક પ્રેક્ટિસ મળે છે, રિહર્સલ થાય છે એ વાત સાચી. પરંતુ આપણે એવા મોક ઈન્ટરવ્યૂ આપવા જોઈએ જેનાથી આપણો આત્મવિશ્વાસ વધે, ન કે ઘટે. કેટલીક વાર કોચિંગ ક્લાસીસવાળાને અનુભવી પેનાલીસ્ટ ન મળવાથી શીખાઉ વ્યક્તિને પેનલમાં બેસાડવામાં આવે તેવું બને. કમનસીબે મોક ઈન્ટરવ્યૂ કેવી રીતે લેવા તેના કોઈ ક્લાસીસ ચાલતા નથી અને ઓનલાઈન કન્ટેન્ટ પણ નહિવત પ્રમાણમાં મળે છે. મોક ઈન્ટરવ્યૂ લેવા એ એક કલા છે. આ માટે મોક ઈન્ટરવ્યૂ લેનારે લેક્ચર, સેમિનાર, વર્કશોપ અને ઈન્ટરવ્યૂ વચ્ચે રહેલ બારીક તફાવત સમજવો રહે. GPSC/UPSC માટેના મોક ઈન્ટરવ્યૂ દરમિયાન પણ ઉમેદવારની એનાલિટિકલ એબિલિટી અને અવેરનેસની ચકાસણી કરવી જોઈએ જેથી તે જ્યારે સરકારી હોદ્દો ગ્રહણ કરે ત્યારે કોઈપણ દબાણ વગર કે પ્રલોભન વગર ઠરાવેલ નિયમો અનુસાર જાહેર સેવા કરી શકશે કે કેમ તે જાણી શકાય. ઉમેદવારે પણ એ ઘેલછા છોડવાની રહે કે જેટલા વધુ મોક ઈન્ટરવ્યૂ આપીશું તેટલા પાસ થવાના વધુ ચાન્સીસ થઈ જશે.

**કોચીંગ ક્લાસીસનો રોલ :** મોક ઈન્ટરવ્યૂના સંચાલકો ખાલી સરસ સ્ટુડિયો, લાઈટીંગ અને કેમેરા કે CD પૂરા પાડી દે એટલે તેમની નૈતિક જવાબદારી પૂરી થઈ જતી નથી. જે રીતે અવકાશયાત્રીઓને અવકાશમાં મોકલતા પહેલા જમીન ઉપર કૃત્રિમ રીતે અવકાશમાં કેવી પરિસ્થિતિ હશે તેવું વાતાવરણ ઊભું કરીને તેમને માનસિક અને શારીરિક રીતે તૈયાર કરવામાં આવે છે તે જ રીતે મોક ઈન્ટરવ્યૂ દરમિયાન ઉમેદવારને યુપીએસસી કે જીપીએસસીમાં ખરેખર કેવું વાતાવરણ હશે અને તેને કઈ રીતે ફેસ કરવું તે અંગેની ફેસીલીટી પૂરી પાડવાની રહે છે. ઉમેદવારને એવું વાતાવરણ પૂરું પાડવું જોઈએ જેનાથી તેની પ્રતિભા ખીલે તેની અભિવ્યક્તિ વધે અને તેને યોગ્ય પ્રેક્ટિસ મળે.

વધુમાં અજાણતા કોઈપણ ઉમેદવારનું અહિત ન થઈ જાય તે જોવાની જવાબદારી પેનલ મેમ્બરની તથા કોચિંગ ક્લાસમાં મોક ઈન્ટરવ્યૂનું સંચાલન કરતા તમામ વ્યક્તિઓની છે. ઉમેદવારો પરીક્ષામાં પાસ થવા માટે સ્પર્ધા કરે તે સમજી શકાય તે બાબત છે. પરંતુ કોચિંગ ક્લાસના સંચાલકો ધંધાકીય હરીફાઈને કારણે ઉમેદવારને મૂંઝવણમાં મૂકી



દે તે બાબત તંદુરસ્તીની નિશાની ગણી ન શકાય. આમ તો મોક ઈન્ટરવ્યૂના ૯૦ ટકા પેનાલિસ્ટ અને સંચાલકો જવાબદારી પૂર્વક વર્તતા હોય છે. સમજદાર ઉમેદવારે બાકીના ૧૦% જેટલા ભિન્ન જવાબદાર સંચાલકોને ઓળખીને તેમનાથી અંતર જાળવવાનું રહે. કોચિંગ ક્લાસના સંચાલકોએ મોક ઈન્ટરવ્યૂ પેનલ માટે એક સૂચના પત્ર, માર્ગદર્શિકા અથવા તો 'કોડ ઓફ કન્ડક્ટ' બહાર પાડવું જોઈએ અને જ્યારે ઉમેદવાર ફીડબેક આપે ત્યારે તેને સાચો ફીડબેક આપવા દેવો જોઈએ. તેની પાસેથી પરાણે સારા ફીડબેક મેળવવા ના જોઈએ.

**અપેક્ષા :** મોક ઈન્ટરવ્યૂમાં શક્ય હોય ત્યાં સુધી થિયરીના પ્રશ્નો, જેમ કે pure વ્યાખ્યાઓ કે ખેલ-કુદના કે અન્ય વર્લ્ડ રેકોર્ડ વિશે પૂછીને ઉમેદવારની યાદશક્તિની કસોટી કરવાની હોતી નથી. ઉમેદવાર બેરોજગારી, મોંઘવારી, શિક્ષણની ગુણવત્તા, ખેતીની સમસ્યા વગેરે બાબતે અને તેના ઉકેલ અંગે શું વિચારે છે તે ચકાસવાનું રહે. મોક ઈન્ટરવ્યૂમાં અભિપ્રાય પ્રકારના અને situation based logical અને analytical typeના પ્રશ્નો પૂછવા યોગ્ય જણાય છે. ઉમેદવાર નાસીપાસ થઈ જાય તેવી કોમેન્ટ આપવાની હોતી નથી. કોઈપણ ઉમેદવારને એવું ન કહેવાય કે, 'આપને તો કંઈ આવડતું નથી', 'આપ કઈ રીતે પાસ થશો?' 'આપનું ભવિષ્ય ઉજળું જણાતું નથી'. તેના બદલે એવું કહી શકાય કે, 'હજી સમય છે, આ- આ વિષયો-બાબતો અંગે થોડું વાંચી લો'.

ખરેખર તો મોક ઈન્ટરવ્યૂ દરમિયાન ઉમેદવારને મોટિવેટ કરવાનો હોય છે, એની જે નાની-મોટી ક્ષતિ હોય તે દૂર કરીને તેનો આત્મવિશ્વાસ વધારવાનો હોય છે. પેનાલિસ્ટ પોતે ઘણું જાણતા હોય તો પણ એને સંયમ રાખીને ઉમેદવારને માત્ર પ્રોમ્પ્ટ કરવાનો હોય છે. એવું ન બને કે સરેરાશ ૨૦ મિનિટના ઈન્ટરવ્યૂમાં ઉમેદવાર માત્ર ત્રણ-ચાર મિનિટ બોલે અને પેનલિસ્ટ ૧૬-૧૭ મિનિટ બોલે! આવું ખાસ તો hobbyના કિસ્સામાં ન બને તેનું ધ્યાન રાખવાનું રહે.

> **GPSC/UPSC માટેના મોક ઈન્ટરવ્યૂ દરમિયાન ઉમેદવારની એનાલિટિકલ એબિલિટી-અવેરનેસની ચકાસણી કરવી જોઈએ**

સ્વાભાવિક છે કે પેનાલિસ્ટ વધુ અનુભવી હોય તો પણ એણે સ્વયં-શિસ્ત રાખીને ઉમેદવારને પોતાના મંતવ્યો રજૂ કરવાની વધુમાં વધુ તક આપવી જોઈએ.

**મોક ઈન્ટરવ્યૂ પેનાલિસ્ટનો રોલ :** પેનાલિસ્ટે રેપિડ ફાયર એક્સપર્ટ કે ક્વિઝ માસ્ટર બનવાની જરૂર નથી. ઉપરાંત ત્રણ કે ચાર સભ્યોની પેનલમાં અંદરો-અંદર એકબીજાથી સારા દેખાવાની હરીફાઈ ના હોઈ શકે. પેનલ મેમ્બર પોતે વિદ્વાન છે, વધુ જાણકાર છે તે પુરવાર કરવાનું રહેતું નથી. કોઈપણ તૈયારી વગર માત્ર Google કે YouTubeમાંથી કે અને ટેલિગ્રામ ચેનલની કોઈ પોસ્ટના આધારે પેનલ ઉમેદવારને સીધા પ્રશ્નો પૂછી નાખે તે પણ યોગ્ય બાબત નથી. એવું કહી શકાય કે ઉમેદવારને યંત્રવત પ્રશ્નો પૂછવાનો કોઈ મતલબ નથી. નહિતર ટૂંક સમયમાં પેનલ મેમ્બરોની જગ્યાએ રોબોટ અને એઆઈ દ્વારા ઈન્ટરવ્યૂ કંડક્ટ કરવામાં આવે એ સમયે બહુ દૂર દેખાતો નથી.

આપણે જો ઉમેદવાર પાસેથી એવી અપેક્ષા રાખતા હોઈએ કે મુદ્દાસર જવાબ આપે તેવું પૂછીએ તેવું જણાવે બિનજરૂરી જવાબો લંબાવે નહીં પેનલને શીખવાડવાનો પ્રયત્ન કરે નહીં તો પેનલની પણ એટલી જ જવાબદારી બને છે કે mock ઈન્ટરવ્યૂની mockery ન થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખવું. કોઈ પેનાલિસ્ટ પોતે ઈતિહાસ, અર્થશાસ્ત્ર કે બંધારણના નિષ્ણાત હોય કે જીએસટીના વિદ્વાન હોય અથવા સંગીત સમ્રાટ હોય કે ચિત્રકલામાં નિપુણતા ધરાવતા હોય કે પછી હોકી-ક્રિકેટ જેવી રમતો વિષે વધુ જાણતા હોય એનો મતલબ એવો નથી કે તમારી માન્યતાઓ અને પૂર્વગ્રહો ઉમેદવાર ઉપર ઠોકી બેસાડવામાં આવે કે ઠાંસી-ઠાંસીને તેને જ્ઞાન પૂરું પાડવામાં આવે. દરેક ઉમેદવારની હોબી જુદી અને યુનિક હોઈ શકે છે. આપણે તેની હોબીને માન આપવું જોઈએ. કોઈ એમ કહે કે મને એનિમેશન ફિલ્મો જોવાનું ગમે છે તો એવું ન કહેવાય કે હવે આ તો કેવી હોબી છે? અથવા કોઈ એમ કહે કે મને ભજનો ગાવાનું ગમે છે તો તેને તુચ્છ તરીકે ન ગણી કરી શકાય.

જો કોઈ પેનલિસ્ટ પોતે શબ્દોની યોગ્ય મર્યાદા ન જાળવી શકે કે પરિપક્વતા ન દાખવી શકે અથવા યોગ્ય ઔચિત્ય ન જાળવી શકે તો તેનો વિશાળ અનુભવ શું કામનો! કોઈ પેનાલિસ્ટે પોતે, પોતાની સરકારી નોકરી કે લાંબી કારકિર્દી દરમિયાન સુંદર કામગીરી કરી હોય તો તેનો માત્ર અછળતો ઉલ્લેખ કરવો રહ્યો જેથી ઉમેદવારને પ્રેરણા મળે. વાત આત્મશ્લાઘા સુધી પહોંચી જાય તેટલી વિગતે વાત ન કરવી જોઈએ તેવું નિષ્ણાતોનું માનવું છે.

# એચટીએસ સામે હવે સુન્ની બહુમતિવાળા સીરિયામાં કુર્દીશ અને તુર્કીયેની લડાઈ ઈસ્લામિક સ્ટેટના આતંકીઓને રોકવાનો પડકાર

## સીરિયામાં

(પહેલા પાનાનું ચાલુ)

છે. ઈઝરાયેલ અને યુક્રેન સાથેના યુદ્ધોના કારણે ઈરાન અને રશિયા નબળા પડી ગયા છે.જોકે, બળવાખોરો માટે હવે યુદ્ધગ્રસ્ત સીરિયાને બેઠો કરવાનું તેમજ હથિયારધારી વિવિધ જૂથોને શાંત કરવાનું મહાકાય પડકારજનક કામ આવી પડ્યું છે. સીરિયાની ઉત્તરે અમેરિકાના સાથી કુર્દીશ દળો તુર્કીયેનું પીઠબળ ધરાવતા બળવાખોરો સામે લડી રહ્યા છે જ્યારે સીરિયાના કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં ઈસ્લામિક સ્ટેટ (આઈએસ)ના આતંકીઓ સક્રિય છે. સીરિયાના સરકારી ટેલિવિઝન પર રવિવારે સવારે એક વીડિયો નિવેદનમાં બળવાખોરોના જૂથે કહ્યું હતું કે, અસદને સત્તા પરથી ઉથલાવી દેવાયા છે અને બધા જ કેદીઓને છોડવામાં આવી રહ્યા છે. તેમણે લોકોને 'મુક્ત સીરિયા સરકાર'ની સંસ્થાઓને જાળવી રાખવા અપીલ કરી હતી. જોકે, પાછળથી બળવાખોરોએ દમાસ્કસમાં સાંજે ૪.૦૦થી ૫.૦૦ કરફ્યૂ લાદી દીધો હતો.

બળવાખોરોના કમાન્ડર અનસ સલખાદિએ સ્ટેટ ટીવી પર સીરિયાના ધાર્મિક અને વંશીય લઘુમતીઓને ખાતરી આપતા કહ્યું કે, આ સીરિયા બધા જ લોકોનો દેશ છે. અહીં ડ્રુઝ, સુન્ની, અલાવી, શિયા બધા જ પંથોના લોકોને આવકારવામાં આવશે. અસદ પરિવારે લોકો સાથે જેવું વર્તન કર્યું હતું તેવું અમે નહીં કરીએ. દમાસ્કસમાં અનેક વર્ષો પછી પહેલી વખત મુક્તિના દરવાજા ખૂલ્યા છે. સરખાદિ સ્ટેટ ટીવી પર વાત કરતો હતો તેવામાં અચાનક જ પ્રસારણ અટકાવી દેવાયું અને લખવામાં આવ્યું કે, 'મહાન સીરિયન ક્રાંતિનો વિજય અને અસદના અત્યાચારી શાસનનો અંત.'

## આતંકી કમાન્ડરમાંથી શાસક બનવાની સફર

# અલ-કાયદા અને આઈએસથી છેડો ફાડનારા અલ-જુલાલિ નવા શાસક!

દમાસ્કસ, તા.૮

મધ્ય પૂર્વમાં ઈઝરાયેલ હમાસ અને હિઝબુલ્લાહના આતંકીઓ સામે લડી રહ્યું છે તેવા સમયમાં જ સીરિયામાં અચાનક પરિસ્થિતિ બદલાઈ અને હયાત તહરીર અલ-શામ (એચટીએસ)એ પ્રમુખ બશર અલ-અસદ વિરુદ્ધ બળવો કરી રાજધાની દમાસ્કસ તરફ કૂચ કરી અને ૧૦ જ દિવસમાં સીરિયામાંથી અસદ પરિવારના ૫૦ વર્ષના શાસનને ફગાવી દીધું. બળવાખોર સંગઠન એચટીએસનું નેતૃત્વ અબુ મોહમ્મદ અલ-જુલાલિ કરી રહ્યા છે. સીરિયામાં હવે અલ-જુલાલિ નવા શાસક બને તેવી સંભાવના છે. દમાસ્કસમાં વિજય પછી અલ-જુલાલિએ કહ્યું હતું કે, સીરિયા બધા જ લોકો અને પંથોનો દેશ છે. તેઓ બહુમતી વાદ અને ધાર્મિક સહિષ્ણુતામાં વિશ્વાસ ધરાવે છે.અલ-જુલાલિ ૨૦૦૩માં અલ-કાયદામાં જોડાયા હતા. તે સમયે અમેરિકાએ ઈરાક પર હુમલો કર્યો હતો. અલ-કાયદાના કમાન્ડર તરીકે જ જુલાલિએ આઈએસઆઈએસના અબુ બક્ર અલ-બગદાદી સાથે પણ કામ કર્યું હતું, પરંતુ ૨૦૧૩માં તેણે અલ-કાયદા અને આઈએસઆઈએસથી અલગ થવાની જાહેરાત કરી દીધી હતી.



અલ જુલાલિએ પોતાનું નવું સંગઠન બનાવ્યું, જેનું નામ એચટીએસ રાખ્યું. તેમણે સીરિયામાં ઈદલિબ પ્રાંતમાં પોતાની પક્કડ બનાવી અને આતંકી તરીકેની છબી બદલવા સિવિલ એડમિનિસ્ટ્રેશન (સેલ્વેશન ગવર્મેન્ટ) શરૂ કરી. અહીં તેમણે સ્કૂલો, હોસ્પિટલો બનાવવા પર ધ્યાન આપ્યું. તેમણે એક મૂલાકાતમાં કહ્યું કે તેમનો આશય નિર્દોષ લોકોને મારવાનો નથી. હવે અલ-જુલાલિ એચટીએસને કાયદેસર અને મજબૂત વહીવટી એકમ તરીકે રજૂ કરવા માગે છે.

## શંભુ બોર્ડરેથી

(પહેલા પાનાનું ચાલુ)

શંભૂ બોર્ડર પર ખેડૂતોને રોકવા માટે હરિયાણા પોલીસ દ્વારા રોડ પર ખિલ્લા ધરબી દેવાયા છે સાથે જ હેવી બેરિકેડિંગ કરાયું છે.

અગાઉ અહીંયા સિમેન્ટના પિલ્લર ખડકી દેવાયા હતા. જેને કારણે પણ લોકોને આવવા જવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## સીરિયામાં ગૃહયુદ્ધ

(પહેલા પાનાનું ચાલુ)

બદલીને હયાત તહરીર અલ-શામ (એચટીએસ) કરી દીધું અને અલ-કાયદા તથા આઈએસઆઈએસ સાથે છેડો ફાડી લીધો. એચટીએસે અસદ સામે બળવો કરવાની સાથે તેના પ્રભુત્વવાળા ઈદલિબ પ્રાંતમાં શાસન પર ધ્યાન આપ્યું હતું.

**અમેરિકા :** ઓબામા શાસને શરૂઆતમાં બશર અલ-અસદ સરકાર વિરુદ્ધના બળવામાં વિપક્ષી જૂથોનું સમર્થન કર્યું. તેમણે સૈન્ય સામે લડવા તેમને હથિયાર અને તાલિમ પૂરા પાડ્યા. ૨૦૧૪માં અમેરિકન સૈન્યે હવાઈ હુમલા અને કુર્દીશ બળોની મદદથી આતંકી સંગઠનો સામે લડાઈ લડી હતી.

**તૂર્કીયે :** તૂર્કીયેના સૈન્યે સીરિયાની સરહદની અંદર જઈ અનેક સૈન્ય ઓપરેશન કર્યા, જેમાં મોટાભાગની કાર્યવાહી સીરિયાના કુર્દીશ નેતૃત્વવાળા જૂથો વિરુદ્ધ હતા. તૂર્કીયે હજુ પણ સીરિયાની ઉત્તરીય સરહદે અસરકારક નિયંત્રણ ધરાવે છે.

**રશિયા :** સીરિયાના ગૃહયુદ્ધમાં રશિયાએ બશર અલ-અસદનું સમર્થન કર્યું હતું અને તેના માટે પુતિને સીરિયામાં બળવાખોરો સામે લડવા માટે રશિયન સૈનિકો મોકલ્યા. રશિયાએ દુશ્મનો પર બોમ્બમારા માટે જેટ વિમાનોનો પણ ઉપયોગ કર્યો.

**ઈરાન અને હિઝબુલ્લાહ :** સીરિયા ઈરાનની 'પ્રતિરોધની ધૂરી'નો મુખ્ય ભાગ રહ્યું છે.

ઈરાન તેની આજુબાજુના દેશોમાં હિઝબુલ્લાહ, હમાસ અને યમનમાં હુતી આતંકીઓને આશ્રય આપી રહ્યું છે. આ સંગઠનો ઈઝરાયેલનો નાશ ઈચ્છે છે અને મધ્ય-પૂર્વમાં અમેરિકાનું પ્રભુત્વ ઘટાડવા માગે છે.

**ઈઝરાયેલ :** સીરિયામાં ઈઝરાયેલના સૈન્યની પ્રવૃત્તિઓ મુખ્યરૂપે હિઝબુલ્લાહ અને ઈરાની સ્થળો વિશેષરૂપે વરિષ્ઠ સૈન્ય કર્મચારીઓ, હથિયાર ઉત્પાદન સુવિધાઓ અને ટ્રાન્સપોર્ટ કોરિડોર વિરુદ્ધ હવાઈ હુમલા સુધી કેન્દ્રીત રહી છે.

## વિમાન તોડી પડાયાની

(પહેલા પાનાનું ચાલુ)

**સુરક્ષાની ખાતરી આપી છે. અગાઉ, સીરિયાના મીડિયા અહેવાલો મુજબ દમાસ્કસના એરપોર્ટ પરથી રવાના થયેલું એક વિમાન દરિયા કિનારાના ક્ષેત્ર તરફ જતું હતું.**

**જોકે, વિમાને અચાનક દિશા બદલી અને વિરુદ્ધ દિશામાં આગળ વધ્યું હતું. જોકે, થોડીક જ મિનિટમાં વિમાન રડાર પરથી ગાયબ થઈ ગયું. વિમાનનું છેલ્લુ લોકેશન બળવાખોરોના પ્રભુત્વવાળા હોમ્સ શહેર પાસે હતું. આથી આ વિમાનને બળવાખોરોએ તોડી પાડ્યું હોવાના અહેવાલો હતા. જોકે, હવે બશર અલ-અસદ પરિવાર સાથે મોસ્કો પહોંચી ગયા હોવાનું રશિયન મીડિયાએ જણાવ્યું છે.**



કેન્યામાં ક્રિસમસનું અનોખું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. 'ધ નટક્રેકર' એ ક્રિસમસ બેલે છે. જેને પહેલી વાર ૧૮૯૨માં પાયોત્ર ઈલિચ ચાઈકોવસ્કી દ્વારા મ્યુઝિક સાથે રજૂ કરવામાં આવ્યું હતું. તેની મ્યુઝિકલ રિધમને કારણે તે વિશ્વભરમાં પ્રચલિત બન્યું છે.

## ૨ કરોડ શ્રદ્ધાળુઓ માટે કુલ ૧૩,૦૦૦ ટ્રેનો

# મહા કુંભ મેળા માટે ૩,૦૦૦ સ્પેશિયલ ટ્રેનો દોડાવાશે

પ્રયાગરાજ, તા.૮

રેલ્વે મહા કુંભ દરમિયાન ભક્તોની સુવિધા માટે ૩,૦૦૦ સ્પેશિયલ ટ્રેનો સહિત લગભગ ૧૩,૦૦૦ ટ્રેનો દોડાવશે. આ માહિતી રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે રવિવારે આપી હતી. મહા કુંભની તૈયારીઓની સમીક્ષા કરવા પહોચેલા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, લગભગ ૧.૫થી ૨ કરોડ મુસાફરો ટ્રેન દ્વારા શહેરમાં પહોચશે. મહાકુંભ ૧૩ જાન્યુઆરીના રોજ પૂર્ણિમાના અવસરે શરૂ થશે અને ૨૬ ફેબ્રુઆરીએ મહાશિવરાત્રિ પર સમાપ્ત થશે. રેલ મંત્રીએ ગંગા નદી પર બનેલા નવા પુલનું નિરીક્ષણ કર્યું હતું. જેનું ઉદ્ઘાટન ટૂંક સમયમાં પીએમ નરેન્દ્ર મોદી કરવાના છે. પ્રયાગરાજમાં પહેલી વાર મોબાઈલ યુટીએસ (અનરિઝર્વ્ડ ટિકિટ સિસ્ટમ)નો ઉપયોગ કરવામાં આવશે. પૂરીમાં રથયાત્રા દરમિયાન આ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

વધ્યો છે.

### ગુગલ મેપ પર સંપૂર્ણ ભરોસો કરતા પહેલા ચેતજો

એક જમાનામાં લોકો આસપાસની વ્યક્તિઓને પૂછીને રસ્તો શોધતા હતા. ગુગલ મેપ આવ્યા પછી હવે ગુગલની મદદથી ઠેકાણું શોધવાનું વધુ પસંદ કરવામાં આવે છે. જોકે કેટલાક કિસ્સાઓ એવા બનતા રહે છે કે જેને કારણે ગુગલ મેપ પર ભરોસો કરવાનું ભારે પડી શકે છે. થોડા સમય પહેલા ઉત્તર ભારતમાં એક બની રહેલા પુલના રસ્તે ગુગલના રસ્તે જતા એક કાર પુલ પરથી નીચે ખાબકી હતી અને બે જણના મૃત્યુ થયા હતા. એ જ રીતે હવે બિહારથી ગોવા જઈ રહેલા એક પરિવારને પણ ગુગલ મેપ પર ભરોસો કરવાનું ભારે પડી ગયું છે. ગુગલ મેપના નેવીગેશનને કારણે આ કુટુંબે આખી રાત કર્ણાટકના બેલગાવી જિલ્લાના ખાનાપુર ક્ષેત્રના જંગલમાં પસાર કરવી પડી છે. ગુગલ મેપે આ કુટુંબને જંગલના રસ્તાથી શોર્ટકટ બતાવ્યો હતો. આ રસ્તે કેટલા જોખમો છે એ બાબતે કાર ચાલકને ખબર નહોતી. આ કુટુંબ જંગલમાં એટલી હદે હેરાન થયું કે ત્યાં મોબાઈલના સિગ્નલ પણ આવતા નહોતા અને રસ્તો બતાવનાર પણ કોઈ નહોતું.

### મહિનામાં મરાઠાઓની માંગણી પુરી નહી થાય તો આંદોલન કરાશે : જરાંગે

મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારની સોંગદવિધિ થઈ એના થોડા કલાકોમાં જ મરાઠા અનામત આંદોલનના નેતા મનોજ જરાંગેએ મહાયુતિ સરકારને ચિંતામાં નાંખી દીધી છે. જરાંગેએ જાહેરાત કરી છે કે, સરકાર જો પાંચમી જાન્યુઆરી સુધીમાં મરાઠાઓની ઓબીસી શ્રેણીમાં નોકરી બાબતે ક્વોટાની માંગણી નહીં સ્વિકારશે તો ફરીથી મરાઠા આંદોલનની શરૂઆત થશે. જરાંગેએ મહાયુતિ સરકારને યાદ અપાવ્યું હતું કે, મરાઠાઓ એમની માંગણી ભૂલી નથી ગયા. અગાઉની મહાયુતિની સરકારના કાર્યકાળ દરમિયાન પણ મનોજ જરાંગે સરકાર સામે આંદોલન કરી ચૂક્યા છે. જરાંગેના કહેવા પ્રમાણે મહારાષ્ટ્રમાં કંઈ બદલાયું નથી. સત્તાધારી પક્ષ એજ છે જે પહેલા હતો. હવે સરકારે ઝડપથી નિર્ણય લેવો પડશે.

### અન્યાય થશે ત્યાં રાહુલ ગાંધી અને ખડગે પહોંચી જશે : સુરજેવાલા

ઉત્તર પ્રદેશના સંબલમાં થયેલી કોમવાદી હિંસા પછી રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડ્રા સંબલ જવા માટે નિકળ્યા ત્યારે રસ્તામાં જ તેમને અટકાવી દેવામાં આવ્યા હતા. હવે ખેડૂતોએ ફરીથી આંદોલન શરૂ કર્યું છે ત્યારે કોંગ્રેસના નેતાઓ ખેડૂત આંદોલનને સાથ આપશે. આ બાબતે કોંગ્રેસના સાંસદ રણદીપસિંહ સુરજેવાલાએ કહ્યું છે કે, 'ખેડૂત આંદોલન બાબતે કોંગ્રેસે રાજકારણ નથી કરવું. જોકે જ્યાં જ્યાં અન્યાય થશે ત્યાં ત્યાં રાહુલ ગાંધી અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ ખડગે પહોંચી જશે. આ રાજકારણનો વિષય નથી, દેશના ખેડૂતોની સમસ્યાનો વિષય છે. સરકારે ત્રણ કૃષિ કાયદાઓ પાછા લઈ લીધા હતા, પરંતુ એમએસપીની ગેરંટીવાળો કાયદો લાગુ કરવામાં આવશે એવી વાત હતી. હવે આ વચનને બે વર્ષ પુરા થઈ ગયા છે અને ફરીથી દેશનો ખેડૂત બોર્ડર પર બેઠો છે. કોંગ્રેસ આ બાબતે અંત સુધી લડી લેશે.'

### બાબરી ધ્વંશનું કારણ આપીને સપાએ મહાવિકાસ અઘાડી સાથે છેડો ફાડ્યો

મહારાષ્ટ્રની ચૂંટણીમાં હાર મળ્યા પછી મહાવિકાસ અઘાડીમાં તડ પડવાની શરૂઆત થઈ ચૂકી છે. મહાવિકાસ અઘાડીમાં સામેલ સમાજવાદી પાર્ટીએ હવે મહાવિકાસ અઘાડીનો સાથ છોડી દીધો છે. મહારાષ્ટ્ર સપાના પ્રમુખ અબુ આઝમીના કહેવા પ્રમાણે બાબરી મસ્જિદ ધ્વંશ બાબતે શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ની પોલીસી યોગ્ય ન હોવાને કારણે સપાએ એમવીએનો સાથ છોડી દીધો છે. અબુ આઝમીએ કહ્યું કે, 'શિવસેના (ઉદ્ધવ ઠાકરે)એ -છાપાઓમાં એક જાહેરખબર આપી હતી. આ જાહેરખબરમાં બાબરી ધ્વંશની જવાબદારી લેનાર લોકોને અભિનંદન આપવામાં આવ્યા હતા. ઉદ્ધવ ઠાકરેની નજીકના માણસોએ મસ્જિદને તોડી પાડવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.' જોકે નવાઈની વાત એ છે કે સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવને જાણ કર્યા વગર જ અબુ આઝમીએ આ નિર્ણય લઈ લીધો છે.

### માયાવતીએ સંભલ મુદ્દે કોંગ્રેસ-સપાની ટીકા કરી રાજકીય વલણ સ્પષ્ટ કર્યું

લોકસભા તેમ જ ઉત્તર પ્રદેશ વિધાનસભાની પેટા ચૂંટણીમાં બહુજન સમાજવાદી પાર્ટી (બીએસપી)નો દેખાવ કંગાળ રહ્યો હતો. બીએસપીની એક જમાનાની વોટબેંક દલીતો અને મુસ્લિમો આધારીત હતી. સમય જતા સપાએ મુસ્લિમ મતદારો તેમ જ ભાજપએ દલીત મતદારોને પોતાની તરફ કર્યા અને બીએસપીની પડતી ચાલુ થઈ. બીએસપી સુપ્રિમો માયાવતીના તમામ પ્રયત્નો પછી પણ બીએસપીને ચૂંટણીમાં સફળતા મળી રહી નથી. રાજકીય વર્તુળોમાં એમ મનાય રહ્યું છે કે માયાવતીએ ભાજપ સાથે ખાનગીમાં સમજૂતી કરી છે. હવે માયાવતીએ એવી ટીકા કરી છે કે સપા અને કોંગ્રેસ રાજકીય ફાયદા માટે અને મુસ્લિમ મતદારોને ખુશ કરવા માટે સંભલની મુલાકાત લેવા માંગતા હતા. માયાવતીને લાગે છે કે પોતાની દલીત બોટબેંક ઉપરાંત ઉત્તર પ્રદેશના ભાજપથી નારાજ બ્રાહ્મણોના મત પણ તેઓ મેળવે તો જ એમનો પક્ષ અસ્તિત્વ ટકાવી રાખશે.

### જલ્દી સુનાવણીથી કેસનો નિકાલ લાવવો બંધારણીય અધિકાર : સુપ્રીમ

દેશની કોર્ટોમાં લાખો કેસ પેન્ડીંગ પડ્યા છે. સુપ્રિમ કોર્ટના ન્યાયાધિશોએ આ બાબતે વારંવાર ચિંતા પ્રકટ કરી છે. હવે બિહારના એક કેસની સુનાવણી દરમિયાન સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે, જલ્દી સુનાવણી કરીને કેસનો ઝડપથી નિકાલ લાવવો એ દરેક વ્યક્તિનો બંધારણીય અધિકાર છે. જસ્ટીસ ષિકેશ રાય અને જસ્ટીસ પંકજ મિથલની ખંડપીઠે એક વ્યક્તિના જામીન મંજુર કરતી વખતે આ પ્રમાણેની ટીપ્પણી વ્યક્ત કરી હતી.

બિહારના એક કિસ્સામાં એક વ્યક્તિ છેલ્લા ચાર કરતા વધુ વર્ષથી જેલમાં હતો. કોર્ટે ટીપ્પણી કરી છે કે, આ કેસમાં સુનાવણી જલ્દી પુરી થાય એવી કોઈ આશા નથી. બિહાર હાઈકોર્ટે આ કેદીની જામીન અરજી રદ કરી દીધી હતી.

આરોપીના વકીલે એવી દલીલ કરી હતી કે, આરોપીની ધરપકડ ૨૦૨૦ના ઓક્ટોબર મહિનામાં કરવામાં આવી હતી ત્યારથી હજી સુધી એ જેલમાં છે. રાજ્ય સરકારના વકીલે એવી રજુઆત કરી હતી કે હજી ત્રણ સાક્ષીઓના નિવેદન લેવાના બાકી છે. આ બાબતે સુપ્રિમ કોર્ટના ન્યાયાધિશો નારાજ થયા હતા અને કેસનો ઝડપથી નિકાલ લાવવા ટીપ્પણી કરી હતી.

### કેન્દ્રિય મંત્રી બિટ્ટુએ બાદલ પર હુમલો કરનારની પ્રશંસા કરતા વિવાદ

પંજાબના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી બીઅન્ત સિંઘના પુત્ર અને કેન્દ્રિય મંત્રી રવનીત સિંઘ બિટ્ટુએ શિરોમણી અકાલી દળના નેતા સુખબીર સિંઘ બાદલની કથિત હત્યાના પ્રયાસમાં ગોળીબાર કરનાર નારાયણ સિંઘ ચૌરાને 'કોમ દે હીરે' અથવા 'સમુદાયના રત્ન' તરીકે જાહેર કરવાની માગણી કરીને વિવાદ સર્જ્યો છે. બિટ્ટુએ અકાલી દળ અને શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટીને આ કેસમાં ચૌરાને કાનૂની સહાય પૂરી પાડવાની અપીલ કરી છે. બિટ્ટુને એમ કહેતા ટાંકવામાં આવ્યા છે કે સ્વર્ણ મંદિરની બહાર કરાયેલો હુમલો વખોડવાને લાયક છે. સુખબીર સિંઘે અપરાધ કર્યાની શ્રી અકાલ તખ્ત સમક્ષ કબૂલાત કરી હતી. હુમલાખોર નારાયણ સિંઘ ચૌરાની બાદલ સાથે કોઈ અંગત દુશ્મની નહોતી. બાદલે અપરાધ કર્યો હોવાનું કબૂલ કરતા તેણે આવેગમાં આવીને હુમલો કર્યો હતો. પણ શિરોમણી અકાલી દળના નેતાઓએ પંજાબના ભૂતપૂર્વ મંત્રી બીઅન્ત સિંઘના હત્યારાને ગળે લગાડ્યો હતો તેમ હવે નાયારણ સિંઘ ચૌરાનું પણ સન્માન થવું જોઈએ.

### આપના નેતાઓ જેલમાં હોવાથી દિલ્હીની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસને તક

આમ આદમી પાર્ટીએ ૨૦૨૦ની ચૂંટણીમાં નવ પક્ષ પલટુઓને સ્થાન આપ્યું હતું. આ વખતે આપે છે પક્ષપલટુઓને પોતાના ઉમેદવાર તરીકે જાહેર કરી દીધા છે અને વધુ નેતાઓ કોંગ્રેસ તેમજ ભાજપમાંથી આયાત કરવાની તૈયારીમાં છે. દિલ્હીની ચૂંટણી નજીક આવી રહી છે અને આપના એક પછી એક અગ્રણી નેતાઓ જેલની વાટ પકડી રહ્યા છે ત્યારે ચૂંટણી લડવા ભાજપ અને કોંગ્રેસમાંથી વધુ નેતાઓને તક આપવાની તૈયારી ચાલી રહી છે.

### પંજાબની સ્થિતિ રાજ્ય અને કેન્દ્ર બંને માટે ચિંતાનો વિષય

સામાજિક સંઘર્ષ, રાજકીય ઉથલપાથલ, આતંકવાદ અને અલગાવવાદનો ઈતિહાસ ધરાવતું સરહદી રાજ્ય પંજાબ ફરી સળગી રહ્યું છે. આમ આદમી પાર્ટી શાસિત રાજ્યને સંભાળવું સહેલું નથી. હાલમાં જ ભૂતપૂર્વ ડેપ્યુટી મુખ્ય મંત્રી સુખબીર સિંઘ બાદલને અકાલ તખ્ત દ્વારા તન્ખૈયા જાહેર કરાયા અને તેમને પસ્તાવા તરીકે ગુરુદ્વારામાં સાફસફાઈની સજા આપવામાં આવી. આ ઘટનાઓએ એવી સ્થિત સર્જી છે જેનાથી રાજ્યમાં રાજકીય અસ્થિરતા સર્જાઈ શકે અને રાષ્ટ્રીય સુરક્ષા સામે પડકાર ઊભો થઈ શકે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સુરક્ષા એજન્સીઓએ ગુપ્તચર માહિતી મેળવવા અને તેનું વિશ્લેષણ કરવા ક્ષતિરહિત યંત્રણા વિકસાવીને યોગ્ય કાર્યવાહી કરવાની ખાસ જરૂર છે. નિષ્ણાંતોના મતે રાજકીય ગરમાટા વચ્ચે અકાલ તખ્તના નિર્ણયની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગુપ્તચર સંસ્થાઓ હાઈ એલર્ટ પર હોવી જોઈતી હતી અને આવા બનાવો અટકાવવા તૈયાર રહેવું જોઈતું હતું.

**- ઈન્દર સાહની**



# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

## કમિન્સની પાંચ વિકેટ : ૧૯ના ટાર્ગેટને ઓસ્ટ્રેલિયાએ વિના વિકેટે પાર પાડ્યો

# ભારતનો ડે-નાઈટ ટેસ્ટમાં ૧૦ વિકેટથી પરાજય ઓસ્ટ્રેલિયાએ શ્રેણીમાં ૧-૧થી બરોબરી મેળવી

એડિલેડ, તા.૮

પંત અને નિતિશ રેડ્ડી ભારતના પુંછડિયા બેટ્સમેનોની સાથે મળીને અણધારી લડત આપવામાં નિષ્ફળ રહ્યા હતા અને ઓસ્ટ્રેલિયાએ અપેક્ષા પ્રમાણે જ એડિલેડમાં રમાયેલી શ્રેણીની બીજી અને ડે-નાઈટ ટેસ્ટ મેચમાં પ્રવાસી ભારતને ૧૦ વિકેટથી સજ્જડ પરાજય આપ્યો હતો.





### રેકોર્ડ બુક

**૧૦૩૧** : ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ડે-નાઈટ એડિલેડ ટેસ્ટ માત્ર ૧૦૩૧ બોલમાં જ પુરી થઈ હતી, જે બંને દેશો વચ્ચેની બોલની રીતે સૌથી ટૂંકી ટેસ્ટ હતી. અગાઉ આ રેકોર્ડ બંને વચ્ચે ૨૦૨૩માં રમાયેલી ઈન્દોર ટેસ્ટના નામે હતો, જે ૧૧૩૫ બોલમાં પુરી થઈ હતી.

**૮-૦** : ઓસ્ટ્રેલિયાએ એડિલેડમાં તમામ આઠેય ડે-નાઈટ ટેસ્ટ જીતવાનો સિલસિલો જારી રાખ્યો હતો. તેઓ ઓવરઓલ ૧૩માંથી ૧૨મી ડે-નાઈટ ટેસ્ટ જીત્યા હતા.

**૨** : નિતિશ રેડ્ડી તેની કારકિર્દીની પહેલી ચાર ટેસ્ટ ઈનિંગમાંથી ત્રણમાં ઈનિંગનો ટોપ સ્કોરર રહેનારો ભારતનો બીજો અને વિશ્વનો ઓવરઓલ આઠમ બેટ્સમેન બન્યો હતો. અગાઉ ભારત તરફથી આવી સિદ્ધિ ગાવસ્કરે ૧૯૭૧માં વિન્ડિઝ સામે નોંધાવી હતી.

**૧૯** : ભારતીય ટીમ ૧૯મી વખત ૧૦ વિકેટના માર્જિનથી ટેસ્ટ હારી હતી. સૌથી વધુ વખત ૧૦ વિકેટથી ટેસ્ટ હારવામાં ભારત ઈંગ્લેન્ડ (૨૫ વખત) પછી બીજા ક્રમે છે.

**૩૨** : સૌથી વધુ ૩૨ વખત ૧૦ વિકેટ જીતીને ઓસ્ટ્રેલિયા ટોચ પર છે. આ યાદીમાં વિન્ડિઝ ૨૮ વખત ૧૦ વિકેટે જીતી ચૂક્યું છે. ભારત ૯ વખત ૧૦ વિકેટથી ટેસ્ટ જીતી સાઉથ આફ્રિકા સાથે છઠ્ઠા ક્રમે છે.

પ્રથમ ઈનિંગના ૧૫૭ રનના દેવા સામે ભારતની બીજી ઈનિંગ ૧૭૫ રનમાં સમેટાઈ ગઈ હતી. કમિન્સે પાંચ વિકેટ ઝડપતાં ટીમની જીત આસાન બનાવી હતી. ઓસ્ટ્રેલિયાએ જીતવા માટેના ૧૯ રનના ટાર્ગેટને ૩.૨ ઓવરમાં વિના વિકેટે પાર પાડ્યો હતો અને પાંચ ટેસ્ટની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ૧-૧થી બરોબરી મેળવી લીધી હતી.

ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન હેડને ૧૪૦ રનની ઈનિંગ બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. એડિલેડમાં આજે ત્રીજા દિવસે ૬૬ રન નોંધાયા હતા અને પાંચ વિકેટ પડી હતી. ભારતીય ટીમ ૧૨૮-૫ થી આગળ રમતાં ૧૭૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં ઓસ્ટ્રેલિયાએ ૧૯ના ટાર્ગેટને વિના વિકેટે પાર પાડ્યો હતો. અગાઉ ભારત પ્રથમ ઈનિંગમાં ૧૮૦માં સમેટાઈ ગયું હતુ. જ્યારે ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઈનિંગમાં ૩૩૭ રન નોંધાવ્યા હતા.

**ભારતે ૧૨.૫ ઓવરમાં ૪૭ રન જોડ્યા**

ભારતે આજે ત્રીજા દિવસે ૧૨૮-૫ના સ્કોરથી આગળ રમવાનું શરુ કર્યું હતુ. પંત ૨૮ અને નિતિશ ૧૫ રને ક્રિઝ પર હતા. ભારતની શરુઆત સારી રહી નહતી અને ત્રીજા દિવસે સવારે પહેલી જ ઓવરમાં સ્ટાર્કે ભારતની અણધારી જીતની આશા પર પાણી ફેરવતા પંતને ગઈકાલના સ્કોર પર જ સ્મિથના હાથે કેચઆઉટ કરાવ્યો હતો. કમિન્સે અશ્વિન (૭) અને હર્ષિત (૦) બાદ નિતિશ રેડ્ડી (૪૨)ને આઉટ કરતાં ટીમને જીતની નજીક પહોંચાડી હતી. બોલેન્ડે સિરાજ (૭)ને આઉટ કર્યો હતો, જેનો કેચ હેડે ઝડપ્યો હતો.

### ભારતની બીજી ઈનિંગ ૧૭૫માં સમેટાઈ : ઓસ્ટ્રેલિયા માત્ર સવા બે દિવસમાં જીત્યું : હેડ પ્લેયર ઓફ ધ મેચ જાહેર

**કમિન્સની પાંચ અને સ્ટાર્કની ત્રણ વિકેટ**

ઓસ્ટ્રેલિયાના કેપ્ટન કમિન્સે ૫૭ રન આપીને પાંચ બેટસમેનોને આઉટ કર્યા હતા. આજના દિવસમાં પડેલી પાંચમાંથી ત્રણ વિકેટ કમિન્સને મળી હતી. તેણે રાહુલ અને રોહિત બાદ અશ્વિન, હર્ષિત તેમજ નિતિશને આઉટ કર્યા હતા. જ્યારે પ્રથમ ઈનિંગમાં છ વિકેટ ઝડપનારા સ્ટાર્કે પંતની મહત્વની વિકેટ ઝડપી હતી. તેણે ૬૦ રનમાં બે વિકેટ મેળવી હતી. લાંબા સમયે ટીમમાં પુનરાગમન કરનારા બોલેન્ડે ૫૧ રનમાં ત્રણ વિકેટ મેળવી હતી.

### શમીના ઘુંટણમાં સોજો : રોહિત

એડિલેડ : શમીના ટીમ ઈન્ડિયામાં પુનરાગમનમાં વિલંબ થઈ શકે તેવો સંકેત આપતાં ભારતીય કેપ્ટન રોહિત શર્માએ કહ્યું હતુ કે, સૈયદ મુસ્તાક અલી ટી-૨૦ની મેચીસ રમ્યા બાદ તેના ઘુંટણમાં સોજો આવી ગયો છે. તેના માટે દરવાજા ખુલ્લા છે, પણ હાલ અમે તેની સ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ.

**ભારત પ્રથમ ઈનિંગ : ૧૮૦**
**ઓસ્ટ્રેલિયા પ્રથમ ઈનિંગ : ૩૩૭**
**ભારત બીજી ઈનિંગ**

| | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| જયસ્વાલ કો.કૅરી બો.બોલેન્ડ | ૨૪ | ૩૧ | ૪ | ૦ |
| રાહુલ કો.કૅરી બો.કમિન્સ | ૭ | ૧૦ | ૧ | ૦ |
| ગીલ બો.સ્ટાર્ક | ૨૮ | ૩૦ | ૩ | ૦ |
| કોહલી કો.કૅરી બો.બોલેન્ડ | ૧૧ | ૨૧ | ૧ | ૦ |
| પંત કો.સ્મિથ બો.સ્ટાર્ક | ૨૮ | ૩૧ | ૫ | ૦ |
| રોહિત બો.કમિન્સ | ૬ | ૧૫ | ૧ | ૦ |
| નિતિશ કો.મેક્સ્વીની બો.કમિન્સ | ૪૨ | ૪૭ | ૬ | ૧ |
| અશ્વિન કો.કૅરી બો.કમિન્સ | ૭ | ૧૪ | ૦ | ૦ |
| હર્ષિત કો.ખ્વાજા બો.કમિન્સ | ૦ | ૧૨ | ૦ | ૦ |
| બુમરાહ અણનમ | ૨ | ૫ | ૦ | ૦ |
| સિરાજ કો.હેડ બો.બોલેન્ડ | ૭ | ૮ | ૧ | ૦ |
| વધારાના (બાય ૫, લેગબાય ૨, નોબોલ ૩, વાઈડ ૩) | ૧૩ | | | |
| કુલ (૩૬.૫ ઓવરમાં ઓલઆઉટ) | ૧૭૫ | | | |

**વિકેટનો ક્રમ:** ૧-૧૨ (રાહુલ ૩.૫), ૨-૪૨ (જયસ્વાલ ૮.૧), ૩-૬૬ (કોહલી ૧૪.૩), ૪-૮૬ (ગીલ ૧૭.૨), ૫-૧૦૫ (રોહિત ૨૦.૫), ૬-૧૨૮ (પંત ૨૪.૬), ૭-૧૪૮ (અશ્વિન ૨૯.૪), ૮-૧૫૩ (રાણા ૩૩.૩), ૯-૧૬૬ (નિતિશ ૩૫.૨), ૧૦-૧૭૫ (સિરાજ ૩૬.૫).

**બોલિંગ :** સ્ટાર્ક ૧૪-૧-૬૦-૨, કમિન્સ ૧૪-૦-૫૭-૫, બોલેન્ડ ૮.૫-૦-૫૧-૩.

**ઓસ્ટ્રેલિયા બીજી ઈનિંગ**

| | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| મેક્સ્વીની અણનમ | ૧૦ | ૧૨ | ૨ | ૦ |
| ખ્વાજા અણનમ | ૯ | ૮ | ૧ | ૦ |
| કુલ (૩.૨ ઓવરમાં વિના વિકેટે) | ૧૯ | | | |

**બોલિંગ:** બુમરાહ ૧-૦-૨-૦, સિરાજ ૧.૨-૦-૯-૦, નિતિશ ૧-૦-૮-૦.

## ગુકેશની ૬-૫થી સરસાઈ : વર્લ્ડ ચેમ્પિયન બનવાથી ૧.૫ પોઈન્ટ દૂર

# વર્લ્ડ ચેસ : ભારતના ડી. ગુકેશનો ૧૧મી મેચમાં ચીનના લિરેન સામે મહત્વનો વિજય

સિંગાપોર, તા.૮

ભારતના ૧૮ વર્ષના ગ્રાન્ડમાસ્ટર અને ચેલેન્જર ડી. ગુકેશે ચીનના ૩૨ વર્ષના ડિફેન્ડિંગ ચેમ્પિયન ડિંગ લિરેન સામેની વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપની ૧૧મી મેચમાં યાદગાર વિજય મેળવતા ટાઈટલ જીતવા તરફ આગેકૂચ કરી હતી. ગુકેશે સફેદ મહોરાથી રમતાં કારકિર્દીનો મહત્ત્વનો વિજય મેળવવાની સાથે પહેલીવાર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પ્રથમ વખત સરસાઈ મેળવી લીધી છે. તે ૬-૫થી આગળ છે. વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપમાં હવે માત્ર ત્રણ જ મેચ બાકી છે અને જો ત્રણે ય મેચ ડ્રો થાય તો પણ ગુકેશ વર્લ્ડ ચેસ ચેમ્પિયન બની જશે. બંનેમાંથી જે ખેલાડી સૌથી પહેલા ૭.૫ પોઈન્ટ નોંધાવશે તે વિજેતા બનશે.

આધુનિક ચેસ ચેમ્પિયનશિપના ઈતિહાસમાં સ્કોર ૫-૫થી બરોબરી પર રહ્યો હતો, તે પછી ક્યારેય કોઈ ચેલેન્જર ટાઈટલ જીતી શક્યો નથી. આ પ્રકારે પણ ગુકેશ નવો ઈતિહાસ આલેખવાની તૈયારી કરી રહ્યો છે. ભારે ચડાવ-ઉતાર ભરેલા મુકાબલામાં એક તબક્કે લિરેનને ફાયદો મળે તેમ હતો. જોકે તે પોઝિશનનો લાભ ઉઠાવી શક્યો નહતો અને ગુકેશે જબરજસ્ત કમબેક કર્યું હતુ. આ પછી લિરેને કરેલા છબરડાનો ફાયદો ઉઠાવતા ગુકેશે આખરે જીત હાંસલ કરી હતી. ગુકેશે જીત બાદ નિખાલસ કબુલાત કરતાં કહ્યું કે, મેચ દરમિયાન એક તબક્કે મેં મારી ધીરજ ગુમાવી દીધી હતી. મને લાગતું હતુ કે, હું હાર તરફ આગળ વધી રહ્યો છું અને આ પરિસ્થિતિ મારા માટે મુશ્કેલ હતી. જોકે મેં મેચમાં ટકી રહેવાનો પ્રયાસ કર્યો અને ત્યાર બાદ મારી પાસેની તકોને ઝડપવાની કોશીશ કરે અને અચાનક જ હું મુકાબલો જીતી ગયો. તેણે ઊમેર્યું કે, એક વખત તક ઝડપવામાં નિષ્ફળ રહ્યા બાદ મેં મારી જાતને કહ્યું કે, હવે ભૂલ કર્યા વિના જીત મેળવવાની કોશીશ કરી જોઉં અને મારા પ્રયાસો સફળ થયા.



### અત્યાર સુધીની સફર

વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપમાં પહેલી જ ગેમ લિરેને જીતી લીધી હતી. બીજી મેચ ડ્રો થઈ હતી અને ત્રીજી ગેમમાં ગુકેશે વિજય મેળવતા સ્કોર બરોબરી પર લાવી દીધો હતો. આ પછી બંને વચ્ચેની સતત સાત ગેમ ડ્રો થઈ હતી.

### હવે બાકીની ત્રણેય મેચ ડ્રો થાય તો પણ ગુકેશ વર્લ્ડ ચેસ ચેમ્પિયન બની જશે

## બાંગ્લાદેશે ભારતને હરાવી અંડર-૧૯ એશિયા કપ જીત્યો

દુબઈ : ટીમ ઈન્ડિયાના યુવા બેટ્સમેનો ફાઈનલમાં જ નિષ્ફળ રહેતા બાંગ્લાદેશે ૫૯ રનથી વિજય મેળવતા અંડર-૧૯ મેન્સ એશિયા કપ જીતી લીધો હતો. બાંગ્લાદેશના પ્લેયર ઓફ ધ મેચ ઈકબાલ ઈમોનની સાથે અઝીઝુલ હકીમે ૩-૩ વિકેટ ઝડપી હતી. બાંગ્લાદેશ ૪૯.૧ ઓવરમાં ૧૯૮ રનમાં જ સમેટાઈ ગઈ હતી. જોકે ભારતની અંડર-૧૯ ટીમ ૩૫.૨ ઓવરમાં ૧૩૯ રનમાં જ ખખડી ગઈ હતી. ફાઈનલમાં ભારતે ટોસ જીતીને બાંગ્લાદેશને બેટિંગમાં ઉતાર્યું હતુ. બાંગ્લાદેશે ૬૬/૩ના સ્કોર બાદ એમએસ જેમ્સ (૪૦) અને રિઝાન હોસૈન (૪૭)ની ૬૨ રનની ચોથી વિકેટની ભાગીદારીની મદદથી ટીમને મુશ્કેલીમાંથી ઉગારી હતી. લો ઓર્ડરમાં ફરિદ હસને ૩૯ રન નોંધાવતા સ્કોરને ૧૯૮ સુધી પહોંચાડ્યો હતો. યુદ્ધજીત ગુહા, ચેતન શર્મા અને હાર્દિક રાજે ૨-૨ વિકેટ ઝડપી હતી. જવાબમાં ભારત તરફથી આયુષ મ્હાત્રેએ ૧, ૧૩ વર્ષના વૈભવ સૂર્યવંશીએ ૯, સી.સિદ્ધાર્થે ૨૦, કાર્તિકેયાએ ૨૧, કેપ્ટન અમાને ૨૬, નિખિલ કુમારે ૦, હરવંશ પંઘાલિયાએ ૬, કિરન ચોરમાલેએ ૧, હાર્દિક રાજે ૨૪, ચેતન શર્માએ ૧૦, યુદ્ધજીત ગુહાએ ૫* રન કર્યા હતા.

## એડિલેડમાં ડે-નાઈટ ટેસ્ટ હાર્યા બાદ કેપ્ટન રોહિત ટીમના પ્રદર્શનથી નિરાશ

# અમે બેટિંગમાં નિષ્ફળ રહ્યા, બુમરાહને પણ સામેના છેડેથી પુરતો સપોર્ટ ન મળ્યો : રોહિત

એડિલેડ, તા.૮

બુમરાહની આગેવાનીમાં ભારતે પર્થમાં ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટમાં ઐતિહાસિક જીત હાંસલ કરી હતી. જોકે બીજી ટેસ્ટમાં નિયમિત કેપ્ટન રોહિતે જવાબદારી સંભાળી હતી અને ગીલ જેવા ધરખમ બેટ્સમેને ફિટનેસ સાથે પુનરાગમન કર્યું હતુ, છતાં ભારતનો ૧૦ વિકેટથી નાલેશીભર્યો પરાજય થયો હતો. પર્થ ટેસ્ટ બાદ ઓસ્ટ્રેલિયમાં ભારત નવો ઈતિહાસ આલેખશે તેવું લાગતુ હતુ, પણ એડિલેડની હાર ભારત માટે આંચકાજનક રહી. કેપ્ટન રોહિત શર્માએ મેચ બાદ ટીમના પરાજય માટે બેટસમેનો અને બોલરોને જવાબદાર ઠેરવતા કહ્યું હતુ કે, અમે બેટિંગમાં નિષ્ફળ રહ્યા એટલું જ નહીં, બોલિંગમાં પણ બુમરાહને સામેના છેડેથી પુરતો સપોર્ટ મળતો નહતો.

**બેટ્સમેનોનો દેખાવ કંગાળ**

રોહિતે કહ્યું કે, ટેસ્ટ જીતવા માટે જંગી સ્કોર ખડકવો જરુરી હોય છે. પ્રથમ ઈનિંગમાં અમે જો ૩૦-૪૦ રન વધુ નોંધાવ્યા હોત તો પરિસ્થિતિ જુદી હોત. ઓસ્ટ્રેલિયાની બેટિંગમાં અમને કેટલીક તકો મળી હતી, જે અમે ઝડપી ન શક્યા. આવી તકો ઝડપી ન શક્યા બાદ મેચમાં પાછું ફરવું મુશ્કેલ હોય છે. બીજી ઈનિંગમાં અમને લાગતું હતુ કે, પરિસ્થિતિ બેટિંગ માટે ઘણી સારી છે, પણ અમે ફરી સારી બેટિંગ કરવામા ઉણા ઉતર્યા હતા.



**બુમરાહ કંઈ બંને છેડેથી બોલિંગ ન કરી શકે**

બુમરાહ સિવાયના બોલરોના કંગાળ દેખાવ તરફ નિર્દેશ કરતાં રોહિતે કહ્યું કે, અમારી ટીમમાં કંઈ એક જ બોલર નહતો. અન્ય બોલરોએ જ પણ આગળ વધીને જવાબદારી ઉઠાવવી જોઈએ અને ટીમને સફળતા અપાવવી જોઈએ, તે સિરાજ, હર્ષિત, નિતિશ કે પી. ક્રિશ્નામાંથી કોઈ પણ કરી શકે. અન્ય બોલરો ટેસ્ટ ક્રિકેટમાં નવા છે અને તેમનો આત્મવિશ્વાસ વધારવો જરુરી છે. અમે આ અંગે આયોજનની સાથે ચર્ચા પણ કરતા રહીશું. જોકે કોઈ એવી અપેક્ષા રાખી ન શકે કે, બુમરાહ જ સવારથી સાંજ સુધી બંને છેડેથી બોલિંગ કર્યા કરશે.

### ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ મેચ જીતવા મોટો સ્કોર કરવો જરુરી : ફિલ્ડિંગમાં પણ છબરડા કર્યા

## ઓસ્ટ્રેલિયાના ૬૦.૭૧% અને ભારતના ૫૭.૨૯%

# WTCના પોઈન્ટ ટેબલમાં ભારત ત્રીજા સ્થાને : ઓસ્ટ્રેલિયા ટોચ પર

**વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટેબલ**

| | ટીમ | ટેસ્ટ | જીત | હાર | ડ્રો | પોઈન્ટ | પરસેન્ટ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઓસ્ટ્રેલિયા | ૧૪ | ૯ | ૪ | ૧ | ૧૦૨ | ૬૦.૭૧ |
| ૨. | સાઉથ આફ્રિકા | ૯ | ૫ | ૩ | ૧ | ૦૬૪ | ૫૯.૨૬ |
| ૩. | ભારત | ૧૬ | ૯ | ૬ | ૧ | ૧૧૦ | ૫૭.૨૯ |
| ૪. | શ્રીલંકા | ૧૦ | ૫ | ૫ | ૦ | ૦૬૦ | ૫૦.૦૦ |
| ૫. | ઈંગ્લેન્ડ | ૨૧ | ૧૧ | ૯ | ૧ | ૧૧૪ | ૪૫.૨૪ |
| ૬. | ન્યુઝીલેન્ડ | ૧૩ | ૬ | ૭ | ૦ | ૦૬૯ | ૪૪.૨૩ |
| ૭. | પાકિસ્તાન | ૧૦ | ૪ | ૬ | ૦ | ૦૪૦ | ૩૩.૩૩ |
| ૮. | બાંગ્લાદેશ | ૧૨ | ૪ | ૮ | ૦ | ૦૪૫ | ૩૧.૨૫ |
| ૯. | વિન્ડિઝ | ૧૧ | ૨ | ૭ | ૨ | ૩૨ | ૨૪.૨૪ |

## મહિલા ક્રિકેટ : ભારતને બીજી વન ડેમાં હરાવીને ઓસ્ટ્રેલિયાનો શ્રેણી વિજય

**બ્રિસબેન** : એલિસ પેરીએ ૭૫ બોલમાં સાત ચોગ્ગા અને છ છગ્ગા સાથે ૧૦૫ રન અને જેઓર્જિયા વોલે ૮૭ બોલમાં ૧૨ ચોગ્ગા સાથે ૧૦૧ રન ફટકારતાં ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમે બીજી વન ડેમાં ૩૭૧/૮નો જંગી સ્કોર ખડક્યા બાદ ભારતની મહિલા ટીમને ૧૨૨ રનથી હરાવી હતી. ભારત ૨૪૯ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતુ. ઓસ્ટ્રેલિયાએ આ સાથે ત્રણ મેચની શ્રેણી ૨-૦થી જીતી લીધી હતી.

૩૭૨ના ટાર્ગેટનો કરવા ઉતરેલા ભારત તરફથી ઓપનર રિચા ઘોષે ૫૪, સ્મૃતિ મંધાનાએ ૯, હર્લીન દેઓલે ૧૨, કેપ્ટન હરમનપ્રીતે ૩૮, રોડ્રિગ્સે ૪૩, દીપ્તિ શર્માએ ૧૦, મિન્નુ માનીએ ૪૬*, સાઈમાએ ૭, રેણુકાએ ૧, પ્રિયા મિશ્રાએ ૫ રન કર્યા હતા. પ્રિયા પુનિયા એબ્સન્ટ હર્ટ હતી. સધરલેન્ડે ૩૯ રનમાં ચાર વિકેટ ઝડપી હતી. અગાઉ ટોસ જીતીને બેટિંગ પસંદ કરનારા ઓસ્ટ્રેલિયા તરફથી લિચ્ફિલ્ડ (૬૦) અને વોલ (૧૦૧)ની જોડીએ ૧૧૬ બોલમાં ૧૩૦ રન જોડ્યા હતા. વોલ અને પેરી (૧૦૫)એ બીજી વિકેટમાં ૭૮ બોલમાં ૯૨ અને પેરી-મૂની (૫૬) એ ૬૯ બોલમાં ૯૮ રનની ભાગીદારી ત્રીજી વિકેટમાં નોંધાવતા ટીમને જંગી સ્કોર તરફ અગ્રેસર કરી હતી. સાઈમાએ ત્રણ અને મિન્નુ માનીએ બે વિકેટ ઝડપી હતી.

## બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડનો ૩૨૩ રનથી વિજય

# ઈંગ્લેન્ડની ટીમે ન્યુઝીલેન્ડની ભૂમિ પર ૧૬ વર્ષ બાદ ટેસ્ટ શ્રેણી જીતી

વેલિંગ્ટન, તા.૮

રૂટની ૩૬મી ટેસ્ટ સદી સાથેના ૧૦૬ રન બાદ સ્ટોક્સે ૩ અને વોક્સ-કાર્સ-બશીરે ૨-૨ વિકેટ ઝડપતાં ઈંગ્લેન્ડે ન્યુઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટમાં ૩૨૩ રનથી વિજય મેળવતા ત્રણ મેચની શ્રેણી ૨-૦થી જીતી લીધી હતી. આ સાથે ઈંગ્લેન્ડની ટીમ ન્યુઝીલેન્ડની ભૂમિ પર ૧૬ વર્ષ બાદ ટેસ્ટ શ્રેણી જીતી હતી. ઈંગ્લેન્ડે તેની બીજી ઈનિંગ ૪૨૭/૬ પર ડિકલેર કરી હતી. જે પછી ન્યુઝીલેન્ડની ટીમ ૫૮૩ના ટાર્ગેટ સામે ૨૫૯ રનમાં ખખડી ગઈ હતી. બ્રૂક પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો. ત્રીજી અને આખરી ઔપચારિક ટેસ્ટ ૧૪મી ડિસેમ્બરથી શરૂ થશે. ન્યુઝીલેન્ડનો આ ઘરઆંગણાનો સૌથી શરમજનક પરાજય હતો. અગાઉ ઈંગ્લેન્ડના ૨૮૦ના સ્કોર સામે ન્યુઝીલેન્ડ પ્રથમ ઈનિંગમાં ૧૨૫માં ખખડ્યું હતુ. બીજી ઈનિંગમાં ત્રીજા દિવસે ઈંગ્લેન્ડે ૩૭૮/૫થી આગળ રમતાં વધુ ૪૯ રન જોડ્યા હતા અને એક વિકેટ ગુમાવતા ઈનિંગ ૪૨૭/૬ પર ડિકેલર કરી હતી. ડકેટ ૯૨, બેથલ ૯૬ બાદ રૂટે ૧૩૦ બોલમાં ૧૧ ચોગ્ગા સાથે ૧૦૬ રન ફટકાર્યા હતા. બ્રૂકે ૫૫ અને સ્ટોક્સે ૪૨ બોલમાં અણનમ ૪૯ રન કર્યા હતા.

જીતવા માટેના ૫૮૩ના ટાર્ગેટ સામે ન્યુઝીલેન્ડ તરફથી બીજી ઈનિંગમાં લાથમે ૨૪, કોન્વેએ ૦, વિલિયમસને ૪, રવિન્દ્રએ ૬, મિચેલે ૩૨, બ્લન્ડેલે ૧૦૨ બોલમાં પાંચ છગ્ગા અને ૧૩ ચોગ્ગા સાથે ૧૧૫, ફિલિપ્સે ૧૬, નાથન સ્મિથે ૪૨, હેનરીએ ૪, સાઉથીએ ૮, ઓ'રોઉર્કેએ ૧* રન કર્યો હતો. સ્ટોક્સે પાંચ રનમાં ત્રણ વિકેટ મેળવી હતી.

### ન્યુઝીલેન્ડની નાલેશી

**૩૨૩** : ન્યુઝીલેન્ડનો આ ઘરઆંગણાનો સૌથી શરમજનક પરાજય છે. અગાઉ તેઓ ૨૦૦૧માં પાકિસ્તાન સામે ઓકલેન્ડ ટેસ્ટ ૨૯૯ રનથી હાર્યા હતા.

**૪** : ન્યુઝીલેન્ડ ઘરઆંગણે આ સતત ચોથી ટેસ્ટ હાર્યું. તેઓ અગાઉ ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીમાં બે ટેસ્ટ હાર્યા હતા.



**૧૬** ઈંગ્લેન્ડ ૨૦૦૮ પછી પહેલીવાર ન્યુઝીલેન્ડની ભૂમિ પર ટેસ્ટ શ્રેણી જીત્યું. આ દરમિયાન તેમની ચારમાંથી બે શ્રેણી ન્યુઝીલેન્ડ જીત્યું હતુ અને બે શ્રેણી ડ્રો થઈ હતી.

**૩૬** રૂટ ૩૬મી ટેસ્ટ સદી સૌથી વધુ ટેસ્ટ સદી ફટકારવામાં સંયુક્તપણે પાંચમા ક્રમે આવી પહોંચ્યો છે. તેણે દ્રવિડની બરોબરી કરી હતી. હવે તેંડુલકર (૫૧), કાલીસ (૪૫), પોન્ટીંગ (૪૧) અને સંગાકારા (૩૮) તેની આગળ છે.

### રૂટ(૧૦૬)ની ૩૬મી ટેસ્ટ સદી : ૫૮૩ના ટાર્ગેટ સામે ન્યુઝીલેન્ડના ૨૫૯ : બ્લેન્ડેલના ૧૧૫ રન

# સાઉથ આફ્રિકા સામેની બીજી ટેસ્ટ જીતવા ૩૪૮ના ટાર્ગેટ સામે શ્રીલંકાના ૨૦૫/૫

ગાકેબેરહા : સાઉથ આફ્રિકા અને શ્રીલંકા વચ્ચેની બીજી ટેસ્ટ ભારે રોમાંચક બની છે. જીતવા માટેના ૩૪૮ના ટાર્ગેટ સામે શ્રીલંકાએ પાંચ વિકેટે ૨૦૫ રન કર્યા છે અને સોમવારે મેચનો આખરી દિવસ છે. સાઉથ આફ્રિકાએ ચોથા દિવસે તેની બીજી ઈનિંગ ૧૯૧/૩ થી આગળ ધપાવી હતી અને તેઓ ૩૧૭માં ઓલઆઉટ થયા હતા. સ્ટબ્સે ૪૭, બવુમાએ ૬૬, બેડિંગહામે ૩૫, વેરેયને ૯, જાન્સેને ૮, મહારાજે ૧૪*, રબાડાએ ૮, પેટરસને ૧૪ રન કર્યા હતા. જયસુર્યાએ ૧૨૯ રનમાં પાંચ અને વિશ્વા ફર્નાન્ડોએ બે વિકેટ ઝડપી હતી. શ્રીલંકાએ ૩૪૮ના ટાર્ગેટ સામે નિસાંકા ૧૮, કરૂણારત્ને ૧, ચાંદિમલ ૨૯, મેથ્યૂસ ૩૨, કામિન્દુ મેન્ડિસ ૩૫ની વિકેટ ગુમાવતા સ્કોર ૧૨૨/૫ થયો હતો. જોકે ધનંજયા (૩૯*) અને કુસલ મેન્ડિસે (૩૯*)ની જોડીએ ૮૩* રનની ભાગીદારી નોંધાવતા લડત આપી હતી. મહારાજ-પૈટરસને ૨-૨ વિકેટ ઝડપી હતી.



## રિયલ મેડ્રિડનો ૩-૦થી જીરોના સામે વિજય

**મેડ્રિડ** : સ્પેનિશ ફૂટબોલ લીગ - લા લાગીમાં રિયલ મેડ્રિડે ૩-૦તી જીરોના સામે જીત હાંસલ કરી હતી. રિયલ મેડ્રિડ તરફથી જુડ બેલિંગહામે ૩૬મી, એર્ડા ગ્યુલેરે ૫૫મી અને કિલિયન એમ્બાપ્પેએ ૬૨મી મિનિટે ગોલ ફટકાર્યા હતા. તે અગાઉ બાર્સેલોના અને રિયલ બેટિસ વચ્ચેની મેચ ૨-૨થી ડ્રો થઈ હતી. લેવાન્ડોવ્સ્કી અને ફેરાન ટોરેસે બાર્સેલોનાને બે વખત લીડ અપાવી હતી. જોકે લો સેલ્સો અને એસ્સાને ડિએગોએ બેટિસને બરોબરી પર લાવી દીધું હતુ.

## માંચેસ્ટર સિટી સતત નવમી મેચમાં પણ વિજયથી વંચિત



**લંડન** : છેલ્લી ચાર સિઝન જીતી ચૂકેલી માંચેસ્ટર સિટી કલબનું કંગાળ ફોર્મ જારી રહ્યું હતુ અને તેઓ સતત નવમી મેચમાં પણ વિજય મેળવી શક્યા નહતા અને ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં ક્રિસ્ટલ પેલેસ જેવી સાધારણ ગણાતી ટીમ સામેની તેમની મેચ ૨-૨થી ડ્રો થઈ હતી. આ સાથે સિટી પોઈન્ટ ટેબલમાં ચોથા ક્રમે ફેંકાયું છે. ક્રિસ્ટલ પેલેસે મુનોઝ અને લાક્રોઈક્સના ગોલની મદદથી બેવખત સરસાઈ મેળવી હતી અને હાલાન્ડ અને રિકો લુઈસના ગોલની મદદથી સિટીએ બે વખત મેચને બરોબરી પર લાવી દીધી હતી. જોકે આખરી છ મિનિટ બાકી હતી, ત્યારે રિકો લુઈસને રેડકાર્ડ દેખાડવામાં આવ્યું હતુ. જેનાથી સિટીને ફટકો પડ્યો હતો. નોટિંગહામ ફોરેસ્ટે મિલેનોવિચ, ગીબ્સ-વ્હાઈટ અને વૂડના ગોલની મદદથી ૩-૨થી માંચેસ્ટર સિટીને હરાવ્યું હતુ. હોજલ્યુન્ડ અને બ્રુનો ફર્નાન્ડેસે સિટી તરફથી ગોલ નોંધાવ્યા હતા. ઈપીએલમાં લીવરપૂલ (૩૫ પોઈન્ટ ) ટોચ પર છે, ત્યાર બાદ આર્સેનલ, ચેલ્સી, અને સિટી (૨૭ પોઈન્ટ) સ્થાન ધરાવે છે. યુનાઈટેડ ૧૯માં ક્રમે છે.

## નેશનલ રોલર સ્કેટિંગમાં ગોલ્ડ મેડલ

અમદાવાદ : તમિલનાડુમાં ચાલી રહેલી નેશનલ રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં અમદાવાદના વરૂણ હિરલ શાહે ફિગર સ્કેટિંગની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. તેણે ૧૪ થી ૧૭ વર્ષની વય કેટેગરીમાં આ સિદ્ધિ મેળવી હતી. અમદાવાદની શારદામંદિર શાળામાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતાં વરૂણે અગાઉ છેલ્લી ચાર નેશનલ્સમાં મેડલ જીત્યા હતા. તેણે રાજ્ય સ્તરની જુદી-જુદી સ્પર્ધાઓમાં પણ નોંધપાત્ર દેખાવ કરતાં સફળતા મેળવી હતી.



## દેશભરમાં બાંગ્લાદેશની હિંદુ વિરોધી સરકારનો વિરોધ



બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુ સમાજ સામે થઈ રહેલા અત્યાચારો વિરૂદ્ધ ભારતભરમાં ગુસ્સો જોવા મળી રહ્યો છે. દેશભરમાં અનેક સ્થળોએ બાંગ્લાદેશ વિરૂદ્ધ પ્રદર્શનો કરવામાં આવ્યા હતા. પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ગુસ્સાને દર્શાવવા માટે બાંગ્લાદેશની ખાસિયત એવી ઢાકાઈ જમદાની સાડીઓને આગ ચાંપવામાં આવી હતી.

## એરાઉન્ડ ધ વર્લ્ડ

### ટ્યુનિસએર સૌથી ખરાબ એરલાઈન્સ, ઈન્ડિગો સાતમા સ્થાને

ભારતની ઈન્ડિગો એરલાઈન્સને દુનિયાની સૌથી ખરાબ એરલાઈન્સની યાદીમાં સાતમું સ્થાન મળ્યું છે. ટ્યુનિશિયાની ટ્યુનિસએર સૌથી ખરાબ એરલાઈન્સની યાદીમાં પહેલા નંબરે છે. નોર્થ અમેરિકા, યુરોપ અને મિડલ ઈસ્ટને જોડતી ફ્લાઈટ્સ ચલાવતી ટ્યુનિસએર સરકારી વિમાની કંપની છે. યાદીમાં બીજા સ્થાને પોલેન્ડની બઝ, ત્રીજા સ્થાને ટ્યુનિશિયાની નૌવેલએર અને પાંચમા સ્થાને બલ્ગેરિયા સરકારની બલ્ગેરિયા એર છે. પાંચમા સ્થાને ઈઝરાયલ સરકારની એલ અલ ઈઝરાયલ એરલાઈન્સ છે. એલ અલ પણ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એમ બંને પ્રકારની વિમાની સેવા ચલાવે છે. છઠ્ઠા સ્થાને તુર્કીયેની પેગાસસ એરલાઈન્સ છે. આ યાદી એરહેલ્લપ ગ્લોબલ સ્કોરના આધારે તૈયાર કરાઈ છે. ઈન્ડિગો ભારતની સૌથી મોટી પેસેન્જર એરલાઈન્સ છે પણ કસ્ટમર સર્વિસ અંગેની ફરિયાદો, રીફંડ આપવામાં વિલંબ તથા સાંકડમાંકડ સીટોના કારણે આ યાદીમાં સ્થાન અપાયું છે. ભારતની ઈન્ડિગો સારી સેવા આપવામાં ૧૦૯ કંપનીઓમાં છેક ૧૦૩મા ક્રમે છે.

### કોરીયામાં સંરક્ષણ પ્રધાન જેલભેગા, ગૃહ પ્રધાનનું રાજીનામું

દક્ષિણ કોરિયામાં માર્શળ લો લાદવાના નાટકના પગલે ગૃહ પ્રધાન લી સાંગ-મિને રાજીનામું આપી દીધું છે. સાંગ-મિને રાજીનામાની જાહેરાત કરતાં કહ્યું કે પોતે લોકો અને રાષ્ટ્રપતિની સારી રીતે સેવા કરવામાં નિષ્ફળ રહેવાની જવાબદારી સ્વીકારીને પદ છોડી રહ્યા છે. જોંગએંગ ઈલ્બો અખબારના અહેવાલ પ્રમાણે, પ્રમુખ યુન સુક યેઓલે તેમનું રાજીનામું સ્વીકાર્યુ છે.



દક્ષિણ કોરીયામાં મંગળવારે માર્શલ લોની જાહેરાતનો ડ્રામા થયો તેમાં પ્રમુખ યેઓલની નજીકની બીજી વ્યક્તિની વિકેટ પડી છે. આ પહેલાં સંરક્ષણ પ્રધાન કિમ યોંગ-હ્યુને પણ રાજીનામું આપવું પડેલું. પોલીસે કિમ યોંગ-હ્યુનની ધરપકડ કરીને જેલમાં ધકેલી દીધા છે. કોરીયામાં લશ્કરી શાસન સ્થાપીને કાયમ માટે પોતાની સત્તા સ્થાપવાના યેઓલના પ્રયત્નમાં કિમ ભાગીદાર હોવાનું કહેવાય છે. આ મામલે લી અને યુન સામે પણ તપાસ ચાલી રહી છે તેથી લીની પણ ધરપકડ થઈ શકે છે. યેઓલે શનિવારે સંસદમાં મહાભિયોગ પ્રસ્તાવથી બચી ગયા હતા પણ તેમના પર પણ તવાઈ આવી શકે છે.

### મેલબોર્નમાં યહૂદીઓનું ધર્મસ્થાન સળગાવી દેવાયું

ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં યહૂદીઓના ધર્મસ્થાન સિનાગોગમાં લગાડાયેલી આગના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનિસે સિનાગોગમાં ઈરાદાપૂર્વક સળગાવવામાં આવેલી આગને આતંકવાદી કૃત્ય ગણાવીને



ઓસ્ટ્રેલિયામાં યહૂદીએ સામેના વિરોધમાં થયેલા ચિંતાજનક વધારા સામે ચેતવણી આપી છે. ઈઝરાયલના વડાપ્રધાન નેત્યાનાહૂએ પણ આ ઘટનાનાં ગંભીર પરિણામો ભોગવવાં પડશે એવી ચેતવણી આપી છે.

માસ્ક પહેરેલા હુમલાખોરોએ શુક્રવારે વહેલી પરોઢે રિપ્પોનલિયાના મેલબોર્ન ઉપનગરમાં આવેલા અડાસ ઈઝરાયેલ સિનાગોગને આગ લગાડી દીધી હતી. આ આગમાં બિલ્ડિંગનો મોટાભાગનો ભાગ ભસ્મીભૂત થઈ ગયો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી કે કોઈને ગંભીર ઈજા થઈ ન હતી. અધિકારીઓ હજુ પણ ગુનેગારોની શોધમાં છે. અલ્બેનીઝે ભલે કહ્યું કે રવિવારે સિનેગોગમાં લાગેલી આગ ''આતંકવાદની વ્યાખ્યા''માં આવે છે પણ ઓસ્ટ્રેલિયન પોલીસે આ હુમલાને આતંકવાદી ઘટના નથી ગણાવી. ઓસ્ટ્રેલિયન પોલીસ સોમવારે આ ઘટના આતંકવાદી કૃત્ય છે કે નહીં એ નક્કી કરશે.

## ચાવાળાની સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ જોઈને સૌ પ્રભાવિત



મનમાં જુસ્સો છે તો સાયકલ પણ તમારી દુકાન બની શકે છે. દિલ્હીમાં શિયાળાની બપોરે સાયકલ પર ચા વેચતા એક ફેરિયાની તસવીર સામે આવી હતી. જેમાં, સાયકલ પર ચા-બિસ્કિટ, ગેસ સ્ટવ સહિતનો સામાન રાખવામાં આવ્યો હતો. પરંતુ, એક વાત જે સૌની આંખે ઉડીને વળગી હતી એ સાયકલવાળાની સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિ હતી. તેણે સાયકલમાં એક રેગ્યુલર સાઈઝનું ડસ્ટબિન લટકાવ્યું હતું.

ઈમ્ફાલમાં અપહરણનો પ્રયાસ નિષ્ફળ, ચાર ઉગ્રવાદી ઝડપાયા

# મણિપુરમાં ફરી હિંસા વચ્ચે કેન્દ્રએ વધુ પાંચ હજાર જવાન રવાના કર્યા

ઈમ્ફાલ, તા. ૮

હિંસાગ્રસ્ત મણિપુરમાં સ્થિતિ કાબુમાં નથી આવી રહી, એવામાં કેન્દ્ર સરકારે કેન્દ્રિય દળોના વધુ પાંચ હજાર જવાનોને રવાના કર્યા છે. ઈમ્ફાલ જિલ્લામાં સુરક્ષાદળો અને ઉગ્રવાદીઓ વચ્ચે એક કલાક સુધી ગોળીબાર થયો હતો. મે મહિનાથી ચાલી રહેલી હિંસામાં ૨૫૦થી વધુનો ભોગ લેવાયો છે. હિંસા, કરફ્યૂ અને ઈન્ટરનેટ સસ્પેન્ડ રખાતા રાજ્યના વિદ્યાર્થીઓના ભવિષ્ય પર માઠી અસર પહોંચી રહી છે.

## ૧૬ નવેમ્બરથી સસ્પેન્ડ ઈન્ટરનેટ સેવા વધુ એક દિવસ ઠપ રહેશે, હિંસા-કરફ્યૂ વચ્ચે કેમ્પસમાં પ્લેસમેન્ટ ઘટતા યુવાનો મુંજવણમાં

૧૧ નવેમ્બરના રોજ મણિપુરના ઝિરીબામ જિલ્લામાં સુરક્ષાદળોની કાર્યવાહીમાં માર્યા ગયેલા ૧૧ કૂકી ઉગ્રવાદીઓના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. જ્યારે રવિવારે ઈમ્ફાલના થાંગડ બાઝાર વિસ્તારમાં બે લોકોના અપહરણનો પ્રયાસ નિષ્ફળ બનાવાયો હતો, સુરક્ષાદળોએ આ બન્ને લોકોને રેસ્ક્યૂ કરી લીધા હતા જ્યારે પ્રતિબંધિત કાંગલેઈપક કોમ્યુનિસ્ટ પાર્ટીના ચાર ઉગ્રવાદીની ધરપકડ કરવામાં આવી હતી. જેની પાસેથી ૭ એમએમની પિસ્તોલ અને સાત કારતૂસ અને એક વાહન જપ્ત કરવામાં આવ્યું હતું.

નવ જિલ્લામાં ઈન્ટરનેટ સેવાને સસ્પેન્ડ કરાઈ હતી, જેને નવમી તારીખ સુધી લંબાવવામાં આવી છે. ઈમ્ફાલ અને આસપાસના જિલ્લાઓમાં હિંસા અને ઉગ્રવાદીઓના હુમલાની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સૌથી પહેલા ૧૬ નવેમ્બરના રોજ ઈન્ટરનેટ સેવાને સસ્પેન્ડ કરાઈ હતી. ૧૯મી નવેમ્બરના રોજ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સેવાને સસ્પેન્ડ કરવાનો નિર્ણય પરત લેવાયો હતો, આ પ્રતિબંધોને કારણે શૈક્ષણિક સંસ્થાઓ અને સ્વાસ્થ્ય સેવાઓ પર માઠી અસર પહોંચી રહી હોવાથી આ નિર્ણય લેવાયો હતો. મણિપુરના થૌબાલ જિલ્લામાં સુરક્ષાદળોએ મોટી સંખ્યામાં હથિયારોને જપ્ત કર્યા છે. રાજ્યમાં ગયા વર્ષે મે મહિનાથી હિંસાની ઘટનાઓ સામે આવી રહી છે. જેને પગલે સ્કૂલ-કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર તેની માઠી અસર પહોંચી રહી છે. ખાનગી કંપનીઓ દ્વારા સંસ્થાઓમાં થતા પ્લેસમેન્ટમાં નબળુ પરિણામ સામે આવી રહ્યું છે. અનેક વિદ્યાર્થીઓએ ડિગ્રી પ્રાપ્ત કરી લીધી હોવા છતા નોકરી નથી મળી રહી. વારંવાર ઈન્ટરનેટ સેવા સસ્પેન્ડ કરવી, કરફ્યૂ અને હિંસાની ઘટનાઓને પગલે કંપનીઓ ભરતી કરવામાં ઓછો રસ દાખવી રહી છે.

કોચિંગ સેન્ટરોની વાર્ષિક આવક રૂ.૭૦૦૦ કરોડથી ઘટીને રૂ.૩૫૦૦ કરોડ

# કોટામાં આત્મહત્યા સહિતના કારણોથી વિદ્યાર્થીઓની સંખ્યામાં મોટો ઘટાડો

(પીટીઆઈ) કોટા, તા. ૮

વિદ્યાર્થીઓની આત્મહત્યા અંગે નકારાત્મક પ્રચાર, કોચિંગ સેન્ટરો માટેની નવી ગાઈડલાઈન અને અન્ય શહેરોમાં કોચિંગ સેન્ટરોનો વિકાસ થવાને કારણે કોટામાં કોચિંગ સેન્ટરો અને હોસ્ટેલોના બિઝનેસમાં ઘટાડો જોવા મળ્યો છે તેમ આ ક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું છે.

## કોટામાં દર વર્ષે બે થી અઢી લાખ વિદ્યાર્થીઓ એડમિશન લેતા હોય છે, ચાલુ વર્ષે ૮૫૦૦૦થી એક લાખ વિદ્યાર્થીઓના પ્રવેશ

કોટામાં સામાન્ય રીતે બે થી અઢી લાખ વિદ્યાર્થીઓ એડમિશન લેતા હોય છે જે ચાલુ વર્ષે ઘટીને માત્ર ૮૫૦૦૦થી એક લાખ થઈ ગયા છે. જેના કારણે આ ક્ષેત્રની વાર્ષિક આવક ૬૫૦૦ થી ૭૦૦૦ કરોડ રૂપિયાથી ઘટીને ૩૫૦૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

જો કે આ ઘટાડો થયો હોવા છતાં આ ક્ષેત્ર સાથે સંકળાયેલા બિઝનેસમેનો કોટા કોચિંગ મોડેલ અને પર્યાવરણ અંગે આશાવાદી છે. તેમનું માનવું છે કે આ બંને વસ્તુ અન્ય શહેરોમાં ઉપલબ્ધ નથી.

યુનાઈટેડ કાઉન્સિલ ઓફ રાજસ્થાન ઈન્ડસ્ટ્રીઝના ઝોનલ ચેરપર્સન ગોવિંદરામ મિત્તલના જણાવ્યા અનુસાર કોટાની શૈક્ષણિક સિસ્ટમ અને પર્યાવરણ અલગ છે જેના કારણે આગામી વર્ષે વિદ્યાર્થીઓ ફરીથી કોટા પરત ફરશે.

તેમણે જણાવ્યું હતું કે ઉદ્યોગપતિઓ અન્ય વૈકલ્પિક તકો અંગે પણ વિચારી રહ્યાં છે. તેઓ બેંગાલુરુ પછી કોટાને આઈટી હબ તરીકે વિકસાવવાનું આયોજન કરી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષની શરૂઆતમાં કર્ણાટક સરકારે પ્રાઈવેટ સેક્ટરના સ્થાનિકો માટે મેનેજમેન્ટ પદોમાં ૫૦ ટકા અનામત તથા નોન મેનેજન્ટ પદોમાં ૭૫ ટકા અનામત આપતા બિલને મંજૂરી આપી હતી.

**હોસ્ટેલના ૪૦ થી ૫૦ ટકા રૂમ ખાલી હોસ્ટેલનું ભાડું ૧૫૦૦૦થી ઘટી ૯૦૦૦**

વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાને કારણે હોસ્ટેલ માલિકો પણ મુશ્કેલીમાં મુકાયા છે. હોસ્ટેલના ૪૦ થી ૫૦ ટકા રૂમ ખાલી પડ્યાં છે. હોસ્ટેલનું ભાડું ૧૫૦૦૦ રૂપિયાથી ઘટાડી ૯૦૦૦ રૂપિયા કરવાની ફરજ પડી છે. લોન લઈને હોસ્ટેલ બનાવનારાને લોનના હપ્તા ભરવામાં મુશ્કેલી પડી રહી છે.

દિલ્હીના કેટલાક વિસ્તારોમાં આગામી દિવસોમાં પણ વરસાદની શક્યતા

# દિલ્હીમાં વરસાદથી ઠંડી વધી : ૧૦ ડિસેમ્બરથી શીત લહેરની આગાહી

નવી દિલ્હી, તા. ૮

રવિવાર સાંજે દિલ્હી-એનસીઆરના કેટલાક ભાગોમાં વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં શહેરના કેટલાક ભાગોમાં વધુ વરસાદ પડી શકે છે. આજે પશ્ચિમ દિલ્હી, ઉત્તર દિલ્હીના બાહ્ય વિસ્તારો અને ગુરુગ્રામમાં વરસાદ પડ્યો હતો.

## પંજાબ, હરિયાણા, દિલ્હી અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ઠંડીની સાથે ધુમ્મસનું પ્રમાણ વધશે : હવામાન વિભાગ

દિલ્હી-એનસીઆરમાં રવિવાર સાંજે વરસાદ પડવાથી હવામાન બદલાઈ ગયું હતું. હવામાન વિભાગે દિલ્હી અને ઉત્તર ભારતના અન્ય ભાગોમાં ઠંડી વધવાની શક્યતા દર્શાવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર ૧૦ ડિસેમ્બરથી ૧૪ ડિસેમ્બર સુધી દિલ્હીમાં શીતલહેરની શરૂઆત થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પંજાબ, હરિયાણા, દિલ્હી અને પશ્ચિમી ઉત્તર પ્રદેશના લોકોને ખાસ સર્તક રહેવાની જરૂર છે. આ વિસ્તારોમાં કડકડતી ઠંડીની સાથે ધુમ્મ્મસની અસર જોવા મળશે.

દિલ્હીમાં વરસાદ પડવાને કારણે ઠંડી વધી ગઈ છે. દિલ્હીનું લઘુતમ તાપમાન ૭ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. ૧૦ ડિસેમ્બર પછી લઘુતમ તાપમાન ૩ ડિગ્રી સેલ્સિયસ સુધી જઈ શકે છે.

હરિયાણાના હિસારમાં લઘુતમ તાપમાન ૪.૭ ડિગ્રી નોંધવામાં આવ્યું હતું. આ દરમિયાન હિમાચલ પ્રદેશના શિમલામાં સિઝનની પ્રથમ બરફ વર્ષા થઈ હતી. શિમલામાં લઘુતમ તાપમાન ૨.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. મનાલીમાં ૦.૨ ડિગ્રી, કુફરીમાં ૦.૪ ડિગ્રી, સોલનમાં ૦.૫ ડિગ્રી, ઉનામાં ૧ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

કાશ્મીરના મોટા ભાગના વિસ્તારોમાં પણ તાપમાન શૂન્યથી નીચે નોંધવામાં આવ્યું હતું. શૂન્યથી નીચે તાપમાન જતું રહેતા પાણીની પાઈપ બરફથી થીજી ગઈ હતી. શ્રીનગરમાં આજે લઘુતમ તાપમાન માઈનસ ૦.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. ઝોજીલા માઈનસ ૧૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું.

**હિમાચલના શિમલામાં સિઝનની પ્રથમ બરફ વર્ષા : કાશ્મીરમાં શૂન્યથી નીચે તાપમાન જતાં પાણીની પાઈપો થીજી ગઈ**

**દિલ્હીમાં એક સપ્તાહ પછી ફરી હવાની ગુણવત્તા બગડી : એક્યુઆઈ ૩૦૨**

એક સપ્તાહ પછી દિલ્હીનું પ્રદૂષણ ફરી એક વખત ખૂબ ખરાબ કેટેગરીમાં આવી ગયું છે. આજે દિલ્હીનો એર કવાલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) ૩૦૨ નોંધવામાં આવ્યો હતો. આ અગાઉ ૩૦ નવેમ્બરે દિલ્હીનો એક્યુઆઈ ૩૪૬ નોંધવામાં આવ્યો હતો. દિલ્હીમાં બપોરે ચાર વાગ્યે ૨૪ કલાકનો સરેરાશ એક્યુઆઈ ૩૦૨ નોંધવામાં આવ્યો હતો. દિલ્હીના ૧૩ સ્ટેશનોમાં હવાની ગુણવત્તા ખરાબ કેટેગરીમાં રહી હતી.

### જાપાની અભિનેત્રીનું બાથટબમાં મોત થયું

ટોક્યો, તા.૮

જાપાની એક્ટ્રેસ અને સિંગર મિહો નાકાયમા તેના ટોક્યો સ્થિત ઘરમાં મૃત મળી આવી હતી. ૫૪ વર્ષીય નાકાયમાને એક ઈવેન્ટમાં પહોચવાનું હતું પરંતુ, તે



પહોચી શકી નહતી. ત્યારબાદ, તેના સ્ટાફે તપાસ કરતા તે બાથટબમાં મૃત મળી આવી હતી. તેના મૃત્યુના કારણની તપાસ કરવામાં આવી રહી છે. નાકાયમા ૧૯૮૦ અને ૯૦ના દાયકામાં જાપાની સિનેમા પર રાજ કરતી હતી. ૧૯૯૫માં ફિલ્મ લવ લેટરમાં તેના કામને બિરદાવવામાં આવ્યું હતું. તેને એક્ટિંગ બદલ પ્રતિષ્ઠિત બ્લૂ રિબન અને હોચિ ફિલ્મ એવોર્ડમાં સન્માન મળ્યું હતું. જ્યારે, ટોરેન્ટો ફિલ્મ ફેસ્ટિવલમાં પણ તે એવોર્ડ જીતી હતી.

નોકરી વિષયક
ટ્યુકડી જાહેરખબર
સ્ટાફ
ઑફિસસ્ટાફ
જોઈએ છે ઓફિસ બોય અમદાવાદ માટે M-9714729658

મુંબઈથી બેંગકોક લઈ જતા હતા

# એરપોર્ટ પર મોરનાં બે લાખ પીંછાં સાથે બે પકડાયા

મુંબઈ,તા.૮

મુંબઈ એરપોર્ટ પરકસ્ટમ્સ અધિકારીઓએ એક યુવતી અને તેના સાથીદારના સામાનમાંથી બે લાખ મોરના પીંછાંનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો. પકડાયેલા પીંછાની કિંમત ૧૪ લાખ અંદાજવામાં આવી છે.

## કોઈ અજાણી મહિલા બેગ પકડાવી ગઈ હોવાની હરિયાણાની મેક અપ આર્ટિસ્ટનો દાવો

મુંબઈ એરપોર્ટથી બેંગકોકની ફલાઈટ પકડવાની તૈયારી કરી રહેલા આ બન્ને આરોપીઓની હિલચાલ શંકાસ્પદ જણાતા કસ્ટમ્સના એર-ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ સામાન તપાસ્યો હતો એ વખતે મોટી બેગમાં અત્યંત સીફતપૂર્વક સંતાડેલો મોરના પીછાંનો મોટો જથ્થો મળી આવ્યો હતો. બન્નેની અટકાયત કરવામાં આવ્યા પછી ગઈકાલે કિલ્લા કોર્ટમાં હાજર કરવામાં આવતા બન્નેને ૧૪ દિવસની અદાલતી કસ્ટડી આપવામાં આવી હતી. યુવતી હરિયાણાના કૈથલમાં મેકઅપ આર્ટીસ્ટ તરીકે કામ કરે છે અને તેનો સાથીદાર દિલ્હીમાં ડ્રાઈવર છે.

કોર્ટમાં બચાવ પક્ષના વકીલે એવી દલીલ કરી હતી કે યુવતી અને યુવક બેંગકોકની ફલાઈટ પકડવાની તૈયારીમાં હતા ત્યારે એક અજાણી મહિલા દોડાદોડ આવી હતી અને એક બેગ પકડાવી હતી અને કહ્યું હતું કે બેગનું ચેક-ઈન કરાવો ત્યાં સુધીમાં મારા હસબન્ડને બોલાવીને આવું છું પણ એ જ બેગની તલાશી વખતે મોરના પીછાંનો જથ્થો પકડાતા અજાણી મહિલા ગાયબ થઈ ગઈ હતી.

### આસામ અને ઓડિશામાંથી ત્રણ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

ગુવાહાટી, તા.૮

ઓડિશાના બાલાસોર સિટીમાંથી રૂ. ૨ કરોડના બ્રાઉન સુગર સાથે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. બાતમીના આધારે કાર્યવાહી કરતા એક્સાઈઝની ટીમે આદરબજાર વિસ્તારમાં એક મકાન પર દરોડો પાડીને એક વ્યક્તિની ધરપકડ કરી હતી. જ્યારે, ગુવાહાટીમાં રૂપિયા ૧.૪ કરોડની કિંમતના હેરોઈન સાથે ત્રણ વેપારીઓની ધરપકડ કરવામાં આવી હતી. સ્પેશિયલ ટાસ્ક ફોર્સે બસિસ્તા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાલુઘાટમાં દરોડો પાડીને ડ્રગ પેડલરની ધરપકડ કરી હતી. તેના કબજામાંથી કુલ ૨૭ બોટલો મળી આવી હતી. જેમાં, ૩૬.૦૫ ગ્રામ હેરોઈનનો જથ્થો મળી આવ્યો હતો.

શ્વસન સહિતની તકલીફો થઈ હતી

# સુભાષ ઘઈની તબિયત સુધરતાં હોસ્પિટલમાંથી રજા મળી

પીઢ ફિલ્મ સર્જક સુભાષ ઘઈની તબિયત લથડતાં તેમને તત્કાળ મુંબઈના બાન્દ્રા વિસ્તારની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જોકે, તબિયતમાં સુધારો થતાં તેમને હોસ્પિટલમાંથી રજા મળી હતી.

સુભાષ ઘઈએ જાતે જ પોતાનું હેલ્થ અપડેટ શેર કર્યું હતું. તેમણે કહ્યું હતું કે હવે બધું બરાબર છે. તેમણે પોતાની તબિયત માટે શુભેચ્છાઓ દાખવવા બદલ ચાહકોનો પણ આભાર માન્યો હતો.

આ અગાઉ તેમની ટીમ તરફથી પણ જણાવાયું હતું કે સુભાષ ઘઈની તબિયત બિલકૂલ સારી છે. તેમને કેટલાંક હેલ્થ ચેક અપ માટે હોસ્પિટલમાં લઈ જવાની જરુર પડી હતી. સુભાષ ઘઈને શ્વસન સંબંધી તથા અન્ય તકલીફો થતાં હોસ્પિટલમાં ખસેડાયા હતા.

ઘાટકોપરમાં પંપ પર હોર્ડિંગ તૂટ્યાની ઘટનાને પગલે નિર્ણય

# દેશના તમામ પેટ્રોલ પંપો પર જોખમી હોર્ડિંગોની ચકાસણી કરવા આદેશ

મુંબઈ, તા.૮

પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (પીએનજીઆરબી)એ ભારતમાં તમામ પેટ્રોલ પમ્પની વિસ્તૃત રિસ્ક અસેસમેન્ટ (જોખમી બાબતોની આકરાણી) ફરજિયાત કર્યું છે. હોર્ડિંગ્સ અને બિલબોર્ડ્સ સહિતના સલામતી સામે જોખમની શક્યતાઓ શોધવા આ નિર્ણય લેવાયો છે.

## પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા એક મહિનામાં રિસ્ક એસેસમેન્ટ બાદ ઉપાયાત્મક પગલાં ભરવા નિર્દેશ

ઘાટકોપરના પેટ્રોલ પમ્પ પર તોતિંગ બિલબોર્ડ તૂટી પડ્યાની ૧૩ મેની ઘટનાને પગલે આ પગલું લેવાયું છે. ઘટનામાં ૧૭ના મોત થયા હતા અને ૭૫ ઘવાયા હતા.

છઠ્ઠી ડિસેમ્બરે અપાયેલા નિર્દેશમાં પીએનજીઆરબીએ જણાવ્યું હતું કે તેણે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન (બીપીસીએલ) પમ્પ ખાતે થયેલી ઘટનાની તપાસ કરવા તપાસ સમિતિ રચી હતી. ઓચિંતા તેજ પવન ફૂંકાવાને લીધે બિલબોર્ડ પમ્પ પર પડ્યું હતું.

સમિચિની તપાસની વિગત જાહેર કરાઈ નથી પણ બોર્ડે તમામ પેટ્રોલ પંપને અંતિમ અહેવાલની ભલામણ પર આધારીત સાવચેતીની યોજનાની સમીક્ષા કરીને અમલ કરવાની સૂચના અપાઈ છે. રિટેલર્સને એક મહિનાની મુદત આપીને તમામ આઉટલેટ્સનો પ્લાન અને ક્ષમતા તેમ જ બાંધકામની ફરતેનો સો મીટરનો વિસ્તાર સલામતીની નિયમાવલી અનુસાર હોવાની તકેદારી કરવા જણાવાયું છે.

રેગ્યુલેટરોએ ખાસ કરીને બિલબોર્ડસ હોર્ડિંગ્સ અને અન્ય જોખમી બાંધકામોની આકારણી કરવાની વિનંતી કરી છે. વધુમાં જાખમી બાંધકામ દૂર કરવા અથવા કાયમ રાખવા સહિતની જોખમી બાબતો સામે કામ લેવા ઉપાયયોજના તૈયાર કરવાની રહેશે. તમામ પેટ્રોલપંપમાં બોર્ડના નિયમો પાળવાના રહેશે અને સુધારાત્મક પગલાં લાગુ કરવાની તારીખવાર યોજના જણાવાની રહેશે.

૩૧ ઓક્ટોબરની સ્થિતિ અનુસાર ભારતમાં ૯૨,૫૦૮ પેટ્રોલપંપ છે જેમાંથી રાજ્યની માલિકીની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેસન (આઈઓસી) મોટાભાગના ૩૮,૪૩૨ આઉટલેટ ઓપરેટ કરે છે. અન્ય મોટી કંપનીઓમાં હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (એચપીસીએલ)ના ૨૨,૬૩૧ પંપ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (બીપીસીએલ)ના ૨૨,૫૪૯ આઉટલેટ્સ છે. નાયરા એનર્જી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જેવી ખાનગી કંપનીઓના પણ આઉટલેટ્સ નોંધપાત્ર સંખ્યામાં છે.

GMDC
TENDER NOTICE
E-Tender No.: 16/LAKHPAT/FURNITURE WORK & KITCHEN EQUIPMENTS/2024
E-tenders are invited for "Works of Furniture & Kitchen Equipment etc for Prefab Project Office Building, Guest House, Dormitory, Workshop at GMDC Lakhpat-Punrajpur Lignite Mines Office, Tal: Lakhpat, Dist: Kutchh".
For e-tenders notice, tender documents and for other details, visit our website www.gmdcltd.com.
Tender shall be downloaded from https://tender.nprocure.com and https://www.gmdcltd.com and submitted on line as per e-tender notice.
EXPLORING LIMITLESS POSSIBILITIES
Gujarat Mineral Development Corporation Ltd.
(A Government of Gujarat Enterprise)
Khanij Bhawan, 132 Feet Ring Road,
Near University Ground, Vastrapur, Ahmedabad-380052


IDBI BANK
આઈડીબીઆઈ બેંક લીમીટેડ
Website: www.idbibank.in
મેમનગર / ગુરૂકુળ / સુભાષચોક વિસ્તારમાં ઓફિસ પરિસર જોઈએ છે
બેંક નીચે દર્શાવેલ વિગતો મુજબ વિવિધ સ્થાનો માટે લાંબા સમય માટે લીઝ પર ઓફિસ પરિસર મેળવવા ઈચ્છુક છે. મેઈન રોડ પરની જગ્યાને પ્રાથમિકતા આપવામાં આવશે.

| શાખાનું સ્થાન | કાર્પેટ વિસ્તાર | અરજી જમા કરાવવા માટે |
|---|---|---|
| મેમનગર / ગુરૂકુળ / સુભાષચોક | 1500 - 2000 ચો.ફૂટ | શ્રી વીકાસ પંડીત, એસઆરએચ અને જીએમ, આઈડીબીઆઈ બેંક કોમ્પલેક્ષ, લાલ બંગલોઝ, ત્રીજા માળે, રીજીનલ ઓફીસ, સીજી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬ |

યોગ્ય જગ્યાની માલિકી ધરાવતા પક્ષો કામકાજના ૧૦ દિવસની અંદર (જાહેરાતની તારીખ સિવાય) પ્રાદેશિક વડાને અરજી કરી શકે છે. તારીખ ૨૧.૧૨.૨૦૨૪ ના સાંજના ૬:૦૦ વાગ્યા સુધી અથવા તે પહેલા મળેલી અરજીઓજ સ્વીકારવામાં આવશે. પ્રોફોર્મા અને અન્ય વિગતો અમારી વેબસાઈટ www.idbibank.in પરથી નોટિસ-ટેન્ડર હેઠળ ડાઉનલોડ કરી શકાશે અથવા અમારી કોઈપણ શાખામાંથી મેળવી શકાશે.
સ્થળ: અમદાવાદ, તા. ૦૯.૧૨.૨૦૨૪ સહી/- ચીફ જનરલ મેનેજર, અમદાવાદ ઝોન

sun Petrochemicals
Sun Petrochemicals Private Limited [SunPetro]
8th, 9th & 10th Floor, ATL Corporate Park, Saki Vihar Road, Chandivali, Andheri (E), Mumbai-72 | 022-69325300, CIN: U24219GJ1995PTC028519
Invitation to Bid (ITB) and Invitation for Submission of Expression of Interest [EOI]
1) SunPetro invites Bids against tender for Hiring of Mobile Work Over Rig of 50MT and 100MT Capacity on callout basis for SunPetro's Bhaskar Oil & Gas field in Gujarat.
2) Sun Petrochemicals Pvt Ltd (SunPetro), a Private Sector E&P company, is pleased to offer Low-Pressure & Untreated Associated Natural Gas from its Bhaskar Oil & Gas field near Khambhat in Gujarat.
Key Highlights:
❖ Volume Offered: Approximate gas volumes are as under:
➢ 50,000 SCMD available from Bhaskar-I CPF located at Pandad Village near Khambhat, Gujarat.
➢ 50,000 SCMD from Bhaskar-II near Bhaskar-I CPF with tentatively first gas from March 2025.
➢ 50,000 SCMD from Prabhakar-III in Bhavnagar (near Nirma Factory) with tentatively first gas from March 2026.
❖ Product: Untreated associated natural gas available at pressure up to 10 barg
Bidders Meet Details:
• Purpose: To provide an overview of the gas supply, address queries, and share the bidding process.
• Date: 19th Dec 2024
• Time: 11:00 Hrs IST
• Venue: Conference Room, Warehouse, CPF, Near Pandad Village, Khambhat
This is an excellent opportunity for potential gas buyers to secure a reliable source of associated natural gas for their operations and setting up industries within 50 Km radius.
For more details and to confirm participation, please contact: Dheeraj Paroch, Head SCM – 9899650200 / 022-69325371
Interested parties may visit website: http://sunpetro.com for further details of tender/Invitation to Bid and detailed EOI.

વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી દ્વારા પ્રસ્થાપિત
"વ્રજધામ"ના 21મા પાટોત્સવના શુભ અવસરે
પુષ્ટિ સત્સંગ સપ્તાહ



: વક્તા : : અધ્યક્ષ :
તા. 08-12-2024 રવિવાર થી તા. 14-12-2024 શનિવાર / સમય : બપોરે 4-00 થી 7-30
કથા સ્થળ એવં સંપર્ક સ્થળ : "વ્રજધામ હવેલી"
વ્રજધામ માર્ગ, સીમા હોલ પાસે, શ્યામલ 100 ફુટ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-15.
ફોન : 7878621300, 079-40029942.
સૌજન્ય : Zaveri & co. (RAJKOTWALA) અમદાવાદ.

# સીરિયામાં અસદ પરિવારના ક્રૂર શાસનના અંત બાદ વિજયોત્સવ










બશર અલ-અસદની સરકારના પતન બાદ સીરિયામાં વ્યાપક ઉજવણી જોવા મળી હતી. ૫૪ વર્ષથી અસદ પરિવારના એકહથ્થુ શાસનના અંતની ઉજવણીમાં મહિલાઓ મોખરે રહી હતી. ૧૯૭૧માં બશર અલ-અસદના પિતાએ સિરીયાનું શાસન સંભાળ્યું હતું. પિતાના મૃત્યુ બાદ અસદે ૨૦૦૦માં સત્તા સંભાળી હતી. છેલ્લા ૧૩ વર્ષથી સત્તા ટકાવી રાખવા સંઘર્ષ કરી રહેલા અસદના પતનની ખુશીમાં રાજધાની દમાસ્કસમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. તેઓ સૂત્રોચ્ચારની સાથે હવામાં ગોળીબાર કરતા જોવા મળ્યા હતા. તેના શાસનની સમાપ્તિને ચિન્હિત કરતા લડવૈયાઓ જ્યારે, રાજધાનીમાં પ્રવેશ્યા ત્યારે દેશમાં તો આનંદની લહેર જોવા મળી જ હતી. જર્મની, લેબનોન, ઈરાક, ઓસ્ટ્રિયા, ફિનલેન્ડ, કતાર, તુર્કી, ગ્રીસ જેવા દેશોમાં પણ લોકોએ રસ્તા પર ઉતરીને સેલિબ્રેશન કર્યું હતું. ગૃહ યુદ્ધ દરમિયાન રશિયા અને ઈરાનના સમર્થન પર ટકી રહેનારા અસદને એક સમયે હટાવવો અસંભવ કાર્ય હતું. આ દરમિયાન સીરિયામાં યુદ્ધને કારણે લાખો લોકો દેશ છોડીને જોર્ડન, તુર્કી, ઈરાક અને લેબનોન જેવા પાડોશી દેશોમાં ભાગી ગયા હતા.

### ત્રીજા ભાગમાં વિજય દેવરકોંડા વિલન હોઈ શકે

## પુષ્પાનો ત્રીજો ભાગ કદાચ છ વર્ષ પછી આવશે

મુંબઈ, તા.૮

અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની 'પુષ્પા ધી રુલ' હાલ બોક્સ ઓફિસ પર ટંકશાળ પાડી રહી છે. હવે એવા અહેવાલ આવ્યા છે કે ફિલ્મનો ત્રીજો ભાગ આવતાં કદાચ છ વર્ષ જેટલો લાંબો સમય લાગી શકે છે.



ફિલ્મનો પહેલો ભાગ ડિસેમ્બર ૨૦૨૧માં રીલિઝ થયો હતો. તે પછી બીજો ભાગ ત્રણ વર્ષે આવ્યો છે.બીજો ભાગ પણ મૂળ પ્લાનિંગ કરતાં લગભગ ચારથી છ મહિના મોડો રીલિઝ કરાયો છે. હવે ફિલ્મની ટીમ દ્વારા ત્રીજા ભાગની પણ હિન્ટ આપી દેવામાં આવી છે. જોકે, સાઉથના સૂત્રોના જણાવ્યા અનુસાર ત્રીજા ભાગનું શૂટિંગ બહુ જલ્દી શરુ થવાની સંભાવના ઓછી છે.

એક્ટર અલ્લુ અર્જુન અને દિગ્દર્શક સુકુમાર બંને અન્ય પ્રોજેક્ટસ સ્વીકારી ચૂક્યા છે અને તેઓ તેને અગ્રતા આપવાના છે.

બીજા એક રસપ્રદ અહેવાલો એવા છે કે 'પુષ્પા'ની હિરોઈન રશ્મિકા મંદાનાના અસલ જીવનના પ્રેમી વિજય દેવરકોંડાની કદાચ 'પુષ્પા થ્રી'માં એન્ટ્રી થઈ શકે છે. જોકે, આ અંગેની વાતચીત હજુ પ્રાથમિક તબક્કે જ છે.

### એક્ટર અલ્લુ અર્જુન તથા દિગ્દર્શક સુકુમાર બંને અન્ય પ્રોજેક્ટસને અગ્રતા આપશે

### આપણને પશ્ચિમની ઘેલછા કેમ છે, જાહ્નવીનો સવાલ

## ઈન્સ્ટેસ્ટેલરને પુષ્પા-ટુ કરતાં વધુ સારી ફિલ્મ ગણાવાતાં જાહ્નવી કપૂર નારાજ

મુંબઈ, તા.૮

ક્રિસ્ટોફર નોલાનની 'ઈન્ટેસ્ટેલર'ને 'પુષ્પા ટૂ' કરતાં બહેતર અને મહાન ફિલ્મ ગણાવાતાં આ સરખામણીથી જાહ્નવી કપૂર બહુ નારાજ થઈ ગઈ છે. તેણે આપણને પશ્ચિમની આટલી ઘેલછા કેમ છે, ક્યાં સુધી આપણે એ લોકોને જ આદર્શ માનતા રહેશું તેવો સવાલ ઉઠાવ્યો છે.

ક્રિસ્ટોફર નોલાનની 'ઈન્સ્ટેટેલર' વિદશમાં આઈમેક્સમાં રી રીલિઝ થઈ છે. જોકે, ભારતમાં હાલ તમામ આઈમેક્સ થિયેટર્સ 'પુષ્પા ટૂ' દ્વારા બૂક થઈ ચૂક્યાં હોવાથી ભારતમાં તે રી રીલિઝ થઈ શકી નથી .આ સંદર્ભમાં એવી કોમેન્ટસ જોવા મળી રહી છે કે 'પુષ્પા ટૂ' જેવી તદ્દન કમર્શિઅલ મસાલા ફિલ્મ ખાતર થઈને ભારતીય ફિલ્મ ચાહકો એક



ઉમદા ફિલ્મથી વંચિત રહ્યા છે.

જાહ્નવી કપૂર આવી ટીકાઓ સામે ભડકી છે. તેણે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં 'પુષ્પા ટૂ'ને ઉતારી પાડવાની આકરી ટીકા કરી હતી અને શા માટે આપણે પશ્ચિમનું હોય એ જ બધું આદર્શ અને શ્રેષ્ઠ માનવું તેવી ટીકા કરી છે. તેણે કહ્યું છે કે 'પુષ્પા ટૂ' એ આપણી પોતાની સિનેમા છે. પોતાનાં મૂળિયાંની વાત કરતી કે લાર્જર ધેન લાઈફ ચિત્રણ ધરાવતી પોતાની ફિલ્મો માટે અન્ય દેશો ગૌરવ અનુભવતા હોય છે જ્યારે આપણે આપણી ભૂમિ સાથે સંકલાયેલી એ પ્રકારની ફિલ્મોને વગોવીએ છીએ એ બહુ ખોટું છે.

જાહ્નવીની આ ટીકા અંગે મતમતાંતર જોવા મળી રહ્યા છે. કેટલાય ચાહકોએ તેનાં વલણને બિરદાવ્યું છે.

### પુષ્પાએ બધાં આઈમેકસ થિયેટર રોકી લીધાં હોવાથી ઈન્ટેસ્ટેલર ભારતમાં રીલિઝ ન થઈ

### લોકોએ બહુ બોરિંગ ફિલ્મ ગણાવી

## આલિયાની જિગરા ઓટીટી રીલિઝ બાદ પણ ટીકાઓનો શિકાર બની

મુંબઈ, તા.૮

આલિયા ભટ્ટની 'જિગરા' ફિલ્મ થિયેટર રીલિઝ વખતે સાવ ફલોપ ગઈ હતી. હવે તે ઓટીટી પર રીલિઝ થઈ છે. ઓટીટી પર જોનારા લોકોએ પણ આ ફિલ્મને ભારે વખોડી કાઢી છે.




લોકો એવી કોમેન્ટ કરી રહ્યા છે કે આ સાવ ફાલતુ અને બોરિંગ ફિલ્મ છે.

વાસન બાલા જેવા દિગ્દર્શકે સાવ વેઠ જ ઉતારી છે. જોકે, લોકોએ કબુલ્યું છે કે આલિયાએ એક એક્ટ્રેસ તરીકે ઘણી મહેનત કરી છે. કેટલાક લોકોએ બેકગ્રાઉન્ડ સ્કોરના પણ વખાણ કર્યાં છે.

ઉલ્લેખનીય છે કે આલિયા આ ફિલ્મની સહ નિર્માતા પણ છે.

દરમિયાન, જાણીતા ફિલ્મ સર્જક હંસલ મહેતાએ આ ફિલ્મ ઓટીટી પર જોયા પછી તેની બહુ પ્રશંસા કરતાં લોકો તેમના પર પણ ભડક્યા હતા. તેમણે કહ્યું હતું કે હંસલ મહેતા અંગત સંબંધો ખાતર એક સાવ બેકાર ફિલ્મનાં ખોટેખોટાં વખાણ કરી રહ્યા છે. કેટલાક લોકોએ તો હંસલ મહેતાની પ્રશંસાને કોઈ પેઈડ રિવ્યૂ સમકક્ષ ગણાવી હતી.


### થિયેટર રીલિઝમાં ફલોપ ગયા બાદ ઓટીટી રીલીઝ વખતે પણ લોકોએ વખોડી

### અર્જુન સાથે બ્રેક અપ બાદ રાહુલ વિજય નવો પ્રેમી

## ૫૧ વર્ષની મલાઈકાને હવે નવો બોયફ્રેન્ડ મળી ગયો

મુંબઈ, તા.૮

અર્જુન કપૂર સાથે બ્રેક અપ બાદ ૫૧ વર્ષની મલાઈકા અરોરાને નવો બોયફ્રેન્ડ મળી ગયો હોવાની ચર્ચા છે. તે હવે ફેશન સ્ટાઈલિસ્ટ રાહુલ વિજયને ડેટ કરી રહી હોવાનું કહેવાય છે. બંનેએ દિલ્હીમાં એ પી ધિલ્લોંના કોન્સર્ટમાં સાથે હાજરી આપી હતી.



તે પછી બંનેએ એક રોમાન્ટિક સેલ્ફી પણ શેર કરી હતી.

મલાઈકાએ અરબાઝ સાથે છૂટાછેડા બાદ અર્જુન કપૂર સાથે ડેટિંગ શરુ કર્યું હતું. જોકે, તેની સાથે બ્રેક અપ બાદ હવે તે રાહુલ વિજય સાથે દેખાઈ રહી છે. ગયાં સપ્તાહે પણ બંને એક ડિનર પર સાથે દેખાયાં હતાં. મલાઈકા તેના આ નવા સંબંધને છૂપાવવા કોઈ પ્રયાસ પણ કરતી નથી. તે સોશિયલ મીડિયા પર બિન્દાસ્ત રાહુલ વિજય સાથેની તસવીરો શેર કરી રહી છે.

રાહુલે પહેલાં આ તસવીર શેર કરી હતી. પછી મલાઈકાએ પણ તેને રીશેર કરી હતી.

આ અગાઉ અર્જુન કપૂર મલાઈકા સાથેના તેના બ્રેક અપને કન્ફર્મ કરી ચૂક્યો છે. તેણે 'સિંઘમ અગેઈન'ના પ્રમોશન વખતે જાહેરમાં કહ્યું હતું કે પોતે હાલ સિંગલ છે.

### દિલ્હીમાં એ પી ધિલ્લોંના કોન્સર્ટમાં બંને સાથે દેખાયા, રોમાન્ટિક સેલ્ફી શેર કરી

# સીરિયામાં ભૂત ગયું ને પલિત આવ્યુ: લોહિયાળ સંઘર્ષ તીવ્ર બનશે

અંતે સીરિયા પર મુસ્લિમ કટ્ટરવાદીઓનો કબજો થઈ ગયો અને છેલ્લાં ૨૫ વર્ષથી સત્તા ભોગવતા પ્રમુખ બશર અલ-અસદે દેશ છોડીને ભાગી જવું પડ્યું. અલ કાયદાથી અલગ થઈને બનેલા સીરિયન કટ્ટરવાદીઓના સંગઠન હયાત તહરિર અલ-શામના લડવૈયાઓએ જબરદસ્ત આક્રમણ કરીને શનિવાર સુધીમાં બશર સરકારના હાથમાંથી અલેપ્પો અને હમા એ બે શહેરો ઝૂંટવી લીધાં ત્યારે જ બશરનું પતન સૌને દેખાવા માંડેલું પણ બશર કાયરની જેમ ભાગી જશે એવી કોઈને કલ્પના નહોતી.

શનિવારે કટ્ટરવાદીઓ સીરિયાની રાજધાની દમાસ્કસથી લગભગ ૨૦ કિલોમીટર દૂર હતા તેથી રવિવારે દમાસ્કસ પર કબજો માટે જોરદાર જંગ જામશે એવું લાગતું હતું પણ તેના બદલે બશર તો પોતાના પ્રાઈવેટ પ્લેનમાં છૂ થઈ ગયા. બશર પાસે ૧૦ હજાર કરતાં વધારે ખતરનાક લડવૈયાઓનું શબિહા પ્રાઈવેટ આર્મી હતું. સીરિયાના લશ્કરના ઘણા ઓફિસર પલટી મારીને હયાત તહરિર અલ-શામ સાથે જોડાઈ ગયા હતા તેથી સીરિયાનું આર્મી મુકાબલો કરે એવી શક્યતા નહોતી પણ કમ સે કમ શબિહા તો દમાસ્કસને કટ્ટરવાદીઓના હાથમાં જતું રોકવા લડશે એવું લાગતું હતું. તેના બદલે બશરની પ્રાઈવેટ આર્મી પણ પાણીમાં બેઠી.

રવિવારે સવારે હયાત તહરિર અલ-શામના લડવૈયા દમાસ્કસમાં ઘૂસ્યા ત્યારે તેમની સામે કોઈ લડનારું જ નહોતું. બલ્કે સામાન્ય લોકોએ અભિવાદન કરીને તેમને આવકાર્યા. બશર ક્યાં ગયા એ કોઈને ખબર નથી પણ મોટા ભાગે ઈરાન ભાગી ગયાનું મનાય છે. બશરની ગેરહાજરીમાં સીરિયાની સરકારના વડા એવા વડાપ્રધાન મોહમ્મદ ગાઝી અલ-જલાલીએ કટ્ટરવાદીઓ સામે શરણાગતિ સ્વીકારી લીધી છે. અલ-જલાલીએ કટ્ટરવાદીઓને સરકાર રચવામાં મદદની તૈયારી બતાવી છે.

હયાત તહરિર અલ-શામના કમાન્ડર અહેમદ અલ-શારાએ આ ઓફરને સ્વીકારીને પોતાના લડવૈયાઓને સંસદ સહિતનાં કોઈ પણ જાહેર સ્થળે નહીં જવા ફરમાન કર્યું છે. અલ-શારાએ એલાન કર્યું છે કે, સંસદ સહિતની જાહેર સંસ્થાઓ પોતાના સંગઠનને સત્તાવાર રીતે સોંપવામાં ન આવે ત્યાં સુધી ભૂતપૂર્વ વડા પ્રધાન અલ-જલાલીની દેખરેખ હેઠળ રહેશે.અલ-જલાલી અને અલ-શારા બંનેનું વલણ જોતાં દમાસ્કસમાં કોઈ ખૂનામરકી થવાની શક્યતા નથી. અલ-જલાલી એકાદ-બે દિવસમાં સત્તાના હસ્તાંતરણની વિધી પૂરી કરે એ સાથે જ સીરિયામાં સત્તાની કમાન હયાત તહરિર અલ-શામના હાથમાં આવી જશે.

સીરિયામાં બશરનું પતન બહુ મોટી ઘટના છે કેમ કે અલ-અસદ પરિવાર સીરિયા પર ૫૩ વર્ષથી રાજ કરતો હતો. ૧૯૭૧થી ૨૦૦૦ સુધી હાફેઝ અને પછી અત્યાર સુધી તેમના દીકરા બશરે રાજ કર્યું. સીરિયા સુન્ની મુસ્લિમોની બહુમતી ધરાવતો દેશ છે જ્યારે અલ-અસદ પરિવાર સુન્ની નથી પણ શિયા મુસ્લિમોથી અલગ થયેલા અલવાઈત મુસ્લિમો છે. સુન્ની મુસ્લિમો તેમને પણ પોતાના દુશ્મન જ માને છે તેથી અલ-અસદ પરિવારને સત્તામાંથી ખદેડવા સુન્ની સંગઠનો વરસોથી મથતાં હતાં. આ સંઘર્ષમાં સત્તા ટકાવી રાખવા માટે અલ-અસદે પરિવારે પણ બેફામ અત્યાચારો કર્યા. તેના કારણે સીરિયા અશાંતિ અને અરાજકતાની આગમાં હોમાયેલું રહ્યું.

લગભગ ૫૦ વર્ષના લોહિયાળ સંઘર્ષ અને લાખો લોકોની હત્યા પછી અલ-અસદ પરિવારના વિરોધીઓને સફળતા મળી છે પણ તેના કારણે સીરિયાના કઠણાઈનો અંત નહીં આવે. સીરિયામાં લોહિયાળ સંઘર્ષ તો ચાલુ જ રહેશે, બલ્કે વધારે તીવ્રી બનશે. અત્યાર સુધી બશર અને તેના વિરોધીઓ જ લડતા હતા પણ તેના બદલે એક કરતાં વધારે મોરચા ખૂલી જશે.

બશર અલ-અસદ ભલે ભાગી ગયા પણ તેમના વફાદારો હજુ સીરિયામાં છે. બશર ઈરાનના પીઠ્ઠુ હતા. ઈરાને બશરને મદદ કરવા પોતાના લશ્કરને પણ ત્યાં મોકલ્યું હતું.

ઈરાનના લશ્કરને રીવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ કહેવાય છે. આ લશ્કરમાંથી એકદમ ઝનૂની સૈનિકોને પસંદ કરીને સ્પેશિયલ ફોર્સ બનાવીને તેનું નામ અલ ક્વેદ રખાયું છે. આ અલ-ક્વેદ સેનાના હજારો સૈનિકો સીરિયામાં ધામા નાંખીને પડ્યા છે.

સીરિયાની રાજધાની દમાસ્કસની આસપાસ ઈરાનના લશ્કરે વોચ ટાવરથી માંડીને બંકરો સુધીનું બધું તાણી બાંધ્યું હતું. ઈઝરાયલના હુમલા પછી ઈરાનના સૈનિકો ભાગી ગયા તેથી બશર વિરોધીઓને મોકળું મેદાન મળ્યું પણ ઈરાનનું લશ્કર પાછું સીરિયામાં આવી શકે છે. ઈરાનના પીઠ્ઠુ એવા શિયા આતંકવાદી સંગઠન હિઝબોલ્લાહના આતંકવાદીઓ પણ હુમલા કરશે કેમ કે હયાત તહરિર અલ-શામ સુન્નીઓનું સંગઠન છે.

હયાત તહરિર અલ-શામને કટ્ટરવાદી સુન્ની સંગઠનો તરફથી પણ ખતરો છે. બશરને ઉખાડી ફેંકવામાં સફળતા મેળવનારું હયાત તહરિર અલ-શામ આપણે જેમને આતંકવાદીઓ માનીએ છીએ એવા લોકોથી અલગ છે. ઈસ્લામિક સ્ટેટ અને અલ કાયદા અત્યંત કટ્ટરવાદી સંગઠન છે કે જેમનો ઉદ્દેશ આખી દુનિયામાં ઈસ્લામનું શાસન લાવવાનો છે. હયાત તહરિર અલ-શામનો ઉદભવ અલ કાયદામાંથી જ થયો પણ તેની વિચારસરણી માત્ર સીરિયામાં શાસન કરવા પૂરતી મર્યાદિત છે. આ સંગઠનમાં મોટા ભાગે સીરિયાના લશ્કરી અધિકારીઓ છે કે જેમને બશરને ઉખાડી ફેંકીને સત્તા કબજે કરવામાં રસ હતો તેથી હયાત સીરિયામાં સ્થિર શાસન સ્થાપવા પ્રયત્ન કરશે. આ સંગઠને અલ કાયદા સાથે સંકળાયેલા લોકોની મોટા પ્રમાણમાં હત્યાઓ કરી છે તેથી અલ કાયદા અને ઈસ્લામિક સ્ટેટ તેને દુશ્મન માને છે તેથી એ બંને પણ હુમલા ચાલુ રાખશે.

ટૂંકમાં સીરિયામાં ભૂત ગયું ને પલિત આવ્યું જેવી હાલત છે. એક તરફ હયાત તહરિર અલ-શામના લડવૈયા, બીજી તરફ ઈરાન-રશિયાનું પીઠબ ધરાવતા બશરના વફાદારો, ત્રીજી તરફ હિઝબુલ્લાહ સહિતનાં શિયા સંગઠનો ને ચોથી તરફ અલ કાયદા અને ઈસ્લામિક સ્ટેટ જેવાં કટ્ટરવાદી સંગઠનો છે. અમેરિકા તો અત્ર,તત્ર,સર્વત્ર છે જ એ જોતાં સીરિયામાં ભયંકર લોહિયાળ જંગ જામશે.

અલ-અસદ પરિવારને ઉખાડી ફેંકનારા હયાતનો કમાન્ડર અહેમદ અલ-શારા માત્ર ૩૮ વર્ષનો છે. અમેરિકા, અલ કાયદા ને ઈસ્લામિક સ્ટેટ ૪૦ વર્ષમાં ના કરી શક્યાં એ અહેમદ અલ-શારાએ કઈ રીતે ૧૦ વર્ષમાં કરી બતાવ્યું તેની વાત કાલે કરીશું.



**લગભગ ૫૦ વર્ષના લોહિયાળ સંઘર્ષ અને લાખો લોકોની હત્યા પછી અલ-અસદ પરિવારના વિરોધીઓને સફળતા મળી છે પણ તેના કારણે સીરિયાના કઠણાઈનો અંત નહીં આવે. સીરિયામાં લોહિયાળ સંઘર્ષ તો ચાલુ જ રહેશે, બલ્કે વધારે તીવ્ર બનશે. અત્યાર સુધી બશર અને તેના વિરોધીઓ જ લડતા હતા પણ તેના બદલે એક કરતાં વધારે મોરચા ખૂલી જશે. એક તરફ હયાત તહરિર અલ-શામના લડવૈયા, બીજી તરફ ઈરાન-રશિયાનું પીઠબળ ધરાવતા બશરના વફાદારો, ત્રીજી તરફ હિઝબુલ્લાહ સહિતનાં શિયા સંગઠનો ને ચોથી તરફ અલ કાયદા અને ઈસ્લામિક સ્ટેટ જેવાં કટ્ટરવાદી સંગઠનો છે. અમેરિકા તો અત્ર,તત્ર,સર્વત્ર છે જ એ જોતાં સીરિયામાં ભયંકર લોહિયાળ જંગ જામશે.**

ન્યુઝ ફોકસ

## બશરની પ્રાઈવેટ આર્મી 'શબિહા' ખુલ્લેઆમ મુસ્લિમોની કત્લેઆમ કરતી

સીરિયામાં 'આરબ સ્પ્રિંગ' ૨૦૦૦થી જામેલા બશર અલ-અસદને ઘરભેગો કરવા લોકો રસ્તા પર ઉતરી આવ્યા ત્યારે તેમને કચડી નાંખવા બશર અલ-અસદે 'શબિહા મર્સીનરીઝ'ને છૂટો દોર આપી દીધેલો. અસદના પિતા હાફેઝ અલ-અસદ પ્રમપખ હતા ત્યારે અલ-અસદ પરિવારની સુરક્ષા માટે પ્રાઈવેટ આર્મી 'શબિહા' બનાવાયેલું. હાફેઝનો ભાઈ રિફાત અને પિતરાઈ ભાઈ નામિર 'શબિહા' ચલાવતા. રિફાતે નિષ્ફળ બળવાના કારણે સીરિયા છોડીને ભાગવું પડ્યું પછી 'શબિહા' સંપૂર્ણપણે હાફેઝના પરિવારના અંકુશ હેઠળ આવી ગયું.

'શબિહા'માં ૧૦ હજાર જેટલા ખૂંખાર લડવૈયા હતા કે જેમને કોઈ કશું કરી શકતું નહીં. સીરિયામાં સુન્ની મુસ્લિમો અલ-અસદ પરિવારના વિરોધી હોવાથી 'શબિહા'માં શિયા અને અલવાઈત મુસ્લિમોની જ ભરતી કરાઈ છે.

બશરે ૨૦૧૧માં 'આરબ સ્પ્રિંગ' વખતે 'શબિહા ડેશ સ્ક્વોડ'ને છૂટી મૂકી દીધી. 'શબિહા મર્સીનરીઝ' ખુલ્લી જીપોમાં મશીનગનો લઈને નિકળતા અને સુન્ની વિસ્તારોમાં ઘૂસીને આડેધડ ગોળીઓ છોડીને લોકોને મોતને ઘાટ ઉતારતા. ૨૦૧૧માં બશર સામેના વિરોધ વખતે એક પણ દિવસ એવો નહોતો જતો કે જ્યારે 'શબિહા મર્સીનરીઝ' દ્વારા હત્યાકાંડ આચરીને ૨૫-૩૦ લોકોની હત્યા ના કરાઈ હોય. હોમ્સના હત્યાકાંડમાં તો ૫૦ બાળકો સાથે ૭૯ લોકોની હત્યા કરી દેવાયેલી.

'શબિહા મર્સીનરીઝ' સુન્નીઓનાં ઘરોમાં ઘૂસીને લૂંટ ચલાવતા અને બહેન-દીકરીઓ પર બળાત્કાર પણ ગુજારતા. હજારો સ્ત્રીઓ તેમની હવસનો શિકાર બની હતી. બશરે સુન્ની મુસ્લિમોના વિસ્તારમાં રાસાયણિક હુમલા પણ કરાવ્યા. સરિન ગેસ છોડાવીને બશરે હજારો લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા.

## 'આરબ સ્પ્રિંગ'માં ગદાફી, હોશ્રી જેવા ધુરંધરો ધરાશાયી થયેલા પણ બશર ટકી ગયેલા

આરબ રાષ્ટ્રોમાં ૨૦૧૦માં શરૂ થયેલી 'આરબ સ્પ્રિંગ' ક્રાંતિમાં ધડાધડ એક પછી એક દેશમાં સત્તાપલટા થયા હતા. વરસોથી જામેલા શાસકોને લોકોએ ઉખાડી ઉખાડીને ફેંકી દીધેલા ત્યારે પણ બશર અલ અસદ ટકી ગયેલા. 'આરબ સ્પ્રિંગ' તરીકે જાણીતી ક્રાંતિની લહેર લિબિયા, ટ્યુનિશિયા, ઈજીપ્ત, સીરિયા, બહેરીન અને યમન એ છ દેશોમાં સૌથી વધારે હતી. આ પૈકી પાંચ દેશોના સરમુખત્યારોએ ભાગવું પડેલું પણ બશર એકલા રશિયાની મદદથી ટકી ગયા હતા. અમેરિકાએ 'આરબ સ્પ્રિંગ' માટે તન,મન, ધનથી મદદ કરી હતી. સોશિયલ મીડિયા પર ઝુંબેશ ચલાવાથી માંડીને લોકોનાં ટોળાં શેરીઓમાં ઉમટે એ માટે ધૂમ ખર્ચ કર્યો હતો છતાં બશરે મચક નહોતી આપી.

લિબિયાના કર્નલ મુઅમ્મર ગદાફી, ટ્યુનિશિયાના ઝાઈને એલ આબિદીન બેન અલી. ઈજીપ્તના હોશ્રી મુબારક, યમનના અલી અબ્દુલ્લા સાલેહે તો દેશ જ છોડી દેવો પડેલો જ્યારે બહેરીનમાં કિંગ હમાદે સત્તામાં શાહી અલ ખલીફા પરિવારનાં લોકોને દૂર કરવાની ફરજ પડી હતી. ૨૦૧૦ સુધી બહેરીનના મંત્રીમંડળમાં ૭૦ ટકા મંત્રીઓ અલ ખલિફા પરિવારના હતા. 'આરબ સ્પ્રિંગ' ક્રાંતિના કારણે કિંગ હમાદે મોટા ભાગના મંત્રીઓને દૂર કરીને અલગ અલગ ક્ષેત્રના લોકોને લેવાની ફરજ પડી હતી.

'આરબ સ્પ્રિંગ'ની અસર મોરક્કો, ઈરાક, લેબેનોન, જોર્ડન, અલ્જીરિયા, કુવૈત, સુદાન, ઓમાન, જિબુતી, મોરિશાનિયા, પેલેસ્ટાઈન, સાઉદી અરેબિયા અને પશ્ચિમ સહારામાં પણ થઈ હતી.

આ દેશોમાં સત્તાધીશોએ બંધારણમાં સુધારા કરીને કે વિરોધીઓને સત્તામાં ભાગીદારી આપીને આંદોલનને શાંત કર્યું હતું પણ બશરે બેફામ બળનો ઉપયોગ કરીને વિરોધીઓને દબાવી દીધા હતા.

## સત્તા પરિવર્તન થતાં જ લોકો બશર અલ-અસદના મહેલમાં ઘૂસ્યા : તોડફોડ કરી લૂંટફાટ મચાવી



સીરિયામાં બળવાખોરોએ રવિવારે સવારે રાજધાની દમાસ્કસ પર કબજો મેળવતા હજારો નાગરિકો આનંદ-ઉલ્લાસમાં આવી ગયા હતા અને તેમણે 'આઝાદી, આઝાદી'નો સૂત્રોચ્ચાર કર્યો હતો. આ સમયે પૂર્વ પ્રમુખ બશર અલ-અસદ દેશ છોડી ભાગી ગયા હોવાના સમાચાર ફેલાતા સેંકડો લોકોનું ટોળું અલ-અસદના મહેલમાં ઘૂસી ગયું હતું અને ઝુમ્મર, ખુરશી સહિતનો કિંમતી સામાન ઉઠાવી ગયા હતા. આ સાથે તેમણે મહેલમાં તોડફોડ પણ કરી હતી. નાગરિકોએ અલ-અસદનું સમર્થન કરનારા ઈરાનના દૂતાવાસમાં પણ ભારે તોડફોડ કરી હતી. શાસકના વડાના મહેલમાં તોડફોડના આવા જ દ્રશ્યો શ્રીલંકા અને બાંગ્લાદેશમાં પણ જોવા મળ્યા હતા.

### ભારતીય એજન્સીઓને આઈએસઆઈના ગુપ્ત પ્લાનની માહિતી મળી

# પાક.નું નશેડીઓ-મહિલાઓની મદદથી ભારતમાં આતંકીઓ સુધી પહોંચવાનું કાવતરું

નવી દિલ્હી, તા. ૮

પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈએ ભારતની જેલમાં કેદ આતંકીઓ સુધી પોતાનો સંદેશો પહોંચાડવા માટે નવો રસ્તો શોધ્યો હોવાની માહિતી ગુપ્તચર સંસ્થાઓને મળી છે. આ માહિતી મુજબ આઈએસઆઈ પીઓકે અને પાક.ના અન્ય વિસ્તારોમાં ડ્રગ્સ જેવા નશાના આદી લોકોને ભારતમાં ઘૂસાડી રહ્યું છે. આ નશેડીઓ બાદમાં ભારતની જેલોમાં કેદ આતંકીઓ સુધી પહોંચે છે અને પાક.ની જાસૂસી સંસ્થાનો સંદેશો પહોંચાડે છે. સંદેશવાહક તરીકે નશેડીઓ ઉપરાંત મહિલાઓનો પણ ઉપયોગ થઈ રહ્યો છે.

## સંદેશવાહકો દ્વારા જમ્મુ કાશ્મીર, રાજસ્થાન, પંજાબની જેલોમાં કેદ આતંકીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ થયો

સુરક્ષા એજન્સીઓના અધિકારીઓને ટાંકીને સામે આવેલા અહેવાલોમાં દાવો કરાયો છે કે આઈએસઆઈએ નશેડીઓ અને મહિલાઓને વિશેષ તાલિમ આપીને ભારતમાં ઘૂસાડ્યા છે. આ લોકો ભારતની જેલોમાં કેદ ખુંખાર આતંકીઓ સુધી સંદેશવાહક તરીકે કામ કરે છે. તેમને ભારતીય સુરક્ષા એજન્સીઓ અને દળોથી બચવા માટે વિશેષ તાલિમ પણ આપવામાં આવી છે. અધિકારીઓનો દાવો છે કે આવા કેટલાક સંદેશવાહકોને ઝડપી પડાયા હતા, જેમની પૂછપરછથી એવુ લાગી રહ્યું છે કે ઘૂસણખોરી માટે કોઈ મોટુ કાવતરુ ઘડાઈ રહ્યું છે. કેટલાક સગીરોનો પણ ઉપયોગ થઈ રહ્યો છે.

આઈએસઆઈની ઘૂસણખોરીની રણનીતિયોં નશાવાળા માદક પદાર્થોની તસ્કરી સાથે પણ જોડાયેલી છે. રાજસ્થાન, પંજાબ અને જમ્મુ કાશ્મીરમાં કેદ આતંકીઓ તેમના મુખ્ય ટાર્ગેટ માનવામાં આવે છે. રાજસ્થાનના બિજનૌર ગામમાંથી એક પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરાઈ હતી. તે માનસિક રીતે અસ્વસ્થ હોવાનું નાટક કરી રહ્યો હતો. જ્યારે તેની આકરી પૂછપરછ કરાઈ તો સામે આવ્યું કે તેને પાકિસ્તાનના ડ્રગ્સ માફિયા સરફરાઝ ઝોહિયા અને નવાઝ દ્વારા ભારતમાં મોકલવામાં આવ્યો હતો અને ડ્રગ્સની તસ્કરીની સાથે સીમા સુરક્ષા દળ (બીએસએફ)ની તૈનાતી ક્યાં ક્યાં છે અને કેવી છે તેની જાણકારી એકઠી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. અન્ય એક ઘટનામાં પાકિસ્તાનના લાહોરને રહેવાસી એક યુવક મોહમ્મદ અસદ બાઈક પર ભારતની સરહદ સુધી પહોંચી ગયો હતો. જોકે બીએસએફએ તેની ધરપકડ કરી લીધી હતી. અધિકારીઓનું માનવુ છે કે અસદ એક સંદેશવાહક તરીકે કામ કરી રહ્યો હતો અને વધુ તપાસ માટે તેની કસ્ટડીની માગ કરાઈ છે. ઓક્ટોબરમાં ૩૧ વર્ષીય શાહિદ ઈમરાન નામનો એક વ્યક્તિ જમ્મુ સેક્ટર દ્વારા ભારતમાં ઘૂસ્યો હતો અને તેણે દાવો કર્યો હતો કે તે લગ્ન કરવા માટે કાલી મંદિર જઈ રહ્યો હતો.

**સરહદે બીએસએફની તૈનાતીની માહિતી, ભારતમાં નશાનું નેટવર્ક ફેલાવવા સહિતની કામગીરી પણ સોંપાય છે : રિપોર્ટ**

અધિકારીઓનું કહેવુ છે કે ૧૯૯૦ના દસકના અંત સુધી અને ૨૦૦૦ના દસકના શરૂઆતના સમયમાં આઈએસઆઈએ ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલતી સમજૌતા એક્સપ્રેસનો ઉપયોગ ગુપ્ત સંદેશવાહક અભિયાન માટે પણ કર્યો હતો. આઈએસઆઈ માદક પદાર્થોની તસ્કરી અને જમ્મુ કાશ્મીર તેમજ પંજાબમાં આતંકી પ્રવૃત્તિને આર્થિક મદદનું કામ કરતી હતી. જે માટે તે જે વ્યક્તિઓનો સંપર્ક કરતી હતી તેને સવારી ઓપરેટર કહેવામાં આવે છે. ૨૦૧૯માં ટ્રેન બંધ કરી દેવાઈ હોવાથી હાલ આઈએસઆઈના આ પ્લાન પર પણ પાણી ફેરવાયું હતું.

### સોરોસ ફાઉન્ડેશન ભારત વિરોધી-અલગતાવાદનું સમર્થક

# સોનિયા ગાંધીની જ્યોર્જ સોરોસ ફાઉન્ડેનશન સાથે સાંઠગાંઠ : ભાજપ

નવી દિલ્હી, તા.૮

**અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસ અને કોંગ્રેસના સંબંધો અંગે ભાજપે ફરી એક વખત મોરચો ખોલી દીધો છે. ભાજપે એક્સ પર એક પછી એક શ્રેણીબદ્ધ પોસ્ટ કરીને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની જ્યોર્જ સોરોસની સંસ્થા સાથે સંડોવણી હોવાનો દાવો કર્યો હતો. સોનિયા ગાંધી ફોરમ ઓફ ડેમોક્રેટિક લીડર્સ ઈન એશિયા પેસિફિક ફાઉન્ડેશનનાં સહ-અધ્યક્ષ તરીકે જ્યોર્જ સોરોસની સંસ્થા પાસેથી ભંડોળ મેળવે છે. જ્યોર્જ સોરોસ ફાઉન્ડેશન કાશ્મીરને અલગ સ્વતંત્ર રાષ્ટ્ર બનાવવાની તરફેણ કરી રહ્યું છે.**

## સોનિયા ગાંધી અને જ્યોર્જ સોરોસનું જોડાણ ભારતની આંતરિક બાબતોમાં વિદેશી સંસ્થાઓનો પ્રભાવ દર્શાવે છે : નિશિકાંત દુબે

ભાજપે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શ્રેણીબદ્ધ પોસ્ટ કરતાં સોનિયા ગાંધી, કોંગ્રેસ વિરુદ્ધ અનેક આરોપો મૂક્યા. ભાજપે કહ્યું કે, જ્યોર્જ સોરોસનું સંગઠન જ્યોર્જ સોરોસ ફાઉન્ડેશન ભારત વિરોધી અને અલગતાવાદનું સમર્થક છે.

સોનિયા ગાંધી અને જ્યોર્જ સોરોસનું જોડાણ ભારતની આંતરિક બાબતોમાં વિદેશી સંસ્થાઓનો પ્રભાવ દર્શાવે છે. સાથે જ તેમનું આ જોડાણ ભારતના વિકાસને રોકવા તથા અવરોધો ઊભા કરવાનો સંયુક્ત આશય પણ દર્શાવે છે.

ભાજપે એવો પણ દાવો કર્યો કે રાજીવ ગાંધી ફાઉન્ડેશનના અધ્યક્ષ સોનિયા ગાંધીના કારણે જ્યોર્જ સોરોસ ફાઉન્ડેશન સાથે ભાગીદારી થઈ છે. અદાણીના મુદ્દા પર રાહુલ ગાંધીની પ્રેસ કોન્ફરન્સનું જ્યોર્જ સોરોસ દ્વારા ભંડોળ મેળવનારી ઓસીસીઆરપી દ્વારા સીધું પ્રસારણ કરાયું હતું.

તેનાથી તેમના મજબૂત અને ખતરનાક સંબંધો તથા ભારતીય અર્થતંત્રને પાટા પરથી ઉથલાવી દેવાના પ્રયાસ જાહેર થાય છે. બીજીબાજુ કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે પણ જાહેરમાં જ જ્યોર્જ સોરોસને તેમના જૂના મિત્ર ગણાવ્યા છે.

આ પહેલાં ગુરુવારે પણ ભાજપે દાવો કર્યો હતો કે, અમેરિકાના ડીપ સ્ટેટએ ભારતની છબીને નુકસાન પહોંચાડવા ઓસીસીઆરપી અને રાહુલ ગાંધી સાથે મિલીભગત કરી છે. ત્યાર પછી અમેરિકાએ ભાજપના આરોપોને ફગાવી દીધા હતા.

દરમિયાન ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું કે તેઓ લોકસભામાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને આ મુદ્દે ૧૦ સવાલ પૂછશે. નિશિકાંત દુબેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું કે મીડિયા પોર્ટલ સંગઠિત ગૂના અને ભ્રષ્ટાચાર રિપોર્ટિંગ પ્રોજેક્ટ (ઓસીસીઆરપી) અને હંગેરી-અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસ વિપક્ષ સાથે મળીને ભારતના અર્થતંત્રને નુકસાન પહોંચાડવા અને મોદી સરકારને બદનામ કરવાનું કાવતરું ઘડી રહ્યા છે.




### એક જ સપ્તાહમાં બીજા ભારતીયની હત્યા કરાઈ

# કેનેડામાં ૨૦ વર્ષીય ભારતીય યુવકની ગોળી મારી હત્યા

નવી દિલ્હી, તા. ૮

**કેનેડામાં ફરી એક વખત ભારતીય મૂળની ૨૦ વર્ષની વ્યકિતની ગોળી મારી હત્યા કરવામાં આવી છે. કેનેડામાં એક સપ્તાહ અંદર બીજું મોત થયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કેનેડાના એડમોંટનમાં શુક્રવારે એક જૂથે સુરક્ષા ગાર્ડ તરીકે કામ કરી રહેલા ૨૦ વર્ષીય ભારતીય મૂળની વ્યકિતની ગોળી મારી હત્યા કરી હતી.**

## આ હત્યા અંગે એડમોન્ટન પોલીસ સેવાએ બે શંકાસ્પદ લોકોની ધરપકડ કરી

આ હત્યા અંગે એડમોન્ટન પોલીસ સેવાએ બે શંકાસ્પદ લોકોની ધરપકડ કરી છે. તેમના પર ભારતીય મૂળની વ્યકિત હર્ષદીપ સિંહની હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ભારતીય મૂળની ૨૦ વર્ષની વ્યકિતની હત્યાની માહિતી સીસીટીવી ફૂટેજથી સામે આવી છે. પોલીસને રાતે ૧૨.૩૦ વાગ્યે એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગની અંદર ગોળી ચલાવવાની માહિતી મળી હતી.

ઘટના સ્થળે પહોંચ્યા પછી પોલીસે હર્ષદીપને બેભાન અવસ્થામાં પડેલો મળી આવ્યો હતો. ત્યારબાદ તેને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ પોલીસ તેને હોસ્પિટલ લઈને ગઈ હતી જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં ત્રણ સભ્યોનું જૂથ એક વ્યકિત હર્ષદીપ સિંહને નીચે ધક્કો મારી રહ્યો છે. જ્યારે બીજો વ્યકિત તેને પાછળથી ગોળી મારતો જોઈ શકાય છે.

એડમોન્ટન પોલીસ સેવાએ આ કેસમાં ઈવાન રેન અને જૂડિથ સોલ્ટોની ધરપકડ કરી છે. બંને આરોપીઓની ઉંમર ૩૦ વર્ષની આસપાસ છે. બંને પર પ્રથમ ડિગ્રી હત્યાના આરોપ મૂકવામાં આવ્યા છે. તપાસ દરમિયાન પોલીસે એક શસ્ત્ર પણ જપ્ત કર્યુ છે.

ઉલ્લેખનીય છે કે હર્ષદીપ સિંહની હત્યાથી પહેલા રવિવારે લેમ્બટન કોલેજમાં પ્રથમ વર્ષના બિઝનેસ મેનેજમેન્ટના વિદ્યાર્થી ૨૨ વર્ષીય ગુરસિસ સિંહની હત્યા કરવામાં આવી હતી.

### ત્રણ વખત ચાલાકીથી ગેરકાયદે સિંગાપોર ફરી આવી

# બનાવટી ભારતીય પાસપોર્ટને આધારે નેપાળી મહિલાનો ત્રણવાર વિદેશ પ્રવાસ

મુંબઈ,તા.૮

**ભારતીય પાસપોર્ટ મેળવી સિંગાપોર ગયેલી નેપાળી મહિલાને મુંબઈ એરપોર્ટથી પકડવામાં આવી છે. બનાવટી દસ્તાવેજોને આધારે મહિલાએ ભારતીય પાસપોર્ટ મેળવ્યા હતા. ગંભીર વાત તો એ કે આ પાસપોર્ટને આધારે આ પહેલાં તેણે ત્રણવાર વિમાન પ્રવાસ કર્યો છે. એરપોર્ટ પર તૈનાત અધિકારીઓએ ભારે ચાલાકીથી મહિલાને પકડી પાડી છે. સહાર પોલીસે આ પ્રકરણે તેની અટકાયત કરી છે.**

## મહિલાએ કોલકાતાના દલાલ મારફતે બનાવટી દસ્તાવેજો પર ભારતીય પાસપોર્ટ મેળવ્યો

વિષ્ણુમતી શમન તમંગ નામક મહિલા ગત બે વર્ષમાં ત્રણ વાર સિંગાપોર જઈ આવી છે. દિલ્હી, મુંબઈ અને કોલકાતાથી તેણે આ વિદેશ પ્રવાસ કર્યો હોવાનું તેના પાસપોર્ટની નોંધ પરથી સ્પષ્ટ થયું છે. હાલ એરપોર્ટ પર ઈમીગ્રેશન વિભાગમાં ફરજ બજાવનાર સ્પેશ્યલ પોલીસ ફોર્સના હવાલદાર ગીતા સચિન હેડગેએ આપેલી ફરિયાદ અનુસાર એરપોર્ટ પર કાઉન્ટર નં.૬૭ પાસે તે કામકાજ સંભાળી રહ્યા હતાં ત્યારે વિદેશથી આવતાં પ્રવાસીઓનું ઈમિગ્રેશન તપાસતી વખતે તેમના ધ્યાનમાં આ મહિલા આવી હતી. તપાસ દરમ્યાન તેમને મહિલા પર શંકા થતાં તેમણે વધુ તપાસ માટે તેને તાબામાં લીધી હતી. તે દરમ્યાન તે મહિલા નેપાળી નાગરિક હોવાના દસ્તાવેજ મળ્યા હતા.

દસ વર્ષ પહેલાં તે નેપાળથી ભારત આવી હતી. કોલકાતામાં રહેતી હતી ત્યારે ૨૦૧૯માં તેણે એક દલાલના માધ્યમે બનાવટી દસ્તાવેજો દ્વારા ભારતીય પાસપોર્ટ બનાવ્યો હતો. આ ભારતીય પાસપોર્ટને આધારે તેને સિંગાપોરના વિઝા મળ્યા હતા. જેને આધારે તે ત્રણવાર સિંગાપોર જઈ પાછી આવી હતી.

૧૧ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ દિલ્હી, ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ મુંબઈ અને ૧ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ કોલકાતા ઈન્ટરનેશનલ એરપોર્ટથી તે સિંગાપોર ગઈ હતી. ભારતીય પાસપોર્ટ માટે અરજી કરતી વખતે તેણે રજૂ કરેલા તમામ દસ્તાવેજ બનાવટી હતા.

### બિહારમાં કેળા માટે બે વાંદરા બાખડતા ટ્રેન અટવાઈ

સમસ્તીપુર, તા.૮

બિહારના સમસ્તીપુર સ્ટેશન પર કેળાને લઈને બે વાંદરાઓ વચ્ચે લડાઈ થઈ હતી. આ લડાઈને કારણે ટ્રેન સેવા ખોરવાઈ જવાની માહિતી અધિકારીઓએ



આપી હતી. શનિવાર બપોરની ઘટનામાં પ્લેટફોર્મ નંબર ચાર પર બે વાંદરાઓ લડી રહ્યાં હતાં. ઈસ્ટ સેન્ટ્રલ રેલ્વેના અધિકારીએ જણાવ્યું કે, લડાઈ વચ્ચે એક વાંદરાએ અચાનક કોઈ વસ્તુ બીજા વાંદરા પર ફેંકી હતી. જે ઓવરહેડ વાયરને અથડાઈ અને ઈલેક્ટ્રિક લાઈનમાં ફસાઈ ગઈ હતી. આ ઘટનાને કારણે ટ્રેન સેવામાં વિક્ષેપ પડ્યો હતો. રેલ્વે કર્મીઓએ તેને સુધારતા ટ્રેન સેવાઓ ફરી શરૂ થઈ હતી.

### પેઢીઓથી ખેતી કરે છે છતાં મહારાષ્ટ્ર વકફ બોર્ડનો દાવો

# વક્ફ બોર્ડે લાતુરના ૧૦૦થી વધુ ખેડૂતોની ૩૦૦ એકર જમીન પર દાવો ઠોક્યો

મુંબઈ, તા.૮

**મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં ૧૦૦થી વધુ ખેડૂતોએ શનિવારે જણાવ્યું કે જે જમીન પર તેઓ પેઢીઓથી ખેતી કરી રહ્યા છે તેને વક્ફ બોર્ડ પડાવી લેવાનો પ્રયાસ કરી રહ્યું છે. છત્રપતિ સંભાજીનગર સ્થિત મહારાષ્ટ્ર રાજ્ય વક્ફ અધિકરણમાં વક્ફ બોર્ડે દાવો દાખલ કર્યો છે અને કુલ ૩૦૦ એકર જમીન ધરાવતા ૧૦૩ ખેડૂતોને નોટિસ જારી કરવામાં આવી છે. વક્ફ બોર્ડનો દાવો છે કે આ જમીન તેની છે અને તેનો ઉપયોગ માત્ર ધાર્મિક કારણોસર જ થઈ શકે. આથી ખેડૂતોએ આ જમીન ખાલી કરી દેવી.**

## વડિલોપાર્જિત જમીન ખાલી કરવાની વક્ફ બોર્ડની નોટિસ મળતા ખેડૂતો ચિંતામાં, સરકારને હસ્તક્ષેપ કરવાની અપીલ

આ પ્રકરણમાં પીડિત ખેડૂતોએ જણાવ્યું કે આ જમીનો પેઢીઓથી તેમને વારસામાં મળી છે. આ વક્ફ સંપતિ નથી. અમે ઈચ્છીએ છીએ કે રાજ્ય સરકાર આમાં દખલગીરી કરીને અમને ન્યાય અપાવે. આ મામલે બે વાર સુનાવણી થઈ ચુકી છે અને હવે આગામી સુનાવણી ૨૦ ડિસેમ્બરે થશે. આ પ્રકરણને કારણે લાતુરના અહમદપૂરના તળેગાંવ ખાતેના ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે આ વર્ષે ૮ ઓગસ્ટના રોજ લોકસભામાં વક્ફ (સંશોધન) બિલ રજૂ કર્યું હતું, જેનાથી વક્ફ બોર્ડના કામને સુવ્યવસ્થિત કરવાનો અને તેની સંપતિનું યોગ્ય પ્રબંધન કરવાનો આશય હતો. બિલ હાલ જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટીને સોંપવામાં આવ્યું છે.

વક્ફ બોર્ડની નોટિસોના મામલે રાજકરણ પણ ગરમાયું છે અને ભાજપ અને કોંગ્રેસ બંને આમને સામને આવી ગયા છે. ભાજપ સરકારે વક્ફ કાનૂનને કોંગ્રેસ સરકારનું પાપ ગણાવ્યું છે. તેનો આરોપ છે કે કોંગ્રેસે વક્ફ બોર્ડને અસામાન્ય અધિકાર આપ્યા છે જેનું પરિણામ સમગ્ર દેશ ભોગવી રહ્યો છે. રાજ્ય સરકારે ખાતરી આપી છે કે ખેડૂતોને અન્યાય નહિ થવા દેવાય અને તેમની જમીનોનું રક્ષણ કરાશે. મહારાષ્ટ્ર ભાજપના પ્રમુખ ચંદ્રશેખર બાવનકુલેએ જણાવ્યું કે વક્ફ બોર્ડે દાવો કરેલી અનેક સંપતિ હિન્દુ ટ્રસ્ટો અને ખેડૂતોની છે. પણ હવે તેઓ તેના પર બળજબરીપૂર્વક અતિક્રમણ કરીને પોતાના નામે નોંધણી કરી લીધી છે. હવે તમામ રેકોર્ડ ડિજિટલ કરવામાં આવશે. ભાજપે રાજ્ય અને કેન્દ્ર સરકારને વક્ફ બોર્ડે અતિક્રમણ કરેલી જમીન છોડાવી લેવાની અને તેની સામે સખત કાર્યવાહી કરવાની માગણી કરી છે.

### દિલ્હી કૂચ : શંભૂ બોર્ડર પર ખેડૂતોને ફરી અટકાવાયા

# ખેડૂતો પર પોલીસે પહેલા પુષ્પ વર્ષા કરી પછી આંસુ ગેસના ગોળા ફેંક્યા

નવી દિલ્હી, તા. ૮

**ટેકાના ભાવ માટે કાયદો ઘડવા સહિતની પડતર માગણીઓ સાથે ખેડૂતોએ દિલ્હી કૂચ આગળ વધારી હતી. શુક્રવાર બાદ રવિવારે ફરી એક વખત ખેડૂતોએ દિલ્હી તરફ કૂચ કરી હતી, જોકે હરિયાણાની પોલીસે શંબૂ બોર્ડર પર લોખંડના ખિલ્લા ધરબી રાખ્યા હતા, સાથે જ પગપાળા આગળ વધી રહેલા ખેડૂતો પર આંસુ ગેસના શેલનો મારો ચલાવ્યો હતો. રવિવારે ખેડૂતોનું આ આંદોલન ૩૦૦ દિવસ પૂર્ણ કરી ચુક્યું છે. ખેડૂતોને પહેલા હરિયાણા પોલીસે ચા-બિસ્કૂટ આપ્યા અને પુષ્પવર્ષા કરી બાદમાં આંસુ ગેસના શેલ છોડ્યા. જેમાં અનેક ખેડૂતો ઘવાયા હતા.**

## પુષ્પ વર્ષા માત્ર નાટક હતું, અમારા પર રબરની ગોળીઓ છોડાઈ જેમાં આઠ ખેડૂતો ઘાયલ થયા : આગેવાનો

સંયુક્ત કિસાન મોરચા અને કિસાન મઝદૂર સંગઠન સાથે જોડાયેલા ખેડૂતો ફેબ્રુઆરી મહિનાથી દિલ્હી-હરિયાણાની શંભૂ બોર્ડર પર ધરણા કરી રહ્યા છે. રવિવારે આ ખેડૂતોનો એક જથ્થો હથિયારો, ટ્રેક્ટર-ટ્રોલી કે કોઈ પણ પ્રકારના વાહન વગર શાંતિથી દિલ્હી તરફ પગપાળા જ આગળ વધી રહ્યો હતો કે તરત જ પોલીસ દ્વારા આંસુ ગેસના શેલ છોડાયા હતા. ખેડૂત નેતા સરવણસિંહ પંઢેરે કહ્યું હતું કે સાંજ સુધીમાં આઠ જેટલા ખેડૂતો ઘવાયા હતા જેમાંથી એકની સ્થિતિ વધુ કથળતા ચંડીગઢના હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસે પહેલા ખેડૂતો પર ફુલ વરસાવ્યા બાદમાં રબરની ગોળીઓ અને આંસુ ગેસના કૈન છોડ્યા હતા.

બીજી તરફ શંભૂ બોર્ડર પર શાહાબાદના ડીએસપી રામકુમારે કહ્યું હતું કે ખેડૂતોએ જો આગળ વધવુ હોય તો પહેલા દિલ્હી પ્રશાસન તરફથી અનુમતિ લેવી પડશે. અમે આગળ વધી રહેલા ખેડૂતોની ઓળખ માગી હતી જેને આપવાની ના પાડી દેવાઈ હતી. જે બાદ અમે આગળની કાર્યવાહી કરી હતી. શંભૂ બોર્ડર પર પ્રદર્શન કરી રહેલા ખેડૂતે કહ્યું હતું કે પોલીસ ખેડૂતોની પાસેથી તેમના ઓળખપત્ર માગી રહી છે. અમે અમારી ઓળખ આપવા તૈયાર છીએ પરંતુ પોલીસે અમને આગળ જવા દેવા જોઈએ, પોલીસ કહે છે કે પહેલા દિલ્હીથી અનુમતી લઈને આવો. હરિયાણા પોલીસનો દાવો છે કે ખેડૂતો હથિયાર સાથે આવ્યા છે માટે તેમની ઓળખ કર્યા બાદ જ આગળના પગલા લેવાશે. પોલીસે આંસુ ગેસ, વોટર કેનનો મારો ચલાવતા ખેડૂતોએ હાલ દિલ્હી કૂચને અટકાવી દીધી હતી.

### ખેડૂતો ઘાયલ થયા બાદ 'દિલ્હી ચલો' માર્ચ એક દિવસ માટે સ્થગિત



આંદોલનકારી ખેડૂતોએ રવિવારે પંજાબ-હરિયાણા સરહદ પાર કરવાનો બીજો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન હરિયાણાના પોલીસકર્મીઓએ પહેલા ખેડૂતોને ચા-બિસ્કિટ ખવડાવ્યા હતા. ત્યારબાદ,૧૦૧ ખેડૂતોના જૂથ પર ટીયરગેસના શેલ છોડવામાં આવ્યા હતા. જેમાં, ઘણા ખેડૂતો ઈજાગ્રસ્ત થયા હતા.

## અમદાવાદ એરપોર્ટમાં બે વર્ષમાં ૮૫ બર્ડ હિટ



અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે બર્ડ હિટ પર નિયંત્રણ મેળવવા અદ્યતન સાધનો વસાવવામાં આવ્યા હોવા છતાં આ સમસ્યા હજુપણ યથાવત્ છે. અમદાવાદ એરપોર્ટમાં ગત વર્ષે ૫૩ જ્યારે આ વર્ષે ૩૨ જેટલી બર્ડ હિટની ઘટના બની છે. ગુજરાતના ૯ મુખ્ય એરપોર્ટમાં વિમાન સાથે પક્ષી-પ્રાણી ટકરાવવાની ૬ વર્ષમાં કુલ ૪૬૭ ઘટના નોંધાયેલી છે. જેમાં સૌથી વધુ ૩૧૯ ઘટના અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટમાં છે. બર્ડ હિટથી મુસાફરોનો જીવ જોખમમાં મૂકાય જ છે તેની સાથે એરક્રાફ્ટને પણ ભારે નુકસાન થતું હોય છે. ઘણીવાર વિમાનના એન્જિન સાથે બર્ડ હિટ થતાં બ્લેડ પણ તૂટી છે. (તસવીર : શૈલેષ સોલંકી)

### આજે 'ઈન્ટરનેશનલ એન્ટિ કરપ્શન ડે'

# ગુજરાતમાં અત્ર-તત્ર ભ્રષ્ટાચાર : ૨૧ વિભાગમાં ૧૨ હજારથી વધુ ફરિયાદો

અમદાવાદ, રવિવાર

જેમ શુદ્ધ પાણીમાં નમક ભળી જાય તેમ ભ્રષ્ટાચાર આપણી સિસ્ટમમાં વણાઈ ગયો છે. કાચના ગ્લાસમાં ભરેલું તે પાણી ભલે ચોખ્ખું લાગે પણ તેને પીવામાં આવે ત્યારે અહેસાસ થાય કે તેમાં કેટલી ખારાશ છે. સરકારના વિભાગોની કચેરીઓ, બોર્ડ-નિગમ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોય તેવી ૧૨૬૦૮ પૈકી પ્રાથમિક તપાસ માટે ૫૭૮ ફરિયાદો જે તે સરકારી વિભાગોમાં મોકલવામાં આવી છે

## ભ્રષ્ટ તંત્રથી પ્રજા ત્રસ્ત : ગુજરાતમાં ભ્રષ્ટાચારના ૯૦ ટકા જેટલા કેસ પેન્ડિંગ : માત્ર ૩૯ ટકાને સજા

યુનાઈટેડ નેશન્સ દ્વારા ૯ ડિસેમ્બરની ઉજવણી 'ઈન્ટરનેશનલ એન્ટિ કરપ્શન ડે' તરીકે કરવામાં આવે છે. ભ્રષ્ટાચારની વ્યાખ્યા કરવી હોય તો એમ કહી શકાય કે, 'નૈતિક્તા નાદારી નોંધાવે અને પોતાની જાતને વેચવી એટલે ભ્રષ્ટાચાર.' એનસીઆરબીના અહેવાલ અનુસાર ગુજરાતમાં વર્ષ ૨૦૨૨માં ૧૬૦ અધિકારીઓ છટકાં ઝડપાયા છે. પાંચ અધિકારીઓ સામે અપ્રમાણસર મિલકત હોવાનું સામે આવ્યું હતું.

ગુજરાત વિધાનસભાના સત્રમાં રજૂ થયેલા તકેદારી આયોગના રિપોર્ટ પ્રમાણે આયોગે વિભાગોના ૨૯૫ અધકારી અને કર્મચારી સામે શિસ્ત અને અપીલ નિયમો



હેઠળ ભારે શિક્ષા કરવાની કાર્યવાહી કરવા તેમજ ૫૪ અધિકારી સામે નાની શિક્ષાની કાર્યવાહી કરવા સૂચવ્યું છે. એ ઉપરાંત

(અનુસંધાન છટ્ઠે પાને)

### વિભાગ પ્રમાણે સૌથી વધુ ભ્રષ્ટાચારની ફરિયાદ

| વિભાગ | ફરિયાદ |
|---|---|
| શહેરી વિકાસ | ૨૯૯૬ |
| મહેસૂલ | ૧૭૩૫ |
| પંચાયત | ૧૩૦ |
| ગૃહ વિભાગ | ૧૨૦૫ |
| ઉદ્યોગ-ખાણ | ૯૨૩ |
| ૨૧ વિભાગમાં કુલ | ૧૨૦૪૯ |

(*૨૦૨૩માં વિધાનસભામાં રજૂ કરાયેલા અહેવાલ અનુસાર.)

### સરખેજ પોલીસે ઝડપેલા તાંત્રિક નવલસિંહ ચાવડાનું હાર્ટ એટેકથી મોત

# તાંત્રિકે ૧૩ વર્ષમાં માતા, દાદી અને કાકા સહિત ૧૨ લોકોની હત્યા કર્યાનો ઘટસ્ફોટ

અમદાવાદ,રવિવાર

સાણંદ કોલટમાં રહેતા એક બિલ્ડરને તાંત્રિક વિધી દ્વારા એકના ચાર ગણા નાણાં કરી આપવાની લાલચ આપીને ૧૫ લાખ રૂપિયા પડાવ્યા બાદ તેને સોડિયમ નાઈટ્રેટ નામનું કેમીકલ પીવડાવીને હત્યા કરવામા આવે તે પહેલા જ સરખેજ પોલીસે તાંત્રિક નવલસિંહ ચાવડાને ઝડપી લીધો હતો. આરોપીના રિમાન્ડ દરમિયાન તેણે પોલીસ સમક્ષ ચોંકાવનારી કબુલાત કરી હતી કે તેણે એક કે બે નહી પણ ૧૩ વર્ષમાં ૧૨ લોકોની હત્યા સોડિયમ નાઈટ્રેટ આપીને કરી હતી. જેમાં તેની માતા, દાદી , કાકાને મોતને ઘાટ ઉતારવાની સાથે સુરેન્દ્રનગરમાં એક જ પરિવારના ત્રણ સભ્યો, પડધરીમાં એક જ પરિવારના ત્રણ સભ્યોની તેમજ રાજકોટ, અસલાલી અને અંજારમાં એક-એક વ્યક્તિની હત્યા કરી હતી. બીજી તરફ રવિવારે સવારે ૧૦ વાગે નવલસિંહની તબિયત લથડતા તેને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં સારવાર મળે તે પહેલા હાર્ટ એટેકના કારણે મોત નીપજ્યું હતું. જો કે તેના મોત પહેલા એક સાથે ૧૨ હત્યાના ખુલાસા થતા પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. આ સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

## હત્યા કરવા સોડિયમ નાઈટ્રેટનો ઉપયોગ કર્યો: સુરેન્દ્રનગરમાં પાટડીયા પરિવારના ત્રણ, પડધરીમાં એક જ પરિવારના ત્રણની હત્યા કરી : રાજકોટ, અસલાલી, અંજારમાં પણ હત્યા

સરખેજ પોલીસને આઠ દિવસ પહેલા બાતમી મળી હતી કે વેજલપુર અક્ષરધામ સોસાયટીમાં રહેતા નવલસિંહ ચાવડા





નામનો તાંત્રિક એક સાણંદમાં રહેતા એક બિલ્ડરને એકના ચાર ગણા નાણાં કરી આપવાનું કહીને સનાથલ સર્કલ પાસે બોલાવવાનો છે અને તેના નાણાં પડાવીને હત્યા કરી શકે છે. આ બાતમીને આધારે પોલીસ ઈન્સ્પેક્ટર આર કે ધુળિયાએ વોચ ગોઠવીને નવલસિંહને ઝડપીને પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તે નાણાં લઈને બિલ્ડરને સોડિયમ નાઈટ્રેટ આપીને મારી નાખવાનો હતો અને લાશને તેના વઢવાણ ખાતેના મઠમાં ઠેકાણે લગાવવાનો હતો.

આમ, તેની મોડ્સ ઓપરન્ડીને જોતા પોલીસે ૧૦ દિવસના રિમાન્ડ મેળવીને તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન તેણે સુરેન્દ્રનગર, રાજકોટ, કચ્છ, અમદાવાદમાં એક નહી પણ ૧૨ હત્યા કરી હોવાની ચોંકાવનારી કબુલાત કરી હતી.

આ સમગ્ર બાબતે વધુ માહિતી આપતા ડીસીપી ઝોન-૭ શિવમ વર્માએ જણાવ્યું કે આરોપી નવલસિંહ ચાવડા તાંત્રિક વિધીના નાણાં પડાવવાનું કામ કરતો હતો. તેણે સુરેન્દ્રનગરમાં રહેતા દિપેશભાઈ પાટડિયા, તેમના પત્ની પ્રફુલાબેન પાટડિયા અને તેમની પુત્રી ઉત્સવી પાટડિયાને તાંત્રિક વિધીના નામે સોડિયમ નાઈટ્રેટ પાણીમાં આપીને મોતને ઘાટ ઉતારી લાશને દુધરેજ નજીક કેનાલ

(અનુસંધાન છટ્ઠે પાને)

### નવલસિંહના ડ્રાઈવર જીગરની બાતમી અને સરખેજ પોલીસની ત્વરિત કાર્યવાહીથી સમગ્ર ભાંડો ફૂટ્યો

તાંત્રિક નવલસિંહ ચાવડા જે મોડ્સ ઓપરેન્ડીથી હત્યા કરવાની સાથે અન્ય ગુના આચરતો હતો. જે જોતા પોલીસને તેના ગુનાની કોઈ કડી મળી શકે તે બાબત અશક્ય હતી. પરંતુ, નવલસિંહને ત્યાં ડ્રાઈવર તરીકે કામ કરતા જીગર ગોહિલ (રહે. કુંજ સોસાયટી, ઉત્તમનગર, નિકોલ)ને સાણંદના બિલ્ડરની હત્યાના પ્લાનની વિગતો મળી ત્યારે તેણે હિંમત એકઠી કરીને ડીસીપીને રજૂઆત કરી હતી. જેથી ડીસીપી શિવમ વર્માએ સરખેજ પોલીસ સ્ટેશનના પીઆઈ આર કે ધુળિયાને સમગ્ર જવાબદારી સોંપી હતી અને નવલસિંહને ઝડપી લેવામાં સફળતા મળી હતી. પરિણામે અન્ય ગુના બનતા અટક્યા હતા.

### માત્ર ૨૦ રૂપિયામાં ૧૦૦ ગ્રામ મળતું સોડિયમ નાઈટ્રેટ ૧૨ નિર્દોષ લોકોના મોતનું કારણ બન્યું


પોલીસે રિમાન્ડ દરમિયાન નવલસિંહની પુછપરછ કરી ત્યારે તેણે કબુલ્યુ હતું કે તેણે તમામ હત્યા સોડિયમ નાઈટ્રેટ નામનું કેમીકલ આપીને કરી હતી. જે સુરેન્દ્રનગરમાં આવેલી દુકાનમાં ૨૦ રૂપિયાનું ૧૦૦ ગ્રામ મળે છે. સામાન્ય રીતે આ કેમિકલનો ઉપયોગ કપડા ધોવા અને કલરમાં થતો હોય છે. પોલીસે નવલસિંહને કેમિકલનુ વેચાણ કરનાર વેપારીનો નિવેદન પણ નોંધ્યું હતું.

### માતા અને કાકા મોડ્સ ઓપરેન્ડી જાણી ગયા હતા

નવલસિંહ તાંત્રિક વિધીના નામે લોકો પાસેથી નાણાં પડાવતો હતો અને સોડિયમ નાઈટ્રેટનો ઉપયોગ કરીને નિર્દોષ લોકોને ટારગેટ કરતો હોવાની વાતની જાણ તેની માતા સરોજબેને અને કાકાને થઈ હતી. જેથી તે પોતાની પોલ ખુલી ન પડી જાય તે માટે તેણે તેમને સોડિયમ નાઈટ્રેટ આપીને માર્યા હતા. જ્યારે તેના દાદી મંગુબેન ઉમરના કારણે સતત બિમાર રહેતા હતા અને દવાનો ખર્ચ થતો હતો. જેથી તેણે દાદીને પણ નહોતા છોડ્યા.

વેચવાનો છે : પ્લોટ
ઉસ્માનપુરા, ઓફ આશ્રમ રોડ
575 Sq. Yds. | ફ્લેટ, કોર્પોરેટ હાઉસ લાયક
૪૦ ફૂટ, ૨૦ ફૂટ રોડ કોર્નર
ખરીદનારે જ કોલ કરવો
PRIORITTY PROPERTY : 98250 08286




SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT KARNAVATI AMBLI Ph: 9711719564. RENAULT ANAND Ph: 8448792901. RENAULT HIMMATNAGAR (MOTIPURA) Ph: 9711924110. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268. RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.